કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી બ્યુરોચીફ :-
મો.: ૯૦૯૯૦ ૭૯૩૦૪ / ૯૬૩૮૫૬૦૦૯૧
અબડાસા બ્યુરો
હોટલ પંચવટી કોમ્પ્લેક્ષ, નલીયા-છાડુરા રોડ, નલીયા, તા. અબડાસા-કચ્છ,

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૭ જૂલાઇ, ૨૦૨૬ શુક્રવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ દહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચક્કાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

◆અંક નંબર : ૦૫૧◆વર્ષ : 33 ◆પાના - ૧૪ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ અષાઢ સુદ - ૩ ◆ગાંધીધામ મો.૯૮૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ: ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ગુજરાત ATS ની મોટી કાર્યવાહી

## પાંચ આતંકીઓ ઝડપાયા

### રથયાત્રા બાદ આતંકવાદીઓ ઝડપાયા : વિસ્ફોટકોના ટ્રાયલનો થયો પદાર્ફાશ


## ગુજરાતમાં ધડાકાનો કારસો નાકામ : એટીએસની સજાગતા



**એટીએસના ડીઆઈજી સુનીલ જોશીએ પ્રેસ કોન્ફરન્સ મારફતે પાંચ આતંકીઓ ઝડપાયાની આપી સત્તાવાર માહિતીઃ આતંકી મોડ્યુઅલના તાર છેક બહાર સુધી જોડાયેલા હોવાનો ખુલાસો, અત્યાર સુધીમાં કુલ ૧૩ દેશવિરોધી તત્ત્વોની અટકાયતઃ ઓનલાઈન પોટેશિયમ નાઈટ્રેટ અને ચારકોલ મંગાવી પાઈપ બોમ્બ બનાવવાની અને વિસ્ફોટના ટ્રાયલની ચાલી રહી હતી પ્રક્રિયાઃ કોર્ટે આરોપીઓના ૮ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા**

ગાંધીનગર:ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) ની સતર્કતા અને સજાગતાના કારણે રાજ્યને દહેશતની આગમાં ધકેલવાનો એક મોટો આતંકી કારસો નાકામ કરવામાં આવ્યો છે. ગુજરાત એટીએસની પ્રશંસનીય કામગીરીને પગલે એક એવા ખતરનાક આતંકી મોડ્યુઅલનો પર્દાફાશ થયો છે, જે બહારથી સતત સંપર્કમાં રહીને ગુજરાતના અલગ-અલગ વિસ્તારોમાં મોટા ધડાકા કરવાની પૂરજોશ તૈયારી કરી રહ્યું હતું. આ ચકચારી કેસમાં એટીએસ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૩ આરોપીઓની અટકાયત કરી લેવામાં આવી છે.આજ રોજ ગુજરાત એટીએસના ડીઆઈજી શ્રી સુનીલ જોશીએ એક પત્રકાર પરિષદ (પ્રેસ કોન્ફરન્સ) યોજીને આ સમગ્ર ઓપરેશન અને અત્યાર સુધીની કાયદાકીય કાર્યવાહી અંગે સત્તાવાર જાહેરાત કરી હતી. ઝડપાયેલા પાંચ નવા શખ્સોની ગુનાહિત ગતિવિધિઓ અંગે વિગતવાર માહિતી આપતા ડીઆઈજીએ જણાવ્યું હતું કે, આ આતંકી તત્ત્વો ખૂબ જ ખતરનાક મનસૂબો ધરાવતા હતા. તેઓએ ગન પાવડર બનાવવા માટે જરૂરી એવા 'પોટેશિયમ નાઈટ્રેટ' અને અનુસંધાન પાના નં.૪ પર

ગાંધીનગર : રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે અહર્નિશ કાર્યરત ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડને વધુ એક મોટી સફળતા સાંપડી છે. આગામી પવિત્ર રથયાત્રા પૂર્વે જ અગાઉ ૧૨થી વધુ આતંકી તત્ત્વોને ઝડપી પાડ્યા બાદ, હવે રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાંથી વધુ પાંચ કથિત આતંકીઓની ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાત ATSના આ સઘન ઓપરેશન દરમિયાન અનુસંધાન પાના નં.૪ પર




## રાજ્યના વહીવટી તંત્રમાં વધુ એકવાર બદલીનો દોર હાથ ધરીને ફેરફારો કરાશે

**ગેસ કેડરમાંથી આઈએએસ બનેલા ૧૭ અધિકારીઓની બદલી કરીને જિલ્લાઓમાં નિમણૂંક અપાશે : સચિવાલયના વિભાગોમાં ઉચ્ચ સનદી અધિકારીઓની ખાલી જગ્યાઓ પણ ભરાશે**

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : રાજ્યના વહીવટી તંત્રને વધુ ગતિશીલ અને કાર્યક્ષમ બનાવવા માટે રાજ્યના વહીવટી તંત્રમાં બદલી અને બઢતી નો દોર હાથ ધરીને વહીવટી તંત્રમાં ફેરફાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત રાજ્યમાં ખાલી પડેલી ઉચ્ચ સનદી અધિકારીઓની જગ્યાઓ પણ ભરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સચિવાલયસાથેસંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના ગેસ કેડરના ૧૭ જેટલા અધિકારીઓને ગયા મહિને કેન્દ્ર સરકાર દ્વારા આઈએસ કેડરમાં નોમિનેશન આપવામાં આવ્યું હતું. આ અધિકારીઓને આઈએએસ કેડરમાં નોમિનેશન આપવામાં આવ્યા બાદ જે જગ્યાએ ફરજ બજાવતા હતા તે જગ્યાઓને જ અપગ્રેડ કરીને ત્યાં મૂકવામાં આવ્યા હતા. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આઈએસ કેડરમાં નોમિનેશન પ્રાપ્ત કરેલ આ ૧૭ અધિકારીઓને આગામી દિવસોમાં હવે બદલી કરીને તેમને જિલ્લાઓમાં તેમજ કેટલાક વિભાગોમાં રેગ્યુલર નિમણૂંકો આપવા માટેની કવાયત આગામી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે અને બદલીઓ કરવામાં આવશે.આ ઉપરાંત કેટલાક જિલ્લાઓમાં પણ જિલ્લા વિકાસ અધિકારી અને કલેક્ટર તરીકે ફરજ બજાવતા કેટલાક અધિકારીઓની પણ બદલી ઓ કરવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત તાજેતરમાં જ રાજ્યના ત્રણ થી ચાર ઉચ્ચ સનદી અધિકારીઓને કેન્દ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ ઉપર મૂકવામાં આવ્યા હોય આ જગ્યાઓ ખાલી પડી છે. તેમજ બે થી ત્રણ ઉચ્ચ સનદી અધિકારીઓ વય નિવૃત થતા જગ્યા ખાલી પડે છે આમ ખાલી પડેલી આ જગ્યાઓ પણ બદલીઓ નો દોર હાથ ધરીને ભરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ મહિનાના અંતમાં અથવા ઓગસ્ટ મહિનામાં સનદી અધિકારીઓની બદલી અને બઢતી નો દોર હાથ ધરીને વહીવટી તંત્રમાં ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## ભારતીય રેલવેમાં નવા યુગનો પ્રારંભ






**પીએમ મોદીએ દેશની સર્વપ્રથમ 'હાઇડ્રોજન ટ્રેન'ને આપી લીલીઝંડી" : પહેલા નમો ભારત-બુલેટટ્રેન અને હવે હાઈડ્રોજન ટ્રેનની દેશને આપી ભેટ**

નવી દીલ્હી : દેશના પરિવહન ક્ષેત્રે આજે એક ઐતિહાસિક ક્ષણ નોંધાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ભારતની સર્વપ્રથમ 'હાઈડ્રોજન ટ્રેન'નું લોકાર્પણ કરી તેને લીલીઝંડી બતાવવામાં આવી છે. આ સાથે જ ભારતીય રેલવે ગ્રીન એનર્જી અને ઈકો-ફ્રેન્ડલી ટેકનોલોજીના એક તદ્દન નવા યુગમાં પ્રવેશી ચૂક્યું છે.આ ગૌરવપૂર્ણ પરિયોજના અંતર્ગત હરિયાણાના જીંદ રેલવે સ્ટેશનથી આ દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનનું સત્તાવાર પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ ટ્રેન જીંદથી સોનીપત રૂટ પર દોડશે. સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજી દ્વારા નિર્મિત આ ટ્રેન પ્રદૂષણ મુક્ત સફરનો શ્રેષ્ઠ વિકલ્પ બનશે. ભારતીય રેલવેના જણાવ્યા અનુસાર, જો આ રૂટ પરનો પ્રયોગ સંપૂર્ણ સફળ રહેશે, તો આગામી સમયમાં દેશના અલગ-અલગ રાજ્યોમાં પણ આવી હાઈડ્રોજન ટ્રેનો દોડાવવામાં આવશે.વડાપ્રધાને અગાઉ દેશને વંદે ભારત અને બુલેટ ટ્રેન જેવા આધુનિક પ્રોજેક્ટ્સની ભેટ આપી છે, અનુસંધાન પાના નં.૪ પર

## ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાંથી આપેલા ભાષણમાં 'ડીપ સ્ટેટ' પર સાધ્યું નિશાન

**૨૦૨૦ની ચૂંટણીમાં ચીને મોટો ડેટા લીક કર્યો હોવાનો કોઈ પણ પુરાવા વિના દાવો કર્યોઃ અમેરિકાની ચૂંટણી વ્યવસ્થા ખામીયુક્ત હોવાના આક્ષેપ સાથે વિવાદાસ્પદ વોટિંગ બિલ પસાર કરવા કોંગ્રેસ પર દબાણ વધાર્યું : ભાષણનું જીવંત પ્રસારણ ન કરનાર ટીવી ચેનલોના લાઇસન્સ રદ્દ કરવાની ટ્રમ્પની ધમકી**

વોશિંગ્ટનઃ અમેરિકામાં સંસદ (કોંગ્રેસ)ના સત્તા સંતુલનનો નિર્ણય કરવા માટે યોજાનારી ચૂંટણીના આશરે ૧૧૦ દિવસ પહેલા, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસના ઈસ્ટ રૂમમાંથી દેશને સંબોધિત કર્યો હતો. એક દુર્લભ પ્રાઈમટાઈમ સંબોધનમાં તેમણે રાષ્ટ્રીય સુરક્ષા અધિકારીઓ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે, સરકારી તંત્રની અંદર સક્રિય 'ડીપ સ્ટેટ' ના અમલદારોએ છ વર્ષ પહેલાં યોજાયેલી અને પોતે હારેલી ૨૦૨૦ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ચીન દ્વારા કરાયેલી કથિત અનુસંધાન પાના નં.૪ પર



## શું વંદે માતરમનું અપમાન કરનારા કે તેને ગાતા અટકાવનારને સજા થશે?




**હવે, રાષ્ટ્રગીત વંદે માતરમ ગાવામાં અવરોધ ઊભો કરવો કે તેનું અપમાન કરવું મોંઘુ સાબિત થશેઃ મોદી સરકાર આ સત્રમાં બિલ લાવવાની યોજના બનાવી રહી છે : રાષ્ટ્રગીતનું અપમાન સજાપાત્ર ગુનો બનશે તેને પ્રજાસત્તાકના અન્ય મહત્વપૂર્ણ પ્રતીકો, જેમ કે રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ અને બંધારણ જેવો જ દરજ્જો આપવામાં આવશે**

નવી દિલ્હી : રાષ્ટ્રગીત વંદે માતરમ ગાવામાં અવરોધ અથવા અપમાન હવે સજાપાત્ર રહેશે. કેન્દ્ર સરકાર ૨૦ જુલાઈથી શરૂ થતા ચોમાસુ સત્રમાં એક બિલ રજૂ કરવાની તૈયારી કરી રહી છે જે વંદે માતરમ ગાવામાં અવરોધ અથવા અવરોધ કરનારાઓને સજા કરશે. રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, જેને કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા પહેલાથી જ મંજૂરી આપવામાં આવી છે, તે ગૃહ મંત્રાલયે સરકારી કાર્યક્રમોમાં જ્યાં રાષ્ટ્રગીત 'જન ગણ મને વગાડવામાં આવે છે ત્યાં રાષ્ટ્રગીત વગાડવું અથવા ગાવાનું ફરજિયાત બનાવવાની માર્ગદર્શિકા જારી કર્યા પછી આવ્યું છે. જન્મ અને મૃત્યુની મોડી નોંધણીને વધુ કડક બનાવવા માટે બીજો બિલ પણ લોકસભામાં રજૂ કરવામાં આવી રહ્યો છે.જોકે, રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ લોકસભા અને રાજ્યસભા દ્વારા પસાર થયા પછી, રાષ્ટ્રગીતનું અપમાન સજાપાત્ર ગુનો બનશે. તેને પ્રજાસત્તાકના અન્ય મહત્વપૂર્ણ પ્રતીકો, જેમ કે રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ અને બંધારણ જેવો જ દરજ્જો આપવામાં આવશે, જેમના અપમાનથી ફોજદારી કાર્યવાહી થાય છે.ભાજપ કહે છે કે અગાઉની ધર્મનિરપેક્ષ સરકારોએ સ્વતંત્રતા સંગ્રામ સાથે સંકળાયેલા વંદે માતરમને તેનું યોગ્ય સન્માન આપ્યું ન હતું કારણ કે તેઓ મુસ્લિમોના એક વર્ગના વાંધાઓ સામે ઝૂકી ગયા હતા જેમણે ગીતમાં હિન્દુ પ્રતીકોના ઉપયોગનો વિરોધ કર્યો હતો. તાજેતરમાં, એવા કિસ્સાઓ બન્યા છે જેમાં વિરોધ પક્ષો અથવા લઘુમતી સમુદાયોનું પ્રતિનિધિત્વ કરતા જૂથોના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારો પર વંદે માતરમને યોગ્ય સન્માન ન આપવાનો આરોપ મૂકવામાં આવ્યો અનુસંધાન પાના નં.૪ પર


## અમેરિકાએ ઇરાન ઉપર મિસાઇલોનો વરસાદ વરસાવ્યો

તહેરાન : ૫. એશિયામાં તણાવ નોંધપાત્ર રીતે વધી ગયો છે. બે દિવસ પહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી. તેના તરત જ, અમેરિકાએ ઈરાન પર મોટો હુમલો કર્યો. અમેરિકન સૈન્યએ સતત છઠ્ઠી રાત્રે ઈરાનને નિશાન બનાવ્યું છે. આ વખતે, ફક્ત લશ્કરી સ્થાપનો જ નહીં પરંતુ નાગરિક માળખાગત સુવિધાઓ પર પણ હુમલો કરવામાં આવ્યો છે. હુમલામાં ઈરાનમાં પુલ, રેલ્વે સ્ટેશન અને એરપોર્ટનો નાશ થયો છે. ઈરાની મીડિયા અહેવાલ આપે છે કે આ હુમલા દક્ષિણ પ્રાંતોમાં થયા છે. આ આખો વિસ્તાર હોર્મુઝ સ્ટ્રેટની નજીક સ્થિત છે, જે એક અત્યંત મહત્વપૂર્ણ વેપાર માર્ગ છે.



અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ વધુને વધુ ખતરનાક બની રહ્યું છે. શુક્રવારે વહેલી સવારે દક્ષિણ ઈરાનમાં અમેરિકન સૈન્યએ મોટા પાયે હવાઈ હુમલા કર્યા. આ વખતે, લક્ષ્યોમાં ફક્ત લશ્કરી સ્થાપ અનુસંધાન પાના નં.૪ પર

### તિકડમ !
– દેવેન વ્યાસ




## ચીનમાં કોરોનાનો આતંકઃ ભારતનાં કેટલાક રાજ્યોમાં કેસ

નવી દિલ્હીઃ ૨૦૨૦ માં, કોરોનાવાયરસે વિશ્વભરના દેશોમાં વિનાશ વેર્યો હતો. જ્યારે કોવિડ-૧૯ આસપાસનો ભય ઓછો પ્રચલિત છે, ત્યારે તેનો ભય સંપૂર્ણપણે અલ્લશ્ય થયો નથી. વાયરસમાં પરિવર્તનો ઉભરી રહ્યા છે, અને નવા પ્રકારો ઉભરી રહ્યા છે. તાજેતરમાં COVID-19 વિશે ચર્ચાઓ વધુ તીવ્ર બની છે. મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં કોવિડ-૧૯ દર્દીઓના ઉદભવથી વાયરસ ૫ છો ફરી રહ્યો છે.આંધ્રપ્રદેશમાં છેલ્લા ૨૦ દિવસમાં કેટલાક નવા કોરોનાવાયરસ કેસ નોંધાયા છે, જેના કારણે આરોગ્ય વિભાગે દેખરેખ અનુસંધાન પાના નં.૪ પર



**કોવિડની શરૂઆત ચીનથી થઇ હતી અને હવે ફરી વખત ચીનમાં કેસ દેખાવા લાગ્યા : આંધ્રપ્રદેશમાં કોરોનાના ૧૨ નવા દર્દી મળ્યાઃ ૪ના મોતઃ સ્વાસ્થ્ય વિભાગ એલર્ટઃ કેરળમાં પણ કેસ જોવા મળ્યા**

## ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સ્વચ્છતા કર્મીઓની કામગીરીને બિરદાવી



ગાંધીનગર : રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સફાઈ અભિયાન અને સ્વચ્છતા જાળવવામાં અગ્રેસર ભૂમિકા ભજવતા તમામ સ્વચ્છતા કર્મીઓની કામગીરીની વિશેષ નોંધ લીધી છે. મંત્રીએ સરાહનીય સેવાઓ બદલ આ કર્મીઓની પીઠ થાબડીને તેમને હાર્દિક બિરદાવ્યા હતા. પોતાના સંબોધનમાં મંત્રીએ જણાવ્યું હતું કે, કોઈપણ શહેર કે રાજ્યના આરોગ્ય અને સુંદરતાનો પાયો આ સ્વચ્છતા સૈનિકોના પરિશ્રમ પર ટકેલો છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ અવિરત સેવા આપતા આ તમામ કર્મીઓની મહેનત ખરેખર વંદનીય છે. સરકાર તેમની સુરક્ષા અને સુવિધા માટે કટિબદ્ધ હોવાનો સૂર પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

## રાજ્યમાં ફરી વરસાદી માહોલ

ગાંધીનગર : રાજ્યમાં ચાર પાંચ દિવસના વિરામ બાદ ફરીને રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૧૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. રાજ્યના ૧૦ તાલુકાઓ એવા છે કે જ્યાં એક ઈંચ થી લઈને ૨.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે સૌથી વધુ રાજકોટ જિલ્લાના પડધરી માં ૨.૫ ઈંચ વરસાદ પડ્યો છે.કાલે અષાઢી બીજે મેઘરાજાએ અમી છાંટણા કર્યા હતા. તો કેટલાક તાલુકાઓમાં મન મૂકીને વરસાદ પડ્યો હતો. રાજકોટ જિલ્લાના પડધરીમાં ૨.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો તો કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં પણ અષાઢી બીજે મેઘરાજાએ પધરામણી કરી હતી રાપર તાલુકામાં પોણા બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત સુરત જિલ્લાના કામરેજમાં પણ પોણા બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. કચ્છ જિલ્લાના રાપરમાં વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠી હતી. સુરત જિલ્લાના માંગરોળ બારડોલી અરેઠ તાલુકામાં એક ઈંચ થી દોઢ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો જ્યારે ભાવનગર જિલ્લાના વલ્લભીપુરમાં એક ઈંચ મોરબી જિલ્લાના ટંકારામાં એક ઈંચ ધંધુકામાં એક ઈંચ ધોલેરામાં એક ઈંચ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા દસાડા તેમજ ભાવનગર અનુસંધાન પાના નં.૪ પર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
આષાઢ સુદ-૦૩, તા.૧૭ જૂલાઇ, શુક્રવાર

# પોલીસ તંત્રની આ જાગ્રત આંખોને સલામ! : શાબાશ છે ડીજીપીશ્રી મલિક અને ગુજરાત એટીએસની ટીમને..!






**રથયાત્રા પૂર્વે એટીએસની નાપાક તત્વો પર 'સર્જિકલ સ્ટ્રાઈક' અને સુરક્ષા તંત્રની સરાહનીય કોઠાસૂઝ**

ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતાના પ્રતીક સમાન પવિત્ર અષાઢી બીજની રથયાત્રા પૂર્વે રાજ્યના સુરક્ષા તંત્રે જે રીતે 'નાપાક' મનસૂબાઓને ધૂળ ચાટતા કર્યા છે, તે માત્ર અભિનંદનને પાત્ર નથી પરંતુ કાયદો-વ્યવસ્થાની અભેદ્ય દીવાલનો મજબૂત પુરાવો છે. ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ અને રાજ્યના પોલીસ વડા શ્રી મલિકની સીધી દેખરેખ હેઠળ બનાસકાંઠા અને પાટણ જેવા સંવેદનશીલ સરહદી વિસ્તારોમાંથી જૈશ-એ-મોહમ્મદ જેવા કટ્ટરવાદી આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા ૧૨થી વધુ દેશવિરોધી તત્વોને ઝડપી પાડવાની આ ઘટના કોઈ સામાન્ય કાયદાકીય કાર્યવાહી નથી, પરંતુ રાજ્યને એક મોટી હોનારતમાંથી ઉગારી લેતું સમયસરનું 'પ્રી-એમ્પટિવ ઓપરેશન' (પૂર્વ-તૈયારી રૂપે કરાયેલી કાર્યવાહી) છે. આ ઓપરેશનની ગંભીરતા એ બાબતથી સમજી શકાય છે કે પકડાયેલા તત્વોના તાર સરહદ પાર બેઠેલા આકાઓ અને જૈશ-એ-મોહમ્મદ જેવા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત આતંકી સંગઠન સાથે સીધા જોડાયેલા હતા. બનાસકાંઠા અને પાટણ જેવા સરહદી જિલ્લાઓ ભૌગોલિક દ્રષ્ટિએ સંવેદનશીલ છે. આ વિસ્તારોનો ઉપયોગ સ્લીપર સેલ ઊભા કરવા અથવા હથિયારો-ફંડિંગની હેરફેર માટે થતો હોવાના સંકેતો આ ધરપકડથી મળ્યા છે. લાખો શ્રદ્ધાળુઓની આસ્થાના કેન્દ્ર સમાન રથયાત્રા જેવા મહા-ઉત્સવના બરાબર પહેલાં આ કમાન્ડો સ્ટાઈલ ઓપરેશન પાર પાડવામાં આવ્યું. જો આ નાપાક તત્વો પોતાના મનસૂબામાં જરા પણ સફળ રહ્યા હોત, તો રાજ્યની શાંતિ, સલામતીને મોટી ઠેસ પહોંચી શકી હોત.કોઈપણ ગુપ્ત મિશનની સફળતા પાછળ તેના નેતૃત્વની કોઠાસૂઝ અને તીવ્ર બુદ્ધિ ક્ષમતા જવાબદાર હોય છે. રાજ્યના પોલીસ વડા શ્રી મલિકનો ભૂતકાળ અને તેમનો બહોળો અનુભવ સરહદી ક્ષેત્રોની સુરક્ષા સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલો રહ્યો છે. સરહદી વિસ્તારોની ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિની તેમની ઊંડી જાણકારી, ખાનગી બાતમીદારોનું સચોટ નેટવર્ક અને તેમની વહીવટી દીર્ઘદ્રષ્ટિ આ ઓપરેશનમાં એટીએસ માટે બૂસ્ટર ડોઝ સમાન સાબિત થઈ છે.

**રાજ્યના પોલીસ વડા શ્રી મલિક**નો ભૂતકાળ અને તેમનો **બહોળો અનુભવ સરહદી ક્ષેત્રોની સુરક્ષા સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલો** રહ્યો છે. સરહદી વિસ્તારોની ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિની તેમની ઊંડી જાણકારી, ખાનગી બાતમીદારોનું સચોટ નેટવર્ક અને તેમની વહીવટી દીર્ઘદ્રષ્ટિ **આ ઓપરેશનમાં એટીએસ માટે બૂસ્ટર ડોઝ** સમાન સાબિત થઈ છે.

ગુજરાત એટીએસની ટીમે જે ગુપ્તતા, ચોકસાઈ અને પ્રોફેશનલિઝમ સાથે ઓપરેશન પાર પાડીને એકસાથે ૧૨થી વધુ આતંકી તત્વોની સાંકળ તોડી નાખી છે, તેણે દેશની ટોચની કેન્દ્રીય એજન્સીઓ સમક્ષ પણ ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યું છે. તહેવારોના સમયે જ્યારે સામાન્ય જનતા ઉત્સવની તૈયારીમાં મગ્ન હોય છે, ત્યારે રાત-દિવસ જોયા વિના સરહદો પર ખાખેધારી જવાનો લોખંડી ચોકીદારી કરી રહ્યા હોય છે, જેનું આ જીવંત ઉદાહરણ છે. જાગૃતિ જ અસલી સુરક્ષા છે.સંપાદકીય તરીકે, આ તબક્કે ગુજરાત એટીએસ, ડીજીપી શ્રી મલિક અને સમગ્ર પોલીસ બેડાને હૃદયપૂર્વક અભિનંદન આપવાની સાથે નાગરિકોને પણ જાગૃત રહેવાની અપીલ કરવી ઘટે છે. સરહદી વિસ્તારોમાં ભાડૂતો, અજાણ્યા શંકાસ્પદ લોકો અથવા રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ પર સ્થાનિક લોકોની નજર રહે તે પણ એટલું જ જરૂરી છે. સુરક્ષા એજન્સીઓએ પોતાનું ફરજ-કર્મ ઉત્કૃષ્ટ રીતે નિભાવ્યું છે. હવે નાગરિકોની વારો છે કે તેઓ શાંતિપૂર્ણ રીતે આસ્થાના મહાપર્વ રથયાત્રાને હર્ષોલ્લાસ સાથે ઉજવે.

**વરસાદ ખેંચાયો : પશુ આહારના ભાવ આસમાને**

# કચ્છમાં ઘાસચારાની તીવ્ર અછત વચ્ચે કપાસિયા ખોળના ભાવ પહોંચ્યા આસમાને

**માત્ર ત્રણ મહિનાના ટૂંકા સમય ગાળામાં અધધ ૭૦૦ રૂપિયાનો વધારો ઝીંકાયો : માલધારીઓની ચિંતા વધી**



ભુજ - કચ્છઉદય : સરહદી જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસું વિલંબમાં મુકાતા સમગ્ર પંથકમાં ઘાસચારાની ભારે તીવ્ર અછત સર્જાઈ છે, જેના કારણે માલધારીઓ અને પશુપાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ કુદરતી સંકટ વચ્ચે પશુ આહારના ભાવોમાં પણ તોતિંગ વધારો થતાં પશુપાલકો પર પડતા પર પાટુ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ખાસ કરીને પશુઓ માટે અતિ મહત્વના ગણાતા કપાસિયા ખોળના ભાવ આસમાને પહોંચી જતાં પશુધનને સાચવવું એ માલધારીઓ માટે લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થઈ રહ્યું છે. બજારના વિશ્લેષકોના મતે આ વર્ષે કપાસનો પાક ઓછો ઉતર્યો હોવાથી કપાસિયા ખોળની બજારમાં ભારે શોર્ટેજ વર્તાઈ રહી છે અને તેને કારણે જ ખોળના ભાવ સતત ઊંચા ચાલી રહ્યા છે. ભુજ શહેરના પશુ આહારના જાણીતા જથ્થાબંધ વેપારી જયેશભાઈ ઠક્કરે આ ગંભીર પરિસ્થિતિ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, માત્ર ત્રણ મહિના પહેલાં જ બજારમાં સ્ટાન્ડર્ડ કપાસિયા ખોળની પચાસ કિલોની એક બોરીનો ભાવ ૧૬૦૦ રૂપિયાની આસપાસ ચાલી રહ્યો હતો. જોકે, કપાસની ઓછી આવક અને ઘાસચારાની અછતને લીધે સર્જાયેલી માગ વચ્ચે, ટૂંકા ગાળામાં જ પ્રતિ બોરીએ ૭૦૦ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકાઈ ગયો છે. આ આકરા ભાવવધારાના પરિણામે હાલમાં બજારમાં સ્ટાન્ડર્ડ ખોળની ૫૦ કિલોની એક બોરીનો ભાવ ૨૩૦૦ રૂપિયાની સપાટીએ પહોંચી ગયો છે, જે પશુપાલકોનું આર્થિક બજેટ ખોરવી નાખવા માટે પૂરતો છે. આહારના અન્ય એક મહત્વના ઘટક એવા ભૂસાના બજારમાંથી થોડા રાહતના સમાચાર મળી રહ્યા છે. અગાઉ વૈશ્વિક સ્તરે યુદ્ધની પરિસ્થિતિને કારણે ભૂસાના ભાવમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો હતો, પરંતુ હાલમાં સીઝન અનુસાર તેની બજારમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે અને ભાવો નિયંત્રણમાં છે. હાલની સ્થિતિએ બજારમાં સ્ટાન્ડર્ડ ગુણવત્તા ધરાવતા ભૂસાની ૫૦ કિલોની આસપાસની એક બોરી ૧૨૦૦ રૂપિયાના ભાવે ઉપલબ્ધ થઈ રહી છે, જે પશુપાલકો માટે થોડા અંશે આશ્વાસનરૂપ બાબત કહી શકાય. જોકે, સમગ્ર જિલ્લામાં વરસાદ ખેંચાઈ જવાથી સીમમાં કુદરતી ઘાસચારો બિલકુલ ઉપલબ્ધ નથી. આવી વિકટ પરિસ્થિતિમાં પશુઓને જીવાડવા માટે માલધારીઓ સંપૂર્ણપણે બજારના વૈકલ્પિક પશુ આહાર પર નિર્ભર બન્યા છે. બરાબર આ જ સમયે વૈકલ્પિક પશુ આહારના ભાવોમાં, અને તેમાં પણ ખાસ કરીને કપાસિયા ખોળના દામમાં લાગેલી આગે પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા પરિવારોની ચિંતામાં સરહદી જિલ્લામાં ચારેતરફ ભારે વધારો કરી દીધો છે.

## ભુજ તાલુકાના પુરાસર સીમમાંથી કેબલ ચોરાયો

ભુજ - કચ્છઉદય : તાલુકાના પુરાસર ગામના સીમ વિસ્તારમાંથી કેબલ ચોરાયો હતો. આ મામલે માધાપર પોલીસમાંથી મળતી વિગતો મુજબ ફરીયાદી રામજીભાઈ સોનારાએ જણાવ્યું કે, કોઈ ચોર ઈસમે પુરાસર સીમમાં આવેલી વાડીમાં બોરથી ઓરડી સુધીનો મોટરનો કેબલ ચોરી કર્યો હતો. ૫૨૫૦૦ ના કેબલની ચોરી કરવામાં આવી હતી.

## ભુજના કોવઈનગર સ્થિત અમરસન્સ ઉપાશ્રયમાં ચાતુર્માસ

ભુજ - કચ્છઉદય : અનશનવ્રતધારી જૈન સમાજરત્ન તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી સંઘના ચેરમેન જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ સંચાલીત ભુજ કવીઓ જૈન સંઘના આંગણે આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી સંપ્રદાયના કચ્છ કેસરી આ.ભ. પ.પૂ. પૂનમચંદ્રજી મ.સા. તથા અનશન આરાધિકા પ.પૂ. સુનંદાબાઈ મહાસતીજીના સશિષ્ય પ.પૂ. જીતેન્દ્રમુનિ મ.સા. તથા કાર્યવાહક પ.પૂ.તારાચંદમુનિ મ.સા.ની આજ્ઞાનુવર્તીએ પ.પૂ. નિપુણાબાઈ મહાસતીજી (નવીનાળ), પ.પૂ. અર્પણાબાઈ મહાસતીજી (મોટી ભુજપર) આદિ ઠાણા - ૨ અષાઢ સુદ ૫, તા.૧૯/૭ને રવિવારે સવારે ૯ કલાકે નવનીત નગર - કોવઈ નગર મધ્યે આવેલ અમરસન્સ ઉપાશ્રય મધ્યે વાજતે ગાજતે સકળ સંઘની ઉપસ્થિતિમાં ચાતુર્માસ પ્રવેશ કરશે. આવા લાખેણા મંગલ પ્રસંગે સકળ સંઘને સહ પરિવાર પધારવા ભુજ કવીઓ જૈન સંઘ તરફથી નિમંત્રણ પાઠવાયું છે.

# ગાંધીધામ સ્ટેટ ટીટી ટુર્નામેન્ટમાં નુતાંશુ અને પ્રથાની નજર ટાઇટલ પર

**ટુર્નામેન્ટમાં ૨.૯૦ લાખ રૂપિયાના પુરસ્કાર એનાયત થશે**



ગાંધીધામ - કચ્છ ઉદય : ડીપીએ બીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૬નું આજથી ૧૯મી જુલાઈ દરમિયાન એમ. પી. મિત્રા ઈન્ડોર સ્ટેડિયમ, હરેશ સંગતાણી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે આયોજન થશે ત્યારે વર્તમાન ચેમ્પિયન નુતાંશુ દયામા અને પ્રથા પવારની નજર તેમની વિજયકૂચ આગળ ધપાવવાનો પ્રયાસ કરશે અને તેમની નજર ટાઇટલ પર રહેશે.

૬૧૦ એન્ટ્રી ધરાવતી આ ટુર્નામેન્ટ ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના નેજા હેઠળ કચ્છ ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ એસોસિયેશનના ઉપક્રમે યોજાઈ રહી છે જેના સ્પોન્સર દિનદયાલ પોર્ટ ઓથોરિટી (ડીપીએ) છે જ્યારે તેના ઈક્વિપમેન્ટ પાર્ટનર સ્ટિગા છે. આ ટુર્નામેન્ટમાં ૨.૯૦ લાખ રૂપિયાના પુરસ્કાર એનાયત થશે અને વિજેતાઓને અન્ય ગિફ્ટ પણ વિતરીત કરાશે. બિનક્રમાંકિત નુતાંશુ દયામા અને મોખરાના ક્રમની પ્રથા પવારે છેલ્લે અમદાવાદ ખાતે યોજાયેલી સિઝનની પ્રથમ સ્ટેટ રેન્કિંગ ટુર્નામેન્ટ જીતી હતી અને આ વખતે તેઓ આ માટે ફેવિરટ છે. જોકે બંનેને આ વખતે મજબૂત પડકારનો સામનો કરવો પડે તેવી અપેક્ષા છે.

અમદાવાદ ખાતેની ફાઈનલમાં મોખરાના ક્રમનો રાજકોટનો જયનિલ મહેતા નુતાંશુ સામે ફાઈનલમાં હારી ગયો હતો. પ્રથમ રેન્કિંગ ટુર્નામેન્ટમાં વિમેન્સમાં અમદાવાદની ઓઈશિકી જોઆરદાર પ્રથા સામે હારી જવાને કારણે રનર્સ અપ રહી હતી. હવે ઓઈશિકી તેના શહેરની જ હરીફની વિજયકૂચ અટકાવીને આગળ ધપવાનો પ્રયાસ કરશે.

અન્ય દાવેદારોમાં નામના જયસ્વાલ અને ધૈર્ય પરમારનો સમાવેશ થાય છે. સ્થાનિક જુનિયર્સ તેમનો પ્રભાવ પાડી શકે છે જેમાં અંડર-૧૩ બોયઝમાં મોખરાના ક્રમના ધ્રુવ ભાંભણીયા, અંડર-૧૧ બોયઝમાં મોખરાના ક્રમનો રેહાંશ સિંઘવી, યુગ પ્રતાપસિંઘ, અંડર-૯ ગર્લ્સમાં મોખરાના ક્રમની દિવિશા હિંગોરાણી, અનાઈશા સિંઘવી, સિદ્ધિ સિંઘવી, યાના સિંઘ અને માયરા ખેશકાનીનો સમાવેશ થાય છે. ગાંધીધામ ખાતે બોયઝ અંડર-૭ કેટેગરીનો પ્રારંભ થનારો છે. ગયા વર્ષે અંડર- ૯ ઈવેન્ટને સામેલ કર્યા બાદ અંડર-૭ કેટેગરી પહેલી વાર સ્ટેટ રેન્કિંગ સ્તરે શરૂ કરવામાં આવી રહી છે. અંડર-૭ કેટેગરીના પ્રારંભે છ એન્ટ્રી મળી છે જે બાબત યુવા બાળકોમાં ટેબલ ટેનિસની લોકપ્રિયતા પ્રતિબિંબિત કરે છે.

ભાગ લેનારા તમામ સહભાગીઓ માટે નિઃશુલ્ક ભોજન ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટુર્નામેન્ટના ઈતિહાસમાં પ્રથમ વખત ત્રણ દિવસીય ઈવેન્ટ દરમિયાન તમામ સહભાગીઓને નાસ્તો, બપોરનું ભોજન, રાત્રિનું ભોજન, ફ્રેશ લાઈમ વોટર અને ફળો નિઃશુલ્ક આપવામાં આવશે. આયોજન સચિવ કમલ અસનાનીએ જણાવ્યું હતું કે, આયોજકોનો ઉદ્દેશ્ય ખેલાડીઓને શ્રેષ્ઠ સુવિધાઓ સાથે વ્યવસાયિક રીતે સંચાલિત ટુર્નામેન્ટ પૂરી પાડવાનો છે. આયોજન સચિવ કમલ અસનાનીએ જણાવ્યું હતું કે, આયોજકોનો આશય ખેલાડીઓને પ્રોફેશનલ સંચાલિત અને શક્ય તેટલી સવર્શ્રેષ્ઠ સવલતો પૂરી પાડવાનો છે.' અંડર-૭ કેટેગરીની શરૂઆત અને વિનામૂલ્યે ભોજન તથા રિફ્રેશમેન્ટ આપવાનો નિર્ણય ખેલાડીઓના કલ્યાણ અને પાયાના સ્તરે વિકાસ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમ કમલ અસનાનીએ ઉમેર્યું હતું.

આ ટુર્નામેન્ટ ૧૨ સ્ટિગા પ્રીમિયમ ટેબલ પર રમાશે, જેમાં ૨૫ લાયકાત ધરાવતા ટેકનિકલ અધિકારીઓની પેનલ સ્પર્ધાનું નિરીક્ષણ કરશે.

# અંતરજાળમાં ૨૨ વર્ષીય યુવતીએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

આદિપુર: ગાંધીધામ તાલુકાના અંતરજાળ વિસ્તારમાં આવેલ બજરંગીધામ-૦૨માં એક ૨૨ વર્ષીય અપરિણીત યુવતીએ પોતાના જ ઘરે અગમ્ય કારણોસર બારીની ગ્રીલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે.

પોલીસના સત્તાવાર અહેવાલ મુજબ, ગત તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ સાંજે ૬:૩૦ વાગ્યાના અરસામાં અંતરજાળના બજરંગીધામ-૦૨માં રહેતી અંજલીબેન દિનેશભાઈ શ્રીમાળી (ઉં.વ. ૨૨) એ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર બારીની લોખંડની ગ્રીલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતાં જ યુવતીને તાત્કાલિક સારવાર માટે આદિપુરની ડિવાઈન લાઈફ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી, જ્યાં ફરજ પરના લેડી ડોક્ટર ધારા શુક્લાએ ટેલિફોન દ્વારા આદિપુર પોલીસને યુવતી મૃત હાલતમાં આવી હોવાની જાણ કરી હતી. મૃતક યુવતીની માતા નિર્મલાબેન દિનેશભાઈ શ્રીમાળીએ પોલીસને જણાવ્યું હતું કે તેમની દીકરીના હજુ લગ્ન થયા ન હતા અને તેણે કયા કારણોસર આ પગલું ભર્યું તે જાણી શકાયું નથી. આદિપુર પોલીસે પ્રથમ દ્રષ્ટિએ આ બનાવ અકસ્માત મોતનો હોવાથી BNSS કલમ ૧૯૪ મુજબ અ.મોત રજીસ્ટર (નં. ૨૭/૨૦૨૬) કરી લાશને પીએમ માટે રામબાગ સરકારી હોસ્પિટલ મોકલી આપી છે. ઘટના અંગે ગાંધીધામ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને ઈન્ક્વેસ્ટ પંચનામું કરવા યાદી મોકલાઈ છે. કેસની વધુ તપાસ પીએસઆઈ આર.એમ. ડુવા અને યુ.એચ.સી. જયપાલસિંહ ચલાવી રહ્યા છે.

# રાપરના બેલામાં વીજકરંટથી શ્રમિકનું કમકમાટીભર્યુ મોત

રાપર: બેલા ગામે મકાનમાં વાયરિંગ કરતી વખતે કરંટ લાગતા શ્રમિકનું કમકમાટીભર્યું મોત રાપર વાગડ પંથકના રાપર તાલુકાના ધબડા ગામે એક મકાનમાં વાયરિંગનું કામ કરતી વખતે અકસ્માતે વીજ કરંટ લાગતાં ૪૭ વર્ષીય પ્રૌઢનું કમકમાટીભર્યું મોત નીપજતાં અરેરાટી વ્યાપી ગઈ છે.

બનાવની વિગત એવી છે કે, ગત તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ બપોરે ૨:૧૫ વાગ્યાના અરસામાં રાપર તાલુકાના ધબડા ગામે એક મકાનમાં ઈલેક્ટ્રિક વાયરિંગનું કામ ચાલી રહ્યું હતું. આ કામ કરી રહેલા શ્રમિક બાબુભાઈ દેવજીભાઈ બગડા (ઉં.વ. ૪૭, રહે. બેલા, તા. રાપર) ને અચાનક જીવંત વીજ વાયરમાંથી જોરદાર કરંટ લાગ્યો હતો. કરંટ લાગવાના કારણે તેઓ ઘટનાસ્થળે જ ગંભીર રીતે દાઝી ગયા હતા અને બેભાન થઈ ગયા હતા.તેમને તાત્કાલિક સારવાર માટે રાપર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબ ડો. સાહીલ પટેલે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેલાભાઈ વીહાભાઈ રબારી (રહે. ધબડા) એ બાલાસર પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નંબર ૦૧/૨૦૨૬ નોંધી લાશનું પીએમ કરાવવાની તજવીજ હાથ ધરી છે. બાલાસર પોલીસ મથકના કોન્સ્ટેબલ વજાભાઈ મકવાણા અને પીએસઆઈ ડી.આર. ગઢવી આ મામલે આગળની પ્રાથમિક તપાસ ચલાવી રહ્યા છે.

# ભુજના ખારસરા ગ્રાઉન્ડ પાસે દબાણ દૂર કરાયું



ભુજ - કચ્છઉદય : શહેરમાં ખારસરા ગ્રાઉન્ડની બાજુમાં સરકારી પડતર જમીન પર સોહિલ મહમદ ટાંક દ્વારા ૧૫૦ ચો.મી. જગ્યા પર દબાણ કરવામાં આવ્યું હતું. તેની સામે એ અને બી ડીવીઝન પોલીસમાં જુગાર, દારૂના ગુના નોધાયેલા છે. તેણે કરેલું દબાણ દુર કરી ૬ લાખની સરકારી જમીન ખાલી કરાવવામાં આવી હતી.

# સામખીયારીમાં જાહેરનામાનો ભંગ કરનાર ઝડપાયો

સામખીયારી: ભચાઉ તાલુકાના સામખીયારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરનાર એક યુવકને પોલીસે ગુપ્ત બાતમીના આધારે શિકારપુર જાબઈવાસ પાસેથી છરી સાથે ઝડપી લીધો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સામખીયારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ભાવેશભાઈ વાલાભાઈ ચાવડા અને તેમની ટીમ તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે ૯:૨૧ વાગ્યાના અરસામાં શિકારપુર જાબઈવાસ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન એક યુવક શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. તેની અંગઝડતી લેતા તેની ભેઠમાંથી એક ઘાતક હથિયાર (છરી) મળી આવ્યું હતું. આ વિસ્તારમાં જિલ્લા મેજિસ્ટ્રેટ કચ્છ-ભુજ દ્વારા હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં તેનું ઉલ્લંઘન કરવા બદલ પોલીસે આરોપીની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીની ઓળખ સબીર હુશેન આયરા (ઉં.વ. ૨૧, મૂળ રહે. આડેસર, તા. રાપર, હાલ રહે. નવાગામ-અમૃતપર, તા. ભચાઉ, જી. કચ્છ) તરીકે થઈ છે. સામખીયારી પોલીસ સ્ટેશનમાં જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી પીએસઓ સિદ્ધરાજસિંહ અભેસિંહ અને હેડ કોન્સ્ટેબલ ભાવેશભાઈએ આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ગાંધીધામમાં હિટ એન્ડ રન : અજાણ્યા વાહનની ટક્કરે આધેડનું મોત

ગાંધીધામ: કંડલાથી ગાંધીધામ આવતા નેશનલ હાઈવે રોડ પર અંબિકા કાંટા સામે એક અજાણ્યા વાહન ચાલકે આધેડ વયના રાહદારીને અડફેટે લેતા ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું કરુણ મોત નીપજ્યું છે. અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક વાહન સહિત નાસી છૂટ્યો હતો. બનાવની વિગત એવી છે કે, ગત તારીખ ૨૩/૦૬/૨૦૨૬ના રોજ રાત્રિના ૦૯:૩૦ વાગ્યાના અરસામાં ગાંધીધામના કાર્ગો પીએસએલ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા રવિ પાસવાન નામના આધેડ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અંબિકા કાંટા સામે કોઈ અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રવિ પાસવાનને માથાના પાછળના ભાગે તેમજ ડાબા ગાલ પર ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું.મૃતકના પુત્ર મનીષકુમાર રવિ પાસવાન (ઉં.વ. ૨૬, ધંધો ખાનગી નોકરી, મૂળ રહે. આલમપુર, બિહાર) પોતાના પિતાના મૃત્યુ બાદ તેમની અંતિમ સંસ્કારની વિધિઓમાં રોકાયેલા હોવાથી તેઓ ગઈકાલે મોડી ફરિયાદ આપવા પોલીસ મથકે આવ્યા હતા. ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ BNS કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી. એક્ટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ કૃષ્ણસિંહ એન. વાઘેલા અને પીએસઆઈ સી.એચ. બડીયાવદરા ચલાવી રહ્યા છે.

# સામખીયારીમાં ૩૦ લાખની રોકડ અને એક્ટિવા સાથે યુવતી ગુમ

**અન્ય યુવક સાથે ગયાની આશંકા**

સામખીયારી : ભચાઉ તાલુકાના સામખીયારીના મોરીવાસ વિસ્તારમાંથી ૨૩ વર્ષીય એક યુવતી ઘરમાંથી ખેતર ખરીદવા માટે રાખેલા રૂ. ૩૦ લાખની રોકડ રકમ અને પોતાની હોન્ડા એક્ટિવા લઈને રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ જતાં પોલીસ મથકે ગુમનોંધ દાખલ કરવામાં આવી છે."""આ અંગે સામખીયારી આહીરવાસમાં રહેતા અને ખેતીકામ કરતા પિતા દેવકરણભાઈ ગોકળભાઈ બાળા (ઉં.વ. ૫૫) એ પોલીસમાં નોંધાવેલી વિગત મુજબ, તેમની પુત્રી (ઉં.વ. ૨૩, રહે. મોરીવાસ, સામખીયારી) ગત તારીખ ૧૫/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૦૯:૩૦ વાગ્યાના અરસામાં ઘરમાં કોઈને પણ કશું કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ છે. યુવતી ઘરમાં રાખેલા જમીન લેવાના રૂ. ૩૦,૦૦,૦૦૦/- (ત્રીસ લાખ) રોકડા અને પોતાનું ગ્રે/સિલ્વર કલરનું હોન્ડા એક્ટિવા (નંબર: GJ-39-H-3070) પણ સાથે લઈ ગઈ છે. પરિવારજનોને આશંકા અને વહેમ છે કે રાધિકા આંબલીયારા ગામના રહેવાસી નારણ નશા ઢીલા નામના વ્યક્તિ સાથે ગઈ છે. ગુમ થનાર યુવતીની વિગત આપતા પોલીસે જણાવ્યું કે તે ૮ ધોરણ સુધી ભણેલી છે, ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે, રંગે ઘઉંવર્ણી અને મધ્યમ બાંધાની છે, ઊંચાઈ આશરે ૫.૪ ફૂટ છે અને તેના જમણા હાથ પર અંગ્રેજીમાં "Mom-Dad" ત્રોફાવેલું (ટેટૂ) છે. સામખીયારી પોલીસ સ્ટેશનમાં ગુમ નોંધ નં. ૧૧/૨૦૨૬ દાખલ કરી પીએસઓ સિદ્ધરાજસિંહ અને એ.એસ.આઈ રવિન્દ્રસિંહ ઉદયસિંહ ઝાલાએ યુવતીની શોધખોળ આદરી છે.

# રાપરમાં જૂની અદાવતમાં યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપનાર શખ્સ સામે ગુનો

રાપર: શહેરમાં પોસ્ટ ઓફિસની પાછળ રહેતા એક શ્રમિક યુવકને અગાઉ થયેલા ઝઘડાનું મનદુઃખ રાખી ફોન પર ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપવાના મામલે રાપર પોલીસ મથકે એક શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદની વિગત અનુસાર, રાપરના સમાવાસ વિસ્તારમાં રહી મજૂરી કામ કરતા મુકેશભાઈ વેલજીભાઈ ધરડા (ઉં.વ. ૩૦) ને અગાઉ આરોપીના ભાઈ સાથે કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ બાબતની અદાવત રાખીને આરોપી અક્ષયદીપસિંહ નરપતસિંહ વાઘેલા (રહે. આહીર સમાજ વાડી પાસે, રાપર) એ તારીખ ૧૫/૦૭/૨૦૨૬ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યાના અરસામાં ફરિયાદી મુકેશભાઈના મોબાઈલ નંબર પર ફોન કર્યો હતો. ફોન પર આરોપીએ બેફામ ગાળો બોલી 'તને જાનથી મારી નાખીશ' તેવી ધમકીઓ આપી હતી.

આ મામલે મુકેશભાઈએ તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે રાપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી અક્ષયદીપસિંહ વાઘેલા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૨૯૬(બી) અને ૩૫૧(૪) મુજબ ગુનો (ગુ.ર.નં. ૧૧૯૯ ૩૦૧૦૨ ૬૦૩૯૬/૨૦૨૬) નોંધી તપાસ હાથ ધરી છે. કેસની તપાસ હેડ કોન્સ્ટેબલ ચંદનભાઈ ઈશ્વરભાઈ અને એ.એસ.આઈ નીલમબેન ચલાવી રહ્યા છે. આરોપીનો કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ મળ્યો નથી.

**મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેક્ટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in ફેક્સ નં./ફોન નં. (02836)250270
**જાહેર નોટીસ** અરજી નં.૫૪/૨૦૨૬
શ્રી સુનીતા ભવરલાલ શર્મા
રહે. ઈમામ ચોક, ન્યુ સુંદરપુરી, ગાંધીધામ-કચ્છ. .................... અરજદાર
વિરૂધ્ધ
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. .................. સામાવાળા
વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
સંદર્ભઃ- શ્રી સુનીતા ભવરલાલ શર્મા, રહે.ઈમામ ચોક, ન્યુ સુંદરપુરી, ગાંધીધામ-કચ્છની તા.૧૩/૦૭/૨૦૨૬ વાળી અરજી
આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી સુનીતા ભવરલાલ શર્મા, રહે.ઈમામ ચોક, ન્યુ સુંદરપુરી, ગાંધીધામ-કચ્છ વાળાની ઉક્ત સંદર્ભવાળી અરજીથી તેમના પુત્રી ક્રિષ્ના ભવરલાલ શર્મા નો તા.૦૬/૦૨/૨૦૦૯ ના રોજ ઈમામ ચોક, ન્યુ સુંદરપુરી, ગાંધીધામ-કચ્છ મધ્યે થયેલ છે. પરંતુ તેમના પુત્રીના જન્મની નોંધ મહાનગરપાલિકા ગાંધીધામના જન્મના રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૫૪/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના પુત્રીની જન્મ નોંધણી જે તે વખતે કાયદાકીય ભુલ અને અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.
તા. ૧૬/૦૬/૨૦૨૬ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

**જ્યોતિષ કાર્યાલય**
Regd. No. : 0016432 ૨૧ વર્ષનો અનુભવ
24x7 સચોટ સલાહ
3 પેઢીથી કામ, અમારે ત્યાંથી નિરાશ નહીં થવા એ જ મારી સિદ્ધિ, કામનો ચોક્કસ નિકાલ
છુટાછેડા, ઘારેલાકામ, ફેમીલી-બિઝનેશ પ્રોબ્લેમ
લવ પ્રોબ્લેમ, વશીકરણ સ્પે.
વિઝા પ્રોબ્લેમ, સૌતન- સાસુનો ત્રાસ, જન્માક્ષર
શું સંતાન કહેવામાં નથી ?, સંતાન યોગ
પ્રેમલગ્ન • ધારેલી વ્યક્તિનું મિલન
ગુપ્તધનના અધુરા મુકેલા કામ પૂર્ણ કરવામાં આવશે
ફોનથી દ્વારા ઘેર બેઠા કામ
9712423531

**એચ.બી. વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ
**જાહેર નોટીસ** જન્મ નોંધણી અરજી રજિ નં.૨૪૭/૨૦૨૬
શ્રી ચૌહાણ કેનુભા ગગુજી
રહે. સણવા, તા.રાપર-કચ્છ. ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, સણવા, તા. રાપર-કચ્છ ........................ સામાવાળા
વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે,અરજદારશ્રી ચૌહાણ કેનુભા ગગુજી, રહે.સણવા. તા.રાપર વાળાએ તા.૦૧/૦૫/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી શીવુભા કેનુભા ચૌહાણ નો જન્મ મોજેઃ સણવા તા. રાપર-કચ્છ મુકામે તા.૨૦/૦૫/૨૦૦૫ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ સણવા તા.રાપર-કચ્છના વર્ષ-૨૦૦૫ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૨૪૭/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તે આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમય મર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.
તારીખઃ ૦૯/૦૬/૨૦૨૬ (એચ.બી. વાઘેલા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**બી. વી. ચાવડા, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અંજારની કોર્ટમાં**
**જાહેર નોટીસ** જન્મ નોંધણી રજિ. નં.૬૯/૨૦૨૬
અરજદારશ્રી :શ્રી મેમણ અબ્દુલા નુરમામદ,
રહે.હજામ શેરી, મુન્દ્રા ........અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, અને ચીફ ઓફિસરશ્રી,અંજાર ........સામાવાળા
જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
આથી આ જાહેર નોટિસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી મેમણ અબ્દુલા નુરમામદ, રહે.હજામ શેરી, મુન્દ્રા તરફથી તા.૦૩/૦૨/૨૦૨૬વાળી અરજીથી તેઓના પુત્રી મુમતાઝ અબ્દુલા મેમણનો જન્મ તા.૦૯/૧૨/૧૯૭૨ના રોજ અંજાર તાલુકાના જનરલ હોસ્પિટલ, અંજાર મધ્યે થયેલ છે પરંતુ તેમની જન્મ નોંધણી કરાવી શકાયેલ ના હોવાનું જણાવી જન્મ નોંધણીનો હુકમ કરવા સારુ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મ નોંધણી રજિ.નં.૬૯/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ જન્મ નોંધણી જે-તે વખતે શરતચૂક તથા કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ. સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં વાંધો રજૂ કરવો. જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.
તા. ૧૨/૦૬/૨૦૨૬ (બી. વી. ચાવડા) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર અંજાર
કોર્ટનો સીક્કો

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ભુજના હમીરસરના કાંઠે કચ્છી કલાના કામણ પથરાયા













## કચ્છી નવાવર્ષ નિમિતે સાંસદ કચ્છ કાર્નિવલ નિહાળવા ઉમટ્યો જન સમુદાય : વિજેતા કૃતિઓને પુરસ્કૃત કરાઈ : પ્રભારીમંત્રી કાંતિભાઈ અમૃતિયા તથા રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ વિશેષ ઉપસ્થિતિ રહી નવા વર્ષની શુભેચ્છા પાઠવી કચ્છી માડુઓ સાથે ઉજવી અષાઢી બીજ



## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રેરીત કચ્છ કાર્નિવલ થકી રાજાશાહીથી ચાલી આવતી અષાઢબીજ ઉજવણીની પરંપરા જીવંત છે : સાંસદ વિનોદભાઇ ચાવડા

ભુજ - કચ્છઉદય : કચ્છી નવાવર્ષ અષાઢી બીજ નિમિતે સતત બીજા વર્ષે સાંસદ કચ્છ કાર્નિવલનું આયોજન કરાયું હતું. પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયા તથા રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની વિશેષ ઉપસ્થિતિમાં હમીરસર તળાવ કાંઠે કચ્છી કલાના કામણ પથરાયા હતા. ૧૨૦૦થી વધુ કલાકારોની ૪૮ ભાતિગળ સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિથી ઐતિહાસિક હમીરસર કાંઠો અષાઢી બીજની સંધ્યાએ ગુંજી ઉઠ્યો હતો.

કચ્છીમાડુઓને કચ્છી નૂતન વર્ષ અષાઢીબીજની શુભેચ્છા પાઠવીને પ્રભારીમંત્રી તથા શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજયમંત્રી કાંતિલાલ અમૃતિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કચ્છ કાર્નિવલનું આયોજન શરૂ કરી કચ્છની વિશેષ સંસ્કૃતિ અને ઉત્સવ પ્રિયતાને વિશ્વથી રૂબરૂ કરાવી હતી. વડાપ્રધાનના વિકાસના વિઝનથી વિકસિત બનેલા કચ્છનો હજુ પણ વધુ વિકાસ કરવા રાજ્ય સરકાર કટીબદ્ધ હોવાનું જણાવતા તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કચ્છ ભૂતકાળમાં અનેક મૂળભૂત સુવિધાથી વંચિત હતો પરંતુ વડાપ્રધાને કચ્છની કાયાપલટ કરી દીધી છે. આજે મૂળભૂત સુવિધાથી લઈને રોજગારીના નવા દ્વાર ખુલતા કચ્છ મોડલરૂપ બન્યો છે.

કચ્છ કાર્નિવલની પરંપરાને વિસ્તારવાના વડાપ્રધાનના પ્રેરક સૂચનને ઝિલનાર સાંસદ વિનોદભાઈ ચાવડાને ઉચ્ચ અને ટેકનિકલ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ અભિનંદન પાઠવતા ઉમેયું હતું કે, કચ્છ પ્રત્યે વિશેષ લગાવ ધરાવતા વડાપ્રધાને કચ્છનું પુર્નનિર્માણ કરવા સાથે કચ્છ કાર્નિવલની શરૂઆત કરાવી હતી. આ પરંપરા ફરી શરૂ થતા કચ્છની સંસ્કૃતિ દેશ - દુનિયા સમક્ષ ઉજાગર થઈ રહી છે.

સાંસદ વિનોદભાઇ ચાવડાએ કચ્છીઓને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, અષાઢીબીજ એટલે દેશ વિદેશમાં વસતા દરેક કરછીમાડુઓનો લોક ઉત્સવ છે. દરિયાખેડુ, ખેડૂત, માલધારી સહિત તમામ કચ્છીઓ માટે અષાઢી બીજ મહત્વપૂર્ણ છે. રાજાશાહીથી ચાલતી પરંપરા આજે પણ જીવંત છે તેનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જાય છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન કચ્છ કાર્નિવલની શરૂઆત કરવામાં આવી હતી. વર્તમાન સમયમાં ભુજ આવેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ફરી કચ્છ કાર્નિવલ શરૂ કરવા પ્રેરણા આપતા છેલ્લા બે વર્ષથી અષાઢી બીજની રંગેચંગે ઉજવણી કરાય છે. સાંસદે આ સમગ્ર આયોજનમાં સહભાગી થનાર કલાકારો તથા કચ્છ વાસીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

કચ્છી નવા વર્ષે મહાદેવ ગેટથી પ્રારંભ કરાયેલ કાર્નિવલમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે કલાકારોની કૃતિઓ ખેંગાર પાર્ક સુધીના માર્ગે રજૂ કરવામાં આવી હતી. કચ્છી કલા અને સંસ્કૃતિની ઝાંખીઓની પ્રસ્તૃતિથી કચ્છીયત સોળે કળાએ ખીલી ઉઠી હતી. કચ્છભરના ૨૫૦૦ જેટલા કચ્છી કલાકારોએ કચ્છ, ગુજરાત તથા અન્ય રાજયની સંસ્કૃતિને ૪૮ ફલોટના માધ્યમથી રજૂ કરીને કલાના કામણ પાર્થયા હતા.

કચ્છ કાર્નિવલમાં વિવિધ સમાજ, સામાજિક, ધાર્મિક સંસ્થાઓ, શાળાઓ, મહિલા મંડળો વગેરે જોડાઇને વિવિધ થીમ પર ૪૮ કૃતિઓ રજૂ કરી હતી, જેમાં કચ્છ ઢોલી,યોગાસન, કચ્છી રાસ, કચ્છજી બોલી, ટિપ્પણી રાસ, પશુ ચિકિત્સા નિર્દેશન, અષાઢી બીજ યાત્રા સહિતની પ્રસ્તૃ તિ નિહાળી લોકો મંત્રમૃગ્ધ થયા હતા. રંગેચંગે નીકળેલા કાર્નિવલ અને જનમેદનીના ઉત્સાહ - ઉલ્લાસ થકી સુશોભિત કરાયેલો ઐતિહાસિક હમીરસર કાંઠો અષાઢી બીજની સંધ્યાએ ગાજી ઉઠ્યો હતો. હમીરસર કાંઠે સમી સાંજે રેલાયેલા સંગીત અને લોકસાહિત્યના રણકારે હજારોની સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને કચ્છી નવા વર્ષે નવા ઉત્સાહથી તરબતર કરી દીધા હતા.

કાર્યક્રમમાં કચ્છમાં પ્રભારીમંત્રી કાંતિભાઈ અમૃ તિયા, કચ્છીમંત્રી ત્રિકમભાઈ છાંગા, જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, જિલ્લા ભાજપ પ્રભારી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રભાબેન હુણ, ધારાસભ્યો કેશુભાઈ પટેલ, વિરેન્દ્રસિંહ જાડેજા, પ્રધ્યુમનસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, કચ્છ કલેકટર આનંદ પટેલ, પશ્ચિમ કચ્છ એસ.પી. વિકાસ સુંડા, રાજવી પરિવારના કુંવર ઈંદ્રજીતસિંહ જાડેજા, કુંવર પ્રતાપસિંહજી જાડેજા, કુંમાર અનિરૂદ્ધસિંહ જી જાડેજા, કુંમાર મેઘદીપસિંહ જી. જાડેજા, કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રીઓ ધવલભાઈ આચાર્ય, ભીમજીભાઈ જોધાણી, હિતેષભાઇ ખંડોર, પ્રદેશ મહિલા મોરચાના ઉપાધ્યક્ષ છાયાબેન ગઢવી, પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી, પૂર્વ રાજયમંત્રી વાસણભાઈ આહીર, પૂર્વ ધારાસભ્ય પંકજભાઈ મેહતા, જિલ્લા પંચાયત ઉપાધ્યક્ષ મહાવીરસિંહ જાડેજા, આરએસએસના રવજીભાઈ ખેતાણી, પૂર્વ જિલ્લા પંચાયત અધ્યક્ષ જનકસિંહ જાડેજા, કેડીસીસી બેંકના ચેરમેન દેવરાજભાઇ ગઢવી, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજા, જિલ્લા ભાજપના વિકાસ રાજગોર, પ્રફુલસિંહ જાડેજા, અશોકભાઈ હાથી, આશિકાબેન ભટ્ટ સહિત આગેવાનો, ભુજ શહેર ભાજપ પ્રમુખ મિત ઠક્કર, ભુજ તાલુકા ભાજપ પ્રમુખ અશોક બરાડીયા, ભુજ તાલુકા પંચાયત પ્રમુખ લક્ષ્મીબેન ખેતાણી, નિવાસી અધિક કલેક્ટર પાર્થ કોટડીયા, અધિક કલેક્ટર પ્રોટોક્લ પ્રણવ વીઠાણી, પ્રાંત અધિકારી ડો.અનિલ જાદવ સહિત ઉચ્ચ અધિકારીઓ, મોટી સંખ્યામાં કચ્છીઓ અને ભુજ નગરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન અને કાર્યક્રમની વિગતવાર માહિતી સાંસદ વિનોદભાઈ ચાવડા આપી હતી. સંચાલન પંકજભાઈ ઝાલાએ અને વ્યવસ્થા રિતેન ગોર, વિરમભાઈ આહીર, વિશાલભાઈ ઠક્કર, મયુરસિંહ જાડેજા, નરેશ મહેશ્વરી, અશોક હાથી, વિશાલ મહેશ્વરી, શક્તિસિંહ ઝાલા, મનીષભાઈ બારોટ, રાજેન્દ્રસિંહ જાડેજા, કમલ ગઢવી, કિશોર નટ, પ્રકાશ ડગરા, જયંત ઠક્કર, દિપક ડાંગર, દિવ્યરાજસિંહ જાડેજા, ચિરાગ જોષી, ભૌમિક વછરાજાની, હિરેન રાઠોડ, પ્રતીક શાહ, ઘનશ્યામ ઠક્કર, અલ્પેશ પટેલ, ધર્મેશ ગોર સહિત સમગ્ર ટીમે રાત દિવસ મેહનત કરી કચ્છ સાંસદ કાર્નીવલ ને સફળ બનાવ્યું હતું. કાર્નિવલની કૃતિઓની પસંદગી અને આયોજન પંકજભાઈ ઝાલા અને તેમની ટીમ પ્રકાશ ગોસ્વામી, નરેન્દ્રપુરી ગોસ્વામી,પિનાક જોબનપુત્રા, પ્રતીક માણેક એ સાંભળ્યું હતું. કાર્નીવલની કૃત્તિઓની વ્યવસ્થામાં મહિલા ટીમે ખુબ જ સારી વ્યવસ્થા સંભાળી હતી, મહિલા ટીમમાં બિંદિયાબેન ઠક્કર, મનીષાબેન સોલંકી, બીનાબેન ભાનુશાલી, સાવીબેન જાટ, રીટાલીબેન ગણાત્રા, હસ્મિતાબેન ગોર, રૂપલબેન ચાવડા, વિમીબેન ઠક્કર, ધવનીબેન ગણાત્રા, વંદનાબેન પીઠડીયા, પ્રિયંકા જોષી સહિતના બહેનો જોડાઈ હતી. મીડિયાની વ્યવસ્થા ચેતનભાઈ કતીરાએ સંભાળી હતી.

### કલાકારોએ લોકસંગીતની જમાવી રમઝટ

દિવાળીબેન આહીર
નિલેશ ગઢવી
રાજભા ગઢવી
રાજેશ ગઢવી
અનિરુદ્ધ આહીર
બાબુ આહીર
પૂનમબેન ગઢવી
વસંત મારાજ પેનુડો,
પિયુષ મારાજ
દિપાલીબેન ગઢવી

### સેવા આપનાર નિર્ણાયકો

બેલાબેન મહેતા
વૈશાલી જેઠી
ચિન્મય ભટ્ટ
નયન રાણા
શૈલેષ સિંધલ
સ્વાતિ ઝાલા
કૃપલ સોમપુરા
અર્ચના ચૌહાણ
નરેશ અંતાણી
હેલી વચ્છરાજાની
અનીપ્રીષા સુંડા

### કાર્નિવલની વિજેતા કૃતિઓ

૧ સહજાનંદ મહિલા આર્ટસ એન્ડ કૉમેર્સ કોલેજ ભુજ નંબર ૪૨
૨ હીરાલક્ષ્મી ક્રાફ્ટ પાર્ક નંબર ૨૪
૩ સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરૂકુળ, ભાવનીપુર ગુરૂકુળ નંબર ૭
૪ નવી સુંદરપુરી પ્રાયમરી ગર્લ્સ સ્કૂલ (હનુમાન ચાલીસા) નંબર ૨૭
૫ વિરાયતન વિદ્યાપીઠ, રૂદ્રાણી નંબર ૨૨

### આશ્વાસન ઇનામો...

૬ નટ સમાજ કૃત્તિ નંબર ૧૮
૭ દરજી સમાજ કૃત્તિ નંબર ૩૦
૮ કેરા કુંદનપર કૃત્તિ નંબર ૩૧
૯ વિરલ યોગા સેન્ટર (I love kutch )
૧૦ ક્રિડાભારતી કચ્છ વિભાગ કૃત્તિ નંબર ૩૮

### લંડનના વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસ દ્વારા સાંસદને એવોર્ડ અપાયો



ભુજ - કચ્છઉદય : કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ પર સતત સક્રિયતા રાખી લોકો સાથે જનસંવાદ જાળવી રાખવા માટે પ્રયત્નશીલ રહે છે. તેમના ૫.૨૦ લાખથી વધુ ફોલોઅર્સ છે, જેની નોધ લઈ લંડનના વર્લ્ડ બુક ઓફ રેકોર્સ દ્વારા કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાને કચ્છ કાર્નિવલના પ્રસંગે એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા.

# કચ્છમાં ફરજ બજાવતા બીએસએફ જવાને પ્રેમિકાને ઝેર આપી પોતે પણ વિષ ગટગટાવ્યું

**દહેરાદૂનના હોમસ્ટેમાં પરણિત મહિલાની હત્યાથી ચકચાર : જવાન ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ : પત્નીને લોકેશન મોકલી ગુનાની કબૂલાત કરતા સમગ્ર ભાંડો ફૂટ્યો**

ભુજ - કચ્છઉદય : ઉત્તરાખંડના દહેરાદૂન સ્થિત મિયાંવાલા વિસ્તારમાં આવેલી એક હોમસ્ટે હોટલમાંથી ૪૦ વર્ષીય પરિણીત મહિલાનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં આ સમગ્ર મામલો પ્રેમ પ્રકરણનો હોવાનું બહાર આવ્યું છે. ભુજમાં ફરજ બજાવતો અને હાલ રજા પર ઘરે આવેલો બીએસએફ જવાન પ્રમેન્દ્ર નેગી રહે. નકરૌંદાની આરતી નામની પરિણીત મહિલા સાથે છેલ્લા બે દિવસથી ધ બ્રીઝ નામના હોમસ્ટેમાં રોકાયો હતો. આ દરમિયાન ગત બુધવારે જવાને પોતાની પત્નીને ફોન કરીને જણાવ્યું હતું કે તેનું લાંબા સમયથી એક મહિલા સાથે પ્રેમ પ્રકરણ ચાલી રહ્યું હતું, જેને તેણે ઝેર આપીને મારી નાખી છે અને પોતે પણ ઝેર ખાઈ લીધું છે. જવાને પત્નીને પોતાનું લોકેશન પણ શેર કર્યું હતું.

આ ચોંકાવનારી વિગતો મળતાં જ જવાનની પત્ની તાત્કાલિક ક્લેમેન્ટાઉન પોલીસ સ્ટેશને પહોંચી હતી અને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. માહિતીના આધારે જ્યારે પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો ત્યારે રૂમમાંથી મહિલાનો મૃ તદેહ મળી આવ્યો હતો, જ્યારે બીએસએફ જવાન બેભાન અને અત્યંત નાજુક હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જવાનને નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો, જ્યાંથી વધુ સારવાર માટે તેને દૂન હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે. હાલ આરોપી જવાન હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

બીજી તરફ, આ ઘટનાને પગલે મૃતક મહિલાના પતિ પંકજ સિંહે ડોઈવાલા કોતવાલી પોલીસ સ્ટેશનમાં જવાન વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપી જવાન અને તેની પત્ની વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પ્રેમ સંબંધ હતો. ત્રણ દિવસ પહેલા જવાનની પત્નીએ તેમના ઘરે આવીને હંગામો પણ કર્યો હતો. પતિનો આક્ષેપ છે કે આરોપી જવાને સુનિયોજિત કાવતરું ઘડીને તેની પત્નીને હોમસ્ટેમાં બોલાવી હતી અને ઝેરી પદાર્થ આપી તેની હત્યા કરી નાખી હતી. પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ પ્રાથમિક દ્રષ્ટિએ મહિલાનું મોત ઝેરના કારણે થયું હોવાનું જણાય છે, પરંતુ સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. હાલ પોલીસે હોમસ્ટેના તે રૂમને સીલ કરીને એફએસએલની મદદથી પુરાવા એકત્રિત કરવાનું શરૂ કર્યું છે, તેમજ બંને વચ્ચેના કોલ ડિટેલ્સ અને ચેટ્સ જેવા ડિજિટલ પુરાવાની તપાસ ચાલી રહી છે.

## ખાતરની કાળા બજારીમાં કોઈ ઝભ્ભાલેંગાવાળાનો દોરીસંચાર તો નથી ને?

# ભચાઉમાંથી યુરીયાના કાળા કારોબાર પર પોલીસનો સપાટો : કાળા બજારીયાઓનો લ્યો ઉઘડો : કઈક મોટા ખુલાસા થશે

### ભચાઉ પોલીસે આધાર પુરાવા વગરના યુરીયા ખાતરના જથ્થા સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડતી વખતે ઉઠયા અનેક સવાલો

**વેરાઈ કૃપા હોટલ પાસેના ગોડાઉનમાંથી ૬૮ થેલી યુરીયા ખાતર અને મોબાઇલ સહિત ૫૩ હજારથી વધુનો મુદ્દામાલ જપ્તઃ પૂર્વ કચ્છ પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ભચાઉ પોલીસે મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવાના અભિયાન અંતર્ગત પાડી રેડઃ અંજાર અને ભચાઉના ત્રણ શખ્સો પોલીસ સકંજામાં**

**પોલીસ હવે કરે તપાસ કે, ખાતરનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેને ક્યાં સપ્લાય કરવાનો હતો : શું કોઈ મંડળીમાંથી આ ખાતરનો જથ્થો કાળા બજારી માટે બહાર ઠલવાયો? જો મંડળીની સંડોવણી હોય તો તેની સામે પણ થવી જોઈએ કડક કાર્યવાહી**

**ખેડુતો યુરીયા ખાતર માટે તડકો-છાંયડો જોયા વિના કલાકો સુધી લાઈનોમાં ઉભા રહે છે છતા અછત દર્શાવી અને તેમને સરકારી સબસીડી વાળુ ખાતર મળતુ નથી, અને આ કાળા બજારીયાઓને માંગો એટલુ યુરીયા ખાતર મળી જાય છે? આ ખાતર લાવે છે કયાથી? આખેઆખી સિન્ડીકેટનો પર્દાફાશ થાય તે જરૂરી**

**ખેતીવાડી અધિકારીને જાણ કરી છે, સંકલનમાં રહી અને આગળની ધોરણસરની કાર્યવાહી કરવામા આવશે : શ્રી ડી.ડી.ઝાલા(પીઆઈ ભચાઉ)**



ગાંધીધામ :પૂર્વ કચ્છના ભચાઉ પોલીસ સ્ટેશન દ્વારા મિલ્કત સંબંધિત ગુનાઓ અટકાવવાના ખાસ અભિયાન હેઠળ એક મોટી અને સફળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સત્તાવાર અહેવાલ મુજબ, બોર્ડર રેન્જ આઈ.જી. ચિરાગ કોરડીયા, પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડાના કડક માર્ગદર્શન હેઠળ ભચાઉ પોલીસ સ્ટાફ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલી એક ચોક્કસ ખાનગી બાતમીના આધારે ભચાઉ ખાતે આવેલી વેરાઈ કૃપા હોટલની બાજુના એક ગોડાઉન પર અચાનક દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસના આ દરોડા દરમિયાન ગોડાઉનની સઘન તલાશી લેતા કોઈ પણ જાતના કાયદેસરના આધાર-પુરાવા કે બિલ વિના બિનવારસી હાલતમાં છુપાવીને રાખવામાં આવેલો યુરીયા ખાતરનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી કાયદેસરના ડોક્યુમેન્ટ વગર રખાયેલી યુરીયા ખાતરની કુલ ૬૮ થેલીઓ જપ્ત કરી હતી અને સ્થળ પર હાજર ત્રણ શખ્સોની અટકાયત કરી ધોરણસરની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આવા સમયે જાણકારો કહી રહ્યા છે કે, જો આ સમગ્ર પ્રકરણમા પોલીસ ઘનિષ્ઠ તપાસ કરશે તો કઈક મોટા ખુલાસા થવા પામી શકે તેમ છે. ઝડપાયેલા ત્રણેય શખ્સોના કડક રીમાન્ડ મેળવાય અને તેઓ કયાથી આ જથ્થો લાવ્યા? કોને સપ્લાય કરવાના હતા? અગાઉ કેટકેટલી વખત

### પકડાયેલા શખ્સોની પ્રોફાઈલ

ગાંધીધામ : પોલીસ સકંજામાં આવેલા ત્રણેય શખ્સોમાં ૧. રાજેન્દ્રસિંહ રઘુભા વાઘેલા (ઉ.વ. ૩૮), રહે. નવચેતન અંધજન મંડળ પાછળ, ભચાઉ“૨. હર્ષદ કમલેશભાઈ પંડયા (ઉ.વ. ૨૪), રહે. ખેતરપાળ નગર, અંજાર“૩. શિવમ ધનજીભાઈ બાલાસરા (ઉ.વ. ૩૦), રહે. ગુલાબ મિલ રોડ, માધવ વિલા, અંજાર

## સબસિડીવાળા યુરીયા ખાતરની કાળાબજારી પાછળ કોનું નેટવર્ક? ઊભા થતા મોટા સવાલો

ગાંધીધામ : **સરકારી સબસિડીના ખાતરનો ગેરકાયદે સંગ્રહ કેમ?**: સરકાર દ્વારા ખેડૂતો માટે સબસિડીના ભાવે અપાતા યુરીયા ખાતરનો જથ્થો કોઈ પણ કાયદેસરના લાયસન્સ કે બિલ વગર ખાનગી ગોડાઉનમાં કેમ છુપાવવામાં આવ્યો હતો?**ઔદ્યોગિક વપરાશ માટે ડાયવર્ઝનનો ખેલ?**: ખેતીના નામે અપાતા યુરીયા ખાતરને ઊંચા ભાવે ફેક્ટરીઓ કે ઉદ્યોગોમાં કેમિકલ પ્રોસેસ માટે મોકલવાનું કોઈ મોટું રેકેટ તો અહીં સક્રિય નથી ને?**ખાતરનો અસલી સપ્લાયર કોણ?**: પકડાયેલા ત્રણેય શખ્સો તો માત્ર કડી હોઈ શકે છે, પરંતુ સત્તાવાર વિતરણ કેન્દ્રો કે એજન્સીઓમાંથી આટલો જથ્થો બારોબાર આ કાળાબજારીયાઓ સુધી પહોંચાડનાર મુખ્ય સૂત્રધાર કોણ છે?**અન્ય પીડિત ખેડૂતોના હક પર ત્રાપ?**: એક તરફ સિઝન સમયે જગતના તાતને ખાતર માટે લાઈનોમાં ઊભા રહેવું પડે છે, ત્યારે આવા બિનઅધિકૃત ગોડાઉનોમાં ખાતરનો જથ્થો જપ્ત થવો એ કાળાબજારીયાઓની મજબૂત પકડ દર્શાવે છે. આ નેટવર્કના મૂળ સુધી પોલીસ ક્યારે પહોંચશે?

**ભચાઉ પટ્ટામાં જ અવાર નવાર યુરીયા ખાતર કાળાબજારી યુકત કેમ પકડાય છે? પ્લાયવુડની ફેકટીરઓ આ જ પટ્ટામાં વધારે આવેલી છે, અને ખેડુતોના હિતનું ખાતર અહી જ ગેરકાયદેસર રીતે અમુક ફેકટીઓમાં સપ્લાય કરવાનુ થાય છે તે તો કારણ નથી ને? બનાસકાંઠા પટ્ટા-મહેસાણા વિસ્તારમાથી આ ખાતર વધુ કચ્છ તરફ આવી રહ્યુ હોવાની છે ચર્ચા**

આ રીતે સરકારી સબસીડીવાળો ખાતરનો જથ્થો તેઓ લઈ આવ્યા છે અને સપ્લાય કર્યો છે? તેમા અનય કોણ કોણ સંડોવાયેલા છે? તે સહિતનાઓના ચહેરાઓ બેનકાબ કરવામા આવે તે જરૂરી બની રહ્યું છે. જાણકારો કહી રહ્યા છે કે, જો રાજેન્દ્રની પોલીસ કડક પુછતાછ કરે તો અગાઉ પણ આવા ચોરાઉ યુરીયા ખાતરને લઈને નવા ખુલાસા થવા પામી શકે તેમ છે ઉપરાંત તે વખતે પણ ખાતર ચોપડે ન દેખાય તે માટે રાજેન્દ્ર જ ભુમિકા ભજવી અને બધુ જ સમુસુથરૂ પાર પડાવી દેવાતો હોવાની ચર્ચા પણ ઉઠવા પામી રહી છે. હવે જોવાનુ રહ્યુ કે, પોલીસે કરેલી પ્રારંભીક લાલઆંખ આ આખાય પ્રકરણના નેટવર્કને તોડવાની દીશામાં લાલઆંખ કરે છે કે પછી તપાસનું ફીંડલુ વાળી દેવામા આવે છે..?આ સંદર્ભે ભચાઉના પીઆઈશ્રી જાલાની સાથે વાતચીત કરતા તેઓએ કહ્યુ હતુ કે, જાણવા જોગ અને ૪૧ વન ડી હાલમાં દાખલ કરાઈ છે, ખેતીવાડી અધિકારીને જાણ કરાઈ છે તેઓ સેમ્પલ લઈ અભિપ્રાય આપે તે બાદ ધોરણસરની વધુ કડક કાર્યવાહી ચોકકસથી હાથ ધરવામા આવશે.

### મોબાઈલ અને ખાતર સહિતનો મુદ્દામાલ જપ્ત

ગાંધીધામ : ભચાઉ પોલીસે દરોડા દરમિયાન કુલ રૂ. ૫૩,૦૮૮ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં યુરીયા ખાતરની ૬૮ થેલીઃ કિંમત રૂ. ૧૮,૦૮૮“‘૩ નંગ મોબાઈલ ફોનઃ કિંમત રૂ. ૩૫,૦૦૦“‘આ સફળ ઓપરેશનને ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર તેમજ સજાગ પોલીસ સ્ટાફ દ્વારા ખૂબ જ ગુપ્તતા અને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

## પહેલા પાનાથી...

### ગુજરાત ATS

ઝડપાયેલા પાંચ આરોપીઓમાં બિલા શેરા, છાપીના અયુબ કાડીવાલા, આતંકી હસન કરાડીયા અને અયુબ ખાલીનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે આ આરોપીઓ ગુપ્ત સ્થળોએ વિસ્ફોટક પદાર્થોનું ટ્રાયલ કરી રહ્યા હતા. આ વિસ્ફોટક પદાર્થો ક્યાંથી લાવવામાં આવ્યા હતા અને તેનો કઈ જગ્યાએ ઉપયોગ કરવાનો મનસૂબો હતો, તે દિશામાં એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.“‘અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પકડાયેલા આઠ આરોપીઓ પાસેથી જપ્ત કરવામાં આવેલા શંકાસ્પદ સાહિત્ય અને ડિજિટલ પુરાવાઓની તપાસમાં પાકિસ્તાની (નાપાક) એજન્ટો સાથેના સીધા સંપર્કો મળી આવ્યા હતા. એટલું જ નહીં, સરહદ પારનો એક સક્રિય એજન્ટ આ પાંચ આતંકીઓને રૂબરૂ મળવા પણ આવ્યો હોવાની કડીઓ પોલીસને મળી છે. આ દેશવિરોધી નેટવર્કનું મૂળ શોધવા માટે ગુજરાત ATS આ પાંચેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી રહી છે.

### ગુજરાતમાં ધડાકા

‘ચારકોલ’ જેવા કેમિકલ્સ ઓનલાઈન ખરીદ્યા હતા. આ કેમિકલ્સના મિશ્રણ મારફતે તેઓ મોટા બ્લાસ્ટ કરવાનો સઘન પ્રયાસ કરી રહ્યા હતા.ચોંકાવનારી બાબત એ છે કે, આ રાષ્ટ્રવિરોધી તત્ત્વો બ્લાસ્ટ કરવાની આખી પ્રક્રિયા (કેમિકલ મિશ્રણ અને વિસ્ફોટ) શીખવા માટે પોતાના જ ગામના આસપાસના સીમ વિસ્તારોમાં અને અવાવરૂ જગ્યાએ ટ્રાયલ (પરીક્ષણ) કરી રહ્યા હતા. આ વિસ્ફોટોને અંજામ આપવા માટે તેઓ ટાઈમર સહિતના જુદા-જુદા ઈલેક્ટ્રોનિક ડિવાઈઝ પણ જાતે બનાવી રહ્યા હોવાનું ખુલ્યું છે. આ સિવાય હાઈ-ઈન્ટેન્સિટી બ્લાસ્ટ કરવા માટે લોખંડની અમુક પાઈપો લાવી, તેને સ્થાનિક સ્તરે વેલ્ડીંગ કરાવીને આઈડી (ઈદ્ઘ - ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈઝ) એટલે કે પાઈપ બોમ્બ બનાવવાની પ્રક્રિયા પણ તેઓ કરી રહ્યા હતા.આ બહુવિધ લોકેશન્સ પર ચાલેલા મેગા ઓપરેશનને સફળ બનાવવા માટે ગુજરાત એટીએસ દ્વારા જે-તે જિલ્લાની સ્થાનિક પોલીસની પણ સક્રિય મદદ લેવામાં આવી હતી. દેશની આંતરિક સુરક્ષાને જોખમાવતા આ તમામ પાંચેય આરોપીઓને આજે કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે ગુનાની ગંભીરતા અને વિસ્ફોટકોના ઓનલાઈન સોર્સ તેમજ વિદેશી કનેક્શનની ઊંડી તપાસ કરવા માટે આરોપીઓના ૮ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. આગામી દિવસોમાં પૂછપરછ દરમિયાન આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય સ્લીપર સેલ અને નાપાક કાવતરાખોરોના નામો બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે

**રાજ્યના અલગ-અલગ ખૂણેથી ઝડપાયા આરોપીઓ**:ડીઆઈજી શ્રી જોશીએ પત્રકારોને જણાવ્યું હતુ કે, આ ઓપરેશન ખૂબ જ વ્યાપક સ્તરે ચલાવવામાં આવ્યું હતું. એટીએસ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી રાજયના જુદા-જુદા જિલ્લાઓમાંથી આરોપીઓને દબોચી લેવાયા છે, જેમાં:૧. બિલાલ આબિદ – અમદાવાદથી“૨. અયુબ કડેવાલ – સિદ્ધપુરથી“૩. મોહમ્મદ અયુબ – ભરૂચથી“૪. શબ્બીર – નવસારીથી“૫. મોહમ્મદ હસન – ભરૂચથી ઝડપાયા છે.

## પહેલા પાનાથી...

### ભારતીય રેલવેમાં

છે, ત્યારે હવે હાઈડ્રોજન ટ્રેનની આ નવીનતમ ભેટ ભારતીય રેલવેના આધુનિકીકરણમાં એક મહત્વનો સીમાચિહ્ન સાબિત થશે.

### ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાંથી

કથિત દખલગીરીની વિગતો તેમની અને અમેરિકી જનતાથી છુપાવી હતી. આ ભાષણનું જીવંત પ્રસારણ કરવાની મોટાભાગની અગ્રણી ટીવી ચેનલોએ ના પાડી દીધી હતી.ટ્રમ્પે કોઈપણ મજબૂત પુરાવા આપ્યા વિના એવો દાવો કર્યો કે અમેરિકાની ચૂંટણી પ્રક્રિયા હેકિંગ અને વિદેશી દખલગીરી સામે અત્યંત અસુરક્ષિત છે. તેમણે આક્ષેપ કર્યો કે ચીને ૨૨ કરોડ અમેરિકી મતદારોની ફાઈલો ગેરકાયદેસર રીતે મેળવીને ઈતિહાસનું સૌથી મોટું ડેટા લીક કૌભાંડ આચર્યું છે, જો કે આમાંનો મોટાભાગનો ડેટા વ્યાવસાયિક રીતે ખરીદી શકાય તેવો ઉપલબ્ધ છે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે ‘શેડો ગવર્નમેન્ટ’ ચલાવતા ભ્રષ્ટ અમલદારોએ રાષ્ટ્રપતિના દૈનિક બ્રીફિંગ્સ માં ફેરફાર કરીને સીએઆઈ અને એનએસએ ના રિપોર્ટ્સ તેમની સુધી પહોંચવા દીધા નહોતા.Campaigns & Elections રાષ્ટ્રપતિ ટ્રમ્પના આ દાવાઓથી વિપરીત, માર્ચ ૨૦૨૧ ના ઓડીએનઆઈના સત્તાવાર અહેવાલમાં સ્પષ્ટ કરાયું હતું કે ૨૦૨૦ની ચૂંટણીમાં ટેકનિકલ પ્રક્રિયામાં કોઈ વિદેશી દખલગીરી થઈ નથી અને ચીને પરિણામ બદલવાનો કોઈ પ્રયાસ કર્યો નહોતો. તેની સામે, રશિયાએ જરૂર જો બાઈડેનની ઉમેદવારી નબળી પાડવા અને ડોનાલ્ડ ટ્રમ્પને ફાયદો કરાવવા માટે પ્રચારાત્મક ઓપરેશન ચલાવ્યું હોવાનું હાઈ કોન્ફિડન્સ સાથે નોંધાયું હતું, પરંતુ ટ્રમ્પે પોતાના ભાષણમાં રશિયાની દખલગીરીનો કોઈ ઉલ્લેખ કર્યો નહોતો.

### અમેરિકાએ ઇરાન

સ્થાપનો જ નહીં, પરંતુ અનેક પુલ, સંદેશાવ્યવહાર ટાવર, એરપોર્ટ અને લશ્કરી લોજાસ્ટિક્સ નેટવર્કનો પણ સમાવેશ થાય છે. અમેરિકન સૈન્ય જણાવે છે કે આ હુમલાઓનો હેતુ ઈરાનની લશ્કરી ક્ષમતાઓ અને હોર્મુઝ સ્ટ્રેટ પર તેની પકડને નબળી પાડવાનો છે.

### રાજ્યમાં ફરી

ઉમરાળા તાલુકામાં અડધા ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૧૨ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. ગઈકાલે સાંજે ગાંધીનગરમાં પણ વરસાદ પડતા લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી.રાજ્યમાં આજે સવારે માત્ર ૧૦ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

### ચીનમાં કોરોનાનો

વધારવાની ફરજ પડી છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, ૨૬ જૂનથી ૧૬ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન આંધ્રપ્રદેશમાં ૧૨ નવા COVID-19 કેસ નોંધાયા હતા અને ચાર પુષ્ટિ થયેલ COVID-સંબંધિત મૃત્યુ થયા હતા. જોકે, વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે રાજયમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે અને જનતાએ ગભરાવાની જરૂર નથી. COVID-19 ને કારણે મૃત્યુ પામેલા દર્દીઓમાં સહ-રોગ પણ હતા. હાલમાં, અન્ય દર્દીઓને ખાસ વોર્ડમાં રાખવામાં આવી રહ્યા છે.આ વર્ષે આંધ્રપ્રદેશમાં COVID-19નો પહેલો કેસ ૨૬ જૂનના રોજ કડપા જિલ્લામાં નોંધાયો હતો. ત્યારબાદ, ૧ જુલાઈથી ૧૬ જુલાઈ દરમિયાન વધુ ૧૧ કેસ નોંધાયા હતા. ચેપગ્રસ્ત વ્યક્તિઓમાંથી બે વ્યક્તિઓ અગાઉ પુષ્ટિ થયેલ COVID-19દર્દીઓના નજીકના સંપર્કો તરીકે ઓળખાઈ હતી. કડપામાં સૌથી વધુ આઠ કેસ નોંધાયા છે. ગુંટુરમાં બે કેસ, વિશાખાપટ્ટનમમાં એક અને કાકીનાડા જિલ્લામાં બીજો કેસ મળી આવ્યો હતો. આરોગ્ય વિભાગના મુખ્ય સચિવ વીરા પાંડિયને જણાવ્યું હતું કે આ કેસ અલગ અલગ વિભાગો અને સ્થળોએથી નોંધાયા છે, અને હજુ સુધી કોઈ એક વિસ્તારમાં કોઈ ક્લસ્ટર બન્યા નથી.

## ચોમાસામાં મચ્છરજન્ય રોગો સામે આરોગ્ય વિભાગ એક્શન મોડમાં

ગાંધીનગર : ગુજરાતમાં ચોમાસાની ઋતુની શરૂઆત થતાં જ મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવા મચ્છરજન્ય રોગોના ફેલાવાને રોકવા માટે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા એક્શન મોડમાં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.’રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ‘ અંતર્ગત યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અભિયાન હેઠળ વર્ષ-૨૦૨૬માં મેલેરિયાના વહેલા નિદાન માટે અત્યાર સુધીમાં રેકોર્ડબ્રેક ૯૪ લાખથી વધુ લોહીના નમૂના લેવામાં આવ્યા છે, જેમાં પોઝિટિવ જણાતા તમામ ૪૮૬ દર્દીઓને તંત્ર દ્વારા સંપૂર્ણપણે નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના સચોટ નિદાન માટે રાજ્યની મેડિકલ કોલેજો સંલગ્ન ૪૨ હોસ્પિટલોમાં ખાસ નિદાન કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે, જ્યાં અત્યાર સુધીમાં ડેન્ગ્યુ માટે ૬૫,૨૯૩ અને ચિકુનગુનિયા માટે ૯,૯૬૩ સીરમ સેમ્પલની તપાસ કરવામાં આવી છે. મચ્છરોનો નાશ કરવા માટે આરોગ્ય વિભાગની ટીમો સીધી નાગરિકોના ઘર સુધી પહોંચી રહી છે. આ વર્ષે હાઉસ-ટુ-હાઉસ ઝુંબેશના બીજા રાઉન્ડ અંતર્ગત ૧૯,૫૦૦થી વધુ આરોગ્ય ટીમોએ ૬.૫૧ કરોડથી વધુની વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરી લીધી હતી. આ હાઉસ-ટુ-હાઉસ સર્વે દરમિયાન તાવના લક્ષણો ધરાવતા દર્દીઓની તપાસ કરી મેલેરિયાના ૨૮ નવા કેસ શોધી કાઢવામાં આવ્યા હતા અને તુરંત જ તેમની સારવાર શરૂ કરી દેવાઈ હતી.

## પશુધન માટે ઘાસચારોની વ્યવસ્થાને આપો પ્રાધન્ય : કાંતિભાઇ અમૃતિયા

**કચ્છ જિલ્લા પંચાયત ખાતે પ્રભારી મંત્રી અધ્યક્ષ સ્થાને સંકલન બેઠક મળી : જિલ્લામાં વરસાદની ખેંચને પગલે ઘાસચારાની અછત નિવારવા આગોતરા આયોજન પર મુકાયો ભાર : પાયાની સુવિધાઓના કામો ઝડપથી પૂર્ણ કરવા અને પંચાયતના વિકાસ કામોને વેગ આપવા પ્રભારી મંત્રીની તાકીદ**








ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા પંચાયત ખાતે આજે એક મહત્વપૂર્ણ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયાના અધ્યક્ષ સ્થાને મળેલી આ બેઠકમાં કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા અને જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રભાબેન હુણ સહિતના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તેમજ વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં પંચાયત હસ્તકના વિવિધ વિકાસ કામોની સમીક્ષા કરવાની સાથે પ્રજાલક્ષી પ્રશ્નોના ત્વરિત નિકાલ અંગે સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી. ચાલુ ચોમાસાની સિઝન દરમિયાન કચ્છ જિલ્લામાં નહિવત વરસાદને કારણે ઊભી થયેલી પરિસ્થિતિ અંગે બેઠકમાં ખાસ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. વરસાદ ઓછો થવાના કારણે આગામી સમયમાં ગ્રામીણ વિસ્તારોમાં ઘાસચારાની અછત સર્જાય તેવી સંભાવનાને ધ્યાને રાખીને અત્યારથી જ આગોતરું આયોજન કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. પશુધન માટે પૂરતા પ્રમાણમાં ઘાસચારો ઉપલબ્ધ રહે અને માલધારીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વહીવટી તંત્રને સજ્જ રહેવા સૂચના અપાઈ હતી.આ સાથે જ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારોના આંતરિક બિસ્માર રસ્તાઓનું ત્વરિત રીપેરિંગ કરવા અને ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળના અધૂરા કામો સમયસર પૂરા કરવા તાકીદ કરાઈ હતી. ગ્રામીણ કક્ષાએ આરોગ્ય કેન્દ્રોમાં જરૂરી દવાઓનો જથ્થો ઉપલબ્ધ રાખવા તેમજ ચોમાસા દરમિયાન રોગચાળો ન ફેલાય તે માટે આગોતરા પગલાં લેવા ચર્ચા થઈ હતી. પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ સુધારવા, શિક્ષકોનો ઘટ નિવારવા અને ઓછી હાજરીવાળા વિસ્તારોમાં કન્યા કેળવણીને વેગ આપવા અંગે પણ વિચારણા કરવામાં આવી હતી. અંતમાં, વરસાદની ખેંચ વચ્ચે પણ પાયાની સુવિધાઓ જળવાઈ રહે તે માટે લોકપ્રતિનિધિઓ અને અધિકારીઓ વચ્ચે યોગ્ય સંકલન સાધીને કામ કરવા પ્રભારી મંત્રીએ જણાવ્યું હતું.આ બેઠકમાં ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, રાપરના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ગાંધીધામ મનપાના મેયર દિવ્યાબેન નાથાણી, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, પ્રભારી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજા, કારોબારી ચેરમેન હરીશ ભંડેરી, વિવિધ સમિતિઓના ચેરમેન, જિલ્લા ભાજપ મહામંત્રી ભીમજીભાઇ જોધાણી, હિતેષભાઇ ખંડોર, ધવલભાઈ આચાર્ય, જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, ડીઆરડીએના નિયામક નિકુંજ પરીખ, જિલ્લા શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમાર સહિત વિવિધ અપેક્ષિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

ગેસ એ કિમંતી સંપત્તી છે, તેનો વ્યય ન કરો
રેસોઈ પહેલા દાળ-ચોખા પલાળીને રાખો-ગેસની બચત થશે

# આદિપુરમાં કરોડોની જમીન પચાવી પાડવા ભત્રીજા વિરુદ્ધ નકલી સાટાખત બનાવનાર કાકા સહિત બે સામે ગુનો

**જમીનમાં કાકાનો કોઈ હક્ક, હિસ્સો કે હિત ન હોવા છતાં, તેમાંથી પૈસા કઢાવવાના ઈરાદાથી કાકા જયચંદભાઈ અને ભુજના ઈશ્વર દાદલાણીએ પૂર્વ આયોજિત કાવતરું રચી એક નકલી અને બનાવટી સાટા કરાર ઊભો કર્યાની ફરીયાદ દાખલ**

## તહોમતદારો સામે ઊભા થતા મોટા સવાલો

**૧.જમીન વેચાઈ ગઈ હોવા છતાં ખેલ કેમ:** ફરિયાદી હિતેશભાઈએ વર્ષ ૨૦૨૧માં જ આ જમીન કાયદેસર રીતે અન્ય લોકોને વેચી દીધી હતી, તો ૫ વર્ષ બાદ અચાનક નકલી સાટાખત ઊભો કરવાનો આશય માત્ર મોટી રકમ પડાવવાનો જ હતો કે કેમ? **૨. સહીઓ અને છેકછાક પાછળ કોનું મગજ:** સરકારી કચેરીમાં રજૂ કરાયેલા દસ્તાવેજમાં ખોટી સહીઓ કોણે કરી? લખાણમાં કરવામાં આવેલી છેકછાક પાછળ કયા નિષ્ણાતોની સંડોવણી છે? **૩. સ્ટેમ્પ ડ્યુટી કચેરીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કેમ:** સાટાખત બનાવટી હોવાની પૂરેપૂરી જાણ હોવા છતાં, ભુજ-કચ્છની સ્ટેમ્પ ડ્યુટી કલેક્ટર કચેરી સમક્ષ આ દસ્તાવેજ રજૂ કરીને સરકારી તંત્રને કેમ અંધારામાં રાખવામાં આવ્યું? **૪. પૂર્વ આયોજિત કાવતરામાં અન્ય કોણ સામેલ:** કાકા જયચંદભાઈ અને ભુજના ઈશ્વર દાદલાણી સિવાય આ કથિત ગુનાહિત કાવતરાના તાર અન્ય કયા ભૂમાફિયાઓ કે કાયદાના જાણકારો સાથે જોડાયેલા છે?

## આ સમગ્ર છેતરપિંડીનો પર્દાફાશ ત્યારે થયો

ગાંધીધામ : આ સમગ્ર છેતરપિંડીનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ગત મે ૨૦૨૬ ના રોજ નાયબ કલેક્ટર કચેરી, સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્ર ભુજ તરફથી હિતેશભાઈને એક નોટિસ મળી હતી. આ નોટિસમાં ઈશ્વર દાદલાણી દ્વારા રજૂ કરવામાં આવેલા કહેવાતા સાટા કરારના આધારે નાણાકીય રેકોર્ડ રજૂ કરવા જણાવાયું હતું. હિતેશભાઈએ જ્યારે કચેરીની રૂબરૂ મુલાકાત લીધી ત્યારે તેઓ આ છેકછાકવાળો નકલી સાટા કરાર જોઈને ચોંકી ઉઠ્યા હતા. તેમણે તુરંત જ કચેરી સમક્ષ સોગંદનામું રજૂ કરી સ્પષ્ટતા કરી હતી કે તેઓએ આવી કોઈ કાગળ કે સાટા કરાર ક્યારેય કર્યા નથી. ત્યારબાદ, સરકારી કચેરી દ્વારા વારંવાર લેખિત જાણ કરવા છતાં પણ આરોપી ઈશ્વર દાદલાણી અસલ સાટા કરાર રજૂ કરી શક્યા ન હતા, જેના કારણે સ્ટેમ્પ ડ્યુટી અધિકારીએ બંને દસ્તાવેજોને યોગ્ય ઠેરવી અરજી દફતરે કરી દીધી હતી. આ કચેરીનો ખરી નકલનો અહેવાલ મેળવ્યા બાદ હિતેશભાઈએ તુરંત જ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

**પાપ તો છાપરે ચડીને પોકારે જ છે..!**

## સેવાભાવી કહીને પોતાના રોટલા શેકનાર કયા શખ્સનું પ્રપંચ પડ્યું ખુલ્લું?

**પોતાને સેવાભાવી ગણાવી, આમપ્રજાજનોના હિતાર્થે જ માહિતીઓ માંગી-માંગીને કંઈક લોકોને કનડગત કરનારના કાળા કૃત્યો આવશે બહાર?**

**જે જમીન વર્ષો પહેલાં કાયદેસર રીતે વેચાઈ ચૂકી હોય, તેમાં પોતાનો કોઈ હક્ક-હિસ્સો ન હોવા છતાં, માત્ર અને માત્ર રૂપિયા પડાવવાના મેલા ઈરાદાથી આખું સરકારી તંત્ર પલટાવી નાખવાનો કારસો રચાયો હતો તેવુ આ ફરીયાદ પરથી દર્શાય છે**

**ફરિયાદીની હિંમતને શાબાશી, આવી રીતે સરકારી કચેરીને ગેરમાર્ગે દોરીને બોગસ દસ્તાવેજો તૈયાર કરી કોઈની જમીન હડપ કરવાના કિસ્સામાં પોલીસ પણ બને ગંભીર: વેળાસર જ તહોમતદારોની ધરપકડ કરે: આવા તહોમતદારોના અન્ય પીડિતોએ પણ આગળ આવીને ફરિયાદ દાખલ કરવાની દેખાડવી જોઈએ હિંમત!**

ગાંધીધામ : સમાજમાં 'સેવા'નો સસ્તો બુરખો પહેરીને ફરતા અને અંદરખાને કૌભાંડોના કાળા કારોબાર ચલાવતા તત્ત્વો માટે કુદરતનો એક નિયમ હંમેશાં લાગુ પડે છે કે''પાપ ગમે તેટલું છાનું કરો, પણ એ છાપરે ચડીને પોકારે જ છે! આદિપુરમાં જમીન પચાવી પાડવાના આ ચકચારી પ્રકરણમાં પણ એવું જ કંઈક બન્યું છે. પોતાને પરમ સેવાભાવી અને સમાજ સુધારક ગણાવી, આમ જનતાના હિતના બહાના હેઠળ સરકારી કચેરીઓમાંથી માહિતીઓ ફંફોસીને નિર્દોષ લોકોને કનડગત કરનારા મહાશયનું આખરે આખું પ્રપંચ ખુલ્લું પડી ગયું છે. આ શખ્સ કોણ છે? સેવાના આંચળા તળે કંઈકના આંતરડાઓ દુભાવનાર કયો મહાશય હવે પાંજરે પુરાવવાની સ્થિતિમાં આવી ગયો છે? પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે કે, સમાજસેવાના નામે પોતાના આર્થિક રોટલા શેકવાની બદદાનત રાખનારા આ શખ્સે પડદા પાછળ કેવો ખેલ ખેલ્યો, તેનો ભાંડો હવે ફૂટી જવાની તૈયારીઓ દર્શાય છે. જે જમીન વર્ષો પહેલાં કાયદેસર રીતે વેચાઈ ચૂકી હોય, તેમાં પોતાનો કોઈ હક્ક-હિસ્સો ન હોવા છતાં, માત્ર અને માત્ર રૂપિયા પડાવવાના મેલા ઈરાદાથી આખું સરકારી તંત્ર પલટાવી નાખવાનો કારસો રચાયો હતો તેવુ આ ફરીયાદ પરથી દર્શાય છે. સરકારી કચેરીઓની આંખોમાં ધૂળ નાખી, કાયદાના રક્ષકોને ગેરમાર્ગે દોરીને બોગસ અને નકલી સાટાખતો ઊભા કરવાનું આ પાપ આખરે પોલીસ ચોપડે ચડી જ ચૂક્યું છે.આ આખા પ્રકરણમાં ફરિયાદીની હિંમત ખરેખર શાબાશીને પાત્ર છે, જેમણે આવા કહેવાતા સેવાભાવીઓની ધાક-ધમકી સામે ઝૂકવાને બદલે કાયદાનો આશરો લીધો અને કૌભાંડીઓનો અસલી ચહેરો જનતા સામે લાવી તેમના કારનામાઓને પણ ઉઘાડો પાડી દીધો. આ મામલાની ગંભીરતા જોઈને હવે પોલીસ તંત્ર પણ એક્શન મોડમાં આવ્યું છે. સરકારી દસ્તાવેજો સાથે ચેડાં કરનાર અને કાયદાને મજાક સમજનારા આવા લેભાગુ તત્ત્વો સામે પોલીસ કડક વલણ અપનાવી રહી છે, ત્યારે લોકમાંગ ઉઠી છે કે ખાખી વર્દી પોતાની તાકાત બતાવીને વેળાસર જ આવા તહોમતદારોને જેલના સળિયા પાછળ ધકેલે, જેથી સમાજમાં એક દાખલો બેસે.અંતમાં, આ તો માત્ર હિમશિલાની એક ટોચ છે. આવા 'સેવાભાવી' મહોરા પાછળ છુપાયેલા વરૂઓથી પીડિત અન્ય લોકોએ પણ હવે ડર રાખ્યા વગર હિંમતભેર આગળ આવવું પડશે. જો સચ્ચાઈનો પક્ષ લઈને વધુ પીડિતો કાયદાકીય લડત આપવા તૈયાર થશે, તો જ સમાજમાંથી આવા આડતિયાઓ અને કૌભાંડીઓનો કાયમી સફાયો થઈ શકશે!

આદિપુર : અંજાર તાલુકાના વરસામેડી ગામની કીમતી જમીન હડપ કરવા અથવા તેમાંથી મોટી રકમ પડાવવાના બદઈરાદાથી સગા કાકાએ અન્ય એક શખ્સ સાથે મળીને પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આરોપીઓએ બોગસ સાટાખત બનાવી તેને સરકારી કચેરીમાં સાચા તરીકે રજુ કરતાં આદિપુર પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

''મળતી માહિતી મુજબ, આદિપુરના વોર્ડ નંબર ૩/એ, પ્લોટ નંબર ૩૫૦/૩૫૧ માં રહેતા અને જમીન લે-વેચનો ધંધો કરતા હિતેશ મહેન્દ્રભાઈ રૂપારેલ (ઠક્કર) (ઉ.વ. ૪૯) એ પોતાના સગા કાકા સહિત બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી હિતેશભાઈના સ્વર્ગસ્થ પિતાજીની માલિકીની વરસામેડી ગામની સર્વે નંબર ૫૧૨/૧ તથા ૫૧૨/૧૮૧ વાળી કીમતી જમીન આવેલી છે. આ જમીન ફરિયાદીએ અગાઉ વર્ષ ૨૦૨૧માં જ કાયદેસરના વેચાણ દસ્તાવેજોથી અન્ય લોકોને વેચી દીધેલી છે. આમ છતાં, આ જમીનમાં કાકાનો કોઈ હક્ક, હિસ્સો કે હિત ન હોવા છતાં, તેમાંથી પૈસા કઢાવવાના ઈરાદાથી કાકા જયચંદભાઈ અને ભુજના ઈશ્વર દાદલાણીએ પૂર્વ આયોજિત કાવતરું રચી એક નકલી અને બનાવટી સાટા કરાર ઊભો કર્યો હતો. આ સાટા કરાર તદ્દન ખોટો અને બનાવટી હોવાનું જાણવા છતાં આરોપીઓએ સ્ટેમ્પ ડ્યુટી કલેક્ટર કચેરી, ભુજ-કચ્છ ખાતે અરજી કરી આ દસ્તાવેજ રજૂ કર્યો હતો. જેમાં ખોટી રકમો દર્શાવી, ખોટી સહીઓ કરી તેમજ છેકછાક કરી તેને સાચા તરીકે ચલાવવાનો ગુનો કર્યો છે. આદિપુર પોલીસે આરોપીઓ (૧) જયચંદભાઈ રમણીકલાલ ઉર્ફે મંગલજી રૂપારેલ (ઠક્કર) (રહે. વોર્ડ ૫/બી, આદિપુર) અને (૨) ઈશ્વર ટી. દાદલાણી (રહે. શિવમ બી/૧૭/એ, ભાનુશાલીનગર, ભુજ) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૩૯, ૩૪૦ અને ૬૧(૨) મુજબ ગુનો નોંધી આગળની તપાસ એ.એસ. આઈ ઈન્દ્રપાલ યાદવ અને પી.આઈ. એમ. સી. વાળા ચલાવી રહ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓનો કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ નથી અને હાલમાં તેમની ધરપકડ કરવાની તજવીજ ચાલુ છે.

**મહારાષ્ટ્રમાં મતદાર યાદી સુધારણાની ખાસ ઝુંબેશ**

## મુંબઈ વસતા કચ્છીઓ માટે જન્મભૂમિ કે કર્મભૂમિ પસંદ કરવા ઉભું થયું ધર્મસંકટ

**ગુજરાત બાદ હવે મહારાષ્ટ્રમાં પણ મતદાર યાદી સુધારણાની કામગીરી હાથ ધરાઈ ; વતનમાં નામ નોંધાવ્યા બાદ હવે મુંબઈમાં નામ રાખવા માટે કચ્છની યાદીમાંથી નામ કમી કરાવવું પડશે : કાયદાકીય મુશ્કેલીથી બચવા બે જગ્યાએ નામ ધરાવતા લોકોએ સક્રિય થવું પડશે ; ઓનલાઈન અને ઓફલાઈન પ્રક્રિયા માટે સામાજિક સંગઠનો દ્વારા જાગૃતિ અભિયાન : બેવડાં ઘર ધરાવતા કચ્છી પરિવારના વોટિંગ કાર્ડને લઈ સોશિયલ મીડિયા પર ચર્ચાઓની ધૂમ**

ભુજ - કચ્છઉદય : ગુજરાતમાં તાજેતરમાં જ ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી મતદાર યાદી સુધારણાની ખાસ ઝુંબેશ એટલે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂકી છે. આ પ્રક્રિયા અંતર્ગત ગુજરાતના સરહદી જિલ્લા કચ્છમાં પણ વ્યાપક કામગીરી કરવામાં આવી હતી. જોકે, હવે આ જ પ્રકારની સઘન ઝુંબેશ પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં શરૂ થવા જઈ રહી છે, જેને પગલે મુંબઈ અને મહારાષ્ટ્રના જુદા જુદા શહેરોમાં વર્ષોથી સ્થાયી થયેલા કચ્છી સમુદાયમાં ભારે સરવળાટ જોવા મળી રહ્યો છે. કચ્છના લાખો લોકો વેપાર અને ધંધાર્થે દાયકાઓથી મહારાષ્ટ્રને પોતાની કર્મભૂમિ બનાવી ચૂક્યા છે, પરંતુ વતન પ્રત્યેના લગાવને કારણે તેમના તાર હજુ પણ કચ્છ સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

જ્યારે થોડા સમય પૂર્વે ગુજરાતમાં મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે મુંબઈ સ્થિત અનેક કચ્છી જનોએ વતન પ્રત્યેની લાગણી અને જમીન-મકાનના અધિકારોને ધ્યાનમાં રાખીને પોતાના નામ કચ્છની મતદાર યાદીમાં અકબંધ રહે તે માટેના ફોર્મ ભરીને સક્રિયતા દાખવી હતી. હવે જ્યારે આ જ પ્રક્રિયા મહારાષ્ટ્રમાં અમલી બનવા જઈ રહી છે ત્યારે આ પ્રવાસી કચ્છીઓ સમક્ષ કાયદાકીય મથામણ ઊભી થઈ છે. નિયમ મુજબ કોઈપણ નાગરિક બે જગ્યાએ મતદાનનો અધિકાર રાખી શકતો નથી. આ સંજોગોમાં જે કચ્છીઓ મહારાષ્ટ્રની મતદાર યાદીમાં પોતાનું નામ કાયમી રાખવા માંગે છે, તેમણે કાયદાકીય મુશ્કેલીથી બચવા માટે સૌપ્રથમ કચ્છ એટલે કે ગુજરાતની મતદાર યાદીમાંથી પોતાના નામ કમી કરાવવા માટેની પ્રક્રિયા કરવી પડશે. આ વિષય અત્યારે મુંબઈ વસતા કચ્છીઓના વિવિધ વોટ્સએપ ગ્રૂપો અને સામાજિક સંગઠનોમાં ભારે ચર્ચાનો કેન્દ્ર બન્યો છે.

મહારાષ્ટ્ર ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર સમયપત્રક અનુસાર, ૨૯ જુલાઈ દરમિયાન બીએલઓ એટલે કે બ્લોક લેવલ ઓફિસર દ્વારા ઘરે-ઘરે જઈને મતદારોની વિગતોની ચકાસણી કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયા બાદ ૫ ઓગસ્ટે કાચી મતદાર યાદી પ્રસિદ્ધ થશે અને તેના પર દાવ-વાંધા મંગાવ્યા બાદ ૭ ઓક્ટોબરે આખરી મતદાર યાદી જાહેર કરવામાં આવશે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય યાદીમાંથી ડુપ્લિકેટ, મૃત્યુ પામેલા કે અન્યત્ર સ્થળાંતર કરી ગયેલા મતદારોના નામ કમી કરવાનો અને નવા લાયક મતદારોના નામ ઉમેરવાનો છે. ઉત્તર મુંબઈ ભાજપાના ગુજરાતી સેલના પ્રમુખ દીપક જોશીએ આ અંગે કચ્છી સમાજમાં જાગૃતિ ફેલાવતા જણાવ્યું છે કે, બીએલઓ સંબંધિત મતદારના ઘરે ત્રણ વખત મુલાકાત લેશે અને જો આ સમય દરમિયાન મતદાર ઉપલબ્ધ નહીં થાય અથવા ફોર્મ નહીં ભરે તો તેમનો મતદાનનો હક્ક છીનવાઈ શકે છે.

મહારાષ્ટ્રમાં વસતા કચ્છી પરિવારો જો આ પ્રક્રિયા દરમિયાન પોતાના ઘરે હાજર ન હોય તો બીએલઓ દ્વારા ઘરના દરવાજા પર નોટિસ ચોંટાડવામાં આવશે અને ત્યારબાદ પણ સંપર્ક ન થતાં નામ કમી થવાની પૂરેપૂરી શક્યતા રહેશે. વતનની યાદીમાં નામ રાખવું કે મહારાષ્ટ્રની યાદીમાં નામ જાળવી રાખવું તે અંગે કચ્છી વ્યાપારી આલમમાં અત્યારે ભારે ગડમથલ ચાલી રહી છે. જાગૃત નાગરિકો ઓનલાઈન પોર્ટલનો ઉપયોગ કરીને પણ આ સુધારાની કામગીરી સમયસર પૂર્ણ કરી શકે તે માટે સામાજિક આગેવાનો દ્વારા અપીલ કરવામાં આવી રહી છે, જેથી આગામી સમયમાં કોઈ કચ્છી નાગરિક પોતાના પવિત્ર મતાધિકારથી વંચિત ન રહી જાય.

## મોટી ભુજપુરમાં જય જગન્નાથનો જયઘોષ ગુંજ્યો

**શણગારેલા રથ સાથે વાજતે - ગાજતે શોભાયાત્રા નીકળી**



મુન્દ્રા - કચ્છ ઉદય : મોટી ભુજપુરમાં ઓરિસા, બંગાળના લોકો મોટી સંખ્યામાં રહે છે અને વિવિધ કંપનીઓમાં કામ કરે છે. ગઈકાલે સાંજે ગામના બલરામ હોટલથી વાજતે ગાજતે ભગવાન જગન્નાથ ભગવાનની શોભાયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા હતા અને એસટી, પંચાયત રોડ થઈ ઠાકર મંદિર સુધી રથયાત્રા પહોંચી હતી. ભગવાન જગન્નાથના ગ્રામજનોએ દર્શન કર્યા હતા. ત્યારબાદ પુનઃ બલરામ હોટલે પહોંચી પૂજા - અર્ચના કરી હતી.

રથયાત્રા જોવા લોકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. રથ પર બીરાજેલા ભગવાન જગન્નાથ, બહેન શુભદ્રા, બલરામના રથ શણગારી ભક્તજનો રસી વડે ખેંચી રહ્યા હતા. આ રથયાત્રા પ્રથમ વખત ભુજપુર ગામે નીકળી હતી.

## આધોઈની ગોપાલાનંદજી વિદ્યામંદિરમાં તાલુકા કક્ષાની રમત સ્પર્ધા યોજાઈ

**યજમાન શાળાના ખેલાડીઓનો ભવ્ય દેખાવ**





ભચાઉ - કચ્છઉદય : ગુજરાત સરકારના રમતગમત વિભાગ પ્રેરિત એસજીએફઆઈ સ્કૂલ ગેમ્સ અંતર્ગત ભચાઉ તાલુકા કક્ષાની રમતગમત સ્પર્ધાનું ભવ્ય આયોજન તાજેતરમાં આધોઈ સ્થિત ગોપાલાનંદજી વિદ્યા મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસ સુધી ચાલેલા આ ખેલ મહાકુંભ જેવા રોમાંચક માહોલમાં તાલુકાની વિવિધ શાળાઓના રમતવીરોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગોપાલાનંદજી વિદ્યા મંદિરના વિશાળ મેદાન પર યોજાયેલી આ સ્પર્ધામાં અલગ-અલગ ગામોની અનેક શાળાઓના બાળકોએ ખેલદિલીપૂર્વક પોતાની અપ્રતિમ રમતનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં યજમાન શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું નામ રોશન કર્યું છે. આ રમત મહોત્સવ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓએ ઝળહળતું પ્રદર્શન કર્યું હતું. અન્ડર-૧૪ વિભાગમાં શાળાની ટીમે ખો-ખો અને વોલીબોલ બંને રમતોમાં અદભુત રમત રમીને વિજેતા એટલે કે ચેમ્પિયન બનવાનું બહુમાન મેળવ્યું હતું, જ્યારે કબડ્ડીની ટીમે ફાઈનલમાં જોરદાર ટક્કર આપીને રનર્સ-અપ સ્થાન હાંસલ કર્યું હતું. આ ઉપરાંત, અન્ડર-૧૭ વિભાગમાં શાળાની કબડ્ડી ટીમે મેદાન ગજવતાં શાનદાર પ્રદર્શન કરી વિજેતા ટ્રોફી પોતાના નામે કરી લીધી હતી. એથ્લેટિક્સ વિભાગમાં પણ શાળાના કુલ ૪૫ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પોતાની આકરી મહેનત તેમજ રમત કૌશલ્યનો સુંદર પરિચય આપ્યો હતો. સંપૂર્ણ સ્પર્ધા દરમિયાન તમામ વિજેતા ટીમો, ખેલાડીઓ અને શાળાઓના પ્રતિનિધિઓ તરફથી ભારે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. શાળાના સંચાલકો, આચાયશ્રી અને પીટી શિક્ષકોના સુચારુ માર્ગદર્શન અને સુનિયોજિત આયોજન હેઠળ આ ત્રિ-દિવસીય રમત મહોત્સવ ખૂબ જ સુંદર, શિસ્તબદ્ધ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ ભવ્ય સફળતા બદલ શાળા પરિવારે તમામ વિજેતા ખેલાડીઓ અને તેમના ઉત્સાહી કોચને આ ગૌરવશાળી સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે તેમજ આગામી સમયમાં યોજાનારી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરવા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે.

## ભુજમાં સ્ટ્રીટલાઈટનો થાંભલો ધરાશાયી: બે લોકોને ઈજા

**પાલિકા દ્વારા વિવિધ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટના પોલનો સર્વે કરવામાં આવે તેવી માંગ ઉઠી**



ભુજ - કચ્છઉદય : શહેરમાં ભીડ ગેટથી સરપટ ગેટ તરફ જતા માર્ગ પર આવેલા આલાવારા કબ્રસ્તાન રોડ નજીક સ્ટ્રીટલાઈટનો વીજ થાંભલો અચાનક રોડ પર ધરાશાયી થતાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનામાં બે લોકોને સામાન્ય ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ગુરૂવારે બપોરે આ બનાવ બન્યો હતો. નોંધનીય છે કે આ જ વિસ્તારમાં અગાઉ પણ સ્ટ્રીટલાઈટના થાંભલા પડી ચૂક્યા છે, જેના કારણે લોકોમાં ચિંતા વધી છે. થોડા દિવસો અગાઉ ભુજના હોસ્પિટલ રોડ પર પીજીવીસીએલ કચેરી સામે નગરપાલિકા દ્વારા લગાવવામાં આવેલા ટ્રાફિક સિગ્નલનો થાંભલો પણ રોડ પર પડી ગયો હતો.

વારંવાર આવી ઘટનાઓ બનતા શહેરમાં સ્ટ્રીટલાઈટ અને ટ્રાફિક સિગ્નલના થાંભલાઓની મજબૂતાઈ અંગે સવાલો ઊભા થયા છે. સ્થાનિકોએ માંગ કરી છે કે નગરપાલિકા દ્વારા શહેરભરના તમામ સ્ટ્રીટલાઈટ અને ટ્રાફિક સિગ્નલના થાંભલાઓનું તાત્કાલિક સર્વેક્ષણ કરવામાં આવે તેમજ જે થાંભલાઓ જોખમી હાલતમાં હોય તેને મરામત અથવા બદલવાની કામગીરી હાથ ધરવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય.

## નખત્રાણામાં વરસાદી ઝાપટાંથી માર્ગો ભીંજાયા




નખત્રાણા - કચ્છ ઉદય : આજે વહેલી સવારે નખત્રાણા પંથકમાં વરસાદી ઝાપટાં પડતાં માર્ગો ભીંજાયા હતા અને વરસાદી માહોલ છવાયો હતો.

વહેલી સવારે છુટાછવાયા વિસ્તારોમાં વરસાદી ઝાપટાં વરસ્યા હતા અને વાતાવરણમાં પલટો આવ્યો હતો. અસહ્ય ઉકળાટ બાદ વરસાદી ઝાપટાં વરસ્યા હતા. મેઘાવી માહોલના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને તે સાથે જ રાબેતા મુજબ લાઈટ ડુલ થઈ હતી. નખત્રાણાની મેઈન બજારમાં પાણી વહી નીકળતા રાહદારીઓને ચાલવામાં મુશ્કેલી પડી હતી તો બીજી તરફ ખેડૂતો પશુપાલકો સત્વરે મેઘરાજા મંડાણ કરે તેવી પ્રાર્થના કરી રહ્યા હતા.

**(એમ.ડી.માળી) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ભુજ-ગ્રામ્યની કોર્ટ સમક્ષ**
એકોર્ડ હોસ્પિટલ સામે, તાલુકા સેવા સદન, મુંદરા રોડ, ભુજ-કચ્છ.

**જાહેર નોટીસ**

નં. જન્મ-મરણ નોંધણી કેસ રજી નંબર ૨૭૭/૨૦૨૬

(૧) શ્રી મામદ ચંગા રાયશી, રહે.ભીરંડીયારા, તા.ભુજ-કચ્છ.
વિરૂધ્ધ
(૧) રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને તલાટી સહમંત્રીશ્રી, ભીરંડીયારા જુથ ગ્રામ પંચાયત, તા.ભુજ-કચ્છ

**વિષય : જન્મ-મરણ નોંધણી (સુધારા) અધિનિયમ ૨૦૨૩ ની કલમ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મામદ ચંગા રાયશી, રહે.ભીરંડીયારા, તા.ભુજ-કચ્છની તા.૨૫/૦૬/૨૦૨૬ વાળી અરજીથી તેઓના પોતાના નામે મામદ ચંગા રાયશીનો તા. ૨૪/૦૮/૧૯૬૫ના રોજ મોજે - ભીરંડીયારા, તા.ભુજ-કચ્છ મધ્યે તેઓના નિવાસસ્થાને જન્મ થયેલ. પરંતુ શરતચુક તથા કાયદાની અજ્ઞાનતાના કારણે જન્મ નોંધણી ભીરંડીયારા જુથ ગ્રામ પંચાયત, તા.ભુજ-કચ્છના વર્ષ ૧૯૬૫ના જન્મ રજીસ્ટરે કરાવવાનું રહી ગયેલ હોવાનું જણાવી, જન્મ નોંધણી કરવાનો હુકમ થવા અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના જન્મ-મરણ નોંધણી રજી. નં. ૨૭૭/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સદર જન્મ નોંધણી કરાવવા બાબતે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આ કેસ અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

તા. ૦૬/૦૭/૨૦૨૬ (એમ.ડી.માળી) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ભુજ-ગ્રામ્ય (ઇ.ચા.)

# તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓને IITમાં મળ્યો પ્રવેશ

## ‘ઇન્ફિનિટી-૨૦૨૬’ માં વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યનો સંદેશ- ગાંધીધામ ચેમ્બરે ઉજ્જવળ ભવિષ્ય માટે પાઠવી શુભકામનાઓ : ‘તોલાણી કોલેજના ગણિતના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું



ગાંધીધામ : સમાજના સર્વાંગી વિકાસ માટે ગુણવત્તાસભર શિક્ષણ અને સશક્ત ઉદ્યોગજગત બંને સમાન રીતે આવશ્યક છે. એક સંસ્થા યુવાનોને જ્ઞાન, સંસ્કાર અને દિશા આપે છે તો બીજી સંસ્થા તેમને વ્યવસાય, રોજગાર અને વિકાસની અસંખ્ય તકો સાથે જોડે છે. આ ભાવનાને જીવંત કરતી કચ્છની બે અગ્રણી સંસ્થાઓ – તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ અને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી – એક જ મંચ પર ત્યારે જોવા મળી જ્યારે તોલાણી કોલેજના ગણિત વિભાગ દ્વારા “Infinity–2026 : A Celebration of Excellence” કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને IIT ગૌહાટી અને ગાંધીનગરમાં પ્રવેશ મળતાં શૈક્ષણિક, સંશોધનાત્મક તથા સહશૈક્ષણિક ક્ષેત્રે પ્રાપ્ત થયેલી ઉત્કૃષ્ટ સિદ્ધિઓને સન્માનિત કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત કરીને કરવામાં આવી હતી. ગણિત વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેશ ઠક્કરે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારતા કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. તેમણે વિશ્વવિખ્યાત વિચારક ડેલ કાર્નેગીના સુવાક્યનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, લોકો માત્ર પારિતોષિક માટે જ નહીં પરંતુ પોતાના કાર્યની કદર અને સન્માન માટે પણ શ્રેષ્ઠ પ્રદાન કરવા પ્રેરાય છે. આ જભાવનાને કેન્દ્રમાં રાખીને પ્રાંતિય વર્ષના વિદ્યાર્થીઓને વિદાય વિદ્યર્થીઓને આપવામાં આવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન વર્ષભરમાં વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સાયલન્ટ એચીવર, ઉટસ્ટેન્ડીંગ લીડરશીપ, પોઝીટીવ એટીટ્યુડ, ખોલરાઉન્ડ ઓારિા, રાઈઝીંગ ૨૨, કાઈડોસ એન્ડ કેર તથા હેલ્પીંગ હેન્ડ્સ જેવી વિવિધ શ્રેણીઓમાં એવોર્ડ્સ એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વિશિષ્ટ સિદ્ધિઓ બદલ કેટલાક વિદ્યાર્થીઓને વિશેષ સન્માન પણ અપાયું હતું. જૈનમ લોડાયા અને કાવ્ય સોનીએ દેશની અત્યંત સ્પર્ધાત્મક ગણાતી IIT-JAM પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરીનેઆઈઆઈટી ગૌહાટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રવેશ મેળવ્યો હોવા બદલ તેમને વિશેષ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નહીં પરંતુ કચ્છના વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણાનું પ્રતિક બની છે. તેમજ વૈષ્ણવી માંડલિયા અને રિશિતા ઝાલાએ કોલેજ અધ્યાપક બનવા માટેની મહત્વપૂર્ણ લાયકાત ગણાતી GSET પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરીને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હોવાથી તેમનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહી હતી ચાંદની ઠક્કરની અવિસ્મરણીય શૈક્ષણિક સફર. કચ્છ યુનિવર્સિટીમાં

ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવાથી શરૂ થયેલી તેમની યાત્રા IIT ગાંધીનગર સુધી પહોંચી, જ્યાંથી તેમણે એમ.એસસી.માં પણ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ પીએચ.ડી. દરમિયાન દેશની પ્રતિષ્ઠિત પ્રાઈમ મીનીસ્ટર રીસર્ચ ફેલોશીપ પ્રાપ્ત કરી અને તાજેતરમાં સંશોધન ક્ષેત્રે વધુ એક સિદ્ધિ તરીકે ફિનલેન્ડમાં પોસ્ટ-ડોક્ટરલ ફેલોશિપ માટે તેમની પસંદગી થઈ છે. ઉપસ્થિત મહાનુભાવોએ આ ઉપલબ્ધિને સમગ્ર કચ્છ માટે ગૌરવની બાબત ગણાવી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિઓ તરીકે શ્રી રાજેન્દ્ર આસવાણી (મુખ્ય વહીવટી અધિકારી, ગાંધીધામ કોલેજિયેટ બોર્ડ), ડૉ. સંપદા કાપસે (ડાયરેક્ટર, તોલાણી મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ) તથા શ્રી મહેશ તીર્થાણી માનદ મંત્રી, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી) ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના પ્રાચાર્ય ડૉ. સુશીલ ધર્માણીએ વિદ્યાર્થીઓની સિદ્ધિઓની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે સંસ્થાના શિક્ષકો, મેનેજમેન્ટ અને વિદ્યાર્થીઓની સતત મહેનતના પરિણામે આજે તોલાણી કોલેજના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યા છે. ડૉ. સંપદા કાપસેએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, “મોટાં સપનાં જોવાની હિંમત, સતત મહેનત અને પોતાની ક્ષમતામાં અડગ વિશ્વાસ - સફળતાના આ ત્રણ આધારસ્તંભ દરેક યુવાને જીવનમાં અપનાવવા જોઈએ.” તેમણે તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.શ્રી રાજેન્દ્ર આસવાણીએ પોતાના સંબોધનમાં સતત શીખવાની વૃત્તિને સફળ કારકિર્દીનો પાયો ગણાવી વિદ્યાર્થીઓને જ્ઞાનના નવા ક્ષેત્રોમાં સતત આગળ વધવા પ્રેરિત કર્યા હતા. મહેશ તીર્થાણીએ ગાંધીધામ કોલેજમેટિ બોર્ડના પૂર્વ વિદ્યાર્થી તરીકે ઉપસ્થિત વિદ્યાર્થીઓ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. તેમણે સૌપ્રથમ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સ્થાપના, કાર્યપદ્ધતિ, ઉદ્યોગજગત માટેની ભૂમિકા અને તેના વિશાળ કાર્યક્ષેત્ર વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, કચ્છ આજે દેશના સૌથી ઝડપી વિકસતા આર્થિક ક્ષેત્રોમાં સ્થાન ધરાવે છે અને ભારતના કુલ લગભગ ૪૦ ટકા એક્સપોર્ટ-ઈમ્પોર્ટ ટ્રેડ સાથે સીધો સંબંધ ધરાવે છે. તેમણે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી કે, કચ્છમાં એશિયાનું સૌથી મોટું ટિમ્બર ઝોન આવેલું છે,દેશની અંદાજે ૭૦ ટકા ખાદ્ય મીઠાની જરૂરિયાત પૂરી પાડતો વિસ્તાર છે તેમજ ઓઈલ પીએસયુ, ટેક્સટાઈલ, સ્ટીલ, ખનીજ, કૃષિ, સિરામિક, હેન્ડીક્રાફટ અને વિવિધ બહુરાષ્ટ્રીય તથા અગ્રણી ઔદ્યોગિક ગૃહોની વિશાળ ઉપસ્થિતિ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, માત્ર પુસ્તકી જ્ઞાન પૂરતું નથી પરંતુ પ્રેક્ટિકલ અને ગ્રાઉન્ડ લેવલના અનુભવથી જ કારકિર્દી વધુ મજબૂત બને છે. તીર્થાણીએ વિદ્યાર્થીઓને ગાંધીધામ ચેમ્બર ભવનની મુલાકાત લઈને તેની કાર્યપદ્ધતિ સમજવા, ઉદ્યોગોને નજીકથી જોવા અને ઉદ્યોગજગતની વાસ્તવિક જરૂરિયાતોને જાણવાની સલાહ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગાંધીધામ ચેમ્બર હંમેશાં શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને યુવા માર્ગદર્શન માટે પ્રતિબદ્ધ રહી છે અને ભવિષ્યમાં પણ આ પરંપરાને વધુ મજબૂત બનાવવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન પ્રતિષ્ઠિત પૂર્વ વિદ્યાર્થીની તરીકે ચાંદની ઠક્કર, જૈનમ લોડાયા તથા વૈષ્ણવી માંડલિયાએ પોતાના અનુભવો વિદ્યાર્થીઓ સાથે વહેંચ્યા હતા. તેમણે સફળતા પાછળની મહેનત, સંઘર્ષ, સમયનું આયોજન અને યોગ્ય માર્ગદર્શનના મહત્વ વિશે વાત કરી હતી, જે વિદ્યાર્થીઓ માટે અત્યંત પ્રેરણાદાયી બની હતી. આ પ્રસંગે છેલ્લા બે વર્ષ દરમિયાન ગણિત વિભાગના વિદ્યાર્થીઓએ GSET, GATE અને CSIR-NET જેવી પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પરીક્ષાઓમાં પ્રાપ્ત કરેલી સફળતાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સાથે જ સંશોધન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ઉપલબ્ધિઓ રજૂ કરીને વર્તમાન વિદ્યાર્થીઓને ઉચ્ચ લક્ષ્યાંકો તરફ પ્રેરિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. મિતેશ પટેલ, ડૉ. અંજલિ શ્રીવાસ્તવ, વિદ્યાર્થી બાલમુકુંદ ઝા અને રાજવી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનમાં ગણિત વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી બની કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડ્યો હતો.

## અષાઢી બીજ નિમિત્તે સચિદાનંદ મંદિરે શુભેચ્છા મિલન કાર્યક્રમ યોજાયો



ગાંધીધામ :કચ્છી નવા વર્ષ અષાઢી બીજના પાવન અવસરે અંજાર સ્થિત સચિદાનંદ મંદિરે ભક્તિમય માહોલમાં શુભેચ્છા મિલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રસીકજનો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન સૌએ એકબીજાને મીઠું મોઢું કરાવી કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. મંદિર પરિસરમાં હર્ષોલ્લાસ અને ભક્તિભાવનો માહોલ જોવા મળ્યો હતો. આ અવસરે સચિદાનંદ સંપ્રદાયના મહંત પૂજ્ય ત્રિકમદાસજી મહારાજે સૌને અષાઢી બીજ તથા કચ્છી નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે નવા વર્ષમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, આરોગ્ય અને સૌહાર્દની ભાવના જળવાઈ રહે તેવી પ્રાર્થના વ્યક્ત કરી હતી. કાર્યક્રમ અંતે રસીકજનોએ મહંતશ્રીના આશીર્વાદ મેળવી નવા વર્ષની શુભ શરૂઆત કરી હતી.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| 9 | | | 6 | | 2 | | | 8 |
| | | 8 | 5 | | 1 | 4 | | |
| 5 | 2 | | | 1 | | | 8 | 6 |
| 1 | | | 4 | | 6 | | | 2 |
| 7 | 6 | | | 3 | | | 5 | 4 |
| | | 7 | 8 | | 4 | 9 | | |
| 2 | | | 1 | | 9 | | | 7 |
| | | | | | | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 4 | 2 | 9 | 7 | 6 | 3 | 5 |
| 9 | 5 | 6 | 1 | 3 | 4 | 7 | 8 | 2 |
| 3 | 7 | 2 | 6 | 8 | 5 | 1 | 4 | 9 |
| 2 | 6 | 8 | 4 | 1 | 3 | 5 | 9 | 7 |
| 4 | 3 | 1 | 7 | 5 | 9 | 8 | 2 | 6 |
| 5 | 9 | 7 | 8 | 6 | 2 | 4 | 1 | 3 |
| 7 | 4 | 3 | 5 | 2 | 8 | 9 | 6 | 1 |
| 1 | 8 | 9 | 3 | 7 | 6 | 2 | 5 | 4 |
| 6 | 2 | 5 | 9 | 4 | 1 | 3 | 7 | 8 |

## અવસાન નોંધ



**અંજાર** : ઔદિચ્ય બ્રાહ્મણ રાવલ હર્ષદરાય લાભશંકર ઉ.વ. ૬૮, અંજાર (નિવૃત્ત એસ. ટી. ડ્રાઈવર), તે સ્વ. રાવલ ગૌરીબેન લાભશંકર જગજીવનના પુત્ર, ગં. સ્વ. પ્રફુલાબેનના પતિ, નિરૂપમાબેન નરેન્દ્રભાઈ જોશી, મૃદુલાબેન ભુપેન્દ્રભાઈ પાઠક (અમદાવાદ), ભૂપેન્દ્રભાઈ રાવલ (નિવૃત્ત સબ રજિસ્ટ્રાર તથા ઉપપ્રમુખ સમસ્ત અંજાર તાલુકા બ્રહ્મસમાજ) ના મોટા ભાઈ, ચંદ્રિકાબેન ભુપેન્દ્રભાઈ રાવલ (નિવૃત્ત શિક્ષક પ્રા. શા. નં. ૧) ના જેઠ, સ્વ.ઉમિયાબેન જેન્તીલાલ પંડ્યા ગઢશીશા વારાના જમાઈ તે સ્વ. નરેન્દ્ર , સ્વ. સુરેશ, દિનેશ તથા સ્વ.મંજુબેન અશ્વિનભાઈ પંડ્યા ના બનેવી, ચેતન (પત્રકાર, કચ્છ ઉદય), સંદીપ મહારાજ (આર.ટી.ઓ. એજન્ટ), પ્રણવના પિતાશ્રી, વિરાલીબેન સંદીપ ભાઈના સસરા, મિતુલ (ફ્રી ટ્રેડ ઝોન), નિરજ (ઝિમ ઈંડિયા) અને નમ્રતાના મોટા બાપુજી, કૃપાલી (બીઆરપી, અંજાર), ધારા (ખંભરા હાઈસ્કૂલના આચાર્ય) ના મોટા સસરા, યુગ અને હેતના દાદા, પ્રાંશુ, યુવિન અને યુવાંશના મોટા દાદા તા. ૧૪/૦૭/૨૦૨૬ મંગળવારના રોજ કૈલાશવાશી થયેલ છે. બેસણું સ્થળ- મિસ્ત્રી સમાજવાડી, ૫ ીરવાડી, અંજાર, સમય- ૦૫:૦૦ થી ૦૬:૦૦ (સાંજે), તા.- ૧૭/૦૭/૨૦૨૬ સંપર્ક સૂત્ર- ચેતનભાઈ : ૯૯૦૯૫૫૫૧૭૭, સંદીપભાઈ : ૯૮૯૮૨૪૬૫૮૨

**અંજાર** : સારસ્વત બ્રાહ્મણ નરોત્તમભાઈ ખીયરા (ઉ.વ. ૮૪) (મારાજ બિયારણવાળા) તે સ્વ. કસ્તૂરબેન ભાઈલાલ નરભેરામ ખીયરાના પુત્ર, ચંપાબેનના પતિ, સ્વ. પ્રવીણભાઈના નાના ભાઈ, ગં.સ્વ. તરૂલતાબેનના દિયર, સ્વ. જેરામભાઈ વેલજીભાઈ પાંધી (ટપ્પર સોનારાવાળી)ના જમાઈ, સ્વ. શામજીભાઈ, સ્વ. રામજીભાઈ, સ્વ. પ્રભાશંકરભાઈ, સ્વ. ખીમજીભાઈ, સ્વ. નારાણજીભાઈ, સ્વ. ભાગ્યરતીબેનના બનેવી, મધુસૂદન, જયશ્રીબેન, નીતાબેન, સ્વ. યોગેશભાઈના પિતા, દક્ષાબેન, તરૂણકુમાર, કલાપીભાઈના સસરા, ચાંદની ધવલકુમાર રત્નેશ્વર (અંજાર), ઉર્વિ સંપન્નકુમાર શર્મા (ધોલી) (ભુજ), ખુશ્બૂના દાદા, મનિષા, મમતાના કાકા, મનાલી હેમલ ધતુરિયા (આણંદ), રિદ્ધિ, હેન્સી સ્મીત સોનપાર (ભુજ), કશિશના નાના, પ્રમોદ, સ્વ. અશ્વિન, સ્વ. પ્રતાપ, ભાસ્કર, સંજય, સુનીલ, પીયૂષ, ધવલના ફુવા, સ્વ. પ્રવીણ, રાજેશના માસા તા. ૧૪-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૦૨૬ના શુક્રવારે સાંજે પથી ૬ સારસ્વત વાડી, રામ ઓટા પાસે, નિંગાળિયા ફળિયાની સામે, અંજાર ખાતે.

**અંજાર** : મ.ક.સ.સુ. જ્ઞાતિ ગં.સ્વ. રુક્ષ્મણિબેન ગોહિલ (ઉ.વ. ૮૪) તે સ્વ. અમૃતલાલ કુંવરજી ગોહિલના પત્ની, સ્વ. મીઠુભાઈ અખઈભાઈ પરમારના પુત્રી, અરાવિંદભાઈ (મંગલ), વર્ષાબેન અને પ્રકાશભાઈના માતા, નયનાબેન, ધારાબેન, વિનોદભાઈ દયારામ ચાવડાના સાસુ, દેવ અને રાજુના દાદી, દીપેનના નાની, અમૃતલાલ મીઠુભાઈ, સ્વ. મોહનભાઈ મીઠુભાઈ પરમાર, સ્વ. બચુબેન ચુનીલાલ ચાવડાના બહેન, વસંતબેન અમૃતલાલ પરમારના ભાભી, સ્વ. સાવિત્રીબેન જેરામભાઈ ગોહિલના દેરાણી, જશવંતભાઈ, અનિલભાઈ, હરેશભાઈ, અનિલાબેન, રેખાબેન (માધાપર)ના કાકી તા. ૧૫-૭-૨૦૨૬ના અવસના પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૪.૩૦થી ૫.૩૦ મચ્છુ કઠિયા સઈ સુતાર જ્ઞાતિ દરજી સમાજવાડી, જન્મોત્રી સોસાયટી, ખોડિયાર માતાજી મંદિરની બાજુમાં, અંજાર ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**
**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**
**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ**

**અંજાર** : મૂળ થરાવડા હાલે તખતગઢ (સાબરકાંઠા) ગોસ્વામી મણીબેન (ઉ.વ. ૮૨) તે સ્વ. ગંગાબેન હીરાગિરિના પુત્રવધૂ, ભીમગિરિ હીરાગિરિ (પૂર્વ પ્રમુખ વરલી દશનામ ગોસ્વામી સમાજ)ના પત્ની, કિરણગિરિ ભીમગિરિ, નીરૂબેન શંકરગિરિ (અંજાર), જ્યોતિબેન હિંમતગિરિ (અંજાર), હેમલતાબેન ધર્મેન્દ્રપુરી (અંજાર), શીતલબેન હેમંતગિરિ (દેહગામ)ના માતા, પૂજાબેન, રીનાબેન, નયનાબેનના સાસુ, મંથન, વિશ્વા, રોશની, ઝીલ, દેવાંશ, પ્રિતેશના દાદી, સ્વ. નરાસિંહગિરિ હીરાગિરિ, સ્વ. સાકરબેન બુદ્ધગિરિ (સંઘડ), સ્વ. જેઠીબેન ધનગિરિ (દુધઈ), સ્વ. ત્રિવેણીબેન બેચરગિરિ (અંજાર), ગં.સ્વ. મણીબેન ચતુરગિરિ (ભવાનીપર), ગં.સ્વ. શાંતાબેન શંભુગર (અંજાર), ગં.સ્વ. મંગળાબેન વેલગિરિ (વીરા), જયાબેન નરાસિંહગિરિ (મીઠી રોડ)ના ભાભી, ગં.સ્વ. ગોદાવરીબેનના જેઠાણી, સ્વ. કંકુબેન માયાભારતીના પુત્રી (તુણા), સ્વ. બુદ્ધિબેન નારાયણગિરિ (ભુજ), સ્વ. કાશીબેન ચંચળગિરિ (તુણા), સ્વ. હીરાભારતી માયાભારતી (તુણા), સ્વ. પોપટભારતી માયાભારતી (તુણા)ના બહેન, જિતેન્દ્રગિરિ દીપકગિરિ (કુકમા), ઈલાબેન દીપકગિરિ (માધાપર), વર્ષાબેન રાજેશગિરિ (કુકમા)ના મોટી મા, હાર્દિકવન દયાલવન (મોટી વિરાણી), પ્રદીપગિરિ કિશોરગિરિ (ચકાર કોટડા), ઐશ્વર્યાબેન જીલગિરિના દાદીસાસુ, આનંદ, વંદના, ચાંદની, હેતલ ભાવિન, ભાવિક, આરતી, યસના નાનીમા તા. ૧૨-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા ભાટિયા સમાજવાડી અંજાર તા. ૧૭-૭-૨૦૨૬ના સાંજે પથી ૬ (બંને પક્ષની) રાખેલ છે. ઉત્તરક્રિયા તા. ૨૩-૭-૨૦૨૬ના નિવાસસ્થાને તખતગઢ ખાતે.

**ભુજ** : મૂળ તેરાના રાજગોર ભવાનજી નાનજી (ઉ.વ. ૮૫) તે શાંતાબેનના પતિ, વિજયભાઈ ગોર (બેન્જો વાદક)ના મોટા ભાઈ, રસીલાબેનના જેઠ, ચેતનાબેન (આચાર્યા, પૈયા પ્રાથમિક શાળા), સુમિત, આશિષના મોટાબાપા, સંદિપકુમાર જોશી, બિન્દ્રાબેનના મોટા સસરા, ધુન, કીયાન અને રિવાના મોટા દાદા, સ્વ. વિશનબાઈ કાલિદાસના જમાઈ, મંગલભાઈ, શંભુભાઈ (સાંભળાવાળા)ના બનેવી તા. ૧૫-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા (બેસણું) તા. ૧૭-૭-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૪થી ૫ બિલેશ્વર મહાદેવ મંદિર, વી.ડી. હાઈસ્કૂલ પાસે, ભુજ ખાતે.

**ભુજ** : મૂળ ગુંદિયાળીના રાજગોર જશોદાબેન (ઉ.વ. ૭૪) તે ચુનીલાલ શિવજી બોડાના પત્ની, સ્વ. મણિબેન શિવજી ગેલાના પુત્રવધૂ, હિરેન, નીલેશના માતા, ભારતીબેન, હંસાબેનના સાસુ, હેત્વી, રિધમ, મોક્ષના દાદી, સ્વ. રામજીભાઈ, સ્વ. લક્ષ્મીદાસના નાના ભાઈના પત્ની, ગં.સ્વ. જયાબેન, ગં.સ્વ. લક્ષ્મીબેનના દેરાણી, નિમુબેનના જેઠાણી, રમેશ, દિનેશ, નયન, પારશ, પંક્તિ ભરતભાઈ જોષીના કાકી, અરૂણાબેન, જાશમીનબેન, આશાબેન, પ્રિયંકાબેનના કાકીસાસુ, સ્વ. હિરબાઈ મગનલાલ ઉગાણી, સ્વ. સાકરબાઈ પ્રાગજી મોતા, સ્વ. બચુભાઈ માધવજી મોતા, સ્વ. દમયંતીબેન ભવાનજી પેથાણી, ગં.સ્વ. લીલાવતીબેન નારાણજી માકાણી, શાંતિલાલના ભાભી, મમીબેન મૂરજી શિવજી ઉગાણી (સુથાર)ના પુત્રી, સ્વ. હરિશંકર, દયાશંકર, સ્વ. હરજીવન, સ્વ. હસમુખ, સ્વ. રાધેશ્યામ, સ્વ. લીલાવંતીબેન સુંદરજી મોતાના બહેન, ગં.સ્વ. ચંચળબેન, મુક્તાબેન, ગં.સ્વ. જયશ્રીબેનના નણંદ, મનોજ, જિજ્ઞેશ, તેજશ, ચંદ્રિકા, માધવીના ફઈ તા. ૧૪-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૪થી ૫ આર.ટી.ઓ. રાજગોર સમાજવાડી, ભુજ ખાતે.

**ભુજ** : મૂળ નખત્રાણાના જોષી રાજેન્દ્ર મોહનલાલ સોનપાર (ઉ.વ. ૬૮) (વી.ડી. હાઈસ્કૂલ-ભુજના નિવૃત્ત શિક્ષક) તે સ્વ. શારદાબેન મોહનલાલના પુત્ર, સ્વ. અનસૂયાબેન અરવિંદભાઈ (દહીંસરા)ના જમાઈ, હિનાબેનના પતિ, પાર્થ, દેવાંશીના પિતા, જોષી શંકરલાલ મયારામ સોનપાર (નખત્રાણા)ના ભત્રીજા, સ્વ. દામોદર દેવશંકર ચઠમંધરા (સુમરી રોહા)ના ભાણેજ, ગં.સ્વ. દમયંતીબેન (ચંદ્રિકાબેન) (કોલકાતા), સ્વ. નિર્મળાબેન, સ્વ. ગીતાબેન શર્મા (ગાંધીધામ), કોકિલાબેન ભાવસાર (ભુજ), સ્વ. દેવેન્દ્રના ભાઈ, સ્વ. જયંતીલાલ જોષી (કોલકાતા), પ્રમોદ શર્મા (ગાંધીધામ), નીતિનભાઈ ભાવસાર (ભુજ)ના સાળા, સ્વ. સંગીતા દેવેન્દ્રના જેઠ, હિતેષ વ્યાસ, નીરજ વ્યાસ (દહીંસરા)ના બનેવી, જાગૃતિબેન હિતેષભાઈના નણદોયા, જિજ્ઞેશ, ભાવેશ, મયૂર, નિશાંત, નેહલ, યશના મામા તા. ૧૪-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૦૨૬ના સાંજે પથી ૬ ઔદિચ્ય બ્રહ્મસમાજ વાડી, શિવકૃપા નગર, માંડવી ઓક્ટ્રોય સામે, ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ લખપતના ઉર્મિલાબેન હરીશભાઈ પુરોહિત (ઉ.વ. ૭૮) તે સ્વ. હરીશભાઈ ભાનુશંકર પુરોહિતના પત્ની, પ્રકાશભાઈ (જી.ઈ.બી.), હેમંતભાઈ (આશાપુરા)ના માતા, મૌલિકાબેન, જેલમબેનના સાસુ, પલક, હર્ષ, શૌર્ય, બ્રિંદાના દાદી, સ્વ. કસ્તૂરબેન ગૌરીશંકર હર્ષના પુત્રી, સ્વ. વિઠ્ઠલદાસ, સ્વ. મધુકાંત, સ્વ. ચંદ્રસેન હર્ષના બહેન, મનીષ, જયેશ, કલ્પનાબેન, મનોજભાઈ, ધર્મેન્દ્ર, શૈલેશ, આરતીબેનના ફઈ, સ્વ. મંજુલાબેન બચાણી, સુરેશભાઈ ભાનુશંકર પુરોહિત (લખપત), સ્વ. મહેશ ભાનુશંકર પુરોહિત, ગં.સ્વ. જ્યોતિબેન ભરતભાઈ પુરોહિત (ના. સરોવર)ના ભાભી, જેલમ, દિવ્યા, નિશા, ચિરાગના મોટા કાકી, ઉર્વીના મોટા સાસુ, દૈવય, માધવના મોટા દાદી તા. ૧૫-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૪થી ૫ ઔદિચ્ય બ્રહ્મસમાજ નારાયણ વાડી, નવી જી.ઈ.બી. ઓફિસ સામે, માધાપર ખાતે.

**બળદિયા (તા. ભુજ)** : જયાબેન (ઉ.વ. ૫૩) તે ગં.સ્વ. પાર્વતીબેન મૂરજી સુથારના પુત્રી, સ્વ. લખમશી, રતિલાલ, અશ્વિન, સ્વ. સુંદરબેન રામજી સુથાર (કોટડા-જ.), કસ્તૂરબેન માવજી સુથાર (માધાપર), તુલસાબેન દિનેશ સુથાર (લુડવા), દમયંતીબેન હંસરાજ સુથાર (વિથોણ)ના બહેન, ગં.સ્વ. દમયંતીબેન, કમળાબેન, લક્ષાબેનના નણંદ, શિલ્પા, જયેશ, આરતી, કમલેશ, હેતલ, હેમાન્દ્રી, પૂજા, હેન્ની, દિયાનના ફઈ, દીપિકાબેન, હિનાબેનના ફઈજી, ઉમરશી શિવજી સુથારના ભત્રીજી, સ્વ. લાલજી જીવરામ, કાનજી જીવરામ (રસલિયા)ના ભાણેજી તા. ૧૬-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૭-૨૦૨૬ના શનિવારે સવારે ૯થી ૫ આશાપુરા સત્સંગ હોલ, છતેડી રોડ, બળદિયા ખાતે.

**લોડાઈ (તા. ભુજ)** : મણકા હાજિયાણી આઈશાબાઈ ઓસમાણ (ઉ.વ. ૯૫) તે મામદ ઓસમાણ, સિધીક ઓસમાણ, નૂરમામદ ઓસમાણ, મુશા ઓસમાણ, મ. હુશેન ઓસમાણના માતા, રહીમ, હસણ, રજાક, અબ્બાસ, ઓસમાણ, ચાંદના દાદી તા. ૧૬-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૧૮-૭-૨૦૨૬ના શનિવારે સવારે ૯.૩૦થી ૧૦.૩૦ નિવાસસ્થાન લોડાઈ ખાતે.

**સુમરાસર શેખ (તા. ભુજ)** : ખત્રી હમીદાબાઈ ઈન્દ્રિશ (ખાવડા) તે મ. ઈન્દ્રિશ હાજી કાદરના પત્ની, રૂકશાના, અબ્દુલરશીદ (તલાટી), મુનીરના માતા, અબ્દુલમજીદ, અબ્દુલઅઝીઝ, મોહમદ શરીફના બહેન તા. ૧૫-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. તાજિયત નિવાસસ્થાને જામા મસ્જિદની સામે, સુમરાસર શેખ ખાતે ૩ દિવસ બુધવારથી શુક્રવાર સુધી.

**માંડવી** : કચ્છી પરજિયા પટ્ટણી સોની સોની મગનલાલ હરિલાલ સાગર તોળાવાળા (મગનબાપા હિંગલાજી) (ઉ.વ. ૭૦) તે સ્વ. હરિલાલ સાગરના પુત્ર, સ્વ. રુક્ષ્મણીબેનના પતિ, સ્વ. ખેતસી મેઘજીના જમાઈ, સ્વ. દમાબેન, ભરતભાઈના મોટા ભાઈ, સ્વ. નરોત્તમભાઈ, સ્વ. લાલજીભાઈ સ્વ. લક્ષ્મીદાસના ભત્રીજા, વર્ષાબેનના જેઠ, મેહુલ, શક્તિના પિતા, સારિકાબેન, આરતીબેનના સસરા, કરણ, નિધિ, દેવાંશી, પવન, આરાધ્યા, રિયા, હિમાંશના દાદા, વંદના કરણ સાગર, ઋષભ હિતેશ વાયા, ઋષભ સચિન મદાનના દાદા સસરા તા. ૧૪-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૪થી ૫ પ્રીતમ ભુવન, જ્યોતેશ્વર પાર્ક, માંડવી ખાતે.

**નલિયા (તા. અબડાસા)** : મધુબેન યોગેશભાઈ ઠક્કર (ઉ.વ. ૫૫) તે યોગેશભાઈ શંકરભાઈ ઠક્કરના પત્ની, સ્વ. મધુબેન શંકરભાઈના પુત્રવધૂ, ગં.સ્વ. રૂક્ષ્મણિબેન વિઠ્ઠલદાસ કતિરાના પુત્રી, આનંદ, કૃણાલના માતા, પ્રતાપભાઈ (મુંબઈ), શોભનાબેન (માધાપર), સ્વ. અનુસૂયાબેન (ભુજ), સ્વ. હરેશભાઈ (નલિયા)ના બહેન, આશાબેન, ગં.સ્વ. ગીતાબેનના નણંદ, નેહા, ધવલ, બંદિશ, રિંકલના ફઈ તા. ૧૫-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. માવિત્ર પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૭-૨૦૨૬ના શુક્રવારે સાંજે ૪થી ૫ નાનજી સુંદરજી સેજપાલ લોહાણા સમાજવાડી, નલિયા ખાતે. (લૌકિક વ્યહવાર રાખેલ નથી)





અંબાજી મંદિર ઓસ્લો સેક્ટર ૪ ગાંધીધામ ખાતે આવેલા રાધા કૃષ્ણ મંદિરે આજે અષાઢી બીજ કચ્છી નવા વર્ષ, રથ યાત્રા પૂજારી લલિત મારાજ દ્વારા અલૌકિક શિંગાર કરવામાં આવ્યો હતો અને મંદિરના પરિસરમાં રથ યાત્રા કાઢવામાં આવી હતી.

## ગાંધીધામ મનપાની લાઈટ-ફાયર સમિતિની બેઠક : બંધ સ્ટ્રીટ લાઈટો તાત્કાલિક શરૂ કરવા સૂચના



ગાંધીધામ: ગાંધીધામ મહાનગરપાલિકાની લાઈટ અને ફાયર સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં મેયર દિવ્યાબેન નાથાણી અને સમિતિના ચેરમેન ધનાભાઈ હુંબલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન અધિકારીઓને શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોને પડતી સમસ્યાઓના ઝડપી નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.બેઠકમાં ખાસ કરીને બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો વહેલી તકે કાર્યરત કરવા, જર્જરિત અને ખરાબ થયેલા વીજ વાયરો બદલવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તેમજ વરસાદી મોસમ દરમિયાન જાહેર માર્ગો પર પૂરતી પ્રકાશ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પ્રાથમિકતા આધારે કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. નાગરિકોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને તમામ જરૂરી કામગીરી સમયસર પૂર્ણ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## મુંદરામાં તપગચ્છ જૈન સંઘના ગુરૂ, ભગવંતોનો ચાતુર્માસ

મુંદરા - કચ્છઉદય : નગરમાં તપગચ્છ જૈન સંઘના આંગણે ગુરૂ, ભગવંતોનો ભવ્ય ચાતુર્માસ થયો હતો. બુધવારે સવારે પૂજ્ય મુનિ અનંત સિધ્ધ વિજયજી મ.સા., મુનિ અહેદપૂજન સાહેબ તેમજ સાધ્વી ભગવંતોમાં પૂજ્ય હિત ચિંતનાજી મહાસતી, હિતદર્શીજી મહાસતી, હંસનિયાશ્રીમહાસતી સાધુ - સાધ્વીજીનો ચાતુર્માસ પ્રવેશ થયો હતો.

તપગચ્છ જૈન સંઘના સાધર્મિક ભાઈ બહેનો શહેરના ગોરજી દેરાસર પાસે પહોંચ્યા હતા અને ત્યાંથી સાધુ -સાધ્વીજી ભગવંતોનું ભવ્ય સામૈયું કરાયું હતું. શહેરના હંસ ટાવરથી તપગચ્છ જિનાલય પહોંચ્યો હતો. ઢોલ નગારાના નાદે શહેરના મુખ્ય માર્ગો જિન ભક્તિ મય બન્યા હતા. ગુરૂ ભગવંતજીએ પાર્શ્વનાથ દાદાના દર્શન કરી ચતારી મંગલમ સંભળાવ્યો હતો અને ભાઈ બહેનોએ લાભ લીધો હતો.



મુંદરાના જૈન અગ્રણી પ્રફુલ્લચંદ્ર મણિલાલ ફોફડીયા હૈ સંસાર પક્ષે પુત્રી પ્રીતિબેને સાડા છ વર્ષ પહેલા દીક્ષા અંગીકાર કરી હતી કે જેઓ હાલ મુન્દ્રાના આંગણે પ્રથમવાર ચાતુર્માસમાં પધાર્યા છે. આ પ્રસંગે સંઘના હરેશ મહેતા, પારસ ફોફડિયા, પંકજ શાહ, ચંદ્રકાન્ત શાહ, જીતુ સંઘવી, પપ્પુ વોરા, વિનોદ મહેતા, નિકુંજ મહેતા, શાંતિલાલ મહેતા, ભરત મહેતા, મહેન્દ્ર મહેતા, નવીન મહેતા, નીતિન શાહ સહિતના ભાઈ બહેનો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

## રત્નકણિકા

**અહંકાર જીવનનો દુશ્મન છે.- જયદ્ગુરુ બાલસ્વામીજી**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. સ્પેન્દાર્મદ-૧૩૯૫, મુ. સફર-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૩, અષાઢ સુદ-૩ ચોથનો ક્ષય છે, વિનાયક ચતુર્થી તા.૧૭ જુલાઈ ૨૦૨૬, શુક્રવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૨, મઘા નક્ષત્ર, વ્યતિપાત યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૧૫, સૂ.અ.૭:૩૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.

**વૃષભ** : લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગતિ થાય.

**મિથુન** : વિશ્વાસે વહાણ ન ચલાવવું. જીવનસાથીનો સહકાર મળે.

**કર્ક** : પ્રવાસમાં હાનિ, કાર્યબોજ હળવો બને.

**સિંહ** : ભાઈ-બહેનનો સહકાર મળે. પ્રવાસ-પર્યટનનો આયોજન થાય.

**કન્યા** : કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.

**તુલા** : સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર થાય.

**વૃશ્ચિક** : સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો.

**ધન** : ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.

**મકર** : ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.

**કુંભ** : ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય.

**મીન** : માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.

# ગાંધીધામ શહેર ભાજપ દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત અને સન્માન





ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા પવિત્ર રથયાત્રાના શુભ અવસરે ભગવાન શ્રી જગન્નાથજી, ભાઈ બળભદ્રજી અને બહેન સુભદ્રાજીના દિવ્ય રથનું ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પાવન પ્રસંગે તમામ કાર્યકરો, શુભેચ્છકો તેમજ શહેરના નાગરિકોને સહપરિવાર ઉપસ્થિત રહી ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કરવા અને કાર્યક્રમને ભવ્ય સફળ બનાવવા હાર્દિક આમંત્રણ પણ પાઠવવામાં આવ્યું હતું.





# કચ્છની ધરતી પર સર્વપ્રથમ વાર ચાંદરાણી ગામે ભુજ મંદિર દ્વારા "શ્રી સ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્'નો ભવ્ય પ્રારંભ





અંજાર - કચ્છઉદય : સ્વામિનારાયણ સંપ્રદાયમાં સૌપ્રથમ અને સમગ્ર કચ્છની ધરતી પર પણ પ્રથમ એવા અનોખા "શ્રી સ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ'નો ચાંદરાણી ગામની મધ્યે ભવ્ય પ્રવેશોત્સવ સાથે શુભારંભ થયો છે. ભુજ મંદિર સંસ્થાપિત અને રાપર ગુરુકુળ સંચાલિત આ ગુરુકુળમાં આષાઢી બીજ બાદ નૂતન વર્ષના મંગલ પ્રારંભે વૈદિક પરંપરા અનુસાર શૈક્ષણિક કાર્ય શરૂ કરાયું છે. પ્રાચીન સ્થાપત્ય શૈલીથી નિર્મિત આ ગુરુકુળના પ્રવેશોત્સવને લઈને બાળકો અને વાલીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ ગુરુકુળના દ્રષ્ટા અને પ્રેરક ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાને શિરોધાર્ય કરી અહીં 'ઉપનિષદીય પંચકોષીય શિક્ષણ' આધારિત સર્વાંગી શિક્ષા પ્રણાલી અમલી બનાવવામાં આવી છે. સંસ્થાના માર્ગદર્શક શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ જણાવ્યું હતું કે, ભારતની પ્રાચીન ૧૪ વિદ્યાઓ અને ૬૪ કળાઓનો ક્રમશઃ સમન્વય કરી અહીંના ઋષિકુમારોને વિદ્યા કૌશલ્યનું શ્રેઠ શિક્ષણ આપવામાં આવશે, જેથી બાળકની સુષુપ્ત શક્તિઓ ખીલે અને તે દેશ સેવા તરફ આગળ વધે

આ ઐતિહાસિક પ્રસંગે ભુજ સ્વામિનારાયણ મંદિરના વરિષ્ઠ સંતો પૂજય સદગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદગુરુ સ્વામી હરિબળદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપ દાસજી તેમજ પુરાણી સ્વામી પ્રકાશદાસજી સહિતના પ્રખર સંતો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને નવોદિત બાળકો તથા વાલીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.આ વૈદિક ગુરુકુળના પ્રથમ સત્રમાં કુલ ૧૦ ઋષિકુમારોએ ઉત્સાહભેર પ્રવેશ મેળવ્યો છે, જેમાં ગુજરાતના વિવિધ વિસ્તારો જેવા કે સિનોગ્રા, હળવદ, નડિયાદ, માંડવી, માધાપર, બળદિયા અને સુરત ઉપરાંત છેક વિદેશથી એટલે કે કેન્યા (આફ્રિકા)થી પણ બાળકો અભ્યાસ અર્થે આવ્યા છે.

કાર્યક્રમના પ્રારંભે નવોદિત ઋષિકુમારો દ્વારા ઉપસ્થિત તમામ પૂજ્ય સંતોનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુરુકુળના સંસ્કારોને ઉજાગર કરતા બાળકોએ પોતાના માતા-પિતાનું પૂજન કરી તેમના આશીર્વાદ લીધા હતા. સંતોએ વાલીઓની દેશભક્તિ અને સંસ્કાર ભાવનાને બિરદાવી તેમને તન , મન, ધનથી સહકાર આપવા પ્રેરણા પૂરી પાડી હતી. ત્યારબાદ મંત્રોચ્ચાર સાથે બાળકોનો વિધિવત "વિદ્યારંભ સંસ્કાર' કરાયો હતો. આ પ્રસંગે "વૈદિક તપોવનમ' (ભરૂચ) ગુરુકુળના આચાર્ય પાર્થ શાસ્ત્રીજી ખાસ પધાર્યા હતા. તેમણે વાલી સંમેલનમાં ઉપસ્થિત રહીને નવી શિક્ષણ પદ્ધતિ અંગે જરૂરી સૂચનાઓ આપી હતી તેમજ વાલીઓ સાથે વાર્તાલાપ કરી તેમના તમામ પ્રશ્નોનું સંતોષકારક સમાધાન કર્યું હતું.

આ નૂતન વૈદિક ગુરુકુળની સંપૂર્ણ સંભાળ સંચાલક સંતો પૂજય શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, પૂજય પુરાણી સ્વામી રામપ્રિયદાસજી, પૂજય પુરાણી સ્વામી રામાનુજદાસજી તેમજ શાસ્ત્રી સ્વામી ઈશ્વરપ્રિયદાસજી સંભાળી રહ્યા છે. કાર્યક્રમના અંતમાં સંતો, દાતાઓ અને વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગી ઔષધીય વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું અને સૌ વાલીઓએ ભારતીય સંસ્કૃતિના જતન-સંવર્ધન માટે સમર્પિત થવાનો પવિત્ર સંકલ્પ લીધો હતો.



ભગવાનશ્રી જગન્નાથજીની પારંપરિક ભવ્ય રથયાત્રા સમસ્ત સનાતન હિન્દૂ સમાજ દ્વારા ગળપાદર થી નીકળી નિયત સ્થાન ગાંધીધામ રેલવે કોલોની શિવ મંદિરે પહોંચી હતી. રસ્તામા અનેક જગ્યાએ જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. ભગવાન જગન્નાથજીની રથયાત્રા ભારત માં મોટા ભાગના સ્થાનો પર નીકળતી હોય છે પરંતુ જોગાનુજોગ અષાઢી બીજ ના આ પવિત્ર દિવસે કચ્છી નવું વર્ષ પણ હોય છે જેથી કચ્છના લોકો માં આ દિવસે બેવડો આનંદ હોય છે. આ કચ્છ માં અનેક જગ્યાએ લોકો પારંપરિક પહેરવેશ માં સજ્જ થઈ કચ્છી નવા વર્ષ ની એક બીજા ને શુભેચ્છાઓ આપે છે.અતિ આનંદના આ દિવસે મેઘરાજા પણ પણ સુકનવંતુ વરસાદી મુહુર્ત સાચવે છે.આ દિવસે કચ્છ માં વરસાદ ની શરૂવાત થતી હોય છે. રથયાત્રામાં ગાંધીધામ ઝંડાચોક મધ્યે કર્તવ્ય ટીમ દ્વારા હંમેશાની જેમ રથયાત્રા અને આયોજકો-ભક્તોનું સ્વાગત સાથે સન્માન કર્યું હતું, લોકો માટે ઠંડા પાણી, લીંબુ સરબત તથા પ્રસાદનું આયોજન કર્યું હતું.

# આદિપુરઃ નશાની હાલતમાં અર્ટિગા કાર ચલાવતો ચાલક મુંદરા સર્કલ પાસેથી ઝડપાયો

આદિપુરઃ પૂર્વ કચ્છ પોલીસ દ્વારા પ્રોહિબિશન અને ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત આદિપુરના મુંદરા સર્કલ પાસેથી એક કાર ચાલકને નશાની હાલતમાં ઝડપી પાડવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, આદિપુર પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ અમરીશભાઈ ચાવડા અને તેમની ટીમ ગત તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે ૮:૧૦ વાગ્યાના અરસામાં મુંદરા સર્કલ પાસે પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન મુંદરા સર્કલ રોડ પરથી પસાર થતી એક શંકાસ્પદ સફેદ કલરની અર્ટિગા કાર (રજીસ્ટ્રેશન નંબરઃ GJ-12-FA-8011) ને અટકાવવામાં આવી હતી. કાર ચાલકની પૂછપરછ અને તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે તે કોઈપણ પાસ કે પરમિટ વગર કાયદા વિરુદ્ધ કેફી પીણું (દારૂ) પીધેલી હાલતમાં રૂ. ૪ લાખની કિંમતની કાર ચલાવી રહ્યો હતો. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી કરી આરોપી રમેશ બલરામભાઈ મહેશ્વરી (દનીચા) (ઉં.વ. ૪૧, રહે. ૯/બી, મકાન નંબર ૧૫૬, લુણંગનગર, ભારતનગર, ગાંધીધામ) ને ઘટનાસ્થળેથી જ ઝડપી લીધો હતો. આ અંગે આદિપુર પોલીસ સ્ટેશનમાં એમ.વી.એક્ટ કલમ ૧૮૫ તથા પ્રોહીબિશન એક્ટ કલમ ૬૬(૧)(બી) મુજબ ગુનો (ગુ.ર.નં. ૧૧૯૯ ૩૦૦૨૨ ૬૦૪૬૫/૨૦૨૬) નોંધી આગળની તપાસ યુ.એચ.સી. સુરેશભાઈ ખેતાભાઈ તરાલ અને એ.એસ. આઈ ભરતભાઈ ભીખાભાઈ ચલાવી રહ્યા છે. પ્રાથમિક તપાસમાં આરોપીનો કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ મળી આવ્યો નથી.

# ઉદ્યોગ જૂથ પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થામાં આપે સહયોગ

## અલ્ટ્રાટેક સિમેન્ટ પ્લાન્ટ સામે વાયોર લોકલ મજૂર અને ટ્રક યુનિયનની રજૂઆત : ૭ દિવસમાં ઉકેલ લાવવા માંગ

નલિયા - કચ્છઉદય : વાયોર લોકલ મજૂર અને ટ્રક યુનિયન દ્વારા અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડના સેવાગ્રામ પ્લાન્ટ સામે વિવિધ ગંભીર પ્રશ્નોને લઈને લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં કંપનીના કોલસા પ્લોટમાં વારંવાર લાગતી આગને કારણે ફેલાતા ઝેરી ધુમાડા, સિમેન્ટની ડસ્ટ અને કેમિકલયુક્ત પાણીથી આસપાસના ગામોમાં વધતા હવા-પાણીના પ્રદૂષણ અંગે તેમજ ફુલાય ગામની સીમમાં ઠલવાતા ઝેરી કચરા બાબતે આક્ષેપો કરી પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, સ્થાનિક યુવકોને રોજગારીમાં પ્રાધાન્ય આપવા, પશુઓ માટે પાણી અને ઘાસચારાની વ્યવસ્થા કરવા તેમજ આરોગ્ય, શિક્ષણ અને સીએસઆર હેઠળ ગામોના વિકાસ માટે વધુ કામગીરી કરવાની માંગણી કરવામાં આવી છે. યુનિયને આ તમામ પ્રશ્નોનો સાત દિવસમાં ઉકેલ લાવી લેખિત જવાબ આપવાની માંગ કરી છે. આ રજૂઆતની નકલ કચ્છ જિલ્લા કલેક્ટર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને પણ મોકલવામાં આવી છે અને જો સમયમર્યાદામાં યોગ્ય કાર્યવાહી નહીં થાય, તો આગામી સમયમાં આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# ભુજમાં મુસ્લિમ સ્કૂલ ચોકડી પાસે બોલેરો અને મોપેડ વચ્ચે અકસ્માત



ભુજ - કચ્છઉદય : શહેરમાં ગઈકાલે રાત્રે મુસ્લિમ સ્કૂલ ચોકડી પાસે બોલેરો અને મોપેડ વચ્ચે અકસ્માત થયો હતો. સ્થાનીકેથી મળતી માહિતી મુજબ રાતના દસ વાગ્યાના અરસામાં બનાવ બન્યો હતો. બોલેરો અને એક્સેસ વચ્ચે અકસ્માત થતા એક્સેસ પર સવાર યુવાનને ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. પોલીસને જાણ કરતા એ ડીવીઝન પોલીસ આવી હતી.

# સિનિયર સિટીઝન કાઉન્સીલ - કચ્છ દ્વારા અષાઢી બીજના સ્નેહમિલન યોજાયું



ભુજ - કચ્છઉદય : સિનિયર સિટીઝન કાઉન્સીલ કચ્છ તરફથી કચ્છી નવા વર્ષ અષાઢી બીજના સ્નેહમિલનનો કાર્યક્રમ પ્રમુખ શશીકાંત જી. ઠક્કરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખે સર્વેને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી તેમજ ગાયત્રી મંત્રનું પઠન કરાયું હતું. તાજેતરમાં માર્ગ અકસ્માતમાં અવસાન પામેલ સ્વ. પ્રધ્યુમનસિંહ જે. જેઠવાને બે મિનિટ મૌન પાડીને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા ઉપપ્રમુખ રાજેન્દ્ર પુરોહિત, પ્રતાપસિંહ આસર, મહામંત્રી હરેશભાઈ વ્યાસ, ખજાનચી જે.બી. જાડેજા, સહમંત્રી જ્યોતિબેન કોઠારી, મંત્રી દિલીપ જોષી, ઓડિટર સબીકાબીબી પીર, ચંદ્રકાંત પી. જેઠી, એ.આર. જુમાણી, કોકીલાબેન બી. મહેતા, ઘનુભા મકવાણા, પ્રદીપ જોષીએ જહેમત ઉઠાવી હતી.

# વર્ધમાનનગરમાં સાધ્વી દ્રષ્ટિયશાશ્રીજી મહારાજ સાહેબનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

## વાજતે-ગાજતે નીકળેલી સ્વાગતયાત્રા વચ્ચે ભક્તિમય માહોલ સર્જાયો; પાઠશાળાના મહત્વ અંગે આપ્યો પ્રેરક સંદેશ



ભુજ - કચ્છઉદય : ભુજ નજીક આવેલા જૈન સમાજના વર્ધમાનનગર ખાતે પ. પૂ. સા.દ્રષ્ટિયશાશ્રીજી મ. સા. આદિઠાણા-૮નો ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઉમંગ વચ્ચે વાજતે-ગાજતે સંપન્ન થયો હતો. પૂજ્ય સાધ્વીના આગમનને લઈ સમગ્ર વર્ધમાનનગર ભક્તિમય માહોલથી ગુંજી ઊઠ્યું હતું.

ચાતુર્માસ નિમિત્તે પૂજ્યશ્રી વર્ધમાનનગરની પાવન ધરા પર પધારતાં વર્ધમાન શ્વેતામ્બર જિનાલય ટ્રસ્ટ દ્વારા પરંપરાગત સામૈયાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વાગતયાત્રામાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉત્સાહભેર જોડાયા હતા. આ પ્રસંગે વર્ધમાનનગરના અધ્યક્ષ રાહુલભાઈ મહેતા, ઉપપ્રમુખ વર્ધીલાલ પારેખ, મંત્રી હસમુખભાઈ વોરા તેમજ ચેતનભાઈ સંઘવી, ધીરજભાઈ પારેખ, અતુલભાઈ શાહ, ભુપેશ શાહ, નીમેશ શાહ, કિરીટ શાહ, ગૌતમ શાહ, દીપક લાલન, ભદ્રેશ શાહ, રોહિત ઝવેરી, અંકિત શાહ, દર્શક શાહ, જીતેન્દ્ર શાહ, મહેન્દ્ર લોડાયા, વિસ્તૃતભાઈ શાહ, હરીશ લોડાયા સહિત અગ્રણીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉપાશ્રય પહોંચ્યા બાદ પૂજ્ય સાધ્વીએ પોતાના પ્રેરણાદાયી પ્રવચનમાં જણાવ્યું હતું કે, જૈન ધર્મના સંસ્કારોનું જતન અને જ્ઞાનનું સિંચન કરવા માટે બાળકો તથા યુવાનો, મહિલાઓ માટે પાઠશાળામાં નિયમિત જવું અત્યંત જરૂરી છે. ધાર્મિક શિક્ષણ જીવનને મૂલ્યનિષ્ઠ, સંસ્કારી અને ચારિત્ર્યવાન બનાવે છે, તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે આઠ કોટી મોટી પક્ષના પ. પૂ. વિમળાબાઈ મહાસતીજી આદિઠાણાએ પણ નિશ્રા આપીને પ્રસંગને ગૌરવવંતો બનાવ્યો હતો.

વિધિવિધાન દરમિયાન 'હૃદય પ્રદીપ' જ્ઞાનપુસ્તક પૂજ્યને વહોરાવવાનો લાભ નલીનીબેન પ્રેમચંદ શાહ પરિવારે લીધો હતો. જ્ઞાન ચરિત્ર ચંદ રાજાનો રાસ વહોરાવવાનો લાભ વર્ધમાનનગરના અધ્યક્ષ, ઉપપ્રમુખ અને મંત્રી પરિવારોએ મેળવ્યો હતો. પૂજ્યશ્રીના ગુરુપૂજનનો લાભ માતુશ્રી કમળાબેન હંસરાજ પારેખ પરિવારે લીધો હતો, જ્યારે પૂજ્યશ્રીને કામળી વહોરાવવાનો લાભ હંસાબેન શશિકાન્તભાઈ ભાછા પરિવારે લીધો હતો. આશિષભાઈ શાહ એન્ડ પાર્ટીએ ભક્તિમય સંગીતની રમઝટ જમાવી સમગ્ર વાતાવરણને ભાવવિભોર બનાવી દીધું હતું. કાર્યક્રમનું અસરકારક સંચાલન ભાવિન શાહે કર્યું હતું, જ્યારે પ્રબોધ મુનવરે આભારદર્શન વ્યક્ત કર્યું હતું.

# થાણા નગરે પૂ. પંન્યાસ શ્રી પૂર્ણરક્ષિત વિજયજીનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ સંપન્ન





ભચાઉ - કચ્છઉદય : આ. શ્રી પૂર્ણચંદ્રસૂરિ મ.સા.ના શિષ્યરત્ન પૂ. પંન્યાસ પુર્ણરક્ષિત વિજયજી મ.સા. આદિ સાધુ - સાધ્વીજી ભગવંતોનો મેઘરાજાની સવારી સાથે જાજરમાન પ્રવેશ થયો હતો. આ પ્રસંગે વાગડ વિશા ઓશવાળ સંઘ તરફથી ભવ્ય સ્વાગત કરાયું હતું અને શ્રી કલાપૂર્ણસૂરિ મામા-ભાણેજ આરાધના ભવનમાં પૂજ્યશ્રીનું ચાતુર્માસ હેતુ આગમન થયું હતું.

આ પ્રસંગે પૂજ્યશ્રીનું ગુરૂ પૂજનનો ચડાવો ૩ લાખ ૬ હજારમાં ગુરૂભક્ત કિરણભાઈ દેવીચંદજી પરિવારે લીધો હતો તેમજ કામળીનો ચડાવો૧ લાખ ૫૧ હજારમાં નીતાબેન પ્રેમજી જેઠા આધોઈવાળાએ લીધો હતો. ચાતુર્માસના મુખ્ય લાભાર્થી માતૃશ્રી રાજીબેન વિરજી સવાલા પરિવાર - ખારોઈએ લીધો હતો. કાર્યક્રમની પૂર્ણાહુતિ એક વાગ્યે થઈ હતી.

આ પ્રસંગે મુંબઈના વિવિધ સંઘોમાંથી વિશાળ સંખ્યામાં ગુરૂભક્તો પધાર્યા હતા. શ્રી સંઘ તરફથી સવારની નવકારશી તેમજ બપોરનું સ્વામી વાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. શ્રી સંઘના ટ્રસ્ટીઓ પ્રેમજીભાઈ, લાલજીભાઈ, રાજુભાઈ, સતીષભાઈ, પ્રભુભાઈ વગેરેએ આયોજનની રૂપરેખા આપી હતી.

# બેલા ગામના ત્રણ રસ્તા પાસે નશામાં ફરતો શખ્સ જેલ ભેગો

## અંજાર હાઈવેથી કોર્ટ રોડ પર બાઈક પર નશાની હાલતમાં નીકળેલો ૧૮ વર્ષનો યુવક પકડાયો

બાલાસરઃ રાપર તાલુકાના સરહદી બેલા ગામના ત્રણ રસ્તા પાસે નંબર પ્લેટ વગરની મોટરસાયકલ પર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા એક શખ્સને બાલાસર પોલીસે રૂ. ૨૦ હજારના મુદ્દામાલ સાથે દબોચી લીધો છે. ઘટનાની વિગતો એવી છે કે, બાલાસર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મયુરસિંહ ધીરૂભા જાડેજા અને તેમની ટીમ ગત તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ બપોરે ૩:૩૦ વાગ્યાના અરસામાં બેલા ગામના ત્રણ રસ્તા પાસે આવેલી એક ટાયર પંચરની દુકાન નજીક ચેકિંગમાં હતી. તે સમયે એક સિલ્વર કલરની હીરો કંપનીની સ્પ્લેન્ડર મોટરસાયકલ લઈને એક શખ્સ ત્યાંથી પસાર થતો હતો, જેના વાહન પર આગળ કે પાછળ કોઈ નંબર પ્લેટ મારેલી ન હતી. શંકાના આધારે પોલીસે તેને રોકી તપાસ કરતા તે દારૂ/કેફી પીણું પીધેલી હાલતમાં હોવાનું જણાયું હતું. પોલીસે રૂ. ૨૦,૦૦૦/- ની કિંમતનું બાઈક જપ્ત કરી આરોપી રહીમભાઈ કાસમભાઈ ઘાંચી (મુસ્લિમ) (ઉં.વ. ૩૨, રહે. વિસાસરવાંઢ, ગામ બેલા, તા. રાપર) ની ધરપકડ કરી છે. આ અંગે બાલાસર પોલીસ મથકે એમ.વી.એક્ટ કલમ 18code5 તથા પ્રોહીબિશન કલમ ૬૬(૧)(બી) મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ રવજીભાઈ જીવરામભાઈ પટેલ ચલાવી રહ્યા છે.

બીજીતરફ અંજાર શહેરમાં હાઈવેથી કોર્ટ તરફ જતા રોડ ઉપર બાઈક પર દારૂ પીધેલી હાલતમાં નીકળેલા એક ૧૮ વર્ષીય તરૂણ/યુવકને અંજાર પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. મળતી વિગત મુજબ, તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યાના અરસામાં અંજાર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ હિરાભાઈ માનજીભાઈ ચૌધરી અને તેમની ટીમ કોર્ટ રોડ પર પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન એક મોટરસાયકલ ચાલક શંકાસ્પદ હાલતમાં પસાર થતાં પોલીસે તેને ઊભો રાખ્યો હતો. તપાસ કરતા ચાલક કોઈ પાસ, પરમિટ કે આધાર વગર કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતો હોવાનું ખુલ્લું પડ્યું હતું."""પોલીસે ઘટનાસ્થળેથી આરોપી પ્રવિણ ધમુલાલ કોલી (ઉં.વ. ૧૮, રહે. કરશનની હોટેલ સામે, વીડી, તા. અંજાર) ને કસ્ટડીમાં લીધો છે. અંજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ બલભદ્રસિંહ એમ. જાડેજાએ કાયદેસરની તપાસ હાથ ધરી છે. પોલીસ રેકોર્ડ મુજબ આરોપીનો કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ નથી.

:::: જાહેર નિવિદા ::::

**રોયલ સેવન ની રસીદો ગુમ થવા અંગે**

આથી સર્વે જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારી ફાઈલ રોયલ પ્લોટ્સ એલ એલ પી ગાંધીધામ મધ્યે ચાલતી યોજના નામે રોયલ સેવન જેના સભ્યપદ નંબર.૬૫૧ નામે શ્રી મુજાફર સરકાર રહેવાસી-ગાંધીધામ-કચ્છવાળા ઉપરોકત મારા સભ્યપદ ની ફાઈલ જેના હપ્તા નંબર ૧ થી ૬૦ (કુલ્લ-૬૦) રસીદો સાથે ગુમ થયેલ છે જેની જાણ મે કંપની ના આયોજકોને કરેલ છે અને એ સર્વે પહોંચો(રસીદો) આજરોજ તા-૧૭/૦૭/૨૦૨૬ થી સર્વે રસીદો પહોચો જે કંપની એ રદબાતલ કરી અને નવું સ્ટેટમેન્ટ કાઢી આપેલ છે જેથી ઉપર મુજબ ની સર્વે રસીદો હવેથી રદબાતલ ગણાશે અને એ રસીદોની કોઇ પણ પ્રકાર ની કાનૂની અસર રહેશે નહી. જેની સર્વેએ નોધ લેવા વિનંતી.

લી. ટોકન નં- ૬૫૧ — શ્રી મુજાફર સરકાર


**નખત્રાણા નગરપાલિકા**

આથી રસ ધરાવતા ઈસમો/એજન્સીઓ નીચે જણાવ્યા મુજબની વિગતે નખત્રાણા નગરપાલિકા ખાતે વસ્તી ગણતરી શાખા માટે કોમ્પ્યુટર અને કલર પ્રિન્ટર સપ્લાય કરવા કામે ભાવો ભાવપત્રકથી મંગાવવામાં આવે છે. ઉપરોક્ત કામ માટેના કોરા ભાવપત્રકો નખત્રાણા નગરપાલિકા કચેરીએથી તા.૧૬/૦૭/૨૦૨૬થી ટેન્ડર ફી ભરી જરૂરી અરજી કરી મેળવી જરૂરી ડોક્યુમેન્ટ સહિત બંધ કવરમાં ભાવપત્રકો તા.૨૩/૦૭/૨૦૨૬ સમય : સાંજે ૬.૦૦ સુધી ફક્ત રજીસ્ટર એ.ડી. પોસ્ટ મારફતે ચીફ ઓફિસરશ્રી, નખત્રાણા નગરપાલિકા, વિરાણી રોડ, નખત્રાણા - કચ્છ. પીન-૩૭૦૬૧૫ને સમય મર્યાદામાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વધુ વિગતો માટે કચેરીના સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક કરી જરૂરી માહિતી મેળવી શકાશે. કવર પર ટેન્ડર/કામથી વિગત અવશ્ય દર્શાવવાની રહેશે. મુદત બહાર આવેલ ભાવો સ્વીકારવામાં આવશે નહિ. આપેલ ભાવો/કામ/ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની આખરી સત્તા નગરપાલિકાને આબાધિત રહેશે.

જા.નં.નનપા/નિવિદા/વસ્તી ગણતરી શાખા/૧૧૦૭/૨૦૨૬
તા.૧૪/૦૭/૨૦૨૬
(નામાનિ/કચ્છ/૪૩૫/૨૦૨૬-૨૭)

ચીફ ઓફિસર
નખત્રાણા નગરપાલિકા

**લખ લખ મુબારકી**



કુંભાર હનીફ હાજી જુણસ અયુબ
નલિયા અબડાસા

આપશ્રીની પશ્ચિમ કચ્છ મુસ્લિમ કુંભાર જમાત (લખપત) અબડાસા (નખત્રાણ)ના પ્રમુખપદે બિનહરીફ વરણી થતાં લાખ લાખ અભિનંદનઃ

શુભેચ્છક
કુભાર હાજી જુણસ હાજી અયુબ - નલિયા
કુંભાર મજીદ હાજી અલીમામદ - નલિયા
કુંભાર ઈમરાન અલીમામદ એડવોકેટ - વિંઝાણ
કુંભાર જુસબ હુશેન - નલિયા
કુંભાર હુસેન ઈબ્રાહીમ - નલિયા

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**પુલોના પુનઃબાંધકામ, LCs ની નાબૂદી ના સંબંધમાં OHE ફેરફાર અને કટાયેલ કેન્ટિલિવરનું બદલીકરણ તથા અન્ય જોગવાઈઓ**

ઈ-ટેન્ડર નોટીસ નં. સિની.ડીઈઈ/ટીઆરડી/એડીઆઈ/૨૪(૨૦૨૬-૨૭) તા.૧૫-૦૭-૨૦૨૬

| અનું. નં. | ટેન્ડર નં. | કામનું નામ | અંદાજીત પડતર | અર્નેસ્ટમની |
|---|---|---|---|---|
| ૧ | ટીઆરડી-એડીઆઈ-ટી-૨૩-૨૦૨૬-૨૭ | અમદાવાદ - વિરમગામ, વિરમગામ - સામાખિયાલી અને ગાંધીધામ - ન્યુ ભુજમાં ૧૭ નંગ પુલોના પુનઃબાંધકામના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ. | ₹ ૩૮,૧૬,૩૨૨/- | ₹ ૭૬,૩૦૦/- |
| ૨ | ટીઆરડી-એડીઆઈ-ટી-૨૪-૨૦૨૬-૨૭ | પાલનપુર - સામાખિયાલી સેક્શનમાં કર્વ્ડ એપ્રોચીઝ સહિત RUB ની જોગવાઈ કરવા દ્વારા LC - ૫૦, ૫૪, ૫૮, ૫૯, ૬૦ અને ૮૦ ની નાબૂદીના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ. | ₹ ૬૯,૮૪,૨૪૬/- | ₹ ૧,૩૯,૭૦૦/- |
| ૩ | ટીઆરડી-એડીઆઈ-ટી-૦૮R૨-૨૦૨૬-૨૭ | અમદાવાદ ડિવિઝન :- કટાયેલ કેન્ટિલિવરનું બદલીકરણ, કેન્ટિલિવર ફેરફાર, વાનર ચઢાણ વિરોધી ઉપકરણ અને પક્ષી વિરોધી ડિસ્કની જોગવાઈ, વિશાળ PG ક્લેમ્પની જોગવાઈ અને પાવર સપ્લાય ઈન્સ્ટોલેશન (PSI) માં દટાયેલ રેલની જોગવાઈ અને બેટરી બદલીકરણ કરવાનું કામ. | ₹ ૯,૧૪,૮૫,૦૧૩/- | ₹ ૧૮,૨૯,૭૦૦/- |

**બધા ટેન્ડરો માટે :** જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ તા.૧૨-૦૮-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી તે પછી નહીં અને તા.૧૨-૦૮-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટઃ** www.ireps.gov.in

ADI-106

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ**

**ભારતીય રેલવે**

**"જાહેર નોટીસ"**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના નીચે નોંધાયેલા સેક્શન હેઠળના પૂર્ણ થયેલા સેક્શન પર આવેલ રેલવે લાઈન અને પરિસરોના તમામ ઉપયોગકર્તાઓને જણાવવવામાં આવે છે કે ઓવરહેડ ટ્રેક્શન વાયરનું **તા.૨૭-૦૭-૨૦૨૬** થી અથવા તે પછી 25000 Volt, 50 Hz AC પર વિદ્યુતીકરણ કરવામાં આવશે. આ તારીખે અને ત્યારથી જ ઓવરહેડ ટ્રેક્શન લાઈન તમામ સમયે લાઈવ તરીકે ગણાશે અને કોઈપણ અનધિકૃત વ્યક્તિએ ઉક્ત ઓવરહેડ લાઈનની નજીકમાં આવવું નહિં કે કોઈ કામ કરવું નહિં.

| સેક્શન | તારીખ |
|---|---|
| પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના સામાખિયાળી-ગાંધીધામ સેક્શન પર કિ.મી. ૭૪૩/૨૫A (ચૈનેજ ૫૦૬.૫૦) થી કિ.મી. ૭૬૦/૨૩A (ચૈનેજ ૪૦૯.૦૦) સુધી સામાખિયાળી (રહિત) અને ભચાઉ (સહિત) વચ્ચે નવી ક્વૉડ્રોપલીંગ લાઈનો. | ૨૭-૦૭-૨૦૨૬ |

**AC 25 KV ટ્રેક્શનની સુચના**

**"માર્ગ ઉપયોગકર્તાઓને ચેતવણી"**

આથી જાહેર જનતાની માહિતી માટે અધિસૂચીત કરવામાં આવે છે કે પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના સામાખિયાળી-ગાંધીધામ સેક્શન પર કિ.મી. ૭૪૩/૨૫A (ચૈનેજ ૫૦૬.૫૦) થી કિ.મી. ૭૬૦/૨૩A (ચૈનેજ ૪૦૯.૦૦) સેક્શન સુધી સામાખિયાળી (રહિત) અને ભચાઉ (સહિત) (RKM ૦ કિ.મી. TKM - ૩૫.૭૩૯ કિ.મી.) વચ્ચે ઈલેક્ટ્રિક ટ્રેક્શન વાયરને 25 KV AC પર વિદ્યુતિકૃત કરવામાં આવશે. તમામ રેલવે ક્રોસિંગ પર લાઈવ ટ્રેક્શન વાયર (સંપર્ક વાયર)ના જોખમી સંપર્કમાં આવતા અતિશય હાઈટના લોડને રોકવા માટે ઉપરોક્ત રોડ પર ૫.૪૮m અને ૫.૫m ની સ્પષ્ટ ઊંચાઈ સાથે હાઈટ ગેજ બાંધવામાં આવેલા છે, જે રેલવે ક્રોસિંગ પર રેલવે લેવલ થી ઓછામાં ઓછી ૭૧૮૪ mm ની ઊંચાઈ પર હશે.

આથી જાહેર જનતાને સૂચીત કરવામાં આવે છે કે વાહનોના લોડીંગના હેતુ માટે ઉપરોક્ત નિર્દિષ્ટ ઊંચાઈનું ધ્યાન રાખે જેથી રોડ વાહનમાં કરવામાં આવેલ લોડીંગ થી કોઈપણ સંજોગોમાં હાઈટ ગેજનું ઉલ્લંઘન થાય નહીં.

અતિશય ઊંચાઈવાળા લોડના જોખમો નીચે મુજબ છે :-

૧. હાઈટગેજ માટે જોખમી અને સાથે સાથે રોડ અને રેલવે લાઈન પર અવરોધરૂપ.
૨. લઈ જવામાં આવતા સાધનના સામાન અને વાહન માટે જોખમી.
૩. આગનું જોખમ અને સંપર્કમાં આવવાથી અથવા જોખમી નિકટતાને કારણે વાહકને જીવનું જોખમ.

CPM-032

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# સરકાર ચોમાસુ સત્રમાં આવકવેરા સુધારા બિલ રજૂ કરશે

નવી દિલ્હી - કચ્છઉદય : સરકાર આગામી ચોમાસુ સત્રમાં આવકવેરા સુધારા બિલ ૨૦૨૬ રજૂ કરવાની યોજના ધરાવે છે જેના દ્વારા ગયા મહિને જારી કરાયેલા વટહુકમનું સ્થાન લેવામાં આવશે. આ વટહુકમ વિદેશી રોકાણકારોને સરકારી સિક્યોરિટીઝ એટલે કે જી સેક્સમાં રોકાણ પર મળતા વ્યાજ અને મૂડી લાભ પર આવકવેરામાંથી મુક્તિ આપવા માટે લાવવામાં આવ્યો હતો. આમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ, અન્ય વિદેશી રોકાણકારો અને બેંક ફોર ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સનો સમાવેશ થાય છે. વટહુકમમાં આવકવેરા અધિનિયમ ૨૦૨૫ની અનુસૂચિ ૪માં ૧૩D અને ૧૩E નવી જોગવાઈઓ ઉમેરવામાં આવી હતી. સરકારે પશ્ચિમ એશિયાના સંકટને કારણે રૂપિયાના ઘટાડાના દબાણને ઓછું કરવા અને વિદેશી મૂડીને આકર્ષવા માટે ગયા મહિને આ વટહુકમ બહાર પાડ્યો હતો. આ બિલનો ઉદ્દેશ ભારતના સોવરેન ડેટ માર્કેટને મજબૂત બનાવવાનો, વૈશ્વિક મૂડી પ્રવાહને આકર્ષવાનો અને ભૂરાજકીય અસ્થિરતા વચ્ચે બજારમાં તરલતા વધારવાનો છે. ચોમાસુ સત્ર સંભવત જુલાઈના છેલ્લા સપ્તાહમાં શરૂ થશે. આ સત્રમાં આવકવેરા સુધારા બિલ ઉપરાંત સુપ્રીમ કોર્ટ ન્યાયાધીશોની સંખ્યા વધારવાનું બિલ પણ રજૂ થશે. નાણા મંત્રાલય સિક્યોરિટીઝ માર્કેટ કોડ બિલ અને કોર્પોરેટ કાયદા સુધારા બિલ પણ રજૂ કરવાની શક્યતા છે. આની સાથે સરકાર નવો આવકવેરા અધિનિયમ ૨૦૨૫ પણ લાવી રહી છે જે ૧૯૬૧ના જૂના કાયદાનું સ્થાન લેશે અને ૧ એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવશે.

## કોંગ્રેસે સંસદના ચોમાસુ સત્ર માટે બનાવી સરકારને ઘેરવાની રણનીતિ

નવી દિલ્હી - કચ્છઉદય : કોંગ્રેસે ૨૦ જુલાઈથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્રમાં કેન્દ્ર સરકારને ઘેરવાની તૈયારીઓ કરી લીધી છે. પાર્ટીના વરિષ્ઠ નેતાઓની બેઠકમાં ચર્ચા થઈ કે સત્ર દરમિયાન પરિસીમન અને મંત્રીઓને હટાવવા સંબંધિત બંધારણ સંશોધન બિલોનો કડક વિરોધ કરવામાં આવશે. કોંગ્રેસ રામ મંદિર ચઢાવા વિવાદ, ઈથેનોલ બ્લેન્ડિંગ, પેપર લીક અને અન્ય મુદ્દાઓને પણ સંસદમાં ઉઠાવવાની યોજના બનાવી રહી છે. પાર્ટીનું કહેવું છે કે આ મુદ્દાઓ જનતાના હિત સાથે જોડાયેલા છે અને સરકાર પાસે જવાબ માંગવો જરૂરી છે. સંસદનું ચોમાસુ સત્ર રાજકીય રીતે ગરમાગરમ રહેવાની શક્યતા છે કારણ કે સત્તાપક્ષ અને વિપક્ષ બંને આક્રમક વલણ સાથે ઉતરવાની તૈયારીમાં છે.

# ઉડતી બસોઃ ગડકરીએ શહેરના ટ્રાફિક માટે રજૂ કર્યો નવો પ્લાન

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ શહેરોના વધતા ટ્રાફિકને હલ કરવા માટે "ઉડતી બસો"નો વિચાર રજૂ કર્યો છે. આ કોઈ હવાઈ જહાજ જેવી બસ નથી. ગડકરીના મતે આ એલિવેટેડ ટ્રેક પર ચાલતી ઈલેક્ટ્રિક પોડ આધારિત પરિવહન વ્યવસ્થા હશે. આ પોડ નાની, ડ્રાઈવર વિનાની અને જરૂર મુજબ ચાલતી હશે, જે શહેરના એક છેડાથી બીજા છેડા સુધી લોકોને ઝડપથી પહોંચાડી શકશે. આ યોજનાની જાહેરાત તેમણે લખનૌ-કાનપુર એક્સપ્રેસવેના ઉદ્ઘાટન દરમિયાન કરી હતી. તેમણે કહ્યું કે તેમના મંત્રાલય હેઠળ વીજળી સંચાલિત માસ રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ વિકસાવવામાં આવશે. આ સિસ્ટમ એટલી ઝડપી હશે કે લોકોને ખબર પણ નહીં પડે કે તેઓ કેટલી ઝડપથી પહોંચી ગયા. હાલમાં દિલ્હીના ધૌલા કુઆંથી મનેસર સુધીના રૂટ અને બેંગલુરૂમાં આવા કોરિડોર માટે અભ્યાસ ચાલી રહ્યો છે. પહાડી વિસ્તારો માટે ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં ડબલ ડેકર રોપવે આધારિત પરિવહનનો પ્રસ્તાવ પણ છે. ગડકરીએ સાથે ફ્લેશ ચાર્જિંગવાળી ઈલેક્ટ્રિક બસોની પણ વાત કરી. આ બસો ૧૩૫ મુસાફરોને બેસાડી શકશે, ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે અને દર ૪૦ કિમીએ માત્ર ૩૦ સેકન્ડમાં રિચાર્જ થઈ જશે. તેનાથી ડીઝલ બસોની સરખામણીમાં ખર્ચ લગભગ ૩૦ ટકા ઓછો થશે. દિલ્હી-જયપુર, દિલ્હી-દહેરાદૂન અને બેંગલુરુ-ચેન્નાઈ જેવા રૂટ પર આ બસો ચલાવવાનો વિચાર છે.

આ સમયે દેશમાં ઈ૨૦ પેટ્રોલને લઈને ચર્ચા ચાલી રહી છે. ગડકરીએ ઈ૨૦ નો બચાવ કરતા કહ્યું કે આ પેટ્રોલથી કોઈ ગાડીને નુકસાન થયું હોવાનો એક પણ કેસ નથી. તેમના મતે ઈથેનોલ મિશ્રણથી આયાત પરનો ખર્ચ ઘટશે અને પ્રદૂષણ પણ ઓછું થશે. ભારત દર વર્ષે લગભગ ૨૨ લાખ કરોડ રૂપિયાનું ફોસિલ ફ્યુઅલ આયાત કરે છે, તેથી વૈકલ્પિક ઉર્જા તરફ જવું જરૂરી છે.

# પાકિસ્તાનમાં ક્રિપ્ટો પર ઇસ્લામિક ચર્ચા અને ટ્રમ્પ સાથે રાજદ્વારી સંબંધ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : પાકિસ્તાનમાં હાલ ક્રિપ્ટોકરન્સીને લઈને મોટી ચર્ચા ચાલી રહી છે. કરાચીની જામિયા દારુલ ઉલૂમના ટોચના ઉલમાઓએ જૂન મહિનામાં ફતવો જારી કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું કે ઈસ્લામિક કાયદા હેઠળ ક્રિપ્ટોકરન્સીને "સંપત્તિ" ગણવામાં આવતી નથી અને તેથી તેના દ્વારા ખરીદી કરવી જાયઝ નથી. મુફ્તી મુહમ્મદ તકી ઉસ્માની જેવા ઈસ્લામિક ફાઈનાન્સના અગ્રણી વિદ્વાને પણ આ મતને સમર્થન આપ્યું અને ક્રિપ્ટો ટ્રેડિંગને હરામ ગણાવ્યું. આ ફતવાને કાનૂની દરજ્જો નથી પણ પાકિસ્તાન અને અન્ય મુસ્લિમ દેશોમાં તેની અસર ઘણી મોટી છે. આને કારણે પાકિસ્તાન વર્ચ્યુઅલ એસેટ્સ રેગ્યુલેટરી ઓથોરિટીએ સેમિનરીમાંથી સ્પષ્ટતા માંગી છે કે સટ્ટાકીય ક્રિપ્ટો અને સંપત્તિ આધારિત ડિજિટલ ટોકન વચ્ચે શું ફરક છે.

આ ચર્ચા એટલા માટે પણ મહત્વની છે કારણ કે ઈસ્લામાબાદ છેલ્લા એક વર્ષથી ક્રિપ્ટો ક્ષેત્રને ઝડપથી ઔપચારિક બનાવી રહ્યું છે. સરકારે નવા લાઈસન્સ આપવાની અને રાજ્યની સંપત્તિઓને ટોકનાઇઝ કરવાની યોજના બનાવી છે. અંદાજે ૨ કરોડ પાકિસ્તાનીઓ પહેલેથી જ ક્રિપ્ટો ટ્રેડિંગ કરે છે. સાથે સાથે સરકાર અમેરિકા સાથેના સંબંધો માટે પણ ક્રિપ્ટોનો ઉપયોગ કરી રહી છે. પાકિસ્તાને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પરિવારના મુખ્ય ક્રિપ્ટો બિઝનેસ વર્લ્ડ લિબર્ટી ફાઈનાન્શિયલના એક સંલગ્ન સાથે કરાર કર્યો છે જેમાં તેમના યુએસડી ૧ સ્ટેબલકોઈનને સરહદ પારની ચુકવણી માટે વાપરવાની શક્યતા તપાસવામાં આવશે. સરકાર આને "ક્રિપ્ટો ડિપ્લોમસી" કહી રહી છે. આ કરાર સેના પ્રમુખ આસિમ મુનીર અને વડાપ્રધાન શેહબાઝ શરીફની હાજરીમાં થયો હતો અને તેનો હેતુ વોશિંગ્ટન સાથે વેપાર અને અન્ય મુદ્દાઓ પર નિકટતા વધારવાનો છે.

એક તરફ સરકાર અને રેગ્યુલેટર આંતરરાષ્ટ્રીય ધોરણો અને શરિયા સલાહકાર સમિતિ સાથે મળીને ક્રિપ્ટોને નિયંત્રિત કરવા માંગે છે. બીજી તરફ ટોચના ઉલમાઓનું કહેવું છે કે ક્રિપ્ટોમાં આંતરિક મૂલ્ય નથી અને તે શરિયાના હિસાબે માન્ય ચલણ નથી. નિષ્ણાતોનું માનવું છે કે આ ફતવો બેંકો દ્વારા ક્રિપ્ટો અપનાવવામાં અવરોધ બની શકે છે, પણ હાલ તો ટ્રેડિંગ વોલ્યુમમાં કોઈ મોટો ઘટાડો જોવા મળ્યો નથી. સારાંશમાં પાકિસ્તાન એક તરફ ક્રિપ્ટો દ્વારા સ્થાનિક બજારને વ્યવસ્થિત કરવા અને અમેરિકા સાથે રાજદ્વારી સંબંધ સુધારવા માંગે છે, તો બીજી તરફ દેશના ધાર્મિક નેતાઓએ તેના પર સવાલ ઉઠાવ્યા છે.

# સાઉદી-હૂથી તણાવ વચ્ચે પાકિસ્તાન-સાઉદી સંરક્ષણ કરાર ચર્ચામાં

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : યેમેનના ઈરાન સમર્થિત હૂથીઓ અને સાઉદી અરેબિયા વચ્ચે જુલાઈ ૨૦૨૬માં ફરી મોટો તણાવ સર્જાયો છે. સાઉદી સમર્થિત યેમેની સરકારે સાનઆ એરપોર્ટ પર હુમલો કરીને ઈરાની વિમાનને રોકવાનો પ્રયાસ કર્યો હતો, જેના જવાબમાં હૂથીઓએ અભા આંતરાષ્ટ્રીય એરપોર્ટ અને ખમીસ મુશૈતના લશ્કરી મથક પર બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો. સાઉદી હવાઈ સંરક્ષણે મિસાઈલોને અટકાવી દીધી હતી. આ ઘટનાથી ૨૦૨૨થી ચાલી રહેલો યુદ્ધવિરામ તૂટવાનું જોખમ વધ્યું છે. આ દરમિયાન સપ્ટેમ્બર ૨૦૨૫માં સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે થયેલો વ્યૂહાત્મક સંરક્ષણ કરાર પણ ફરી ચર્ચામાં આવ્યો છે. કરાર મુજબ કોઈપણ એક દેશ પર હુમલો થશે તો તેને બંને દેશો પર હુમલો ગણવામાં આવશે. કરાર બાદ પાકિસ્તાને સાઉદી એરબેઝ પર [illegible]-૧૭ વિમાન અને યેમેન સરહદ નજીક લગભગ ૧૦ હજાર સૈનિકો તૈનાત કર્યા હોવાના અહેવાલો છે. જોકે બંને દેશોએ સ્પષ્ટ કર્યું છે કે આ કરાર કોઈ ત્રીજા દેશ વિરુદ્ધ નથી. નિષ્ણાતોના મતે લાલ સમુદ્ર અને બાબ અલ-મંડબ જળમાર્ગની સુરક્ષાને લઈને આ પ્રાદેશિક ગતિવિધિઓથી ભારત સહિત સમગ્ર વિશ્વ પર તેની અસર પડી શકે છે.

# તેલંગાણાના સબ-ઇન્સ્પેક્ટરે ૬ વર્ષની પૌત્રીને કાર ચલાવવા દીધી, વીડિયો વાયરલ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : થોડા દિવસ પહેલા હૈદરાબાદમાં એક સબ-ઈન્સ્પેક્ટરનો વીડિયો વાયરલ થયો હતો. તેમાં તેઓ તેમની ૬ વર્ષની પૌત્રીને વ્યસ્ત રોડ પર મારુતિ સુઝુકી સ્વિફ્ટ કાર ચલાવવા દેતા જોવા મળ્યા હતા. આસપાસના લોકોએ વીડિયો બનાવીને તેમને રોક્યા અને સવાલ કર્યા.

જ્યારે લોકોએ વિરોધ કર્યો ત્યારે સબ-ઈન્સ્પેક્ટરે કહ્યું કે તેઓ પૌત્રીને તાલીમ આપી રહ્યા છે અને સૌથી નાની ઉંમરની ડ્રાઈવર તરીકે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ લોકોએ સલામતીના જોખમને કારણે આ વાત સ્વીકારી નહીં. વીડિયો વાયરલ થયા બાદ હૈદરાબાદ પોલીસે સબ-ઈન્સ્પેક્ટર વિરુદ્ધ કેસ નોંધ્યો છે. તેમના પર ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૫ હેઠળ બેદરકારીથી માનવ જીવન અને સલામતીને જોખમમાં મૂકવાનો અને મોટર વાહન અધિનિયમ હેઠળ સગીરને વાહન ચલાવવા દેવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. હાલ આ મામલાની તપાસ ચાલી રહી છે.

તેલંગાણામાં નાની ઉંમરમાં ડ્રાઈવિંગ સામે પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. છેલ્લા બે મહિનામાં હૈદરાબાદમાં ૨૬ વાલીઓને જેલ પણ થઈ છે કારણ કે તેમણે સગીર બાળકોને કાર ચલાવવા દીધી હતી. કાયદા મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમરની કોઈ પણ વ્યક્તિ જાહેર રસ્તા પર વાહન ચલાવી શકતી નથી.

# રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરવા સંકલ્પ : નવી દિલ્હીમાં બીઆરઓ દ્વારા આયોજિત વ્યૂહાત્મક માળખાગત પરિષદ સંપન્ન

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : સરહદી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષાને વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશ્ય સાથે નવી દિલ્હી ખાતે સરહદી રસ્તા સંગઠન દ્વારા એક ઉચ્ચ સ્તરીય 'વ્યૂહાત્મક માળખાગત પરિષદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ પરિષદમાં સંરક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રના અગ્રણી મહાનુભાવોએ હાજરી આપી હતી. પરિષદ દરમિયાન આધુનિક ટેકનોલોજી, નવીનતા (ઈનોવેશન), ડિજિટલ પરિવર્તન અને સમયસર અમલીકરણની શ્રેષ્ઠતા દ્વારા ભારતના વ્યૂહાત્મક માળખાને વધુ મજબૂત બનાવવાના સામૂહિક સંકલ્પને પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, પરિષદ દરમિયાન થયેલા વૈચારિક મંથન, તજજ્ઞોના વિચારો અને પરસ્પર ભાગીદારી ભવિષ્યમાં દેશની વ્યૂહાત્મક તેમજ રાષ્ટ્રીય ક્ષમતાઓને નવી ઊંચાઈઓ પર લઈ જશે. પરિષદના ભાગરૂપે સંસ્થામાં ઉત્કૃષ્ટ સેવાઓ આપનારા સભ્યો માટે એક વિશેષ એવોર્ડ સમારોહ પણ યોજાયો હતો. જેમાં પોતાની અસાધારણ નિષ્ઠા, અથાક પરિશ્રમ અને દેશના સરહદી વિસ્તારોના વિકાસમાં અદ્ભુત યોગદાન આપવા બદલ સન્માનિત થયેલા તમામ એવોર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અંતમાં, દેશની સરહદોને સુરક્ષિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવતી બીઆરઓની સમગ્ર ટીમને આગામી સમયમાં વધુ મજબૂત, સુરક્ષિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે આગળ વધવા બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

# મારવાડી યુવા મંચ દ્વારા આયોજિત સમૂહલગ્નમાં ૬ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા

## નવદંપતીઓને કરિયાવર અર્પણ, મહાનુભાવોએ પાઠવ્યા આશીર્વાદ

ગાંધીધામ - કચ્છઉદય : સમાજમાં સેવાભાવ, પરસ્પર સહકાર અને માનવકલ્યાણના મૂલ્યોને વધુ મજબૂત બનાવવાના હેતુ સાથે ગાંધીધામ ખાતે મારવાડી યુવા મંચ તથા જાગૃતિ શાખા દ્વારા આયોજિત દ્વિતીય સામૂહિક લગ્નોત્સવ ભવ્યતા અને ગૌરવપૂર્ણ માહોલ વચ્ચે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે છ જરૂરિયાતમંદ યુગલોના લગ્ન વૈદિક મંત્રોચ્ચાર, ધાર્મિક વિધિ-વિધાન અને પરંપરાગત રીત-રિવાજો અનુસાર સંપન્ન કરાવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આનંદ, ઉત્સાહ અને સામાજિક એકતાનું અનોખું વાતાવરણ જોવા મળ્યું હતું.

આજના સમયમાં લગ્ન સમારંભો પાછળ થતા વધતા ખર્ચ વચ્ચે સમૂહલગ્નો સમાજ માટે આશીર્વાદરૂપ બની રહ્યા છે. આર્થિક રીતે નબળા પરિવારોને સન્માનપૂર્વક પોતાના સંતાનોના લગ્ન કરાવવાની તક મળે અને તેઓ પર આર્થિક બોજ ન આવે તેવા ઉમદા આશય સાથે મારવાડી યુવા મંચ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના આ પ્રયાસને સમાજના વિવિધ વર્ગોમાંથી વ્યાપક પ્રતિસાદ અને પ્રશંસા મળી હતી.

લગ્નોત્સવ દરમિયાન વર-કન્યાના પરિવારજનો, સગા-સંબંધીઓ અને સમાજજનોની મોટી ઉપસ્થિતિ જોવા મળી હતી. વૈદિક મંત્રોના ગુંજતા સ્વરો વચ્ચે યુગલોએ સાત ફેરા ફરી જીવનભર સાથે રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક શ્રદ્ધા, સંસ્કૃતિ અને પરંપરાગત મૂલ્યોના સુંદર સમન્વય સાથે યોજાયો હતો. નવદંપતીઓના ચહેરા પર નવા જીવનની ખુશી અને પરિવારજનોના હૃદયમાં સંતોષની લાગણી સ્પષ્ટ જોવા મળી હતી.

સમૂહલગ્નમાં જોડાયેલા તમામ યુગલોને તેમના નવા દાંપત્ય જીવનની સુખદ શરૂઆત માટે ગૃહઉપયોગી સામગ્રી સહિતનો સંપૂર્ણ કરિયાવર ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો. ઘરગથ્થુ જીવન માટે જરૂરી વિવિધ વસ્તુઓની આ ભેટ નવદંપતીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ હતી. સંસ્થાના દાતાશ્રીઓ અને સમાજના આગેવાનોના સહયોગથી આ સેવા કાર્યને વધુ અસરકારક બનાવવામાં આવ્યું હતું.

આ ભવ્ય કાર્યક્રમમાં અખિલ ભારતીય મારવાડી યુવા મંચના રાષ્ટ્રીય અધ્યક્ષ સુરેશ એમ. જૈન, ગુજરાત પ્રાંતીય મારવાડી યુવા મંચના અધ્યક્ષ અજય અગ્રવાલ, કચ્છના સાંસદ વિનોદ ચાવડા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ગાંધીધામ મહાનગરપાલિકાના મેયર દિવ્યાબેન નાથાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેજસ શેઠ, મારવાડી યુવા મંચના સ્થાપક અધ્યક્ષ નંદલાલ ગોયલ, વર્તમાન અધ્યક્ષ પવન ગોયલ સહિત સંસ્થાના હોદ્દેદારો, પૂર્વ અધ્યક્ષો, દાતાશ્રીઓ, સામાજિક આગેવાનો અને વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મહાનુભાવોએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સમૂહલગ્ન માત્ર લગ્નવિધિ નથી, પરંતુ સમાજમાં સમાનતા, સહકાર, સંવેદના અને સામાજિક જવાબદારીની ભાવનાને મજબૂત બનાવતું એક શક્તિશાળી માધ્યમ છે. આવા આયોજનો દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક રાહત મળે છે અને સમાજમાં માનવસેવાના મૂલ્યોને નવી દિશા મળે છે. તેમણે મારવાડી યુવા મંચ દ્વારા સતત કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી.

પ્રસંગ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ નવદંપતીઓને આશીર્વાદ પાઠવતાં તેમના જીવનમાં સુખ, સમૃદ્ધિ, આરોગ્ય અને સફળતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. સાથે જ આ આયોજનને સફળ બનાવવા માટે સહયોગ આપનાર દાતાશ્રીઓ, કાર્યકરો, સ્વયંસેવકો અને સમાજના તમામ શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

મારવાડી યુવા મંચ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી સમાજસેવા, શિક્ષણ, આરોગ્ય, ગૌસેવા, આપત્તિકાળ સહાય, રક્તદાન અને જનકલ્યાણના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી કરવામાં આવી રહી છે. સંસ્થાના આગેવાનોએ જણાવ્યું હતું કે સમાજના અંતિમ વ્યક્તિ સુધી સેવા પહોંચે અને જરૂરિયાતમંદ પરિવારોને સન્માનપૂર્વક જીવન જીવવામાં મદદ મળે તે માટે ભવિષ્યમાં પણ આવા સમૂહલગ્નોત્સવો સહિત અનેક જનહિતલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. દ્વિતીય સામૂહિક લગ્નોત્સવ માત્ર છ યુગલોના જીવનને નવી દિશા આપનાર પ્રસંગ પૂરતો મર્યાદિત રહ્યો નહોતો, પરંતુ સમાજમાં સહકાર, સંસ્કાર, માનવતા અને સેવાભાવના મૂલ્યોને વધુ ઉજાગર કરતો એક યાદગાર સામાજિક ઉત્સવ બની રહ્યો હતો. કાર્યક્રમના અંતે સૌએ આવી સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વ્યાપક બનાવવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

જો અખબારના ત્રણ કોલમના મોટા લેઆઉટ માટે જોઈએ તો તેને હજુ વધુ વિગતવાર અને મુખ્ય સમાચાર જેવી શૈલીમાં વિસ્તારી શકાય.

# આઈપીએસ અનુરાગ કુમાર બન્યા દિલ્હીના નવા પોલીસ કમિશનર, સતીશ ગોલચાને પદ પરથી હટાવાયા

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : દિલ્હી પોલીસને નવા કમિશનર મળ્યા છે. કેન્દ્ર સરકારે વરિષ્ઠ આઈપીએસ અધિકારી અનુરાગ કુમારની દિલ્હીના નવા પોલીસ કમિશનર તરીકે નિમણૂક કરી છે. સાથે જ હાલમાં આ પદ સંભાળી રહેલા સતીશ ગોલચાને પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. અનુરાગ કુમાર ૧૯૯૪ બેચના કેડરના અધિકારી છે. તેઓ અગાઉ દિલ્હી પોલીસમાં કાયદો અને વ્યવસ્થા તેમજ ગુના નિયંત્રણ સાથે જોડાયેલા અનેક મહત્વના હોદ્દા પર રહી ચૂક્યા છે. તેમના અનુભવને જોતા રાજધાનીની સુરક્ષા વધુ કડક બનાવવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. સતીશ ગોલચાના કાર્યકાળમાં દિલ્હી પોલીસમાં ઘણા વહીવટી ફેરફારો થયા હતા. હવે અનુરાગ કુમાર કમાન સંભાળ્યા બાદ શહેરની સુરક્ષા વ્યવસ્થા અને પોલીસિંગની નીતિમાં નવા ફેરફારો જોવા મળી શકે છે.

# ડોનાલ્ડ ટ્રમ્પ આર્જેન્ટિના અને સ્પેન વચ્ચેની ફિફા વર્લ્ડ કપની ફાઇનલમાં હાજરી આપશે

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રવિવારે ન્યૂયોર્ક-ન્યૂ જર્સીના મેટલાઈફ સ્ટેડિયમમાં યોજાનારી આર્જેન્ટિના અને સ્પેન વચ્ચેની ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલ મેચમાં હાજરી આપશે તેવી પુષ્ટિ વ્હાઈટ હાઉસે કરી છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલીન લેવિટે જણાવ્યું કે રાષ્ટ્રપતિ આ ઐતિહાસિક મેચમાં હાજર રહેવા માટે ઉત્સુક છે અને આ મેચ અમેરિકાના ઈતિહાસમાં સૌથી વધુ જોવાયેલી અને સફળ વર્લ્ડ કપ સાબિત થઈ છે. ફિફાના પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનોએ પણ પુષ્ટિ કરી છે કે ટ્રમ્પ વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરવાના સમારોહમાં સાથે હાજર રહેશે. આ ફાઈનલ ૧૯ જુલાઈ ૨૦૨૬ના રોજ બપોરે ૩ વાગ્યે શરૂ થશે. મેચ પહેલા શુક્રવારે ટ્રમ્પ ટાવર ખાતે ફિફાનું એક સ્વાગત સમારંભ પણ યોજાશે જેમાં રાષ્ટ્રપતિ હાજરી આપશે. પ્રથમ વખત વર્લ્ડ કપની ફાઈનલમાં સુપર બોલ શૈલીનો હાફટાઈમ શો પણ રજૂ કરવામાં આવશે.

# પ્રધાનમંત્રી મોદીએ દેશની પહેલી હાઇડ્રોજન ટ્રેનને બતાવી લીલીઝંડી

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિયાણાના જીંદથી દેશની પહેલી હાઈડ્રોજન સંચાલિત ટ્રેનને લીલી ઝંડી બતાવીને ઐતિહાસિક શરૂઆત કરી. આ ટ્રેન જીંદથી સોનીપત વચ્ચે દોડશે અને ભારતીય રેલવેમાં સ્વચ્છ ઊર્જાના નવા યુગની શરૂઆત માનવામાં આવી રહી છે. આ ટ્રેન ડીઝલને બદલે હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ટેકનોલોજી પર ચાલશે. જેના કારણે ધુમાડો અને કાર્બન ઉત્સર્જન લગભગ શૂન્ય રહેશે. રેલવે મંત્રાલયના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટ "હાઈડ્રોજન ફોર હેરિટેજ" અભિયાનનો ભાગ છે જેનો હેતુ ૩૫ હાઈડ્રોજન ટ્રેનોને હેરિટેજ અને પહાડી રૂટ પર ચલાવવાનો છે. કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત હવે માત્ર રેલ નેટવર્ક જ નહીં પરંતુ ગ્રીન ટેકનોલોજીમાં પણ વિશ્વનું નેતૃત્વ કરવા તૈયાર છે. આ ટ્રેનની સફળતા બાદ દેશના અન્ય રાજ્યોમાં પણ આવી પર્યાવરણને અનુકૂળ ટ્રેનો દોડાવવાની યોજના છે. આ પહેલથી મુસાફરોને શાંત, સ્વચ્છ અને આધુનિક મુસાફરીનો અનુભવ મળશે અને હરિયાણાના જીંદ-સોનીપત કોરિડોર પર ટ્રાફિકનું ભારણ પણ ઘટશે.

# ચીને ૨૨૦ મિલિયન અમેરિકી મતદારોનો ડેટા ચોર્યો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસના સંબોધનમાં દસ્તાવેજો જાહેર કરીને આરોપ લગાવ્યો કે ચીને ૨૨૦ મિલિયન અમેરિકી મતદારોની ફાઈલો મેળવી છે. તેમણે કહ્યું કે આ ઈતિહાસમાં ચૂંટણી ડેટાનો સૌથી મોટો ભંગ છે. આ ફાઈલોમાં નામ, સરનામા, ફોન નંબર, રાજકીય પક્ષની પસંદગી અને અન્ય માહિતીનો સમાવેશ થાય છે. ટ્રમ્પે કહ્યું કે ચીન ૨૦૧૮ની મધ્યાવધિ ચૂંટણીઓ અને ૨૦૨૦ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં પરિણામને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. તેમણે દાવો કર્યો કે કે ચીનની નીતિ ટ્રમ્પના મત ઘટાડવાની અને તેમને ફરીથી ચૂંટાવાથી રોકવાની હતી. ટ્રમ્પે એમ પણ કહ્યું કે જવાબદાર અધિકારીઓએ આ માહિતી તેમનાથી અને કોંગ્રેસથી છુપાવી રાખી. તેમના મતે ચીન તેમને હારાડવા માંગતું હતું કારણ કે તેમણે ચીન પર અબજો ડોલરના ટેરિફ લાદ્યા હતા. જોકે રિપોર્ટમાં એવો કોઈ પુરાવો નથી કે મતની ગણતરીમાં ફેરફાર કરવામાં આવ્યો હોય. અધિકારીઓએ કહ્યું છે કે મતદાર નોંધણીનો ડેટા ઘણીવાર જાહેરમાં ઉપલબ્ધ હોય છે અને અભિયાનો દ્વારા ખરીદવામાં આવે છે. ૨૦૨૧ના ગુપ્તચર રિપોર્ટમાં પણ કહેવામાં આવ્યું હતું કે ૨૦૨૦ની ચૂંટણીની તકનિકી પ્રક્રિયામાં કોઈ વિદેશી અભિનેતાએ ફેરફાર કરવાનો પ્રયાસ કર્યો હોવાના કોઈ સંકેત નથી.

# રૂપિયો રેકોર્ડ નીચી સપાટીની નજીક - તેલના ભાવ અને ડોલરની માંગનું દબાણ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : અઠવાડિયે ભારતીય રૂપિયો ફરીથી દબાણમાં આવી ગયો છે. રૂપિયો ડોલર સામે ૯૬.૨૦ થી ૯૬.૩૪ ની આસપાસ બંધ રહ્યો જે છેલ્લા લગભગ બે મહિનાની સૌથી નીચી સપાટીની નજીક છે. મંગળવારે તે ૯૬ ની નીચે પણ ગયો હતો. મે મહિનામાં બનેલી સર્વકાલીન નીચી સપાટી ૯૬.૯૬ છે. રૂપિયા પર દબાણનું મુખ્ય કારણ તેલના ભાવમાં વધારો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ અને ઈરાની બંદરો પર નાકાબંધીને કારણે બ્રેન્ટ ક્રૂડ ૮૫ થી ૮૬ ડોલર પ્રતિ બેરલથી ઉપર પહોંચી ગયું છે. ભારત પોતાની ૮૦ ટકાથી વધુ ઊર્જાની આયાત કરે છે એટલે તેલ મોંઘુ થતાં ડોલરની માંગ વધે છે અને આયાત ખર્ચ પણ વધે છે. તેની સાથે આયાતકારો, વેપારીઓ અને તેલ કંપનીઓ તરફથી ડોલરની માંગ પણ વધી છે. સોદા પૂરા થવાને કારણે પણ ગુરુવારે દબાણ વધ્યું. બીજી તરફ વિદેશી રોકાણકારોએ શુક્રવારે ભારતીય શેરોમાંથી ૨ અબજ ડોલરથી વધુની ઉપાડ કરી. અમેરિકન ટ્રેઝરી બોન્ડમાં સલામત રોકાણ તરફ નાણાં જતાં ઈમર્જિંગ માર્કેટમાંથી નાણાં બહાર જઈ રહ્યા છે. ડોલર ઈન્ડેક્સ ૧૦૦.૫ થી ૧૦૧ ની આસપાસ છે અને અમેરિકાની ૧૦ વર્ષની બોન્ડ યીલ્ડ ૪.૬૨ ટકાએ પહોંચી છે જેના કારણે ડોલર વધુ આકર્ષક બન્યો છે. રૂપિયાનો ઘટાડો રોકવા માટે સ્પોટ અને બજારમાં ડોલર વેચ્યો હોવાનું વેપારીઓનું કહેવું છે. ડિપોઝિટ યોજનાઓ દ્વારા અત્યાર સુધીમાં લગભગ ૧૦ અબજ ડોલર આવ્યા છે અને તેનાથી રૂપિયાને ૯૬ થી ૯૭ ની રેન્જમાં ટેકો મળવાની અપેક્ષા છે. વિશ્લેષકોના મતે ૯૬.૫૦ તરફ જઈ શકે છે અને ૯૫.૮૦ પર સપોર્ટ છે. જ્યાં સુધી તેલના ભાવ ઊંચા રહેશે ત્યાં સુધી દબાણ રહેવાની શક્યતા છે. રૂપિયામાં ટકાઉ સુધારો ત્યારે જ આવશે જ્યારે તેલના ભાવ ઘટે અથવા વિદેશી પોર્ટફોલિયો રોકાણ ફરી શરૂ થાય. અઠવાડિયાના અન્ય આંકડા મુજબ જૂનમાં ભારતની નિકાસમાં ૧૫.૫ ટકાનો વધારો થયો પરંતુ ક્રૂડને કારણે વેપાર ખાધ ૫ મહિનાની ઊંચી સપાટી ૩૦.૪૩ અબજ ડોલરે પહોંચી. જૂનમાં જથ્થાબંધ ફુગાવો ૯.૮૭ ટકા રહ્યો. તેલ અને ભૂ-રાજકીય ચિંતાને કારણે સેન્સેક્સ અને નિફ્ટીમાં પણ ઘટાડો જોવા મળ્યો.

# અક્ષય કુમાર ઈમોશનલી ડિસ્ટર્બ... ૨૫ કરોડની નોટિસ મામલે પરેશ રાવલે તોડ્યું મૌન

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : બોલીવુડ ફિલ્મ હેરા ફેરી ૩માંથી બહાર નીકળવાના નિર્ણય બાદ અભિનેતા પરેશ રાવલે પહેલી વાર ખુલીને વાત કરી છે. ફિલ્મમાંથી અચાનક એક્ઝિટ કરવાને કારણે નિર્માતા અક્ષય કુમારે તેમને ૨૫ કરોડ રૂપિયાની કાનૂની નોટિસ મોકલી હતી. આ મામલે પરેશ રાવલે કહ્યું કે આ નિર્ણય લેવો તેમના માટે સહેલો ન હતો. તેમણે જણાવ્યું કે સ્ક્રિપ્ટ અને ક્રિએટિવ મતભેદોના કારણે તેઓ પ્રોજેક્ટ સાથે આગળ ન વધી શક્યા. પરેશ રાવલે એ પણ કહ્યું કે આખી ઘટનાથી અક્ષય કુમાર ઈમોશનલી ડિસ્ટર્બ છે કારણ કે હેરા ફેરી ફ્રેન્ચાઈઝી તેમના માટે ખૂબ ખાસ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે અક્ષય સાથે તેમના અંગત સંબંધો સારા છે અને આ મામલો વ્યાવસાયિક છે, અંગત નહીં. અભિનેતાએ આશા વ્યક્ત કરી કે બંને વચ્ચેનો આ મુદ્દો સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલાઈ જશે.

હેરા ફેરી ૩ની જાહેરાત બાદ ચાહકો આ ત્રણેય - અક્ષય, સુનીલ અને પરેશને ફરી એકસાથે જોવા માટે ઉત્સુક હતા, પરંતુ પરેશના બહાર નીકળવાથી ફિલ્મને લઈને અટકળો તેજ થઈ ગઈ છે.

----

# જો નિષ્ફળ ગયો તો ભૂત બનીને પાછો આવીશઃ સોનમ વાંગચુ કે સંસદ કૂચની પ્રતિજ્ઞા લીધી

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : આબોહવા કાર્યકર્તા અને શિક્ષણવિદ્ સોનમ વાંગચુકનું અનશન ૨૦મા દિવસે પહોંચ્યું છે. તેમણે કહ્યું કે જો તેમની માંગણીઓ સાંભળવામાં નહીં આવે તો તેઓ પોતાનો વિરોધ સંસદ સુધી લઈ જશે. વાંગચુકે પોતાના નિવેદનમાં દ્રઢતા દેખાડતા કહ્યું કે લદ્દાખના છઠ્ઠી અનુસૂચિ, રાજયનો દરજ્જો અને પર્યાવરણ સંરક્ષણને લગતી માંગોને લઈને તેઓ પીછેહઠ કરશે નહીં. તેમના શબ્દો 'જો આમાં નિષ્ફળ જઈશ તો ભૂત બનીને પાછો આવીશ' સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયા છે. ગયા કેટલાક દિવસથી લદ્દાખ અને દિલ્હીમાં તેમના સમર્થનમાં પ્રદર્શનો થઈ રહ્યા છે. વાંગચુકનું અનશન અને સંસદ કૂચની ચેતવણીને કારણે આંદોલન હવે નિર્ણાયક તબક્કે પહોંચી ગયું છે અને દેશભરમાં તેના પર ચર્ચા શરૂ થઈ ગઈ છે.

# સિરક્રીક સેક્ટર માટે ૧૧ હાઈ-સ્પીડ ઉભયચર કોમ્બેટ બોટ ખરીદવા સંરક્ષણ મંત્રાલય દ્વારા વૈશ્વિક ટેન્ડર જાહેર



ભુજ - કચ્છઉદય : ભારતની પશ્ચિમી સરહદે સુરક્ષા વ્યવસ્થા અભેદ્ય બનાવવા અને સંરક્ષણ ક્ષમતામાં વધારો કરવાના ભાગરૂપે સંરક્ષણ મંત્રાલય દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રાલયે સિર ક્રીક સેક્ટર માટે ૧૧ હાઈ-સ્પીડ એમ્ફિબિયસ કોમ્બેટ બોટની ખરીદી કરવા માટે 'રિક્વેસ્ટ ફોર પ્રપોઝલ' એટલે કે સત્તાવાર ટેન્ડર જાહેર કર્યું છે. આ ખરીદી સંપૂર્ણપણે ભારતીય ઉત્પાદક પાસેથી ખરીદીની કેટેગરી હેઠળ કરવામાં આવશે, જેમાં ઉત્પાદનની પ્રક્રિયામાં ઓછામાં ઓછી ૬૦ ટકા સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવો ફરજિયાત રહેશે. ટેન્ડર માટે આગામી ત્રણ મહિનામાં બોલી ભરવાની રહેશે અને કરાર પર હસ્તાક્ષર થયાના ૨૪ મહિનાની અંદર તમામ બોટની ડિલિવરી પૂર્ણ કરવાની શરત રાખવામાં આવી છે.

સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પાકિસ્તાન દ્વારા સિરક્રીક વિસ્તારમાં ડ્રોન વડે ભારતીય માળખાગત સુવિધાઓને નિશાન બનાવવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પાકિસ્તાન દ્વારા સરહદ પર સૈન્ય જમાવટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવામાં આવી રહ્યું હોવાની ગુપ્ત માહિતી મળતા ભારતે આ વ્યૂહાત્મક પગલું ભર્યું છે. પ્રસ્તાવિત ૧૧ કોમ્બેટ બોટમાંથી મોટાભાગનો હિસ્સો ગુજરાતના સરહદી કચ્છ વિસ્તારમાં ભારતીય સેના માટે ફાળવવામાં આવશે, જ્યારે બાકીની બોટ મુંબઈ અને પોર્ટ બ્લેર ખાતે ભારતીય નૌસેનાને સોંપાશે. આ અત્યાધુનિક બોટનું સંચાલન સેનાના કોર્પ્સ ઓફ એન્જિનિયર્સના વિશેષ 'સેપર એકમો' દ્વારા કરવામાં આવશે.

આ બોટની સૌથી મોટી વિશેષતા તેની વૈવિધ્યસભર ઓપરેશનલ ક્ષમતા છે. તે સમુદ્રના પાણી, દળદળ-કાદવ અને જમીન પર એકસરખી રીતે કામ કરી શકે છે. સમુદ્રમાં આ બોટની ઝડપ ૪૦ નોટ્સથી વધુ રહેશે. જ્યારે જમીન પર ચાલવા માટે તેમાં હાઈડ્રોલિક રીટ્રેક્ટેબલ એટલે કે,ખેંચી શકાય તેવા પગની સુવિધા હશે, જેના દ્વારા તે જમીન પર કલાકના ૧૦ થી ૧૫ કિલોમીટરની ઝડપે ગતિ કરી શકશે તેમજ ૧૫ ડિગ્રી સુધીના ઢોળાવવાળા ભૂપ્રદેશ પર પણ આસાનીથી ચઢી શકશે. દરેક બોટ ૧૨ સંપૂર્ણ સજ્જ સૈનિકો અને ૧૫૦૦ કિલોગ્રામથી વધુ પેલોડ વહન કરવાની ક્ષમતા ધરાવે છે. બોટના આગળ અને પાછળના ભાગમાં આધુનિક શસ્ત્રો માઉન્ટ કરવાની સુવિધા તેમજ સૈનિકોની સુરક્ષા માટે બેલિસ્ટિક પ્રોટેક્શન (બુલેટપ્રૂફ કવચ) આપવામાં આવ્યું છે, જે દરિયામાં ઘૂસણખોરી વિરોધી પેટ્રોલિંગ માટે અત્યંત અસરકારક સાબિત થશે.

ભૌગોલિક પડકારોનો સામનોઃ સિર ક્રીકનો વિસ્તાર કાદવ અને દળદળથી ભરેલો છે, જ્યાં ઓછી ભરતીના સમયે સામાન્ય બોટ અટકી જાય છે અને વ્હીલવાળા વાહનો કાદવમાં ફસાઈ જાય છે. આવા દુર્ગમ વિસ્તારમાં આ ઉભયચર બોટ સૈનિકોના પેટ્રોલિંગ, દુશ્મનોને આંતરવા (અવરોધ ઉભો કરવા) અને કટોકટીના સમયે ઝડપી સૈન્ય જમાવટ માટે ગેમ-ચેન્જર સાબિત થશે. આ બોટને રોડ માર્ગે હેવી ટેક ટ્રાન્સપોર્ટર ટ્રકો દ્વારા અને હવાઈ માર્ગે વાયુસેનાના મહાકાય ˆ-૭૬ અને ઝ-૧૭ ગ્લોબમાસ્ટર વિમાનો દ્વારા સરળતાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાશે. જેથી યુદ્ધ અથવા કટોકટીની સ્થિતિમાં તેને અન્ય સરહદી વિસ્તારોમાં તાત્કાલિક તૈનાત કરી શકાય. સમગ્રપણે જોતા, આ ખરીદી પશ્ચિમી સરહદ પર ભારતની સુરક્ષા, દેખરેખ અને ત્વરિત પ્રતિક્રિયાની ક્ષમતાને અભૂતપૂર્વ મજબૂતી પ્રદાન કરશે.

# કચ્છમાં વિલંબિત ચોમાસું ઇકોલોજીકલ તણાવ અને આર્થિક દબાણ વધારી રહ્યું છે

## કચ્છના ૨૦ જળાશયોમાં માત્ર ૧૦.૨૫ ટકા જ પાણીનો સંગ્રહ : ખેડૂતોને હવે ૫૦૦થી ૭૦૦ ફૂટ ઊંડા બોર કરવા પડે છે : કપાસ અને મગફળી જેવા મુખ્ય પાકોને સીધી અસર

ભુજ - કચ્છઉદય : અષાઢ મહિનો શરૂ થઈ જવા છતાં કચ્છમાં વરસાદમાં માત્ર છુટો છવાયો વરસાદ વરસ્યો છે, જેના કારણે કચ્છના જળાશયો તળિયા ઝાટક છે, જો હવે વરસાદ નહીં વરસે તો સ્થિતિ વધુ કપરી બનશે. વરસાદ ન થવાના કારણે ભૂગર્ભમાં જળ પણ ઉંડા જવા લાગ્યા છે. તો આગોતરા રામમોલ કચ્છમાં વરસાદ પર આધારી છે, જે મુખ્ય કપાસ, મગફળી સહિતના પાકોને સીધી અસર થઈ છે. જો હવે વરસાદ નહીં વરસે તો આ સ્થિતિ વધુ વણસી શકે તેવી શકયતા છે.

અલનીનોની અસરના કારણે ચોમાસું મોડું થવાને કારણે કચ્છમાં પરિસ્થિતિ ખૂબ જ કપરી બની ગઈ છે. ગુજરાતમાં એકંદરે વરસાદ લગભગ ૧૬ ટકા ઓછો નોંધાયો છે. કચ્છના ૨૦ જળાશયોમાં માત્ર ૧૦.૨૫ ટકા જ પાણીનો સંગ્રહ છે અને પહેલા તબક્કામાં સામાન્ય વરસાદની સરખામણીએ માત્ર ૩૧ ટકા વરસાદ પડ્યો છે.

ઈકોલોજી પર અસર એવી થઈ છે કે જમીનમાં ભેજ ન હોવાથી બિયારણ સડી રહ્યું છે અને વાવણી મોડી પડી રહી છે. કચ્છમાં ભૂગર્ભ જળનું સ્તર દર વર્ષે ૨૦થી ૩૦ ફૂટ નીચે જઈ રહ્યું છે. ખેડૂતોને હવે ૫૦૦થી ૭૦૦ ફૂટ ઊંડા બોર કરવા પડે છે. લિટલ રણમાં મીઠાનું ઉત્પાદન કરતા લોકો માટે પણ આ વર્ષ મુશ્કેલ રહ્યું. માર્ચ ૨૦૨૬માં અસમયે વરસાદ અને તોફાનને કારણે લગભગ ૧૫થી ૨૦ કરોડ રૂપિયાનું મીઠું અને સાધન સામગ્રીને નુકસાન થયું હતું. આર્થિક રીતે પણ દબાણ વધ્યું છે. રાષ્ટ્રીય સ્તરે ખરીફની વાવણી ૧૬ ટકા ઓછી થઈ છે. કપાસ અને મગફળી જેવા ગુજરાતના મુખ્ય પાકોને સીધી અસર થઈ છે. ખેડૂતોને ફરી વાવણી કરવાનો ખર્ચ, દેવું અને પાક નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૦૨૫-૨૬ નાણાકીય વર્ષમાં ગુજરાતે પાક નુકસાન માટે રેકોર્ડ ૧૦,૩૩૭ કરોડ રૂપિયાનું વળતર ચૂકવ્યું જે દાયકાના કુલ વળતરના ૪૬ ટકા છે. કચ્છમાં પશુપાલન પણ મોટો આધાર છે. વરસાદ મોડો થવાથી ઘાસચારો અને પાણીની તંગી સર્જાઈ છે જેના કારણે ગાય, બકરા અને ઊંટના ઉછેર કરતા લોકોને તકલીફ પડી રહી છે. આ વિલંબનું કારણ એલ નીનોની અસર માનવામાં આવી રહી છે જેના લીધે દેશભરમાં વરસાદ ૪૬ ટકા ઓછો રહ્યો અને જળાશયો માત્ર ૩૨ ટકા જ ભરાયા છે. સરકાર વૈકલ્પિક પાક તરીકે બાજરી અને કઠોળ પર ભાર મૂકી રહી છે અને જો પરિસ્થિતિ વધુ વણસે તો ઘાસચારા અને પીવાના પાણી માટે તાત્કાલિક યોજના બનાવવાની તૈયારી કરી રહી છે.

# પ્રાકૃતિક ખેતીથી ઉગાડવામાં આવતાં બાજરાની માંગમાં થઈ રહ્યો છે સતત વધારો

ભુજ - કચ્છઉદય : રાજ્યપાલશ્રી તેમજ મુખ્યમંત્રી પ્રાકૃતિક કૃષિને વેગ આપવા માટે ખેડૂતોને સતત પ્રોત્સાહિત કરી રહ્યા છે. કચ્છ જિલ્લા માહિતી કચેરી દ્વારા પણ અલગ અલગ પાકોનું વાવેતર અને તેની કાળજી પ્રાકૃતિક ઢબે કેવી રીતે રાખી શકાય તેની સંકલિત માહિતી સાથે માહિતીસભર લેખ આપવામાં આવે છે ત્યારે પ્રાકૃતિક ખેતીથી કેવી રીતે બાજરાનું વાવેતર કરી શકાય. પ્રાકૃતિક ખેતી દ્વારા બાજરો ઉગાડવો એ પરંપરાગત અને ઈકો-ફ્રેન્ડલી પદ્ધતિ છે જે જમીનની ફળદ્રુપતા જાળવી રાખે છે એટલું જ નહીં પરંતુ પાકની ગુણવત્તા અને પોષક મૂલ્યમાં પણ વધારો કરે છે. બાજરો દુષ્કાળ સહનશીલ પાક છે અને ઓછા પાણીમાં પણ સારી રીતે ઉગી શકે છે, જે તેને પ્રાકૃતિક ખેતી માટે યોગ્ય બનાવે છે.

**બાજરાની વાવણી સામાન્ય રીતે ચોમાસાની શરૂઆત સાથે કરવામાં આવે છે, જ્યારે જમીનમાં ભેજ પૂરતો હોય છે**

આ માટે સૌ પ્રથમ તો ખેતરને રાસાયણિક ખાતરો અને જંતુનાશકોથી મુક્ત કરવું જોઈએ જેથી જમીનની જૈવિક પ્રવૃત્તિ જળવાઈ રહે. છાણિયું ખાતર, જીવામૃત, બીજામૃત અને ઘનજીવનામૃત જેવા જૈવિક ખાતરોનો ઉપયોગ જમીનની ફળદ્રુપતા વધારવા અને પાકને રોગોથી સુરક્ષિત રાખવા માટે કરવામાં આવે છે. બાજરાની વાવણી સામાન્ય રીતે ચોમાસાની શરૂઆત સાથે કરવામાં આવે છે, જ્યારે જમીનમાં ભેજ પૂરતો હોય છે. બીજને વાવણી પહેલાં બીજ અમૃતમાં પલાળીને રાખવાથી રોગો સામે લડવાની તેમની ક્ષમતામાં વધારો થાય છે. બિયારણને સીધી હરોળમાં અથવા વાવણી માટે છંટકાવ પદ્ધતિ દ્વારા રોપવામાં આવે છે, જેનાં કારણે પાકનું નિરીક્ષણ અને નિંદણ સરળ બને છે. સિંચાઈની જરૂરિયાત ખૂબ જ ઓછી છે અને મોટાભાગે વરસાદને કારણે તે પૂરી થાય છે, પરંતુ જ્યારે જરૂર પડે ત્યારે પાણી આપી શકાય છે.

નીંદણ નિયંત્રણ માટે રાસાયણિક દવાઓને બદલે હાથેથી નીંદણ કરવું અથવા મલ્ચિંગ જેવા પગલાંનો ઉપયોગ કરવામાં આવે છે. જંતુઓથી બચાવવા માટે લીમડાનું દ્રાવણ, છાશ, લસ્સી અથવા ગૌમૂત્ર જેવા કાર્બનિક અર્કનો છંટકાવ કરવામાં આવે છે. પાક પાક્યા પછી પાકની કાપણી થાય છે. કાપણી કર્યા પછી, અનાજને તડકામાં સૂકવીને સંગ્રહિત કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં માત્ર પર્યાવરણની જ સુરક્ષા નથી થતી પરંતુ ખેડૂતોનો ખર્ચ પણ ઓછો થાય છે. કેમિકલના કારણે થતાં આરોગ્યના નુકસાનમાંથી પણ લોકોને બચાવી શકાય છે. પ્રાકૃતિક ખેતીથી ઉગાડવામાં આવતાં બાજરામાં સ્વાદ અને પોષણની માત્રા પણ વધુ હોય છે, જેનાં કારણે બજારમાં તેની માંગ પણ વધી રહી છે.

# ભુજના રણજીત વિલાસ પેલેસ ખાતે રાજ પરિવાર અને કચ્છ ઇતિહાસ પરિષદ દ્વારા કચ્છી નવા વર્ષ 'આષાઢી બીજ'ની ભવ્ય ઉજવણી



ભુજ - કચ્છઉદય : પવિત્ર અને મંગલમય એવા કચ્છી નવા વર્ષ 'આષાઢી બીજ'ના પાવન પર્વે ભુજ સ્થિત ઐતિહાસિક રણજીત વિલાસ પેલેસ ખાતે એક વિશેષ અને ગૌરવપૂર્ણ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છની સમૃદ્ધ સંસ્કૃતિ અને ભવ્ય વારસાને જીવંત રાખતી સંસ્થા 'કચ્છ ઈતિહાસ પરિષદ' ના સભ્યો અને કચ્છના રાજપરિવારના સન્માનનીય સભ્યોની ગરિમામય ઉપસ્થિતિમાં આ ઉજવણી હર્ષોલ્લાસ સાથે સંપન્ન થઈ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સ્વ. મહારાવ પ્રાગમલજી ત્રીજાના બાવલા (પ્રતિમા) સમક્ષ પુષ્પો અર્પણ કરી ભાવભરી શ્રદ્ધા સુમન અંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ રાજપરિવારના સભ્યોએ પરંપરાગત શૈલીમાં સૌ મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરી કચ્છી નવા વર્ષની મનભરીને વધાઈ આપી હતી. આ શુભ પ્રસંગે પરંપરા મુજબ સૌના મોં મીઠા કરાવીને નવા વર્ષના મંગલ આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

આ ગરિમાપૂર્ણ સ્નેહમિલનમાં રાજપરિવાર તરફથી કુંવર ઇન્દ્રજીતસિંહ જાડેજા, પદ્મિનીબા તેમજ હર્ષદિત્યસિંહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કચ્છ ઈતિહાસ પરિષદ વતી પ્રમુખ નરેન્દ્રભાઈ વ્યાસ, મહામંત્રી પ્રમોદ જેઠી, નરેન્દ્ર ગોર, ભૂપેન્દ્ર મહેશ્વરી, એમ.આઈ. બાયડ, એ.કે. શેખ, વિનોદ ગોર, મદન ભટ્ટ તેમજ પુષ્પરાજસિંહ જાડેજાએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

આ પ્રસંગને વધુ આકર્ષક અને ઈતિહાસમય બનાવતા સંસ્થાના ઉપપ્રમુખ કિરીટસિંહ જાડેજા તથા મંત્રી વનરાજસિંહ જાડેજાએ કચ્છી ભાષાની સુંદર કવિતાઓનું પઠન કર્યું હતું અને કચ્છના ગૌરવશાળી ઈતિહાસની રસપ્રદ પ્રસ્તુતિ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. રણજીત વિલાસ પેલેસ ખાતેના મુખ્ય કાર્યક્રમ બાદ કચ્છ ઈતિહાસ પરિષદના સભ્યો દ્વારા ભુજના રમણીય મેમોરીયલ ગાર્ડન રણજીત વિલા ખાતે પણ એકત્રિત થઈને કચ્છી નવા વર્ષની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રાગ મહેલ તથા રણજીત વિલાસ પેલેસના કર્મચારી ભાઈઓએ વ્યવસ્થા સંભાળી હતી. સમગ્ર કચ્છ અને દેશ-વિદેશમાં વસતા કચ્છી માડુઓને રાજપરિવાર અને ઈતિહાસ પરિષદ દ્વારા સુખ, શાંતિ અને સમૃદ્ધિદાયક નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# મુંદરામાં અષાઢી બીજના ખારવા સમાજ દ્વારા દરિયાઈ દેવની પૂજા કરાઈ







મુંદરા - કચ્છઉદય : અષાઢી બીજના દરિયાઇ દેવની પૂજા મુન્દ્રા ખારવા સમાજ દ્વારા કરીને ઉજવણી કરાઈ હતી. મુન્દ્રા ખારવા સમાજ દ્વારા જૂના બંદરે દરિયા કિનારે દરિયાદેવની પૂજા કરવામાં આવી હતી. બપોર બાદ સમાજના ભાઈઓ ઢોલ નગારાના નાદે ભગવાન દરિયાલાલના મંદિરે પહોંચ્યા હતા. સમાજના લોકો પૂજામાં જોડાયા હતા. ભાઈઓએ રામ રામ કહીં નવા નારોજની શુભેચ્છાઓ પાઠવી હતી. સાંજે ખારવા ચોકથી શોભાયાત્રા નીકળી હતી જે શહેર ના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ખારવા ચોક પહોંચી હતી. રાત્રે ખારવા ચોક મધ્યે દાંડિયા રાસનો કાર્યક્રમ યોજાયો હતો.

પ્રમુખ રાજેશ કષ્ટાએ જણાવ્યું કે નવા નારોજએ સમાજ માટે મહાપર્વ છે અને આ દિવસે બપોર બાદ સમાજના ભાઈ બહેનો ઉત્સવમાં જોડાય છે. ભગવાન દરિયાલાલની પૂજામાં ભાઈઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા.

# રવિવારે કેવડિયા ખાતે રાજ્યસંઘની કારોબારી બેઠક યોજાશે

ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી સભા તા. ૧૯/૭ને રવિવારના સવારે ૧૦ કલાકે સહકાર ભવન, કેવડિયા (એકતાનગર,) તા.નાંદોદ, જિ.નર્મદા ખાતે યોજાશે. રાજ્યસંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં યોજાનાર આ કારોબારી બેઠકમાં રાજ્યના તમામ જિલ્લાઓના પ્રમુખ, મહામંત્રી, રાજ્યસંઘના હોદ્દેદારો ઉપરાંત રાજ્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. કચ્છ જિલ્લામાંથી પ્રમુખ નયનસિંહ જાડેજા, મહામંત્રી કેરણાભાઈ આહિર,રાજ્યસંઘના કાર્યાધ્યક્ષ હરિસિંહ જાડેજા, ઉપપ્રમુખ વિલાસબા જાડેજા તેમજ રાજ્ય કારોબારીના સભ્યો એવા રાજ્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

રાજ્યસંઘના મહામંત્રી જૈમિન પટેલના જણાવ્યા અનુસાર બેઠકમાં પ્રાથમિક શિક્ષકોના રાજ્ય કક્ષાના વિવિધ પડતર પ્રશ્નો બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ સાથે ટેટ પરીક્ષા નાબૂદ કરવા માટે આગામી આંદોલન કાર્યક્રમ વિશે રણનીતિ ઘડવામાં આવશે. આ ઉપરાંત રાજ્યની શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા વૃધ્ધિ માટે સંગઠન તરીકેના પ્રયાસો બાબતે ચર્ચા કરવામાં આવશે. કારોબારી સભાના આયોજન માટે નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરેશ ભગત અને મહામંત્રી સુરેશ વસાવાના માર્ગદર્શન હેઠળ જિલ્લા અને તાલુકા સંઘના સૌ હોદ્દેદારો જહેમત ઉઠાવી રહ્યા છે.

# લાયોનેસ ક્લબ ઓફ ભુજ દ્વારા રાશનકીટ અપાઈ





ગાંધીધામ - કચ્છઉદય : સેવાને વરેલી લાયોનેસ ક્લબ ઓફ ભુજ દ્વારા તાજેતરમાં પ્રમુખ રીટાબેન મહેતાના નેજા હેઠળ બે સેવાકીય પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં ક્લબ સભ્યોના અનુદાનથી ૩૬ રાશન કીટ તૈયાર કરવામાં આવી હતી, જેમાં રસોઈ બનાવવાની સમગ્ર વસ્તુઓ આપવામાં આવી હતી. આરટીઓ સાઈડની બે ઝુંપડપટ્ટી વિસ્તારમાં જરૂરિયાતમંદ પરિવારને આ કીટ અપાઈ હતી.

પ્રમુખ રીટાબેન મહેતા દ્વારા ઝુંપડપટ્ટીમાં બધા બાળકોને દાબેલીનો નાસ્તો આપવામાં આવ્યો હતો. આ બંને પ્રોજેક્ટમાં મંત્રી હર્ષાબેન અને તેજલબેને વ્યવસ્થા સંભાળી હતી. ભાવનાબેન, જયશ્રીબેન, મીનાબેને સહયોગ આપ્યો હતો. નૂતન મહેતા દ્વારા કવિ કાલિદાસ જયંતિની ઉજવણી સંદર્ભે બાળકોને કાલિદાસના સંસ્કૃતમાં ગીતો સંભળાવીને ગવડાવવામાં આવ્યા હતા તેમજ કાલિદાસ વિશે પરિચય આપીને બધાને માહિતગાર કર્યા હતા.

# લક્ષ્મીપર નેત્રામાં ૨ હજાર વૃક્ષો વાવવાનો નિર્ધાર



નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના લક્ષ્મીપર નેત્રા ખાતે સ્વ. ખુશાલભાઈના સ્મારણર્થે અષાઢીબીજના કચ્છ જલધારમ સેવા સદભાવના વૃદ્ધાઆશ્રમ સંગ અને સાથે લક્ષ્મીપરના ભામાશા તરીકે ઓળખાતા માધવજી ભીમજી પટેલ દ્વારા લક્ષ્મીપરથી નેત્રા ૭ કિલોમીટર અને લક્ષ્મીપરથી નવાવાસ ૯ કિલોમીટર રોડ સુધી ૨૦૦૦ વૃક્ષરોપણનો પ્રારંભ શાળા ખાતે કાર્યક્રમથી શરૂ કરવામાં આવ્યો હતો. આ વેળાએ સરપચ, ઉપસરપંચ, સદસ્યો અને આગેવાનો, યુવા કાર્યકરો સહિત મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સંચાલન જુસબભાઈ થુડીયાએ કર્યું હતું મેહમાનનુ સ્વાગત માવજીભાઈ પટેલે કર્યું હતું. આભારવિધિ કાંતિભાઈ શાહે કરી હતી. વૃક્ષારોપણના દાતા માધવજીભાઈ પટેલનો ગ્રામજનોએ આભાર માન્યો હતો.

# રોબોફેસ્ટ ગુજરાત ૬.૦નું ભવ્ય લોન્ચિંગ : રિજનલ સાયન્સ સેન્ટર ભુજ ખાતે વિદ્યાર્થીઓને મળશે માર્ગદર્શન

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય કક્ષાની પ્રતિષ્ઠિત રોબોફેસ્ટ ગુજરાત ૬.૦નું ભવ્ય લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ વર્ષની સ્પર્ધાની થીમ એઆઈ-પાવર્ડ રોબોટિક્સ ઈનોવેશન ચેલેન્જ રાખવામાં આવી છે. જેનો હેતુ વિદ્યાર્થીઓમાં રોબોટિક્સ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈનોવેશન પ્રત્યે રસ વધારવાનો છે.

આ સંદર્ભમાં રિજનલ સાયન્સ સેન્ટર ભુજ ખાતે સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓને સ્પર્ધાના નિયમો, પ્રોજેક્ટ ડિઝાઈન રોબોટ નિર્માણ તથા ટેક્નિકલ માર્ગદર્શન આપવામાં આવશે તેમજ રોબોટિક્સ અંગે વિદ્યાર્થીઓને પ્રેરણા મળે તે હેતુથી વિવિધ રોબોટ્સનું નિદર્શન તેમજ વર્કશોપ પણ યોજવામાં આવશે. આ તકનો લાભ લેવા તથા વધુ માહિતી મેળવવા મોબાઈલ નંબર ૭૦૪૩૯ ૨૪૬૦૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ગુજરાતમાં વ્યક્તિગત રક્તદાનનો રેકોર્ડ કરનાર ભૌમિક વછરાજાનીનો આજે જન્મદિવસ



ભુજ - કચ્છઉદય : ભારતીય જનતા પાર્ટીના ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી સેલના કચ્છના પ્રમુખ અને રક્તદાન ક્ષેત્રે અગ્રણી ભૌમિકભાઈ વચ્છરાજાનીના જન્મદિવસે આજે તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ મળી રહી છે. ભૌમિકભાઈએ સમગ્ર ગુજરાતમાં વ્યક્તિગત રીતે જાતે ૭૮૦૦ બોટલ જેટલું રક્તદાન કરી સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાને રહી અને રેકોર્ડ સ્થાપ્યો છે. આ ઉપરાંત અન્ય લોકોને પણ કરાવી અને મહત્વનું યોગદાન આપ્યું છે તેવા ભૌમિકભાઈ વચ્છરાજાનીના જન્મદિવસે તેમને અનેક શુભેચ્છાઓ મળી રહી છે. ભૌમિકભાઈ વચ્છરાજાની નાગર જ્ઞાતિના ટ્રસ્ટી છે. ભુજ શહેર ભાજપના મહામંત્રી તથા નગરસેવક પણ રહી ચૂક્યા છે. વ્યક્તિગત રીતે પણ કોઈપણ વ્યક્તિને દિલથી મદદ કરવાનું તેમનું વલણ તેમના વ્યક્તિત્વની છાપ છોડે છે. દરેક આપત્તિ વિપત્તિમાં લોકોની પડખે શ્રી વચ્છરાજાની હંમેશા ઉભા રહ્યા છે. કોરોનાના કપરા કાળમાં ખારીનદી ખાતે આવેલા ગેસવાળા સ્મશાનમાં દિવસ રાત ખડે પગે ઊભા રહી અને એમણે કરેલી સેવા લોકો આજે પણ યાદ કરે છે.

# વન-ડે સિરીઝ : ઈન્ડિયા સામે ઇંગ્લેન્ડનો ૪ વિકેટે વિજય

(એજન્સી દ્વારા)

લંડન : અનુભવી બેટ્સમેન જો રૂટની અણનમ ૯૯ રનની શાનદાર ઈનિંગના દમ પર ઈંગ્લેન્ડે બીજી વન-ડે મેચમાં ભારતને ૪ વિકેટે હરાવ્યું છે. સોફિયા ગાર્ડન્સ ખાતે રમાયેલા આ રોમાંચક મુકાબલામાં જો રૂટ ભારતીય બોલરો સામે એક મજબૂત દીવાલ બનીને ઊભો રહ્યો હતો અને અંત સુધી ક્રિઝ પર ટકી રહ્યો હતો. આ વિજય સાથે જ ઈંગ્લેન્ડે ત્રણ મેચોની વન-ડે સિરીઝમાં ૧-૧ ની બરાબરી કરી લીધી છે. હવે સિરીઝની ટ્રોફી કોણ જીતશે તેનો નિર્ણાયક ફેંસલો રવિવારે લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર રમાનારી અંતિમ વન-ડેમાં થશે.



આ મેચમાં ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત સારી રહી નહોતી. મિડલ ઓર્ડરમાં શ્રેયસ અય્યર (૬૬ રન) અને વિરાટ કોહલી (૬૫ રન) એ શાનદાર અડધી સદીઓ ફટકારીને ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ બંને સિવાય અન્ય કોઈ બેટ્સમેન મોટી ઈનિંગ રમી શક્યો નહોતો અને પૂરી ભારતીય ટીમ ૪૪ ઓવરમાં માત્ર ૨૩૩ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. અંતિમ ઓવરોમાં જસપ્રીત બુમરાહે કેટલાક આકર્ષક શોટ્સ રમીને અણનમ ૨૦ રનનું યોગદાન આપ્યું હતું. ઈંગ્લેન્ડ તરફથી જોફ્રા આર્ચર અને ગસ એટકિન્સને ધારદાર બોલિંગ પ્રદર્શન કરીને ૩-૩ વિકેટ ઝડપી હતી.

૨૩૪ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમની શરૂઆત પણ ઘણી નબળી રહી હતી અને તેમણે માત્ર ૫૩ રનમાં જ પોતાની ૩ મુખ્ય વિકેટો ગુમાવી દીધી હતી. આવા કપરા સમયે જો રૂટે એક છેડો સાચવી રાખ્યો અને અત્યંત ધૈર્યપૂર્વક બેટિંગ કરીને ટીમને જીતના ઉંબરે પહોંચાડી હતી. રૂટને મિડલ ઓર્ડરમાં વિલ જેક્સ (૩૦), સેમ કરન (૨૬) અને અંતમાં ગસ એટકિન્સન (અણનમ ૨૩) નો સારો સાથ મળ્યો હતો.

જો રૂટ પોતાની વન-ડે કરિયરની ૨૧મી સદીથી માત્ર એક જ રન દૂર રહી ગયો હતો અને ૯૯ રને અણનમ પરત ફર્યો હતો. જોકે, તેણે પોતાના વ્યક્તિગત રેકોર્ડ કરતાં ટીમની જીતને વધુ મહત્વ આપ્યું હતું. આ મેચમાં ઈંગ્લેન્ડે ૩૫ બોલ બાકી રાખીને જ લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. નોંધનીય છે કે, જો રૂટનો વન-ડે કરિયરમાં આ સતત પાંચમો ૫૦+ સ્કોર છે અને તેની ઓવરઓલ કરિયરનો ૬૭મો પચાસથી વધુનો સ્કોર છે. હવે રવિવારે રમાનારી લોર્ડ્સ વન-ડે પર તમામ ક્રિકેટ પ્રેમીઓની નજર રહેશે.

# ન્યૂઝીલેન્ડે ત્રીજી વન-ડેમાં વેસ્ટ ઈન્ડિઝને ૬ વિકેટથી હરાવ્યું

(એજન્સી દ્વારા)

ગયાના : ગુરુવાર (૧૭ જુલાઈ) ના રોજ ન્યૂઝીલેન્ડે ત્રીજી મેચમાં વેસ્ટ ઈન્ડિઝને ૬ વિકેટથી હરાવીને પાંચ મેચની વન-ડે શ્રેણીમાં ૨-૧ની લીડ મેળવી હતી. ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. વેસ્ટ ઈન્ડિઝ ૩૭.૧ ઓવરમાં ૧૪૦ રનમાં ઓલઆઉટ થઈ ગયું. ન્યૂઝીલેન્ડે ૩૯.૩ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૧૪૧ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. ગયાનાના પ્રોવિડન્સ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચ ૭૬.૪ ઓવર સુધી ચાલી અને તેમાં ૨૮૧ રન બનાવ્યા, પરંતુ એક પણ બેટ્સમેન અડધી સદી ફટકારી શક્યો નહીં. વેસ્ટ ઈન્ડિઝના કેસી કાર્ટીએ ૪૮ રન સાથે સૌથી વધુ રન બનાવ્યા. અકીમ ઓગસ્ટ અને શિમરોન હેટમાયરએ ૨૬-૨૬ રનનું યોગદાન આપ્યું. આઠ કેરેબિયન બેટ્સમેન બે આંકડા સુધી પહોંચી શક્યા નહીં. ઓપનિંગ બેટ્સમેન જોન કેમ્પબેલ ૬ રન બનાવ્યા બાદ રિટાયર્ડ હર્ટ થયો. શાઈ હોન ૮, શેરફેન રૂધરફોર્ડ ૪, કીમો પોલે ૪, ખારી પેરીએ ૪, અલ્ઝારી જોસેફે ૭ અને ગુણકેશ મોતી ૧ રન બનાવીને અણનમ રહ્યા. ન્યૂઝીલેન્ડ તરફથી જેડેન લેનોક્સે સૌથી વધુ ૪ વિકેટ લીધી. માઈકલ બ્રેસવેલ અને મિશેલ સેન્ટનરે ૨-૨ વિકેટ લીધી. જેકબ ડફીએ ૧ વિકેટ લીધી.







ન્યૂઝીલેન્ડના પાંચ બેટ્સમેનોએ ૨૦ થી વધુ રન બનાવ્યા. ટોમ લેથમે અણનમ ૩૧ રન સાથે સૌથી વધુ રન બનાવ્યા. માર્ક ચેપમેન ૭ રન સાથે એકમાત્ર બેટ્સમેન હતો જે બે આંકડા સુધી પહોંચી શક્યો ન હતો. અન્ય બેટ્સમેનોમાં ડેરિલ મિશેલ ૨૮, હેનરી નિકોલ્સ ૨૪, વિલ યંગ ૨૩ અને ડીન ફોક્સક્રોફ્ટ ૨૨ રન સાથે અણનમ રહ્યા. વેસ્ટ ઈન્ડિઝ તરફથી વાઈટલ લોજે ૩ વિકેટ લીધી. ખારી પેરીએ ૧ વિકેટ લીધી હતી.




## સ્ટીવ સ્મિથની ટીમે ક્રિકેટ ઇતિહાસનો સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કરીને 'વર્લ્ડ રેકોર્ડ' તોડ્યો

(એજન્સી દ્વારા) ન્યુયોર્ક : અમેરિકામાં રમાઈ રહેલી મેજર લીગ ક્રિકેટમાં એક એવો રોમાંચક મુકાબલો જોવા મળ્યો કે, જેણે ટી૨૦ ક્રિકેટના ઈતિહાસના તમામ જૂના રેકોર્ડ ધ્વસ્ત કરી દીધા છે. એક જ મેચમાં ૩ સદી અને ટી૨૦ ક્રિકેટ ઈતિહાસનો સૌથી મોટો ટાર્ગેટ ચેઝ થવા જેવા અનેક ઐતિહાસિક રેકોર્ડ્સ આ મેચમાં નોંધાયા છે.

એમઆઈ ન્યૂયોર્કની ટીમે મુકાબલામાં ટોસ હાર્યા બાદ પહેલા બેટિંગ કરતા ૨૦ ઓવર્સમાં ૨૬૬ રનનો સ્કોર બનાવ્યો હતો, જેના પછી વોશિંગ્ટન ફ્રીડમે પણ ટાર્ગેટનો ૧૮.૪ ઓવરમાં પીછો કરી લીધો. આ સાથે જ આ ટી૨૦ ક્રિકેટ ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કરવાનો રેકોર્ડ બની ગયો. આ મુકાબલામાં કુલ ત્રણ ખેલાડીઓએ સદીની ઈનિંગ રમી. ટી૨૦ ક્રિકેટ ઈતિહાસમાં પહેલીવાર કોઈ મુકાબલામાં એવું જોવા મળ્યું છે, જ્યારે ત્રણ ખેલાડી સેન્ચુરી લગાવવામાં સફળ રહ્યા છે.


એમઆઈ ન્યૂયોર્કની ટીમે એલિમિનેટર મુકાબલામાં ટોસ હાર્યા બાદ પહેલા બેટિંગ કરતા કેપ્ટન નિકોલસ પૂરનની ૧૦૬ રનની સદીની ઈનિંગ ઉપરાંત કાયરન પોલાર્ડના ૬૪ અને ડી-કોકના ૫૧ રનની ઈનિંગના દમ પર ૨૦ ઓવરમાં ૨૬૬ રનનો સ્કોર બનાવ્યો હતો. આ પછી ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી વોશિંગ્ટન ફ્રીડમની શરૂઆત સારી રહી નહોતી, જેમાં તેમણે ૧૦ના સ્કોર પર પોતાની ૨ વિકેટ ગુમાવી દીધી હતી.

અહીંથી તેમના કેપ્ટન અને શાનદાર બેટ્સમેન સ્ટીવ સ્મિથે એન્ડ્રીઝ ગૌસ સાથે ત્રીજી વિકેટ માટે માત્ર ૮૯ બોલમાં ૨૪૧ રનની ભાગીદારી કરીને મુકાબલાને સંપૂર્ણપણે એકતરફી કરી દીધો. સ્મિથના બેટથી અણનમ ૧૧૦ રનની ઈનિંગ જોવા મળી તો ગૌસે ૧૩૨ રનની ઈનિંગ રમી. આ સાથે જ ટી૨૦ ક્રિકેટમાં વોશિંગ્ટન ફ્રીડમની ટીમે હાઈએસ્ટ ટાર્ગેટ ચેઝ કરવાનો રેકોર્ડ પોતાના નામે કરી લીધો. અગાઉ પંજાબ કિંગ્સની ટીમના નામે હતો, જ્યારે તેમણે દિલ્હી કેપિટલ્સ સામેના મુકાબલામાં ૨૬૫ રનના ટાર્ગેટનો પીછો કર્યો હતો. મેજરમાં અત્યાર સુધી વિદેશી ખેલાડીઓનો દબદબો વધુ જોવા મળ્યો છે પરંતુ હવે તેમાં યજમાન દેશ અમેરિકાના પણ એક શાનદાર પ્લેયરનું નામ જોડાઈ ગયું છે, જે એન્ડ્રીઝ ગૌસનું છે. વોશિંગ્ટન ફ્રીડમ તરફથી રમી રહેલા ગૌસ પહેલો અમેરિકન ખેલાડી બની ગયો છે કે, જે મેજર લીગમાં સદીની ઈનિંગ રમવામાં સફળ રહ્યા છે. ગૌસના બેટથી ૫૧ બોલમાં ૧૩૨ રનની ઈનિંગ જોવા મળી, જેમાં તેણે ૧૦ ચોગ્ગા અને ૧૨ છગ્ગા લગાવ્યા.

# આખી દુનિયાની નજર મેસ્સી પર, શું આર્જેન્ટિના બનશે સતત બીજી વાર વર્લ્ડ ચેમ્પિયન ?

(એજન્સી દ્વારા) ન્યુયોર્ક : આર્જેન્ટિના ફીફા વર્લ્ડકપ ૨૦૨૬ના ફાઈનલમાં પહોંચી ગયું છે! સ્પેન સામે ૨૦ જુલાઈએ થનારા મહામુકાબલામાં લીયોનેસ મેસ્સી પાસે છે ઈતિહાસ રચવાની છેલ્લી તક. ૮ ગોલ અને ૪ આસિસ્ટ સાથે મેસ્સી હાલ ગોલ્ડન બૂટની રેસમાં પણ ટોપ પર છે. શું કિંગ મેસ્સી આ વખતે ડબલ ધમાકો કરશે? આર્જેન્ટિનાની ટીમ અત્યારે સુપર ફોર્મમાં છે. તેમણે ક્વાર્ટર ફાઈનલમાં સ્વિટ્ઝર્લેન્ડને ૩-૧ થી અને સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડને ૨-૧ થી હરાવીને ફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરી લીધી છે. આર્જેન્ટિના અત્યાર સુધીમાં ૩ વખત ફિફા વર્લ્ડ કપ ટાઈટલ જીતી ચૂક્યું છે (૧૯૭૮, ૧૯૮૬ અને ૨૦૨૨). જો આ વખતે તેઓ સ્પેનને હરાવે છે, તો તે તેમનું ચોથું વર્લ્ડ કપ ટાઈટલ હશે.

આર્જેન્ટિના પાસે સતત બે વર્લ્ડ કપ (૨૦૨૨ અને ૨૦૨૬) જીતવાની તક છે. આવું કરનાર તેઓ ૧૯૬૨ પછીના ૬૪ વર્ષમાં પ્રથમ દેશ બની શકે છે (છેલ્લે બ્રાઝિલે ૧૯૫૮ અને ૧૯૬૨માં સતત બે ટાઈટલ જીત્યા હતા). લિયોનેલ મેસ્સી હાલમાં ૨૦૨૬ વર્લ્ડ કપના ગોલ્ડન બૂટની રેસમાં સૌથી આગળ છે. તેમણે અત્યાર સુધી ટુર્નામેન્ટમાં ૮ ગોલ અને ૪ આસિસ્ટ કર્યા છે. આશ્ચર્યજનક બાબત એ છે કે મેસ્સીએ તેની ભવ્ય કારકિર્દીમાં ૨ વાર ગોલ્ડન બોલ (બેસ્ટ પ્લેયર) જીત્યો છે, પરંતુ ક્યારેય વર્લ્ડ કપમાં ગોલ્ડન બૂટ (સૌથી વધુ ગોલ) જીત્યો નથી. આ વખતે તેમની પાસે આ કારનામું કરવાની પહેલી તક છે. ફ્રાન્સના સ્ટાર કિલિયન એમ્બાપ્પે પણ ૮ ગોલ સાથે મેસ્સીની બરાબરી પર છે, પરંતુ મેસ્સી પાસે ૪ આસિસ્ટ છે જ્યારે એમ્બાપ્પે પાસે ૩ છે. ફિફાના નિયમ મુજબ, જો ગોલ સરખા હોય, તો વધુ આસિસ્ટ કરનાર પ્લેયરને ગોલ્ડન બૂટ મળે છે. ઈંગ્લેન્ડ સામેની સેમિફાઈનલમાં મેસ્સીએ પોતે ગોલ ન કર્યો હોવા છતાં, તેમણે એન્ઝો ફર્નાન્ડીઝ અને લૌતારો માર્ટિનેઝને ૨ અદભુત આસિસ્ટ આપીને આર્જેન્ટિનાને ૨-૧ થી જીત અપાવી હતી. ૩૯ વર્ષની ઉંમરે પણ મેસ્સી જે રીતે રમત રમી રહ્યા છે, તે સાબિત કરે છે કે કેમ તેમને ફૂટબોલના ઈતિહાસના સવર્શ્રેષ્ઠ ખેલાડી ગણવામાં આવે છે. ગોલ્ડન બૂટની રેસ હજુ પણ ઓપન છે.




## અમને કશું ભીખમાં નથી મળ્યું... ફિફા વર્લ્ડ કપ ફાઈનલમાં પહોંચતા જ ટ્રોલ્સ પર ભડક્યો મેસી

ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની રોમાંચક સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડને ૨-૧થી પરાજય આપીને સતત બીજી વખત ફાઈનલમાં પ્રવેશ કરી ઈતિહાસ રચવા તરફ મજબૂત કદમ વધાર્યા છે. એક સમયે હારની અણી પર રહેલી આર્જેન્ટિનાની ટીમને ૩૯ વર્ષના ફૂટબોલના જાદુગર લિયોનેલ મેસ્સીએ પોતાની અદ્ભુત રમતથી જીત અપાવી હતી. આ મેચ બાદ ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી કેને પણ સ્વીકાર્યું કે મેસ્સીને આખી મેચમાં રોકી શકાય છે પરંતુ છેલ્લી ક્ષણોમાં તે મેચ છીનવી જાય છે. લિયોનેલ મેસ્સી હાલમાં ૮ ગોલ અને ૨ આસિસ્ટ સાથે કિલિયન એમ્બાપ્પેને પાછળ છોડીને ગોલ્ડન બૂટની રેસમાં ટોચ પર પહોંચી ગયા છે.

## ૧૯ વર્ષ પહેલાં જેને ખોળામાં નવડાવ્યો, હવે તેની જ સામે ફાઇનલ રમશે મેસી! ફિફા વર્લ્ડકપમાં ગજબ સંયોગ

(એજન્સી દ્વારા) યુયોર્ક : એક તરફ ૩૯ વર્ષના મહાન ખેલાડી લિયોનેલ મેસ્સી હશે અને બીજી તરફ ૧૯ વર્ષનો યુવા સ્ટાર લામિન યમાલ. આ બંને ખેલાડીઓ વચ્ચે ૧૯ વર્ષ જૂનો એક એવો કિસ્સો જોડાયેલો છે, જેના પર ફિલ્મી સ્ક્રિપ્ટની જેમ પણ વિશ્વાસ કરવો મુશ્કેલ છે. આ કહાની ડિસેમ્બર ૨૦૦૭માં શરૂ થઈ હતી. તે સમયે લિયોનેલ મેસ્સી ૨૦ વર્ષના હતા અને બાર્સિલોના ક્લબ માટે રમીને એક ઉભરતા સિતારા તરીકે નામના મેળવી રહ્યા હતા. સ્પેનિશ અખબાર 'ડિયારિયો સ્પોર્ટ' અને યુનિસેફ ના એક ચેરિટી કેલેન્ડર ફોટોશૂટ માટે મેસ્સીએ એક સ્થાનિક પરિવારના ૫ મહિનાના બાળક સાથે તસવીરો ખેંચાવવાની હતી. એ માસૂમ બાળક બીજું કોઈ નહીં પણ લામિન યમાલ હતો.



# 8,000 ભાગીદારી રન પૂર્ણ, રોહિત-વિરાટની જોડી વિશિષ્ટ ક્લબમાં જોડાઈ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટના બે સૌથી વિશ્વસનીય બેટ્સમેન, રોહિત શર્મા અને વિરાટ કોહલીએ વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ટીમ ઈન્ડિયા કાર્ડિફના સોફિયા ગાર્ડન્સ ખાતે ઈંગ્લેન્ડ સામે બીજી વનડે હારી ગઈ હોવા છતાં, આ મેચે રોહિત અને વિરાટનું સ્થાન ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં સૌથી સફળ બેટિંગ સંયોજનોમાંના એક તરીકે મજબૂત બનાવ્યું. તેમની ૬૦ રનની ભાગીદારી સાથે, બંને ખેલાડીઓએ



આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૮,૦૦૦ રનનો આંકડો વટાવી દીધો. તેઓ ભારતના ૯૪ વર્ષના આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં આ સિદ્ધિ હાંસલ કરનારી ત્રીજી ભારતીય જોડી બની. ભારતીય ટીમે ૧૯૩૨ માં તેનો પહેલો આંતરરાષ્ટ્રીય મેચ રમ્યો હતો. ત્યારથી, ઘણા મહાન બેટ્સમેનોએ ભારતીય ક્રિકેટનું પ્રતિનિધિત્વ કર્યું છે, પરંતુ ફક્ત ત્રણ જોડીએ ૮,૦૦૦ થી વધુ ભાગીદારી રન બનાવવાની સિદ્ધિ હાંસલ કરી છે. યાદીમાં ટોચ પર સચિન તેંડુલકર અને સૌરવ ગાંગુલીની જોડી છે, જેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૨,૪૦૦ રન બનાવ્યા છે. બીજા ક્રમે સચિન તેંડુલકર અને રાહુલ દ્રવિડ છે, જેમણે ૧૧,૦૩૭ ભાગીદારી રન બનાવ્યા છે. હવે, રોહિત શર્મા અને વિરાટ કોહલી ૮,૦૨૮ ભાગીદારી રન બનાવીને આ શ્રેષ્ઠ ક્લબમાં જોડાયા છે.

# રોહિત શર્મા પર કોઈ દબાણ નથી, ભારતીય બેટિંગ કોચ કોટકે નિવૃત્તિની અફવાઓને ફગાવી દીધી



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ભારત-ઈંગ્લેન્ડ બીજી વનડે વચ્ચે, એક સમાચારે હંગામો મચાવ્યો કે ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને દિગ્ગજ ઓપનર રોહિત શર્મા લોર્ડ્સમાં શ્રેણીની છેલ્લી વનડે રમશે. હવે, રોહિતના ફોર્મ વિશે વાત કરતા, ટીમના બેટિંગ કોચ, સિતાંશુ કોટકે એક નિવેદનમાં નિવૃત્તિની અફવાઓને ફગાવી દીધી છે.

કાર્ડિફના સોફિયા ગાર્ડન્સ ખાતે ત્રણ મેચની શ્રેણીની બીજી વનડેમાં ટીમ ઈન્ડિયાની હાર બાદ, એવી અફવાઓ ફેલાઈ હતી કે રોહિત શર્મા રવિવારે લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે શ્રેણીની ત્રીજી અને અંતિમ વનડેમાં ભારત માટે છેલ્લી વખત રમશે. ભારતીય ક્રિકેટ ટીમના બેટિંગ કોચ સિતાંશુ કોટકે આ અફવાઓને ફગાવી દીધી. ગયા વર્ષે કેપ્ટનશીપ પરથી હટાવાયા બાદ, ટીમ ઈન્ડિયા આઈસીસી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૭ માટે રોહિતના ભવિષ્ય વિશે સતત અટકળો ચાલી રહી છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ટીમ રોહિતથી આગળ વધશે અને યશસ્વી જયસ્વાલ અને ઈશાન કિશનને ઈનિંગ ઓપન કરવાની તક આપશે, ત્યારે કોટકે કહ્યું કે ૩૯ વર્ષીય ખેલાડી પર કોઈ દબાણ નથી અને બે ઈનિંગ ખેલાડી તરીકે તેની ક્ષમતા નક્કી કરતી નથી. ભારતીય ટીમના બેટિંગ કોચે કહ્યું, "મને નથી લાગતું કે રોહિત શર્મા પર કોઈ દબાણ હશે. તે એટલો સારો ખેલાડી છે કે તેને એવું લાગશે નહીં. ભલે તે રન ન બનાવે, મને નથી લાગતું કે તેનાથી કોઈ ફરક પડશે. પરંતુ આજે, એવું લાગતું હતું કે તે સારી ઈનિંગ રમી શકે છે, પરંતુ તે ઠીક છે." બીજી વનડેમાં રોહિતના લાંબા સંઘર્ષ વિશે બોલતા, કોટકે મુશ્કેલીઓને ઓછી ગણાવી અને આશા વ્યક્ત કરી કે તે શ્રેણી-નિર્ણાયક મેચમાં તેના શ્રેષ્ઠ ફોર્મમાં પાછો ફરશે. નોંધનીય છે કે રોહિત શર્મા બીજી વનડેમાં ૪૭ બોલમાં ૨૬ રનની ધીમી ઈનિંગ રમ્યા બાદ આઉટ થયો હતો. રોહિત શર્મા વિશે બોલતા, બેટિંગ કોચ સિતાંશુ કોટકે કહ્યું, "સાચું કહું તો, મેં ઘણું ક્રિકેટ રમ્યું છે અને ઘણું ક્રિકેટ જોયું છે. ક્યારેક, બેટ્સમેનોને જે ગતિ તેઓ શોધી રહ્યા છે તે મળતી નથી, અને તે થઈ શકે છે. તમે લોર્ડ્સમાં રોહિત શર્માથી સંપૂર્ણપણે અલગ ઈનિંગ જોઈ શકો છો.

# તમન્નાએ લંડનમાં રાગિની ૩નું શૂટિંગ શરૂ કર્યું, સેટ પરથી ફર્સ્ટ લૂક કર્યો શેર

(એજન્સી દ્વારા)

મુંબઈ : ફિલ્મ રાગિની ૩ ને લઈને મહત્વના અપડેટ સામે આવી છે. બાલાજી મોશન પિક્ચર્સે તેની આગામી ડેટ નાઈટ હોરર એન્ટરટેનર ફિલ્મ રાગિની ૩નું શૂટિંગ શરૂ કરી દીધું છે. તમન્ના ભાટિયા અભિનીત આ ફિલ્મનું શૂટિંગ લંડનમાં શરૂ કરવામાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ફિલ્મ ૨૦૨૭માં સિનેમાઘરોમાં રિલીઝ થશે. શાંક ઘોષના દિગ્દર્શનમાં બની રહેલી ફિલ્મ રાગિની ૩ લોકપ્રિય ભારતીય હોરર ફ્રેન્ચાઈઝીને એક નવી જ અને રોમાંચક દિશામાં લઈ જશે. હોરર, રોમૅન્સ અને અનેક અણધાર્યા વળાંકોનું અનોખું મિશ્રણ આ ફિલ્મને એક નવી ઓળખ આપશે, સાથે જ ફ્રેન્ચાઈઝીની ઓળખ બનેલો સસ્પેન્સ અને થ્રિલ પણ જાળવી રાખશે. આ ફિલ્મે શરૂઆતથી જ સૌનું ધ્યાન ખેંચ્યું છે, મીડિયા અહેવાલો અનુસાર પહેલા લીડ રોલ માટે નોરા ફતેહીનો વિચાર કરવામાં આવ્યો હતો. પણ તે લોસ એન્જલસમાં આંતરરાષ્ટ્રીય શૂટિંગ અને સમયની




પ્રતિકૂળતાઓને કારણે સપ્ટેમ્બર ૨૦૨૫માં જ આ પ્રોજેક્ટમાંથી બહાર થઈ ગઈ હતી. આ વર્ષની શરૂઆતમાં એવી ખબર મળી હતી કે દિગ્દર્શક સાહિર રઝાએ ટાઈમટેબલની તકરારને કારણે દિગ્દર્શનથી દૂર રહ્યા બાદ ફિલ્મને અટકાવી હતી. ત્યારબાદ તરત જ નિર્માતાઓએ સત્તાવાર રીતે તમન્ના ભાટિયા અને જુનૈદ ખાનની મુખ્ય જોડી સાથે આ પ્રોજેક્ટનું અનાવરણ કર્યું હતું.


તમન્ના ભાટિયાએ ફિલ્મના પહેલા શેડ્યૂલનું શૂટિંગ હાલ લંડનમાં આરંભી દીધું છે. આમ તો તમન્ના કમર્શિયલ ફિલ્મોમાં મજબૂત પાત્રો વચ્ચે સરળતાથી સંતુલન જાળવે છે, હવે એક્ટ્રેસનું પાત્ર એક અલગ જ મિજાજમાં આવી રહ્યું છે, જે રહસ્યમયી પણ છે અને કંઈક નવું જ લાવી રહ્યું છે. આ ફિલ્મ માટે તમન્ના એ નિર્માતાઓની ફર્સ્ટ અને એકમાત્ર પસંદગી હતી. કારણ કે તેઓના માઈન્ડમાં ક્લિયર જ હતું કે આ એક્ટ્રેસ હોરર, રોમૅન્સ અને હાસ્યના આ અનોખા મિશ્રણને પડદા પર બખૂબી નિભાવી શકશે. રાગિની ૩ એ રાગિની એમ. એમ. એસ. ફ્રેન્ચાઈઝીનો ત્રીજો પાર્ટ છે. જેનો પ્રથમ ભાગ ૨૦૧૧માં રીલીઝ થયો હતો. પ્યોર રોમાંચક તરફ જવાને બદલે આ વખતે ફિલ્મમાં રહસ્યનો ઘટસ્ફોટ અને હાસ્યનું ઉમેરણ થવાનું છે. આ જ કારણોસર તેમાં હવે હળવાશ પ્લસ હોરરનું તત્વ ઉમેરાશે.

# બોલીવુડની ગોસિપનો રસિયો છે પ્રિયંકાનો અમેરિકન હસબન્ડ



(એજન્સી દ્વારા) મુંબઈ : બૉલીવુડ અને હૉલીવુડ બન્ને જગ્યાએ પોતાનું ખાસ સ્થાન બનાવનાર પ્રિયંકા ચોપડાનું કહેવું છે કે તેના પતિ નિક જોનસને બૉલીવુડની ગૉસિપમાં ખૂબ રસ છે. પ્રિયંકાએ જોનસ બ્રધર્સના પૉડકાસ્ટમાં નિકની આ આદત વિશે વાત કરતાં કહ્યું હતું કે 'નિક હવે મારા માટે બૉલીવુડના સમાચારોનો સૌથી વિશ્વસનીય સોર્સ બની ગયો છે. બૉલીવુડમાં કોના જીવનમાં શું ચાલી રહ્યું છે એની માહિતી ઘણી વખત નિકને મારા કરતાં પણ વધુ હોય છે. ઘણી વખત હું કોઈ સેલિબ્રિટીને મેસેજ કરીને લખું છું કે તમારા પાર્ટનરને મારો પ્રેમ આપજો ત્યારે નિક તરત જ મને રોકીને કહે છે, 'ના, એ બન્નેનું તો બ્રેકઅપ થઈ ગયું છે.' આવું ઘણી વખત થાય છે અને મને નિક પાસેથી જ સાચી હકીકતની ખબર પડે છે.' નિક અને તેના ભાઈઓ કેવિન અને જો જોનસ ગીત-સંગીતની દુનિયામાં છે અને તેમનું જોનસ બ્રધર્સ નામનું પૉપ-રૉક બૅન્ડ છે.

# ટોક્સિક સાથે ટક્કર ટાળવા માટે બદલાશે ઈઠાની રિલીઝ-ડેટ





(એજન્સી દ્વારા) મુંબઈ : શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મ 'ઈઠા'ની રિલીઝ-તારીખ બદલાઈ શકે છે. આ ફિલ્મ ૨૮ ઑગસ્ટે રિલીઝ થશે એવી જાહેરાત કરવામાં આવી હતી પણ હવે યશની 'ટૉક્સિક : અ ફેરીટેલ ફૉર ગ્રોન અપ્સ' સાથે બૉક્સ-ઑફિસ પર સીધી ટક્કર ટાળવા માટે 'ઈઠા'ની તારીખમાં ફેરફાર કરવાનું એના નિર્માતાઓ પ્લાનિંગ કરી રહ્યા છે. હાલમાં નિર્માતાઓ ફિલ્મને વહેલી રિલીઝ કરવી કે પછી પોસ્ટપોન કરવી એ વિશે ચર્ચા કરી રહ્યા છે. જોકે એક વાત લગભગ કન્ફર્મ છે કે ફિલ્મ હવે એની અગાઉ જાહેર કરાયેલી ૨૮ ઑગસ્ટની તારીખે રિલીઝ નહીં થાય. ટૂંક સમયમાં નવી રિલીઝ-તારીખની સત્તાવાર જાહેરાત થઈ શકે છે.

# પરેશ રાવલે અક્ષય કુમાર તરફથી મળેલી ૨૫ કરોડની નોટિસનો જવાબ આપ્યો

(એજન્સી દ્વારા)

મુંબઈ : પરેશ રાવલે ફરી એકવાર અક્ષય કુમાર તરફથી હેરા ફેરી ૩ અંગે મળેલી ૨૫ કરોડની નોટિસ પર પ્રતિક્રિયા આપી છે. હેરા ફેરી ફ્રેન્ચાઈઝની ત્રીજી ફિલ્મ હેરા ફેરી ૩ ની માલિકી અંગેનો વિવાદ હજુ પણ ઉકળતો રહે છે. આ મામલો હાલમાં કોર્ટમાં છે અને ફિલ્મ મુલતવી રાખવામાં આવી છે. દરમિયાન, પરેશ રાવલે અક્ષય કુમાર તરફથી મળેલી ૨૫ કરોડની નોટિસનો જવાબ આપ્યો છે. હેરા ફેરી ૩ નું શૂટિંગ ગયા વર્ષે શરૂ થવાનું હતું, પરંતુ તે પહેલાં, પરેશ રાવલ ફિલ્મમાંથી ખસી ગયા. અભિનેતાના અચાનક બહાર જવાથી હોબાળો મચી ગયો, અને અક્ષય કુમારે તેમને ૨૫ કરોડની નોટિસ મોકલી. થોડા દિવસો પછી, મામલો ઠંડો પડી ગયો, અને પરેશ રાવલે ફિલ્મમાં પાછા ફરવાની જાહેરાત કરી.

હવે, પરેશ રાવલે ફરી એકવાર આ બાબત પર વાત કરી છે. અભિનેતાએ સમજાવ્યું કે તેમણે ફિલ્મ કેમ છોડી દીધી. વિકી લાલવાણી સાથેની



વાતચીતમાં, તેમણે કહ્યું, "એવું નહોતું કે હું અક્ષય કુમાર સાથે કામ કરવામાં કોઈ વાંધો હતો કે મને તેની જોડે ફાવતું નહોતું." તે કરાર આધારિત બાબત હતી. જો હું આ ફિલ્મ કરવા માંગતો હોત, તો મારે ફિરોઝ (નિર્માતા) ની મંજૂરીની જરૂર હતી, કારણ કે તે "હેરા ફેરી" ફ્રેન્ચાઈઝી, તેમજ "આવારા પાગલ દીવાના" અને "વેલકમ" જેવી અન્ય ફિલ્મોનો એકમાત્ર માલિક છે. તેમની મંજૂરી ન મળે ત્યાં સુધી હું કોઈ વચન આપી શકું નહીં.

જ્યારે પરેશ રાવલે અચાનક ફિલ્મ છોડી દીધી, ત્યારે નિર્માતા-અભિનેતા અક્ષય કુમારે તેમને ૨૫ કરોડ રૂપિયાની નોટિસ મોકલી, જેમાં તેમના પર કરાર તોડવા અને પ્રોજેક્ટને નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો. આનાથી અભિનેતા ચોંકી ગયા. તેમણે કહ્યું, "જ્યારે કાનૂની નોટિસ આવી, ત્યારે મેં વિચાર્યું, મને કાનૂની બાબતોમાં શા માટે ખેંચવામાં આવી રહ્યો છે? શું હું અહીં ફિલ્મ બનાવવાનો આનંદ માણવા માટે આવ્યો છું કે તેમાં ફસાઈ જવા માટે? મેં મારી જાતને કહ્યું કે હું હવે આનો ભાગ બનવા માંગતો નથી." અક્ષય કુમારની કાનૂની નોટિસ પર પરેશ રાવલની પ્રતિક્રિયા ભાવનાત્મક હતી. "તે કદાચ એક કેસ હતો, તે મને કેવી રીતે ના કહી શકે? તે ભાવનાત્મક રીતે નારાજ થયો હશે," એવું પરેશ રાવલે કહ્યું. જ્યારે પરેશ રાવલને પૂછવામાં આવ્યું કે શું અક્ષય અને ફિરોઝ વચ્ચેનો મામલો ઉકેલાઈ ગયો છે, ત્યારે તેમણે કહ્યું, "મને લાગ્યું કે બધું ઉકેલાઈ ગયું છે, પરંતુ ગઈકાલે જ મેં સાંભળ્યું કે અક્ષયે ફિરોઝને નોટિસ મોકલીને કહ્યું છે કે તેની પાસે અધિકારો છે, તેથી તેમાં દખલ ન કરો અને વસ્તુઓ જેમ છે તેમ ચાલવા દો. હવે, ફિરોઝ આ ફિલ્મ શરૂઆતથી બનાવવાનો પ્રયાસ કરશે."

# માધાપરમાં ભક્તિભાવપૂર્વક નીકળી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા





## સ્વામિનારાયણ પ્રસાદી મંદિર જૂનાવાસના ઉપક્રમે યોજાયેલા મહોત્સવમાં સંતો-મહંતો અને અગ્રણીઓ સહિત વિશાળ જનમેદની ઉમટી : નગરના રાજમાર્ગો 'જય રણછોડ'ના નારાથી ગુંજ્યા


ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના સમૃદ્ધ માધાપર ગામમાં અષાઢી બીજ અને કચ્છી નવા વર્ષના પવિત્ર અવસરે ભક્તિ અને ઉત્સાહનો સંગમ જોવા મળ્યો હતો. ભુજ નરનારાયણદેવ તાબાના સ્વામિનારાયણ પ્રસાદી મંદિર જૂનાવાસ માધાપર દ્વારા આ પાવન પર્વે એક ભવ્ય અને આકર્ષક રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. માધાપર નવાવાસ સ્થિત સ્વામિનારાયણ ભાઈઓના મંદિરથી આ ધાર્મિક યાત્રાનો મંગલ પ્રારંભ થયો હતો. હરિભક્તો દ્વારા શ્રીફળ વધારીને તેમજ ભાવપૂર્વક આરતી ઉતારીને રથયાત્રાને પ્રસ્થાન કરાવાયું હતું. આ વેળાએ સમગ્ર વાતાવરણ જય જગન્નાથ, જય રણછોડ, જય માખણચોરના ગગનભેદી જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

નયનરમ્ય રીતે શણગારેલા રથમાં બિરાજમાન ભગવાન જગન્નાથ, ભ્રાતા બલરામ અને ભગિની સુભદ્રાજીની મનમોહક મૂર્તિઓના દર્શન કરવા માટે સમગ્ર પંથકમાંથી જનમેદની ઉમટી પડી હતી. શ્રદ્ધાળુઓ અત્યંત ભક્તિભાવપૂર્વક પોતાના હાથે રથની દોરી ખેંચીને ધન્યતા અનુભવતા હતા. આ ભવ્ય શોભાયાત્રા માધાપરના મુખ્ય માર્ગો પર ફરી હતી, જેમાં શંકર મંદિર ચોકથી નીકળીને વથાણ ચોક અને બસ સ્ટોપ થઈને જૂનાવાસ પ્રસાદી મંદિરના માર્ગે અગ્રેસર થઈ હતી. રથયાત્રા જ્યારે રઘુનાથજી મંદિર પાસે પહોંચી ત્યારે ત્યાંના પ્રમુખ વેલજીભાઈ ભુડિયા અને ટ્રસ્ટી મંડળ દ્વારા ભગવાનનું પૂજન-અર્ચન કરી હારારોપણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, નવાવાસ બહેનોના મંદિર સમીપે સાંખ્યયોગી બહેનોએ પણ પ્રભુની શાસ્ત્રોક્ત વિધિથી પૂજા-અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ આકર્ષક અને ભવ્ય રથનું સુંદર નિર્માણ અરજણભાઈ ભુડિયાના કુશળ માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યું હતું, જે નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. રથયાત્રાની શોભા વધારવા માટે સુમધુર સૂર રેલાવતી બેન્ડ પાર્ટી અને રાસની રમઝટ બોલાવતી બાળ રાસમંડળીએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

આ સમગ્ર મહોત્સવના મુખ્ય પ્રેરણાસ્રોત તરીકે સદગુરુ પુરાણી સ્વામી બાળકૃષ્ણદાસજી, સદગુરુ પુરાણી સ્વામી કેશવજીવનદાસજી, પરમ પૂજ્ય મહંત સદગુરુ પૂજ્ય સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદગુરુ પૂજ્ય સ્વામી ભગવદ્જીવનદાસજી તેમજ કોઠારી પાર્ષદ જાદવજી ભગત રહ્યા હતા. આ મંગલ પ્રસંગે સ્વામિનારાયણ સંપ્રદાયના પૂજ્ય સંતો સર્વે સદગુરુ બાલકૃષ્ણસ્વામી, વિજ્ઞાનસ્વરૂપ સ્વામી, સૂર્યપ્રકાશ સ્વામી, પરમેશ્વર સ્વામી, સત્યપ્રકાશ સ્વામી, શ્રીજીનંદન સ્વામી, ઘનશ્યામચરણ સ્વામી, કેશવપ્રિયદાસજી સ્વામી, અક્ષરમુનિદાસજી સ્વામી, મુક્તિમુનિદાસજી સ્વામી, નૌત્તમમુનિ સ્વામી, દેવનંદન સ્વામી, શૌનકમુનિ સ્વામી અને દિવ્યપ્રસાદ સ્વામી ખાસ ઉપસ્થિત રહીને આશીર્વાદ પાઠવ્યા હતા.

ધાર્મિક મહોત્સવમાં સામાજિક અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓએ પણ હાજરી આપી હતી, જેમાં માધાપર નવાવાસ સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટીઓ ભીમજીભાઈ ભુડિયા, કાનજીભાઈ વેકરિયા, જાદવજીભાઈ ભુડિયા, કાનજીભાઈ ભુડિયા, હીરજીભાઈ ભુડિયા તેમજ નવાવાસ પંચાયતના સરપંચ વાલજીભાઈ ડાંગર, જિલ્લા પંચાયતના સદસ્ય રમેશભાઈ ચાડ અને તાલુકા પંચાયતના સદસ્ય હરીશભાઈ પિંડોરિયા જોડાયા હતા. આ સાથે જ માધાપર-નવાવાસ સ્વામિનારાયણ મંદિરના પૂર્વ પ્રમુખ રવજીભાઈ ભુડિયા, પૂર્વ ટ્રસ્ટી વાલજીભાઈ ભુડિયા તેમજ નવચેતન અંધજન મંડળ માધાપરના ખજાનચી જીણાભાઈ ડબાસિયાએ પણ હાજરી આપી હતી. જૂનાવાસ પ્રસાદી મંદિરના જાદવજીભાઈ વરસાણી અને સંજયભાઈ ભુડિયા સહિત અસંખ્ય હરિભક્તોએ આ પાવન યાત્રામાં જોડાઈને દર્શનનો લાભ લીધો હતો.

# અષાઢી બીજ નિમિત્તે હાજીપીર ગામે રામદેવપીરની પાટકોરી યોજાઈ




ભુજ - કચ્છઉદય : કચ્છના પ્રખ્યાત હાજીપીર ગામે આવેલા રામદેવપીરના મંદિરે અષાઢી બીજ નિમિત્તે સર્વે ભક્તોની શ્રદ્ધા અને આસ્થાથી તથા કોળી સમાજ દ્વારા પોલીસ તંત્રના સહકારથી અષાઢી બીજ નિમિત્તે ધાર્મિક પૂજા પાટકોરીનુ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પોલીસ અધિકારી વી.ડી. ગોહિલ, નરેન્દ્રસિંહ પરમાર, દિનેશભાઈ ચૌધરી, કિરણભાઈ નાઈ, કોલી સમાજના પ્રમુખ વરાયાભાઈ આચાર કોલી ઉપસ્થિત રહી ખૂબ જ સહકાર આપ્યો હતો. રામદેવપીરના ભક્તો ભાવપૂર્વક રામદેવપીરની પૂજામાં જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીયએ છે કે રામદેવપીરના ભક્તો માટે બીજનું ઘણું મહત્વ હોય છે અને બીજના દિવસે રામદેવપીરની વિશેષ પૂજા કરવામાં આવતી હોય છે. અષાઢી બીજ તેમાં મોટી બીજ તરીકે ખૂબ જ આસ્થા અને શ્રદ્ધાથી ઉજવાય છે. રાજસ્થાનમાં રણુજામાં રામદેવપીરનું મુખ્ય સ્થાનક આવેલું છે તેની સાથે કચ્છમાં પણ જુદા જુદા મંદિરો આવેલા છે. તેમાં ભક્તો ખૂબ જ શ્રદ્ધા ધરાવે છે.

હાજીપીર ગામ એ હિન્દુ મુસ્લિમની એકતા સમાન પવિત્ર યાત્રાધામ તરીકે પણ ખૂબ જ જાણીતું છે. પોલીસ દ્વારા પણ સહયોગ અપાયો હતો.

# ભુજના સંસ્કૃત પાઠશાળા ખાતે કચ્છી નવાવર્ષનું સ્નેહમિલન યોજાયું



ભુજ - કચ્છઉદય : શહેર ખાતેના છઠ્ઠીબારી રિંગ રોડ ઉપર આવેલ સંસ્કૃત પાઠશાળા, હાટકેશ સેવા મંડળ તથા હાટકેશ અંબિકા મહિલા મંડળ દ્વારા અષાઢી બીજની પૂર્વ સંખ્યાએ સ્નેહામિલન યોજવામાં આવેલ હતું. ગીરીનભાઈ બક્ષી તેમજ જયશ્રીબેન હાથીના વડપણ હેઠળ યોજાયેલા સ્નેહમિલનમાં શરૂઆતમાં હસમુખભાઈ વોરા દ્વારા અષાઢીબીજ કચ્છી નવાવર્ષનું મહત્વ સમજાવ્યું હતું. હાટકેશજન પુસ્તકનું વિતરણ કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે પાઠશાળાના પંડિત રોહિતભાઈ પાઠક, સંચાલક વીભાકરભાઈ અંતાણી, વારીશભાઈ પટણી, અશિતભાઈ અંતાણી, જીતેન્દ્રભાઈ છાયા, સુરેશભાઈ, પારૂલબેન બુચ, તેજલબેન જાની, દર્શનાબેન મુનશી, જ્યોતિબેન ભટ્ટ સહિતના કાર્યકરો, હોદ્દેદારો હાજર રહ્યા હતા તેવું વસ્તલાબેન શુકલની યાદીમાં જણાવાયું હતું.

# ભાજપ મહિલા મોરચાની નવી પ્રદેશ ટીમમાં કચ્છને મહત્વનું સ્થાન



**મુંદરાની મહિલા આગેવાનને પ્રદેશ ઉપપ્રમુખ પદની જવાબદારી સોંપાતા કાર્યકરોમાં આનંદની લાગણી**

મુંદરા - કચ્છ ઉદય : ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચાની નવી પ્રદેશ કારોબારીની જાહેરાત સાથે કચ્છને રાજ્ય કક્ષાએ મહત્વનું પ્રતિનિધિત્વ મળ્યું છે. મહિલા મોરચાના પ્રદેશ ઉપપ્રમુખ પદે મુંદરાની મહિલા આગેવાન શ્રી છાયાબેન વી. ગઢવીની વરણી કરવામાં આવતા જિલ્લા ભાજપ સંગઠન તેમજ મહિલા કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાયો છે. ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના નેતૃત્વ હેઠળ જાહેર કરાયેલી નવી ટીમમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી અનુભવી અને સક્રિય મહિલા આગેવાનને સ્થાન આપવામાં આવ્યું છે. પ્રદેશ ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી, કોષાધ્યક્ષ અને કાર્યાલય મંત્રી સહિતના મહત્વપૂર્ણ હોદ્દાઓ માટે કરવામાં આવેલી નિમણૂકોમાં કચ્છને મળેલું પ્રતિનિધિત્વ વિશેષ મહત્વ ધરાવે છે. શ્રી છાયાબેન ગઢવી લાંબા સમયથી સામાજિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. તેઓ જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ તેમજ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન તરીકે કામગીરી કરી ચૂક્યા હોવાથી સંગઠન અને વહીવટી ક્ષેત્રે સમૃદ્ધ અનુભવ ધરાવે છે. તેમના અનુભવ અને કાર્યક્ષમતાને ધ્યાનમાં રાખીને તેમને રાજ્ય કક્ષાની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હોવાનું સંગઠનના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. કચ્છના કાર્યકરોનું માનવું છે કે આ નિમણૂકથી જિલ્લાના પ્રશ્નો અને મહિલાઓના મુદ્દાઓને રાજ્ય કક્ષાએ વધુ અસરકારક રીતે રજૂ કરવાની તક મળશે. વિવિધ રાજકીય, સામાજિક અને શૈક્ષણિક આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. કચ્છમાંથી મહિલા નેતૃત્વને મળેલું આ સ્થાન જિલ્લામાં મહિલા સશક્તિકરણ માટે પણ પ્રેરણારૂપઉ બનશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જવાહર નવોદય વિદ્યાલય, ડુમરામાં વિવિધ કરાર આધારિત જગ્યાઓ માટે ઓનલાઇન ઇન્ટરવ્યૂ યોજાશે

ભુજ - કચ્છઉદય : પીએમ જવાહર નવોદય વિદ્યાલય, ડુમરા (જિલ્લો-કચ્છ) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ જગ્યાઓ ભરવા માટે ૧૮ જુલાઈના સવારે ૧૧વાગ્યાથી ઓનલાઈન ઈન્ટરવ્યૂ યોજાશે. અત્રે ખાસ નોંધ લેવી કે આ તમામ જગ્યાઓ સંપૂર્ણપણે કરાર આધારિત (કોન્ટ્રાક્ટ બેઝ) છે. વિદ્યાલય દ્વારા પીજીટી (ભૂગોળ, અંગ્રેજી), ટીજીટી (હિન્દી, વિજ્ઞાન, અંગ્રેજી), આર્ટ ટીચર, મ્યુઝિક ટીચર, ડાન્સ એક્સપર્ટ, પુરુષ કાઉન્સેલર, એઆર-વીઆર ઈન્સ્ટ્રક્ટર તથા મેટ્રોન જેવી જગ્યાઓ માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

રસ ધરાવતા ઉમેદવારોએ જરૂરી શૈક્ષણિક લાયકાત મુજબ ગુગલ ફોર્મ દ્વારા ઓનલાઈન અરજી કરવી રહેશે. અરજી કરવાની છેલ્લી તારીખ ૧૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ સવારે ૮:૪૫ વાગ્યા સુધી રાખવામાં આવી છે. અરજીઓની ચકાસણી બાદ લાયક ઉમેદવારોને ઓનલાઈન ઈન્ટરવ્યૂ માટે જાણ કરવામાં આવશે. ઉમેદવારોએ ઈન્ટરવ્યૂ દરમિયાન યોગ્ય સ્પીડ ધરાવતું ઈન્ટરનેટ કનેક્શન રાખવાની પણ સૂચના આપ વામાં આવી છે. વધુ માહિતી માટે ઉમેદવારો વિદ્યાલય દ્વારા જાહેર કરાયેલા મોબાઈલ નંબર ૯૫૧૮૪ ૫૫૧૯૬ પર સંપર્ક કરી શકે છે.

# અષાઢી બીજ નિમિત્તે અમદાવાદમાં કચ્છીયતની ભવ્ય ઉજવણી

**સમાજના આધારસ્તંભોનું સન્માન અને 'કચ્છ જી સારી' એપનું લોકાર્પણ**

અમદાવાદ-કચ્છ ઉદય : કચ્છી સમાજ અમદાવાદ દ્વારા કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજની ઉજવણી નિમિત્તે ૧૯ જુલાઈ, રવિવારે શાહીબાગ સ્થિત સરદાર પટેલ સ્મારક ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છી સંસ્કૃતિ, પરંપરા અને સામાજિક એકતાને સમર્પિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન કચ્છી સમાજ અમદાવાદના સ્થાપનાકાળના આધારસ્તંભ અને સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા અશોકકુમાર સાકરચંદ મહેતા તથા ઘનશ્યામભાઈ પ્રેમજી ભવાનજી ઠક્કરનું જાહેર સન્માન કરવામાં આવશે.

ઉપરાંત સમાજના સભ્યોને માહિતી અને સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી તૈયાર કરાયેલી મોબાઈલ એપ 'કચ્છ જી સારી'નું લોકાર્પણ પણ કરવામાં આવશે.

ઉજવણીને વધુ રંગીન બનાવવા લય અંતાણી દ્વારા મ્યુઝિકલ હાઉસીનું આયોજન કરવામાં આવ્યું છે.

કચ્છી સમાજ અમદાવાદના પ્રમુખ કૈલાશદાન ગઢવી અને હોદ્દેદારોએ સમાજજનોને પરિવાર સાથે ઉપસ્થિત રહી કચ્છી નૂતન વર્ષના પર્વની ઉજવણીમાં સહભાગી બનવા અપીલ કરી છે.

# વરસાદે ફેરવ્યો મોં, જાડવામાં હજારો પશુઓ પર ભૂખમરાનું સંકટ



નખત્રાણા - કચ્છઉદય : કચ્છમાં વરસાદની ખેંચ વચ્ચે સરહદી તાલુકાના જાડવા ગામમાં પશુપાલકો માટે અત્યંત કરૂણ અને ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. ગામમાં અંદાજે ૨,૫૦૦થી ૩,૦૦૦ જેટલા પશુઓ ઘાસચારો અને પીવાના પાણીના અભાવે જીવન - મરણ વચ્ચે ઝઝૂમી રહ્યા છે. ગૌચર, ચરિયાણ અને સીમ વિસ્તાર સંપૂર્ણપણે સુકાઈ જતાં પશુઓ માટે એક મુઠ્ઠી ઘાસ પણ દુર્લભ બની ગયો છે. વરસાદ ન પડતાં લીલા ઘાસચારાનું ઉત્પાદન સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે. બજારમાં ઘાસચારો અને પશુ આહારના ભાવ આસમાને પહોંચતાં નાના અને મધ્યમ પશુપાલકો માટે પશુઓનું ભરણ પોષણ કરવું મુશ્કેલ બન્યું છે. વર્ષો સુધી પરિવારના સભ્યની જેમ ઉછેરેલા પશુઓને ભૂખ્યા જોવાની વેદના પશુપાલકો માટે અસહ્ય બની રહી છે. ડુંગર મંગલ રબારી કહેવું છે કે જો આગામી દિવસોમાં તાત્કાલિક રાહત નહીં મળે તો અનેક નિર્દોષ પશુઓ ભૂખમરા, કુપોષણ અને તરસના કારણે મોતને ભેટી શકે છે. પશુઓને બચાવવા માટે હવે સરકાર અને સમાજ બંનેએ સંવેદનશીલ બની આગળ આવવાની જરૂર છે. જાડવા ગામના ડુંગર મંગલ રબારીએ રાજ્ય સરકાર તેમજ ગામની નજીક આવેલી અદાણી અને અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીને કરુણ અપીલ કરી છે. રજૂઆતમાં તાત્કાલિક ઘાસચારા ડેપો અથવા પશુ છાવણી શરૂ કરવા, વિનામૂલ્યે અથવા રાહત દરે ઘાસચારો અને પશુ આહાર ઉપલબ્ધ કરાવવા, પીવાના પાણીની વ્યવસ્થા કરવા તેમજ પશુચિકિત્સકોની વિશેષ ટીમ મોકલી પશુઓની સારવાર કરવાની માંગ કરવામાં આવી છે. પશુપાલકોનું કહેવું છે કે સમયસર મદદ નહીં મળે તો માત્ર પશુઓ જ નહીં, પરંતુ પશુપાલન પર નિર્ભર અનેક પરિવારોની આજીવિકા પણ જોખમમાં મુકાઈ જશે. હવે સૌની નજર સરકાર અને સામાજિક જવાબદારી નિભાવતી કંપનીઓના નિર્ણય પર મંડાઈ છે.

# રામેશ્વર મહાદેવ મંદિરે ૧૦માં પાટોત્સવની ભક્તિભાવ સાથે ઉજવણી





ભુજ : શહેરના ઓધવપાર્ક-૩માં આવેલા શ્રી રામેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં ૧૦ પાટોત્સવની ભક્તિભાવ અને બહોળા ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શ્રી ઓધવ વિકાસ સમિતિ તેમજ રામેશ્વર મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે આ ધાર્મિક પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લઘુરૂદ્રી, હવન, મહાઆરતી, મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. આ અંગે વધુ વિગતો આપતા રામેશ્વર મહિલા મંડળના પ્રમુખ દીપાબેન ઠક્કરે જણાવ્યું હતું કે, રામેશ્વર મહાદેવ, શ્રી જલારામ બાપા અને શ્રી મોમાય માતાજી મંદિરનો આ ૧૦મો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સવારે રામેશ્વર મહાદેવ મંદિરે લઘુરૂદ્રી કરવામાં આવી હતી. જેમાં મંડળની કારોબારી બહેનોએ સેવા આપી હતી. ઉપરાંત આ લઘુરૂદ્રીમાં બહોળી સંખ્યામાં ભાવિકો ઉત્સાહભેર જોડાયા હતા. ત્યાર બાદ હવનનું આયોજન કરાયું હતું. હવનમાં આહૂતિ આપ્યા બાદ સાંજે મહાઆરતી અને ત્યાર બાદ મહાપ્રસાદનું આયોજન કરાયું હતું.

ઓધવ વિકાસ સમિતિના મંત્રી જીતેન્દ્ર ઠક્કરે જણાવ્યું હતું કે, રામેશ્વર મહાદેવ મંદિરના પાટોત્સવ નિમિત્તે ઓધવપાર્ક-૩માં આવેલ કોલોનીના પરિવારો ઉપરાંત આસપાસના ભાવિક ભક્તોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. મહોત્સવના મુખ્ય દાતા પરિવાર તરીકે આશાદેવી રામધની રામલાલ યાદવ પરિવારના શ્રીમતી પૂજાબેન વિરેનભાઈ યાદવ તેમજ ચિ. જિયાન્સ વિરેનભાઈ યાદવ પરિવારના સભ્યો રહ્યા હતા. આ ધાર્મિક મહોત્સવમાં દાતા પરિવાર ઉપરાંત કોલોનીના પરિવારોએ ઉત્સાહભેર જોડાયા તે બદલ આભારની લાગણી વ્યક્ત કરાઈ હતી. રામેશ્વર મહાદેવ મંદિરના ૧૦માં પાટોત્સવની ઉજવણી નિમિત્તે સમગ્ર ભાવિકોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે ઓધવ વિકાસ સમિતિના પ્રમુખ જયેશભાઈ ઠક્કર, મંત્રી જીતેન્દ્ર ઠક્કર તેમજ સમિતિના સભ્યો અને કારોબારી સદસ્યોએ ઉત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# કચ્છ યુનિ.ના સ્વામી વિવેકાનંદ અભ્યાસ કેન્દ્રમાં નિઃશુલ્ક માર્ગદર્શન માટે પ્રવેશ શરૂ

ભુજ-કચ્છ ઉદય : કચ્છના યુવાનોને ઉચ્ચ વહીવટી અને સરકારી સેવાઓમાં સ્થાન મેળવવા માટે મહત્વપૂર્ણ તક મળી છે. ગુજરાત જ્ઞાન સમૂહ, અમદાવાદ દ્વારા રાજ્યની ૧૦ યુનિવર્સિટી અને મહાવિદ્યાલયોમાં કાર્યરત સ્વામી વિવેકાનંદ અભ્યાસ કેન્દ્રોમાં નિઃશુલ્ક માર્ગદર્શન માટે વર્ષ-૨૦૨૬ની પ્રવેશ પરીક્ષાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે ઉમેદવારો ૨૭ જુલાઈ સુધી અરજી કરી શકશે.

કચ્છ યુનિવર્સિટી ખાતે ગુજરાત સરકારના સહયોગથી કાર્યરત સ્વામી વિવેકાનંદ અભ્યાસ કેન્દ્ર સ્પર્ધાત્મક પરીક્ષાઓની પરિણામલક્ષી તૈયારી માટે વિશેષ સુવિધાઓ પૂરી પાડે છે. વિદ્યાર્થીઓને સુસજ્જ વર્ગખંડો, નિઃશુલ્ક અંતર્જાળ સુવિધા, અભ્યાસલક્ષી પુસ્તકો ધરાવતુ ગ્રંથાલય તેમજ વિષય નિષ્ણાતોનું માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવામાં આવે છે. હાલમાં ૪૪ જેટલા વિદ્યાર્થીઓ આ કેન્દ્રનો લાભ લઈ રહ્યા છે. રાજ્યભરમાં કુલ એક હજાર બેઠકો માટે પસંદગી કરવામાં આવશે, જેમાં ભુજ કેન્દ્ર ખાતે ૫૦ બેઠકો ઉપલબ્ધ રહેશે. ઉમેદવારો અરજી વખતે વધુમાં વધુ ત્રણ કેન્દ્રોની પસંદગી કરી શકશે. ગુણક્રમના આધારે કેન્દ્રની ફાળવણી કરવામાં આવશે.

અરજદાર ગુજરાતનો વતની તથા માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક હોવો જરૂરી છે. ઉમેદવારની ઉંમર ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૩૨ વર્ષ હોવી જોઈએ. અનામત વર્ગના ઉમેદવારોને નિયમ મુજબ વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે. પ્રવેશ પરીક્ષા માટે રૂા. ૩૦૦ ફી નક્કી કરવામાં આવી છે. સામાન્ય અભ્યાસ વિષયની ૨૦૦ ગુણની હેતુલક્ષી પરીક્ષા લેવામાં આવશે, જેના માટે બે કલાકનો સમય આપવામાં આવશે. ખોટા જવાબ માટે ગુણકાપની જોગવાઈ પણ રાખવામાં આવી છે.

પસંદગી પામેલા ઉમેદવારોએ પ્રવેશ અને ગ્રંથાલય થાપણ પેટે કુલ રૂા. ૫ હજાર જમા કરાવવાના રહેશે. ૭૫ ટકા હાજરી અને નિયમોના પાલન બાદ આ રકમ વર્ષના અંતે પરત આપવામાં આવશે. અરજી પ્રક્રિયા ૨૭ જુલાઈ સુધી ચાલુ રહેશે.

# આષાઢી બીજ પૂર્વે મુંબઈમાં કચ્છી પ્રતિભાઓને મળ્યું ભવ્ય મંચ

મુંબઈ - કચ્છ ઉદય : કચ્છી નવા વર્ષ આષાઢી બીજની આગોતરી ઉજવણીના ભાગરૂપે કચ્છી મહિલા ફેડરેશન દ્વારા દાદરના શિવાજી નાટ્યમંદિરમાં યોજાયેલા 'જસ્ટ ડાન્સ' કાર્યક્રમમાં કચ્છી સમાજની કલા, સંસ્કૃતિ અને પ્રતિભાનો રંગારંગ સમન્વય જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં બાળકો, યુવાનો અને બહેનો સહિત ૪૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાની નૃત્ય પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. ગરબા ગુરુ અને કોરિયોગ્રાફર દીપ્તિ દેવાંગ વોરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં સોલો, ડ્યુએટ અને ગ્રુપ ડાન્સની સ્પર્ધાઓ યોજાઈ હતી. ઓડિશન પ્રક્રિયા બાદ ૨૮ સ્પર્ધકોની પસંદગી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત નવકારના ગુંજન સાથે કરવામાં આવી હતી, જ્યારે કચ્છી મહિલા ફેડરેશન દ્વારા નારીશક્તિના સન્માન અને સશક્તિકરણનો સંદેશ આપતું વિશેષ નૃત્ય પણ રજૂ કરવામાં આવ્યું હતું.

ભારતીબેન અને જ્યોતિબેને સ્વાગત પ્રવચન આપી સંસ્થાની વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન મુખ્ય દાતા મનોજભાઈ હંસરાજ ગડા પરિવાર તેમજ અન્ય સહયોગી દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વર્ષા પટેલ, ખ્યાતિ શાહ, પુનિતાબેન હીરાણી અને જયભાઈ ઠક્કરે નિર્ણાયક તરીકે સેવાઓ આપી સ્પર્ધકોનું મૂલ્યાંકન કર્યું હતું.

વિજેતા કલાકારોને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત જયાબેન વિશનજી પાલણ મારૂ પરિવાર તરફથી તમામ કલાકારો અને કમિટીના સભ્યોને ભેટસોગાદ આપવામાં આવી હતી. દમયંતીબેન જયંતીલાલ ગાલા પરિવાર દ્વારા કલાકારોના પ્રોત્સાહન માટે રૂા. એક લાખનું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું, જ્યારે સમાજ અગ્રણી ચંદ્રકાંતભાઈ ગોગરી પરિવાર તરફથી દરેક કલાકારને રૂા. બે હજારની સહાયની જાહેરાત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ માત્ર નૃત્ય સ્પર્ધા પૂરતો સીમિત ન રહ્યો, પરંતુ કચ્છી સમાજની સાંસ્કૃતિક પરંપરા, એકતા અને નવી પેઢાની પ્રતિભાને પ્રોત્સાહન આપતો યાદગાર ઉત્સવ બની રહ્યો હતો.

# મુંબઈ કચ્છી ભાનુશાલી સમાજ દ્વારા જ્ઞાતિના જરૂરિયાતમંદ પરિવારોની સહાય માટે આર્થિક યોગદાન આપવા અપીલ

મુંબઈ : શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ મુંબઈ સંચાલિત શ્રી ઓધવરામ આરોગ્યનિધિ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિના આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ પરિવારોને માવજત, શિક્ષણ અને તબીબી સારવાર માટે આર્થિક સહયોગ આપવામાં આવી રહ્યો છે. આ સેવાકાર્યના ભાગરૂપે ટ્રસ્ટ દ્વારા અગાઉ ત્રણ વર્ષ પહેલાં દર મહિને પાંચ હજાર કે દસ હજાર રૂપિયા આપનારા એકસો આઠ દાતાઓની એક માળા તૈયાર કરવામાં આવી હતી, જેમાંથી આ વર્ષે કેટલાક પ્રમુખ દાતાઓ આગળ આવ્યા છે. ટ્રસ્ટને તબીબી માવજત ખર્ચના કેસો માટે દર મહિને આશરે પાંચથી સાત લાખ રૂપિયાની જરૂરિયાત રહે છે, જે વાર્ષિક ધોરણે અંદાજે સાઈઠથી એંસી લાખ રૂપિયા જેટલી થવા જાય છે. આ ઉપરાંત શિક્ષણ સહાય માટે પણ મોટા પ્રમાણમાં ફંડની જરૂરિયાત ઊભી થઈ છે. કેટલાક ગામો અને વ્યક્તિગત સ્તરે હજુ સુધી ફંડનું યોગદાન જમા કરાવવાનું બાકી હોવાથી ટ્રસ્ટે બાકી રકમ જમા કરાવવા વિનંતી કરી છે. ટ્રસ્ટ દ્વારા સમગ્ર જ્ઞાતિજનોને દર મહિને પાંચ કે દસ હજાર રૂપિયા અથવા વન ટાઈમ દસ હજારથી લઈને એક લાખ રૂપિયા સુધીનો સહયોગ આપવા માટે હાર્દિક અપીલ કરવામાં આવી છે. આ દાનની રકમ શ્રી ઓધવરામ આરોગ્યનિધિ ટ્રસ્ટના મુલુંડ સ્થિત એચડીએફસી બેંકના ચાલુ ખાતામાં જમા કરાવી શકાશે, જેના પર આવકવેરાની કલમ ૮૦જી હેઠળ કરમુક્તિનો લાભ પણ મળવાપાત્ર છે. સંસ્થા દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી એટલે કે સીએસઆર ફંડ આપવા ઈચ્છતી કંપનીઓને જરૂરી તમામ દસ્તાવેજો અને પ્રમાણપત્રો પૂરા પાડવામાં આવશે. આ અંગે વધુ વિગત કે સંપર્ક માટે સંસ્થાના પ્રતિનિધિઓ ભરતભાઈ મેંઘર, રામભાઈ મંગે અને ગોવિંદજીભાઈ મંગેનો સંપર્ક સાધી શકાશે.

# સાથી હાથ બઢાના... ઓછપમાં અડીખમ મદદ કરનાર ઓધવરામ આરોગ્ય નિધિ ટ્રસ્ટને સહયોગ કરવા હાકલ

**શિક્ષણનો પ્રશ્ન હોય કે આરોગ્ય સંબંધી અચાનક તકલીફ કોઈપણ ભાનુશાલી પરિવાર ઉપર આવી પડે ત્યારે ઓધવરામ આરોગ્ય નિધિ ટ્રસ્ટ તરફ બધાની મીટ મનાય છે : પૂજ્ય હરિદાસજી મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી ટ્રસ્ટ અન્ય સંસ્થાઓ અને ભાનુશાલી સમાજના ઉદાર સહકારથી હંમેશા આર્થિક આફતમાં અચાનક આવનારા આરોગ્ય લક્ષી કે કોઈપણ સંકટમાં અડીખમ રહી અને મદદ કરે છે ત્યારે વધુને વધુ ભાનુ પરિવારો યથાશક્તિ સહયોગ કરે તેવો અનુરોધ...**

ભુજ-કચ્છઉદય: શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ મુંબઈ દ્વારા ભાનુશાલી સમાજના જરૂરિયાતમંદ પરિવારોની માવજત તથા સમાજના બાળકોને શિક્ષણ માટે સહાયના હેતુથી કરવામાં આવેલી હાકલને સારો પ્રતિસાદ ભાનુરત્નો દ્વારા મળી રહ્યો છે. આ ઉપરાંત ભાનુશાલી સમાજના સહયોગી મંડળો તથા ગામ મિત્ર મંડળો યથાશક્તિ સહયોગ આપે છે. પરંતુ દરેક સંસ્થાને તેના ધારાધોરણ મુજબ મર્યાદા અને બંધન હોય છે એટલે ભાનુશાલી સમાજના દરેક પરિવાર, સમાજ, ગામ તથા દરેક મિત્ર મંડળોનો સહયોગ જરૂરી છે. "જય ભાનુશાલી ,એક ભાનુશાલી " તથા"ઓધવ એક , રૂપ અનેક "ના મંત્રથી ચાલતા શ્રી ઓધવરામ આરોગ્ય નિધિ ટ્રસ્ટ દ્વારા વર્ષોથી ઓધવરામજી મહારાજના આશીર્વાદ તથા સૌ ભાનુશાલી જ્ઞાતિજનોના દાતારીથી ભાનુશાલી સમાજના જરૂરિયાત મંદ પરિવારોને પૂરક બનવા માટે સહયોગ આપવામાં આવે છે અને દરેક ભાનુરત્નોમાં એક એવો વિશ્વાસ બંધાઈ ગયો છે કે જ્યારે પણ ક્યાંય પણ ઓછપ આવશે ત્યાં શ્રી ઓધવરામ આરોગ્યનિધિ ટ્રસ્ટ પાસેથી જરૂર સહયોગ મળશે. ત્રણ વર્ષ પહેલા બે વર્ષ માટે ૫,૦૦૦/- | ૧૦,૦૦૦/- રૂપિયા આપવાવાળા ૧૦૮ દાતાઓની માળા બનાવાઈ હતી. શ્રી ઓધવરામ આરોગ્ય નિધિ ટ્રસ્ટને ૫ લાખ સુધી માવજત ખર્ચ કેસ વાળા આવે,જેના માટે દર મહિને ૬ લાખથી ૭ લાખની એટલે વર્ષે ૮૦ થી ૯૦ લાખની જરૂરત આરોગ્ય નિધિ ટ્રસ્ટને છે. આ ઉપરાંત શિક્ષણ માટે પણ જરૂરત હોય છે. ૫ લાખ ઉપર જરૂરિયાત મંદ પરિવારો માટે ઘણા બધા ગામો તથા વ્યક્તિગત ફંડ પણ કરાવી છે પરંતુ એમાં ઘણા ગામો જોડાયા નથી એમને એમનું બાકી યોગદાન જમા કરાવવા અનુરોધ કરાયો છે. તથા સમગ્ર ભાનુશાલી સમાજને વિનંતી કરાઈ છે કે દર મહિને ૫,૦૦૦/- કે ૧૦,૦૦૦/-અથવા ફક્ત એકવાર ૧૦,૦૦૦/- થી ૧,૦૦,૦૦૦/- નો સહયોગ આપી અને જરૂરિયાત મંદ પરિવારના દુઃખમાં સહભાગી થઈ એક નાની આહુતિ આપવા શ્રી ઓધવરામ આરોગ્ય નિધિ ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે.શ્રી ઓધવરામ આરોગ્ય નિધિ ટ્રસ્ટના પ્રમુખ તરીકે ભગવાન સદગુરુ ઓધવરામ મહારાજ તથા ભગવાન સદગુરુ વાલરામ મહારાજને મનોમન ધારવામાં આવે છે અને ટ્રસ્ટના સંયોજક પૂજ્ય સંત શ્રી હરિદાસજી મહારાજ જેવા અત્યંત પવિત્ર અને કૃપાળુ સદગુરુ છે.

ટ્રસ્ટના કમિટી મેમ્બર વિવિધ મિત્ર મંડળો, ગામ મિત્ર મંડળો તથા મહાજનો સહયોગ આપી રહ્યા છે આ માટે વધુ મેળવવા માટે અહીં જણાવેલા મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે જેમાં "૨૪/૭" ચાલુ રહેતો હેલ્પલાઈન નંબર : ૯૯૩૦૨૦૦૦૩૩ ઉપરાંત ભરતભાઈ મેંઘરના મો.નં. ૯૮૧૯૬૩૩૩૦૨, રામભાઈ મંગેના મો.નં: ૯૯૬૭૯ ૫૩૬૧૦, ગોવીંદજીભાઈ મંગેના મો.નં. ૯૮૧૯૭ ૦૧૭૦૧, સુરેશ દામાના મો.નં. ૯૮૨૦૨ ૭૧૪૮૬, નીતિન મંગેના મો.નં. ૯૩૨૧૭ ૪૭૦૪૬,, કમલેશ ખાનીયાના મો.નં.: ૯૯૯૨૯૯૦૪૫૬ ઉપર સંપર્ક સાધવા વિનંતી કરાઈ છે. ફાળો આપવા માટે બેંક ડિટેઈલ્સ આ મુજબ છે." શ્રી ઓધવરામ આરોગ્ય નિધિ ટ્રસ્ટ, આઈએફએસી કોડ એચડીએફસી ૦૦૦૩૩૫૪ એચ.ડી.એફ. સી. બેંક કરંટ એકાઉન્ટ નંબર No ૫૦૨૦૦૦૨ ૯૩૭૪૮૭૭ છે જે ૮૦G અંતર્ગત ઇનકમ ટેક્સમાંથી બાદ મળશે.. તેમજ કંપનીને CSR આપવું હોય તો ડોક્યુમેન્ટ્સ અને સર્ટિફિકેટ મળી જશે. પેમેન્ટ કર્યા પછી બેંકની સ્લીપ અને PAN કાર્ડની કોપી વોટ્સએપ મોબાઈલ નંબર ૯૯૩૦૨૦૦૦૩૩ ઉપર મોકલવા વિનંતી કરાઈ છે.

# મુંદ્રામાં મારવાડી ભવનનું ભવ્ય લોકાર્પણ, સમાજસેવાના નવા અધ્યાયનો પ્રારંભ

**સેવા, સંસ્કાર, શિક્ષણ અને સામાજિક એકતાનું સશક્ત કેન્દ્ર બનશે મારવાડી ભવન**

મુંદરા - કચ્છ ઉદય : અખિલ ભારતીય મારવાડી યુવા મંચ, મુન્દ્રા પોર્ટ શાખા દ્વારા નવનિર્મિત મારવાડી ભવનનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સમાજસેવા, સંસ્કાર, સંગઠન અને સામાજિક જવાબદારીના મૂલ્યોને સમર્પિત આ ભવન આગામી સમયમાં સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, શૈક્ષણિક તથા સેવાકીય પ્રવૃત્તિઓનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહેશે તેવી આશા મહાનુભાવોએ વ્યક્ત કરી હતી.

લોકાર્પણ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે કચ્છના સાંસદ વિનોદ ચાવડા, અખિલ ભારતીય મારવાડી યુવા મંચના રાષ્ટ્રીય અધ્યક્ષ સુરેશ જૈન તથા મુન્દ્રા-માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધ દવે ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગે સંબોધન કરતાં સુરેશ જૈને જણાવ્યું હતું કે મારવાડી યુવા મંચ માત્ર એક સંગઠન નથી, પરંતુ સેવા, સંસ્કાર અને સામાજિક જવાબદારીનું જીવંત પ્રતિક છે. દેશભરની તમામ શાખાઓ સમાજહિતના કાર્યોમાં સતત આગળ વધી રહી છે અને લોકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવાનું કાર્ય કરી રહી છે.

અતિથિઓએ પોતાના સંબોધનમાં મારવાડી યુવા મંચ દ્વારા શિક્ષણ, આરોગ્ય અને સમાજસેવાના ક્ષેત્રે કરવામાં આવતી પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે નવનિર્મિત મારવાડી ભવન સમાજ માટે એક અમૂલ્ય સંપત્તિ અને કાયમી વારસો સાબિત થશે. આ ભવન સમાજના વિવિધ વર્ગોને એક મંચ પર લાવી પરસ્પર સહકાર, સંવાદ અને સંગઠનને વધુ મજબૂત બનાવશે તેમજ સેવાકીય પ્રવૃત્તિઓને નવી દિશા અને ગતિ આપશે.

કાર્યક્રમમાં મુન્દ્રા-બારોઈ નગરપાલિકાના પ્રમુખ ભોજરાજ ગઢવી, ભાજપ તાલુકા પ્રમુખ શક્તિસિંહ જાડેજા, ગુજરાત પ્રાંતીય અધ્યક્ષ અજય અગ્રવાલ, મુન્દ્રા પોર્ટ શાખાના સ્થાપક અધ્યક્ષ સુધેશ બોલા, શાખા અધ્યક્ષ દિનેશ અગ્રવાલ, શાખા સચિવ ઝાબરમલ ચૌધરી, ગુજરાત પ્રાંતના સહમંત્રી રાજકુમાર શર્મા, પ્રાંતીય પર્યાવરણ સંયોજક પંકજ બરમેચા, મીડિયા સંયોજક હિમથારામ ચૌધરી, ચેનારામ ચૌધરી, તુષાર અગ્રવાલ, સુરેન્દ્ર ચૌધરી, ડૉ. કૃષ્ણ યાદવ, અજીત સિવાચ, કપિલ અગ્રવાલ, ઘનશ્યામ અગ્રવાલ સહિત મંચના હોદ્દેદારો, સભ્યો, વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભવનના નિર્માણમાં મુન્દ્રા પોર્ટ શાખાના અધ્યક્ષ દિનેશ અગ્રવાલ અને સ્થાપક અધ્યક્ષ સુધેશ બોલાના વિશેષ યોગદાનની પ્રસંગોપાત નોંધ લેવામાં આવી હતી. મારવાડી યુવા મંચની મુન્દ્રા જાગૃતિ શાખાના કાર્યકરો દ્વારા સમગ્ર સમારોહને સફળ બનાવવા માટે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી હતી.

મારવાડી ભવનના લોકાર્પણ સાથે અખિલ ભારતીય મારવાડી યુવા મંચ, ગુજરાતનું પ્રાંતીય લઘુ અધિવેશન પણ નવનિર્મિત ભવનમાં યોજાયું હતું. અધિવેશન દરમિયાન સંગઠનના વિકાસ, સેવા પ્રવૃત્તિઓના વિસ્તરણ અને સમાજલક્ષી આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આયોજનમાં મીનુ ગોયલ, નંદલાલજી, દામુભાઈ અને રોશન ગોયલ દ્વારા માર્ગદર્શન અને સહયોગ આપવામાં આવ્યો હતો. અંતમાં ભવન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા તમામ દાતાશ્રીઓના અમૂલ્ય આર્થિક સહયોગ બદલ મંચ પરિવાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ઓમપ્રકાશ સરિયાલા અને પ્રિયંકાજી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધાર્મિક દબાણ સામે થતી કાર્યવાહી અટકાવવા માંગ



નખત્રાણા - કચ્છઉદય : મુસ્લિમ હિત રક્ષક સમિતિના આગેવાનોએ નખત્રાણા મામલતદાર તેમજ નખત્રાણા ડિવાયએસપીને ધાર્મિક સ્થાનોની જે માહિતી મંગાવી રહી છે, જે સામે વિરોધ નોંધાવી પરિપત્રની માંગણી કરી આવેદનપત્ર પાઠવી હતી. પૂછપરછમાં જે સર્વે અને પૂછતા થઈ રહી છે તે કયા પરિપત્ર મુજબ થઈ રહી છે વગેરે પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. સરકારના કયા પરિપત્ર મુજબ ટાર્ગેટ કરાઈ રહ્યા છે તેવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. રજૂઆત દરમિયાન ઉપસ્થિતમાં સલીમભાઈ ચાકી, ઈકબાલભાઈ જત, ઈકબાલભાઈ સોઢા, ઓસમાણભાઈ સુમરા, અલી મહમદભાઈ હારૂનભાઈ કુંભાર, ઓસમાણ સાચી, હાજી મુસા કુંભાર, હાજી ઈશાકકુમાર હારૂનભાઈ કુંભાર, અભદ્રમાન ચાકી સહિતના મુસ્લિમ સમાજના નખત્રાણા તાલુકામાંથી બહોળી સંખ્યામાં આગેવાનો પહોંચી પરિપત્રની માંગણી કરી હતી. પરિપત્ર વિના મુસ્લિમ સમાજના મસ્જિદની મદ્રેસામાં પહોંચી મોલાના પાસેથી મંગાતી માહિતી કયા કારણોસર મંગાઈ રહી છે તેવા આક્ષેપો ઉઠ્યા હતા.

# અચાનક તપાસમાં સરકારી સેવાઓની વાસ્તવિકતા સામે આવી

**રાપર તાલુકાના અનેક આરોગ્ય કેન્દ્રો તાળાબંધ મળ્યા, કર્મચારીઓની ગેરહાજરીથી તંત્ર સવાલોના ઘેરામાં**

રાપર-કચ્છ ઉદય : સરકારી કચેરીઓમાં જવાબદારી અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે રાપર તાલુકા પંચાયત પ્રમુખ રાજેશભાઈ આહીર દ્વારા હાથ ધરાયેલી અચાનક નિરીક્ષણ કામગીરી દરમિયાન આરોગ્ય, શિક્ષણ અને બાળ વિકાસ વિભાગની કામગીરીમાં અનેક ખામીઓ સામે આવી હતી. વિવિધ ગામોની મુલાકાત દરમિયાન સરકારી સમયગાળા દરમિયાન આરોગ્ય કેન્દ્રો બંધ, કર્મચારીઓ ગેરહાજર અને શાળા સમય પહેલાં છૂટી ગયેલી જોવા મળતાં તંત્રની કામગીરી અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. બાદરગઢ ગામના આયુષ્માન આરોગ્ય મંદિરમાં ફરજ પર હાજર રહેવાના આરોગ્ય કર્મચારીઓ ગેરહાજર મળ્યા હતા, જ્યારે સબ સેન્ટર તાળાબંધ હાલતમાં જોવા મળ્યું હતું. આરોગ્ય સેવાઓ માટે આવતા ગ્રામજનોને નિરાશ થઈ પરત ફરવું પડે તેવી સ્થિતિ સર્જાતી હોવાનું પણ ધ્યાનમાં આવ્યું હતું. ગામની આંગણવાડી પણ બંધ હાલતમાં જોવા મળતાં બાળ વિકાસ સેવાઓની અસરકારકતા અંગે સવાલો ઊભા થયા હતા. કુંભારિયા ગામે આવેલા આરોગ્ય કેન્દ્રની મુલાકાત દરમિયાન મેડિકલ ઓફિસર સહિતનો સ્ટાફ ગેરહાજર જોવા મળ્યો હતો અને કેન્દ્ર બંધ હાલતમાં હતું. થોરિયારી ગામના આયુષ્માન આરોગ્ય મંદિરમાં પણ સમાન સ્થિતિ જોવા મળતાં આરોગ્ય વિભાગની દેખરેખ અને જવાબદારી અંગે ચર્ચા શરૂ થઈ છે. નિરીક્ષણ દરમિયાન થોરિયારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે નિર્ધારિત સમય પૂર્ણ થાય તે પહેલાં જ શાળા બંધ થઈ ગયેલી જોવા મળી હતી. શિક્ષણ સાથે સંકળાયેલી આ બાબતને ગંભીર ગણાવી તાલુકા શિક્ષણ અધિકારીને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી તેમજ જવાબદાર સામે તપાસ કરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. તાલુકા પંચાયત પ્રમુખ રાજેશભાઈ આહીરે જણાવ્યું હતું કે પ્રજાને મળતી સરકારી સેવાઓમાં કોઈ પણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં. આરોગ્ય કેન્દ્રો, શાળાઓ, ગ્રામ પંચાયતો તથા અન્ય સરકારી કચેરીઓમાં હવે નિયમિત અચાનક મુલાકાતો લેવામાં આવશે. ફરજ દરમિયાન ગેરહાજર રહેતા અથવા બેદરકારી દાખવતા કર્મચારીઓ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવા સંબંધિત વિભાગોને ભલામણ કરવામાં આવશે.

આ સમગ્ર મામલે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મિતેશ ભંડેરીને લેખિત રજૂઆત કરવામાં આવી હોવાનું જણાવાયું છે. તાલુકામાં સરકારી સેવાઓ વધુ અસરકારક, જવાબદાર અને જનકેન્દ્રિત બને તે માટે આવી તપાસ અભિયાન આગામી સમયમાં પણ યથાવત્ રાખવામાં આવશે. સ્થાનિકોમાં પણ આવી કાર્યવાહીનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે અને જવાબદાર તંત્ર સામે કડક પગલાં ભરવાની માંગ ઉઠી રહી છે.

# કચ્છી ભાષાના વૈભવને રાષ્ટ્રીય ફલક પર પહોંચાડવાનો પ્રયાસ

**કચ્છ યુનિવર્સિટીમાં ‘અમાનત’ અને ‘શિક્ષણામૃત’ ગ્રંથનું વિમોચન, સાહિત્યકારો-વિદ્વાનોની ઉપસ્થિતિમાં યોજાયો ગૌરવપૂર્ણ સમારોહ**

ભુજ-કચ્છ ઉદય: કચ્છી ભાષા અને સાહિત્ય કચ્છની સંસ્કૃતિ, સંસ્કાર અને અસ્મિતાના સશક્ત વાહક હોવાનું જણાવતાં વક્તાઓએ ભાષાના સંવર્ધન અને સંશોધનને સમયની આવશ્યકતા ગણાવી હતી. કચ્છ યુનિવર્સિટી ખાતે આયોજિત ભવ્ય સાહિત્યિક સમારોહમાં સર્જન વિશ્રામ ગઢવી ‘લાયજા’ના લોકપ્રિય કચ્છી વાર્તાસંગ્રહ ‘ઓમાણ’ના હિન્દી અનુવાદ ‘અમાનત’ તેમજ કવિયિત્રી અને સંશોધક ડો. કોમલ સચદેનાના સંશોધનાત્મક ગ્રંથ ‘શિક્ષણામૃત’નું વિધિવત્ વિમોચન કરવામાં આવ્યું હતું. કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, કચ્છી સાહિત્ય કલા સંઘ-મોરઝર અને ગુજરાતી ભાષા ભવનના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે કચ્છી ભાષા માત્ર એક બોલી નહીં, પરંતુ કચ્છની ઓળખ, ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાનું પ્રતિનિધિત્વ કરતી અમૂલ્ય ધરોહર છે. કચ્છી સાહિત્યમાં લોકજીવન, પરંપરા અને માનવીય મૂલ્યોનું જે રીતે નિરૂપણ થાય છે તે આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ છે.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. કુલસચિવ ડો. અનિલ ગોરે સ્વાગત પ્રવચનમાં સાહિત્ય અને સંશોધન ક્ષેત્રે સર્જનાત્મક પ્રવૃત્તિઓના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. કચ્છી સાહિત્ય કલા સંઘના પ્રમુખ દિલીપ રાજા કાપડીએ જણાવ્યું હતું કે કચ્છ યુનિવર્સિટી સાથે થયેલા સમજૂતી કરાર બાદ યોજાયેલો આ પ્રથમ કાર્યક્રમ કચ્છી ભાષા અને સાહિત્યના ઈતિહાસમાં મહત્વપૂર્ણ સોપાન સાબિત થશે.

કુલપતિ ડો. મોહન પટેલે કચ્છી ભાષાના જતન અને વિકાસ માટે યુનિવર્સિટી દ્વારા તમામ પ્રકારનો સહયોગ આપવામાં આવશે તેવી ખાતરી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભાષા અને સાહિત્યના ક્ષેત્રે થતું સંશોધન સમાજને નવી દિશા આપે છે અને સાંસ્કૃતિક મૂલ્યોને જીવંત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. પુસ્તકો અંગે અભિપ્રાય વ્યક્ત કરતાં આઈક્યુએસીના ડાયરેક્ટર ડો. કાશ્મીરા મહેતાએ જણાવ્યું હતું કે ‘ઓમાણ’ની વાર્તાઓ કચ્છના લોકજીવન, પરંપરાગત મૂલ્યો અને સંવેદનાઓને અસરકારક રીતે રજૂ કરે છે. ડાયેટ-ભુજના પ્રાચાર્ય ડો. દક્ષા મહેતાએ ‘શિક્ષણામૃત’ને શિક્ષણ ક્ષેત્રના અભ્યાસીઓ અને સંશોધકો માટે ઉપયોગી અને માર્ગદર્શક ગ્રંથ ગણાવ્યો હતો.

આ પ્રસંગે પૂર્વ સાંસદ પુષ્પદાન ગઢવી, દેવરાજ ગઢવી, રાજેન્દ્રસિંહજી જાડેજા, રામભાઈ ગઢવી, મહંત વંકાનાથજી સહિત અનેક અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત પ્રોફેસરો, સંશોધકો, સાહિત્યકારો, કલા સંઘના હોદ્દેદારો અને વિવિધ ક્ષેત્રના આગેવાનોએ ઉપસ્થિતિ નોંધાવી હતી. મુંબઈ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી આવેલા સાહિત્યપ્રેમીઓએ કાર્યક્રમને વિશેષ ગૌરવ અપાવ્યું હતું. વિશ્રામ ગઢવી ‘લાયજા’ અને ડો. કોમલ સચદેનાએ પોતાના સર્જનકાર્યમાં સહયોગી બનેલા તમામ મહાનુભાવો અને સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન તીર્થંકર રોહડિયાએ કર્યું હતું જ્યારે આભારવિધિ રાજેન્દ્ર પલ દ્વારા કરવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે વીઆરટીઆઈના સૌજન્યથી ઉપસ્થિત મહેમાનોને હરેશ ધોળકિયાના ‘વિઝન કેળવણી’ પુસ્તકની ભેટ અર્પણ કરવામાં આવી હતી. કચ્છી ભાષા અને સાહિત્યના વિકાસ માટે સમર્પિત આ કાર્યક્રમે ભાષાપ્રેમીઓ અને સર્જકોમાં નવી પ્રેરણા અને ઉત્સાહનું સંચાર કર્યું હતું.

# ભુજ આરટીઓ બન્યું જનકેન્દ્રિત સેવાઓનું મોડેલ

**ફેસલેસ સેવાઓથી અરજદારોને ઝડપી રાહત, માર્ગ સલામતી અને અમલવારીમાં પણ નોંધપાત્ર સક્રિયતા**

ભુજ - કચ્છ ઉદય : ડિજિટલ યુગમાં સરકારી સેવાઓને વધુ સરળ, પારદર્શક અને લોકો સુધી સુલભ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી ફેસલેસ વ્યવસ્થાનો ભુજ પ્રાદેશિક પરિવહન કચેરી (આરટીઓ)માં સફળ અમલ જોવા મળી રહ્યો છે. આરટીઓ અધિકારી એ.કે. ગોસ્વામી, એઆરટીઓ પાર્થ ગઢવી તથા ચિરાગ મેહરાના માર્ગદર્શન હેઠળ કચેરીની કામગીરીમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. ઓનલાઈન અરજીઓના ઝડપી અને સમયસર નિકાલને કારણે વાહનચાલકો, વાહનમાલિકો તેમજ પરિવહન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.

એક સમયે ડ્રાઈવિંગ લાઈસન્સ, વાહન માલિકી હસ્તાંતરણ, હાઈપોથેકેશન રદ, સરનામા ફેરફાર કે અન્ય પરિવહન સેવાઓ માટે અરજદારોને અનેક વખત કચેરીના ચક્કર લગાવવા પડતા હતા. અરજી પ્રક્રિયામાં વિલંબ, દસ્તાવેજોની ચકાસણીમાં મોડું થવું અને અરજીઓ પેન્ડિંગ રહેવા જેવી સમસ્યાઓ સામાન્ય બની ગઈ હતી. પરંતુ હવે ફેસલેસ વ્યવસ્થાના અસરકારક અમલીકરણને કારણે મોટાભાગની સેવાઓ સંપૂર્ણપણે ઓનલાઈન ઉપલબ્ધ બની છે. અરજદાર પોતાના ઘરેથી અથવા નજીકના ડિજિટલ સેવા કેન્દ્ર મારફતે અરજી કરી શકે છે અને અરજીની સ્થિતિ પણ ઓનલાઈન જાણી શકે છે.

ભુજ આરટીઓમાં ફેસલેસ લર્નિંગ લાઈસન્સ, ડ્રાઈવિંગ લાઈસન્સ રિન્યુઅલ, ડુપ્લિકેટ લાઈસન્સ, આંતરરાજ્ય વાહન ટ્રાન્સફર, હાઈપોથેકેશન કેન્સલ, સરનામા ફેરફાર, વાહન માલિકી બદલાવ સહિતની વિવિધ સેવાઓનું સમયબદ્ધ નિરાકરણ કરવામાં આવી રહ્યું છે. અધિકારીઓ દ્વારા અરજીઓનું નિયમિત મોનિટરિંગ કરવામાં આવતાં અગાઉના સમયની સરખામણીએ પેન્ડિંગ અરજીઓમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. અરજદારોને સમયસર મંજૂરી મળતાં તેમનો સમય, ખર્ચ અને શ્રમ ત્રણેયની બચત થઈ રહી છે.

ડિજિટલ સેવાઓની સફળતા સાથે કચેરીમાં કહેવાતા એજન્ટો અને વચેટિયાઓના પ્રભાવમાં પણ ઘટાડો થયો હોવાનું વાહનચાલકો જણાવી રહ્યા છે. અગાઉ સામાન્ય કામગીરી માટે પણ એજન્ટોનો સહારો લેવો પડતો હતો, જ્યારે હવે અરજદારો પોતે જ ઓનલાઈન અરજી કરીને સેવાઓ મેળવી રહ્યા છે. પરિણામે સમગ્ર પ્રક્રિયા વધુ પારદર્શક, જવાબદાર અને વિશ્વસનીય બની છે.

ફેસલેસ સેવાઓ ઉપરાંત ભુજ આરટીઓ અમલવારી ક્ષેત્રે પણ સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. જિલ્લામાં ક્ષમતાથી વધુ માલસામાન લઈને દોડતા ઓવરલોડ વાહનો સામે સતત ચેકિંગ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આવા વાહનો માર્ગોને નુકસાન પહોંચાડવાની સાથે ગંભીર અકસ્માતોનું કારણ પણ બની શકે છે. તેથી નિયમભંગ કરતા વાહનો સામે દંડાત્મક કાર્યવાહી કરીને પરિવહન વ્યવસ્થામાં શિસ્ત જાળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

માર્ગ સલામતી અંગે જનજાગૃતિ લાવવાના હેતુથી આરટીઓ વિભાગ દ્વારા વિવિધ રોડ સેફ્ટી અભિયાન પણ હાથ ધરવામાં આવી રહ્યા છે. હેલ્મેટ અને સીટબેલ્ટના ફરજિયાત ઉપયોગ, ગતિમર્યાદાનું પાલન, દારૂ પીધેલી હાલતમાં વાહન ન ચલાવવા, મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અંગે લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. શાળાઓ, કોલેજો, સામાજિક સંસ્થાઓ તથા વિવિધ મંચો પર માર્ગ સલામતી અંગેના કાર્યક્રમો યોજીને અકસ્માતમુક્ત સમાજની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે.

શૈક્ષણિક સત્ર શરૂ થતાં વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્કૂલ બસો અને અન્ય સ્કૂલ વાહનોની વિશેષ ચકાસણી હાથ ધરવામાં આવી છે. બસોમાં અગ્નિશામક સાધનો, ફર્સ્ટ એઈડ બોક્સ, સ્પીડ ગવર્નર, સીસીટીવી કેમેરા, ઈમરજન્સી એક્ઝિટ સહિતની સુરક્ષા વ્યવસ્થાઓનું પાલન થાય છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી રહી છે. જરૂરી દસ્તાવેજો વગર ચાલતા અથવા સુરક્ષા ધોરણોનું પાલન ન કરતા વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે જેથી વિદ્યાર્થીઓનું પરિવહન વધુ સુરક્ષિત બની શકે.

આ ઉપરાંત ટેક્સ ભર્યા વગર દોડતા વાહનો સામે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. વાહન કરની બાકી રકમ વસૂલવા, પરમિટ વગર ચાલતા વાહનોને પકડવા તેમજ ફિટનેસ પ્રમાણપત્ર વિના દોડતા વાહનો સામે કાર્યવાહી કરીને કાયદાનું પાલન સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. વિભાગ દ્વારા નિયમિત ચેકિંગના કારણે સરકારની આવકમાં પણ વધારો થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. ડ્રાઈવિંગ લાઈસન્સ પરીક્ષાને વધુ પારદર્શક અને નિષ્પક્ષ બનાવવા માટે શરૂ કરાયેલી એઆઈ આધારિત ટેસ્ટ ટ્રેક વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ટેક્નોલોજી આધારિત મૂલ્યાંકનથી પરીક્ષા પ્રક્રિયામાં માનવીય હસ્તક્ષેપ ઘટ્યો છે અને યોગ્ય ઉમેદવારોને જ લાઈસન્સ મળે તે સુનિશ્ચિત થઈ રહ્યું છે. જેના કારણે માર્ગ પર વધુ જવાબદાર અને તાલીમબદ્ધ વાહનચાલકો તૈયાર કરવામાં મદદ મળી રહી છે.

પરિવહન વિભાગની સેવાઓને લોકો સુધી વધુ સરળતાથી પહોંચાડવા, ડિજિટલ ગવર્નન્સને મજબૂત બનાવવા અને માર્ગ સલામતીને પ્રાથમિકતા આપવાના અભિગમ સાથે ભુજ આરટીઓ સતત કાર્યરત છે. ફેસલેસ સેવાઓના વ્યાપ, ઝડપી નિર્ણય પ્રક્રિયા, કડક અમલવારી અને જનહિતલક્ષી અભિગમના કારણે ભુજ આરટીઓ આજે કચ્છ જિલ્લામાં નાગરિકમૈત્રી વહીવટનું એક સફળ ઉદાહરણ બની રહ્યું છે. વાહનચાલકોને સમયસર સેવા, પારદર્શક પ્રક્રિયા અને કાયદાનું અસરકારક અમલીકરણ — આ ત્રણેય ક્ષેત્રોમાં ભુજ આરટીઓની કામગીરીને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે.




# અબડાસામાં દુષ્કાળ જેવી સ્થિતિનો ભય, પશુપાલકો માટે તાત્કાલિક રાહતની માંગ

**ઘાસચારા, પીવાના પાણી અને વીજ પુરવઠાની સમસ્યાઓ ઉકેલવા નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું**

નલિયા-કચ્છ ઉદય : અબડાસા તાલુકામાં ચોમાસાની મોસમ આગળ વધી રહી હોવા છતાં અપેક્ષિત વરસાદ ન થતાં ગ્રામ્ય વિસ્તારોમાં ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. ખાસ કરીને પશુપાલન પર નિર્ભર પરિવારો માટે ઘાસચારા અને પીવાના પાણીની અછત ગંભીર બનતી જઈ રહી છે. વરસાદના અભાવે ચરોતરો સૂકાતા પશુઓ માટે ચારો મેળવવો મુશ્કેલ બન્યો છે, જ્યારે અનેક વિસ્તારોમાં પાણીની સમસ્યા પણ માથું ઊંચકી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તાલુકા કોંગ્રેસના આગેવાનો દ્વારા નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક રાહત પગલાં ભરવાની માંગ કરવામાં આવી હતી. રજૂઆતમાં તાલુકાના વિવિધ વિસ્તારોમાં ઘાસચારા ડેપો શરૂ કરવા, પશુઓ માટે પીવાના પાણીની પૂરતી અને નિયમિત વ્યવસ્થા ઊભી કરવા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અવિરત વીજ પુરવઠો જાળવી રાખવા માંગ કરવામાં આવી હતી. આગેવાનોએ જણાવ્યું હતું કે સમયસર યોગ્ય આયોજન નહીં કરવામાં આવે તો પશુપાલકોની મુશ્કેલીઓ વધુ વધી શકે છે. પશુધનના સંરક્ષણ અને ગ્રામ્ય અર્થતંત્રને અસરથી બચાવવા માટે વહીવટી તંત્ર દ્વારા ઝડપથી કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ તેમજ વિરોધ પક્ષના નેતા વિક્રમસિંહ સોઢા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પશુધન બચાવવા મુંદરામાં ઘાસચારા અભિયાનની તૈયારી

**બિનરાજકીય સમિતિની રચનાનો નિર્ણય, ઉદ્યોગો અને સમાજના સહયોગથી કટોકટી ઉકેલવાનો પ્રયાસ**

મુંદરા-કચ્છ ઉદય : તાલુકામાં વરસાદના અભાવે ઘાસચારાની વિકટ પરિસ્થિતિ સર્જાતા પશુપાલકોની ચિંતામાં વધારો થયો છે. આ સંજોગોમાં ‘મુંદરા તાલુકા વ્યવસાયિક એસોસિયેશન’ અને ‘આશાપુરા ચેરિટેબલ ટ્રસ્ટ’ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી બેઠકમાં ઘાસચારા પ્રશ્નના સ્થાયી ઉકેલ માટે બિનરાજકીય સમિતિ રચવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં જણાવાયું હતું કે તાલુકાના પશુધનને ઘાસચારાની અછતનો સામનો ન કરવો પડે તે માટે વિવિધ ઉદ્યોગગૃહો, સંસ્થાઓ અને દાતાશ્રીઓનો સંપર્ક કરી ગૌસેવાના ભાગરૂપે સ્વૈચ્છિક સહયોગ મેળવવાનો પ્રયાસ કરવામાં આવશે. સાથે જ હાલની સ્થિતિનું મૂલ્યાંકન કરીને આગામી દિવસોમાં અમલમાં મૂકી શકાય તેવી કાર્યયોજના પણ તૈયાર કરવામાં આવશે.

સમિતિની રચના બાદ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ પેટા સમિતિઓ ઉભી કરવામાં આવશે, જેથી અભિયાનને વ્યાપક જનસમર્થન મળી શકે. ઘાસચારા ઉપલબ્ધ કરાવવા માટે તંત્ર અને ઉદ્યોગો સમક્ષ અસરકારક રજૂઆત કરવામાં આવશે. જો જરૂરી સહયોગ નહીં મળે તો પશુપાલકોના હિતમાં આ જ મંચ દ્વારા વધુ સક્રિય લડત ચલાવવાનો નિર્ધાર પણ બેઠકમાં વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઉગેડી ગામે ગૌચર મુદ્દે આખું ગામ ગ્રામસભામાં જોડાયું



**એકબાજુ સરકાર ગૌચર અને સરકારી જમીન ઉપર દબાણ કરનારાઓ ઉપર બુલડોઝર ફેરવી રહી છે ત્યારે ઉગેડી ગામે ખુદ સરકારે જ ગૌચર જમીન લીઝધારકને પધરાવી દેતા ગ્રામજનોમાં રોષ**

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના ઉગેડી ગામે ગૌચર જમીન સર્વે નંબર ૩૦૩માં લીઝ ધારકને બ્લેકટ્રેપ માટે મંજુર કરી દેવામાં આવી છે જેના કારણે બે વર્ષથી સરકારી કચેરીઓ, રાજકીય આગેવાનો સહિતના વિભાગોમાં સ્થાનિક ગ્રામ પંચાયતના સરપંચ તેમજ ગ્રામજનો રજૂઆતો કરી થાક્યા છે.

ગૌચરના પુરાવા આપવા છતાં સરકાર માનવા તૈયાર નથી. લીસધારકના પ્રોટેકશનમાં પોલીસ સાથે રાખી ગ્રામજનોને કાયદાનો ડર બતાવી રહ્યા છે જેના કારણે ગ્રામજનોને વારંવાર કાયદાના સંઘર્ષમાં ઉતરવું પડે છે. એવું સરપંચ કરણભાઈ રબારીએ આક્ષેપ કરીને જણાવ્યું હતું.

સ્થાનિક ગ્રામ પંચાયતના સરપંચ કરણભાઈ રબારી તથા પૂર્વ સરપંચ મેઠૂભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, જ્યાં જમીન મંજૂર કરવામાં આવી છે તે ગૌચર જમીન છે જિલ્લા કલેકટર પણ સ્થાનિક ખરાઇ કરે અને ચકાસણી કરે એવી માંગ છે.

સરકારી પડતર જમીનમાં લીઝ મંજૂર હોય તો અમને કોઈ પણ વિરોધ નથી પરંતુ ગૌચર જમીનના ભોગે અમે અહીં લીઝ મંજુર કરવા આપશું નહીં જરૂરત પડી તો અમે ઉગ્ર આંદોલનો કરશું. ચકકાજામ કરશું રસ્તા રોકશું તેવી પણ ચિમકી આપવામાં આવી હતી. સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, આ ગૌચર જમીન છે જ્યાં લીઝ મંજુર થઈ છે તે સર્વે નંબર અન્ય છે જેને અહીં ઠોકી બેસાડવામાં આવ્યા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

વાળ જ ચીભડા ગળે તો રખેવાળી કોણ કરે એવો તાલ થયો છે ખુદ સરકારે જ જયારે આ લીઝ મંજૂર કરાવી છે ત્યારે સ્થાનિક પંચાયતની કોઈ જાતની એનઓસી લીધી નથી અને ખરાઈ પણ કરી નથી લિઝ ધારકને પરબારી ગૌચર જમીનમાં મંજૂર કરી આપી છે જેની ખરાઈ કરવામાં આવે અન્યથા હવે ગામ લોકો ઉગ્ર આંદોલનના મૂળમાં છે.

ઉપસરપંચ ભૂપતસિંહ સોઢા, તાલુકા પંચાયત સદસ્ય સલીમભાઈ, ગ્રામ પંચાયત સદસ્ય ડાયાલાલ પટેલ, રફીક કુંભાર, પરસોતમભાઈ વાઘેલા, માલા ડુંગર રબારી, વેરશી દેવા રબારી, સલીમ ખલીફા, ખીમજીભાઈ પટેલ, રજનીકાંત પંડ્યા, પબાભાઈ આહિર, આમરજી જાડેજા, મામદ સુમરા, આમદભાઈ ખત્રી, ડુંગરસિંહ જાડેજા, માજી સરપંચ કાદીયા મંગેશભાઈ યાદવ, મમુભા જાડેજા, રાણુભા જાડેજા, કાના વંકા રબારી, ભામા જુમા રબારી, દેસરજી સોઢા, ભીખા વકા રબારી, મલુકશા સૈયદ, ભારા મેજા રબારી, વિભાભાઈ રબારી સહિતના ગ્રામજનો હાજર રહી વિરોધ કર્યો હતો.

## ઉગેડી ગામમાં કાયદેસરની બ્લેક ટ્રેપ લીઝ તંત્રે મંજુર કરી છે

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના ઉગેડી ગામે મંજૂર થયેલી બ્લેક ટ્રેપ લીઝ અંગે ક્રસ્ટ માઈનકેમ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે. કંપનીના જણાવ્યા અનુસાર, ઉગેડી ગામના સર્વે નંબર ૧૬૧ પૈકી (નવા સર્વે નંબર ૩૦૩) માં ૧૦.૦૦.૦૦ હેક્ટર વિસ્તારમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ તેમજ જીએમએમસીઆર ૨૦૧૭ના નિયમ ૨૯(બી) હેઠળ ૩૦ વર્ષની મુદત માટે ભાડાપટ્ટે આ લીઝ મંજૂર કરવામાં આવી છે. આ લીઝ સરકારના તમામ નીતિ-નિયમો અને શરતોનું પાલન કરીને તેમજ અદાલતી આદેશોને આધિન રહીને જ મેળવવામાં આવી છે. આ જમીન ગૌચરની જમીન નથી તે બાબત પણ અગાઉ વખતોવખત સ્પષ્ટ કરવામાં આવેલી છે.

**ખોટો વિવાદ ઊભો કરવાના પ્રયાસ**

કંપનીએ આક્ષેપ કર્યો છે કે, આ પ્રકરણની તમામ કાયદાકીય અને વાસ્તવિક હકીકતોથી વાકેફ હોવા છતાં, ઉગેડી ગામના અમુક શખ્સો દ્વારા ગ્રામજનોને ઉશ્કેરીને ખોટો વિવાદ ઊભો કરવામાં આવી રહ્યો છે. સમયાંતરે મીડિયા અને અખબારોના માધ્યમથી અધૂરી માહિતી વહેતી કરીને બિનજરૂરી વિવાદ ઊભો કરવાના તેમજ કંપનીના સંચાલકોને માનસિક રીતે પરેશાન કરવાના પ્રયાસો થઈ રહ્યા છે તેવું કંપની સંચાલક યશરાજ ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# બેથી વધુ બાળકો ધરાવતા ઉમેદવારને ચૂંટણી લડતા અટકાવતા કાયદા સામે સુપ્રીમનો સવાલ

**આવા કાયદાની બંધારણીય માન્યતા અને ઔચિત્ય પર નવેસરથી વિચારણાની જરૂર: સર્વોચ્ચ અદાલત**

નવી દિલ્હી તા.૧૭: સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રમાં બેથી વધુ બાળકો ધરાવતા લોકોને પંચાયત અને અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી લડતા રોકવાની નીતિ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

અદાલતે મૌખિક ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, ભારત જેવા દેશમાં, જ્યાં પ્રજનન દર સતત ઘટી રહ્યો છે, ત્યાં આવા કાયદાની બંધારણીય માન્યતા અને ઔચિત્ય પર નવેસરથી વિચાર કરવાની જરૂર છે.એક અહેવાલ મુજબ, જાસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને જાસ્ટિસ આલોક અરાધેની ખંડપીઠ મહારાષ્ટ્ર ગ્રામ પંચાયત અધિનિયમ, ૧૯૫૯ ની કલમ ૧૪(૧)(j-૧) સાથે જોડાયેલા કેસની સુનાવણી કરી રહી હતી.

સુનાવણી દરમિયાન ખંડપીઠે સંકેત આપ્યો હતો કે વર્ષ ૨૦૦૩માં 'જાવેદ વિરુદ્ધ હરિયાણા રાજ્ય' કેસમાં હરિયાણાના આવા જ એક કાયદાને યોગ્ય ઠેરવતા સુપ્રીમ કોર્ટના ચુકાદા પર પણ પુનર્વિચાર કરવાની જરૂર પડી શકે છે.આ મામલો કાકોડા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ મંગલા ભીમરાવ સાથે જોડાયેલો છે, જેમને ત્રીજા બાળકના જન્મ બાદ મહારાષ્ટ્ર ગ્રામ પંચાયત અધિનિયમ હેઠળ ગેરલાયક જાહેર કરવામાં આવ્યા હતા. આ જોગવાઈ ૧૩ સપ્ટેમ્બર ૨૦૦૦થી અમલમાં છે, જેના અંતર્ગત બેથી વધુ બાળકો ધરાવતી વ્યક્તિ પંચાયત ચૂંટણી લડવા માટે પાત્ર રહેતી નથી.

# છત્તીસગઢમાં ઈ૨૦ પેટ્રોલથી એન્જિન ખરાબ થતા નવી કાર આપવા આદેશ

(એજન્સી દ્વારા)

રાયપુરઃ દેશમાં હાલ ઈ-૨૦ પેટ્રોલથી ફોર વ્હિલર અને ટુ-વ્હિલરના એન્જિનો ખરાબ થઈ રહ્યા હોવાના વિવાદ વચ્ચે છત્તીસગઢના રાયપુરમાં ડિસ્ટ્રીક્ટ કન્ઝ્યુમર કમિશનનો પહેલો ઐતિહાસિક ચૂકાદો આવ્યો છે. રાયપુર સ્થિત જિલ્લા ગ્રાહક પંચે એક ડોક્ટરની તરફેણમાં નિર્ણય સંભળાવતા કાર કંપની મારૂતિ સુઝુકી અને ડીલરને ઈ-૨૦ સમકક્ષ નવી કાર આપવાનો તથા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

છત્તીસગઢના રાયપુરમાં એક કાર માલીકે આક્ષેપ કર્યો કે મારૂતિ સુઝુકીના ડીલરે તેને ૧૬ મહિના જૂની કાર વેચી હતી, જેના એન્જિનને ઈ-૨૦ પેટ્રોલના વપરાશના પગલે ભારે નુકસાન થયું હતું. વારંવારના રિપેરિંગ છતાં તેને કોઈ રાહત મળી નહીં. જિલ્લા ગ્રાહક પંચે તેના આદેશમાં મારૂતિ સુઝુકી અને ડીલરને સેવામાં ખામી, ખામીવાળી કાર પાછી લેવાનો તેમજ ઈ-૨૦ સુસંગત એન્જિનથી સજ્જ સમાન મોડેલની કાર પૂરી પાડવાનો ઈનકાર કરીને અયોગ્ય વર્તન બદલ દોષિત ઠેરવ્યા હતા.

રાયપુરમાં રાયપુર સ્થિત ડોક્ટર પ્રેમરાજ દેબતાની ફરિયાદના પગલે જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ પંચની અધિત બેન્ચે કાર કંપની અને ડીલરને ૪૫ દિવસની અંદર ઈ-૨૦ સમકક્ષ એન્જિનથી સજ્જ સમાન મોડેલની કાર પૂરી પાડવા નિર્દેશ આપ્યા છે. આ નિર્દેશનું પાલન ન થાય તો કંપની અને ડીલરને ગ્રાહકને રૂ. ૨૦.૫૦ લાખ પાછા આપવા જણાવાયું છે. વધુમાં ગ્રાહક પંચના અધ્યક્ષ પ્રશાંત કુંડુ અને સભ્ય ડૉ. આનંદ વર્ગીસે ફરિયાદીને થયેલી માનસિક પરેશાની માટે રૂ. ૧ લાખનું વળતર અને કેસના ખર્ચપેટે રૂ. ૧૦,૦૦૦ ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

ડોક્ટર પ્રેમરાજ દેબતાએ દાવો કર્યો હતો કે નવી કારમાં ઈ-૨૦ પેટ્રોલ ભરાવ્યા પછી તેમની કારના એન્જિનમાં ખામી આવવા લાગી હતી. એન્જિનનું પરફોર્મન્સ ખરાબ થઈ ગયું હતું, મિસફાયરિંગ અને માઈલેજમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. વારંવાર સર્વિસ સેન્ટર પર લઈ જઈને કાર રીપેર કરાવવા છતાં એન્જિનની ખામીઓ દૂર થઈ શકી નહોતી. આ રિપેરિંગ પાછળ ડોક્ટર દેબતાએ ઘણો ખર્ચો કરવો પડયો હતો. આથી તેમણે કંપની-ડીલર સમક્ષ સમાન મોડેલની કાર બદલવા માગણી કરી હતી.

કંપની અને ડીલરે દાવો કર્યો કે વ્હિકલનું મોડેલ ઈ-૨૦ ઈંધણથી સરળતાથી ચાલી શકે છે. કારમાં આવી રહેલી ખામીઓ માલિકની ભૂલના કારણે આવી રહી છે. તેમણે કારનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે કર્યું નહીં અને બહારની ટૂટ-ફૂટના કારણે કાર બગડી હતી. જોકે, ગ્રાહક પંચે કાર ડીલરની દલીલો નકારી કાઢી અને કહ્યું કે, કાર માલિક એન્જિનની ખામીઓ દૂર કરવા વારંવાર કંપનીની વર્કશોપમાં ગયો, પરંતુ કાર રીપેર થઈ શકી નહીં, જે પૂરવાર કરે છે કે સમસ્યાના મૂળને અસરકારક રીતે દૂર કરાયું નહોતું.

**નવી કાર આપવાના આદેશને પડકારાશે**

નવી દિલ્હીઃ છત્તીસગઢના પાટનગર રાયપુરમાં કાર માલિક પ્રેમરાજ દેબતાને ઈ-૨૦ એન્જિન સમકક્ષ નવી કાર આપવાના જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ પંચના નિર્દેશને કોર્ટમાં પડકારવામાં આવશે તેમ મારુતિ સુઝુકી ઈન્ડિયાએ ગુરુવારે જણાવ્યું હતું. કંપનીએ કહ્યું કે, ગ્રાહક પ્રેમરાજ દેબતાને ૧૬ મહિના પહેલાં વેચવામાં આવેલી કાર ઈ-૨૦ કમ્પેટિબલ હતી, તે સંપૂર્ણપણે ઈ-૨૦ પેટ્રોલથી ચાલવા સક્ષમ હતી અને ગ્રાહકના વાહનમાંથી એકત્ર કરાયેલું ઈંધણ ભેળસેળવાળુ હોવાના પર્યાપ્ત પુરાવા છે. ગ્રાહક પંચના આદેશમાં અન્ય કેટલીક સંબંધિત હકીકતોને પણ દર્શાવાઈ નથી.

# ગ્રામીણ વિદ્યાર્થીઓને રાહત આપવા તોલાણી કોલેજમાં રોકડ ફી સ્વીકારવાની માંગ

ગાંધીધામ- કચ્છ ઉદય : આદિપુર સ્થિત તોલાણી કોમર્સ કોલેજમાં ચાલી રહેલી પ્રવેશ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓને પડી રહેલી વિવિધ મુશ્કેલીઓ અંગે એનએસયુઆઈ દ્વારા કોલેજના પ્રિન્સિપાલને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને ઓનલાઈન ફી ભરવામાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી પ્રવેશ ફી રોકડમાં પણ સ્વીકારવાની વ્યવસ્થા શરૂ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. એનએસયુઆઈના આગેવાનોના જણાવ્યા મુજબ હાલમાં કોલેજમાં પ્રવેશ ફી માત્ર ઓનલાઈન, યુપીઆઈ અને બેક્કિંગ માધ્યમથી જ સ્વીકારવામાં આવે છે. જોકે અનેક વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસે ડિજિટલ વ્યવહારોની પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હોવાથી પ્રવેશ પ્રક્રિયા દરમિયાન અનાવશ્યક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત ન રહેવું પડે તે માટે રોકડ ફી સ્વીકારવાનો વિકલ્પ ઉપલબ્ધ કરાવવો જરૂરી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

વિદ્યાર્થીનીઓની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખી પ્રવેશ પ્રક્રિયા માટે અલગ એડમિશન કાઉન્ટર શરૂ કરવાની માંગ પણ કરવામાં આવી છે. પ્રવેશના દિવસોમાં ભારે ભીડ થતી હોવાથી વિદ્યાર્થીનીઓને સરળતા રહે અને પ્રક્રિયા વધુ વ્યવસ્થિત બને તે માટે અલગ વ્યવસ્થા જરૂરી હોવાનું જણાવાયું હતું.

આ ઉપરાંત કોલેજના શૌચાલય અને બાથરૂમોની હાલત અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. કેટલાક સ્થળોએ દરવાજા ખરાબ હાલતમાં હોવાનું તથા સ્વચ્છતા જાળવણીમાં ઉણપ હોવાનું ધ્યાન દોરતા તાત્કાલિક સમારકામ અને જાળવણીની કામગીરી હાથ ધરવા માંગ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને સ્વચ્છ અને સુવિધાસભર શૈક્ષણિક વાતાવરણ ઉપલબ્ધ કરાવવું શિક્ષણ સંસ્થાની પ્રાથમિક જવાબદારી હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું હતું.

એનએસયુઆઈએ કોલેજ તંત્રને વિદ્યાર્થીઓના હિતમાં ઝડપી નિર્ણય લઈ પ્રશ્નોનું નિરાકરણ લાવવા અપીલ કરી હતી. રજૂઆત સમયે ગાંધીધામ એનએસયુઆઈ પ્રમુખ મયુર સૂંઢા, મહામંત્રી પરેશ ફુફલ, મંત્રી સાહિલ પઠાણ, દીપક મહેશ્વરી, સરફરાઝ બાયડ, શાહિદ કોરેજા, સુફિયાન ધોબી, સુરેશ મારાજ, પાર્થ, અજય દાફડા, દિવ્ય રાજગોર, સમીર ડુંગળીયા, સમીર પાતારિયા, નિખિલ પાતારિયા, ગર્લ્સ મંત્રી દિવ્યાંશી પાતારિયા, નમ્રતા કટુવા, નેહા મહેશ્વરી સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.


# નાનપણના ભેરૂઓએ મિત્રના સેવાયજ્ઞમાં રૂ. ૨૬,૦૦૦નું દાન આપ્યું



ભુજ - કચ્છઉદય : જ્યાં નિ:સ્વાર્થ ભાવે માનવતા મહોરી ઊઠે છે, ત્યાં ઈશ્વરીય તત્વના દર્શન થાય છે. જાણીતા સામાજિક કાર્યકર મિતેષભાઈ હીરાલાલ શાહના સેવાકીય ભગીરથ કાર્યને બિરદાવવા અને તેમાં સહભાગી બનવા તેમના બાળપણના મિત્રો આગળ આવ્યા છે. જયેશભાઈ સોરઠીયાની પ્રેરણાથી પ્રેરાઈને, બાળપણના સ્નેહીઓ જયેશ સોરઠીયા, લાલજીભાઈ રાબડીયા અને વિશ્રામભાઈ રાબડીયાએ નિશાળિયા ભેરૂબંધની નિ:સ્વાર્થ સેવાયાત્રાને વેગ આપવા માટે રૂપિયા ૨૬,૦૦૦ની માતબર ધનરાશિનું દાન અર્પણ કર્યું હતું. મિત્રોના આ અનન્ય અને હૃદયસ્પર્શી સહયોગ બદલ મિતેષભાઈ શાહે તમામ મિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ભુજના શિવ સાગર યાત્રા સંઘ દ્વારા આયોજિત અમરનાથ યાત્રા સુખરૂપ સંપન્ન





ભુજ - કચ્છઉદય : ભુજના પ્રખ્યાત શિવ સાગર યાત્રા સંઘ દ્વારા ગત તારીખ ૨૯ જૂનના રોજ ભુજના લેકવ્યૂ હોટેલ પાસે આવેલા રામ મંદિર ખાતેથી ભવ્ય અમરનાથ યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રવાસમાં પચાસથી વધુ પ્રવાસીઓ ખાસ સુવિધાજનક ટુ બાય ટુ સ્લીપર બસ મારફતે પવિત્ર યાત્રાએ રવાના થયા હતા. પંદર દિવસની આ દીર્ઘ યાત્રા દરમિયાન તમામ યાત્રિકોએ પવિત્ર અમરનાથ ધામ ખાતે બાબા બર્ફાનીના ખૂબ જ ભાવપૂર્વક અને દિવ્ય દર્શન કર્યા હતા. આ મુખ્ય ધાર્મિક સ્થળ ઉપરાંત સમગ્ર પ્રવાસ દરમિયાન પ્રવાસીઓને અંબાજી, પુષ્કર, કરણી માતા, રણુજા રામદેવરા, અમૃતસરનું સુવર્ણમંદિર, વાઘા બોર્ડર, રઘુનાથ મંદિર તેમજ માં વિષ્ણુદેવી મંદિર કટરા જેવા અનેક પવિત્ર અને જોવાલાયક સ્થળોની મુલાકાત કરાવવામાં આવી હતી. આ યાત્રા દરમ્યાન સંતો અને સંગીત મંડળી સહિત ભાઈઓ અને બહેનો આ યાત્રામાં જોડાઈ હતી.

આ સંપૂર્ણ પ્રવાસ ભક્તિમય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો છે અને તમામ પ્રવાસીઓ સહી-સલામત અને સુખરૂપ પોતાના વતન ભુજ પરત ફરી ચૂક્યા છે. પ્રવાસ દરમિયાન શિવ સાગર યાત્રા સંઘ દ્વારા રહેવા તેમજ જમવાની ખૂબ જ ઉત્તમ અને સંતોષકારક સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.

યાત્રામાંથી પરત ફરેલા પ્રવાસીઓએ પોતાના અનુભવો વહેંચતા જણાવ્યું હતું કે સમગ્ર પ્રવાસ દરમિયાન બે ટાઈમ ભોજન, ચા-નાસ્તો અને રાત્રિ રોકાણ માટે ધર્મશાળા તેમજ હોટેલની જે વ્યવસ્થા કરવામાં આવી હતી તે પ્રશંસનીય હતી. આયોજકો તરફથી મળેલી પૂરતી કાળજી અને ઉત્કૃષ્ટ સેવાઓના કારણે પ્રવાસમાં કોઈપણ પ્રકારની તકલીફ પડી ન હતી અને વડીલો તેમજ તમામ યાત્રિકોએ ખૂબ જ શાંતિપૂર્વક દર્શનનો લાભ લીધો હતો. આ સફળ આયોજન બદલ યાત્રિકોએ આયોજક દેવશીભાઈ કેરાઈ તેમજ વ્યવસ્થાપક સાગર પુરબીયા અને રાજુભાઈ સહિત સમગ્ર શિવ સાગર યાત્રા સંઘની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીને તેમની સેવાઓના મુક્ત કંઠે વખાણ કર્યા હતા.



**ભુજથી ઉપડેલી સ્લીપર બસમાં પ્રવાસીઓએ પવિત્ર અમરનાથ ગુફાના દર્શન સહિત ધાર્મિક સ્થળોની લીધી મુલાકાત : સહી-સલામત અને આનંદભેર પરત ફરતા પરિવારોમાં ખુશીનો માહોલ : યાત્રિકો દ્વારા શ્રેષ્ઠ સુવિધાઓની પ્રશંસા કરાઈ**

# દિલ્હી બોલે ત્યારે જાગે તેવા ઘાટ... બાળકો માટે સોશિયલ મીડિયા પ્રતિબંધ માર્ગદર્શિકા બનાવી પણ એક વર્ષેય અમલ નહીં

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાત સરકારની નીતિ હંમેશા 'જ્યારે દિલ બોલે ત્યારે નહીં, પણ જ્યારે દિલ્હી બોલે ત્યારે જ જાગવું' તેવી રહી છે. વર્ષ ૨૦૨૫માં પૂર્વ શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સોશિયલ મીડિયા અને સ્માર્ટ ફોનના દૂષણથી બાળકોને બચાવવા માટે પહેલ કરી હતી. પરંતુ ઉદાસીન ભાજપ સરકારે એ સમયે આ ગંભીર મુદ્દા પર ધ્યાન જ આપ્યું નહીં. હવે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયામાં આ વિષય પર ચિંતા વ્યક્ત કરી અને પ્રશંસા કરી, ત્યારે જ આ સરકારને ફરીથી સોશિયલ મીડિયા પર પ્રતિબંધ રાખવાનું 'ભૂત' ઉપડ્યું છે. વડાપ્રધાનની વાહવાહ મેળવવા હવે ગુજરાત સરકારને અચાનક બાળકોના ભવિષ્યની અને સોશિયલ મીડિયાની પ્રતિકૂળ અસરોની ચિંતા થવા લાગી છે.સમગ્ર દેશમાં લાંબા સમયથી બાળકોમાં સ્માર્ટ ફોન અને સોશિયલ મીડિયાનું વળગણ ચિંતાજનક સ્તરે વધી રહ્યું છે. તેના કારણે બાળકોની વાંચન શક્તિ અને રમત-ગમતમાં રસ સાવ તળિયે બેસી ગયો છે. આ ગંભીર પરિસ્થિતિને જોઈને ૨૦૨૫માં શિક્ષણ વિભાગે ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી અને સિવિલ હોસ્પિટલના મનોચિકિત્સકો સાથે ચર્ચા વિચારણા કરીને એક માર્ગદર્શિકા તૈયાર કરી હતી.

આ યોજના અંતર્ગત ક્લાસરૂમમાં શિક્ષકોના મોબાઈલ ફોન વાપરવા પર સંપૂર્ણ રોક લગાવવાની તૈયારી હતી. આ સાથે જ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પણ સ્કૂલે મોબાઈલ ન લાવે તેવો મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. હેતુ એવો હતો કે બાળકો સોશિયલ મીડિયાના વળગણમાંથી મુક્ત થઈને ફરી વાંચન અને રમત-ગમત તરફ વળે. આ માટે શિક્ષકોને ખાસ તાલીમ આપવાનું પણ નક્કી કરાયું હતું.

બાળકોને ડિજિટલ દૂષણથી બચાવવા માટે ધાર્મિક અને સામાજિક સંસ્થાઓને સાથે રાખીને એક મહાભિયાન ચલાવવાનું આયોજન હતું. જો આ પરિપત્રનો અમલ થયો હોત, તો ગુજરાત આવી ગાઈડલાઈન બહાર પાડનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું હોત. પરંતુ, રાજ્ય સરકારની ઉદાસીનતાને કારણે આખી યોજના માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ અને સરકારે પોતાની જ આ મહત્ત્વપૂર્ણ વાતને અવગણી દીધી.

બાળકોના ભવિષ્ય સાથે જોડાયેલી આ મહત્ત્વપૂર્ણ ફાઈલ મુખ્યમંત્રી કાર્યાલય (ઝ્રસ્) સુધી તો પહોંચી, પણ ત્યાં જઈને ધૂળ ખાતી પડી રહી. અહીં મોટો સવાલ એ ઊભો થાય છે કે, વર્ષ ૨૦૨૫માં શિક્ષણ વિભાગને તો વિદ્યાર્થીઓના આડેધડ મોબાઈલ વપરાશની ચિંતા થઈ હતી, પરંતુ રાજ્ય સરકાર કેમ આ બાબતે લાંબો સમય સુધી ઘોરતી રહી?

સરકારની નીતિ સામે હવે આકરા સવાલો થઈ રહ્યા છે કે જ્યારે વડાપ્રધાને આ ગંભીર મુદ્દા પર ટકોર કરી, ત્યારે જ કેમ રાજ્ય સરકારને એકાએક આ ફાઈલ યાદ આવી? જો સરકારે ગયા વર્ષે જ આ પરિપત્રનો કડકાઈથી અમલ કરી દીધો હોત, તો આજે ગુજરાતના હજારો બાળકોને સોશિયલ મીડિયા અને મોબાઈલની નકારાત્મક અસરોથી સમયસર બચાવી શકાયા હોત.

# રોહિંગ્યા શરણાર્થીઓની બે હોડી બંગાળની ખાડીમાં ડૂબી : ૫૦૦નાં મોત

(એજન્સી દ્વારા)

સિડનીઃ સંયુક્ત રાષ્ટ્રસંઘની રેફ્યૂજી એજન્સી અને માઈગ્રેશન ઓર્ગેનાઈઝેશને ચિંતા વ્યક્ત કરી છે કે રોહિંગ્યાઓની બે બોટ બંગાળની ખાડીમાં ડૂબી ગઈ છે અને એમાં ૫૦૦થી વધુનાં મોત થયા છે. બે બોટનો સંપર્ક તૂટી ગયા પછી કોઈ ભાળ મળી નથી. જોકે, સત્તાવાર રીતે આંકડો જાહેર થયો નથી. આ બોટ ડૂબી જવાની ઘટના થોડા દિવસ પહેલાં બની હતી. બંને હોડી ભેદી રીતે ડૂબી ગયાનું કારણ જાણવા મળ્યું નથી. ક્ષમતા કરતાં વધુ લોકો સવાર હોવાથી બોટ ડૂબી જવાની શક્યતા છે.

મ્યાંમારના લઘુમતી રોહિંગ્યા સમુદાયના લોકો હિંસાથી બચવા શરણાર્થી કેમ્પોમાં જવા માટે જોખમી રસ્તા લેતા હોય છે. એવી જ એક ઘટના સામે આવી છે. મ્યાંમારના પશ્ચિમી તટ પર આવેલા રાજ્ય રખાઈનમાંથી રવાના થયેલી બે નાવ બંગાળની ખાડીમાં ડૂબી ગઈ હોવાની શક્યતા છે. એક નાવમાં ૨૫૦ લોકો સવાર હતા. એ બોટ બાંગ્લાદેશના શરણાર્થી કેમ્પોમાં આવવા નીકળી હતી. બોટ રવાના થઈ તેની થોડી કલાકો પછી એનો સંપર્ક તૂટી ગયો હતો.

એક બોટ રવાના થઈ તેની પાછળ પાછળ ૨૮૦ લોકો સાથે બીજી બોટ પણ રવાના થઈ હતી. મ્યાંમારના અયેયારવાડીના તટેથી આ બોટ રવાના થઈ હતી અને તે પણ બાંગ્લાદેશના શરણાર્થી કેમ્પમાં જવા નીકળી હતી. એ પણ ગુમ થઈ ગઈ હતી. સંભવતઃ આ નાવ ડૂબી ગયાની શક્યતા છે. બંનેમાં મળીને લગભગ ૫૩૦નાં મોત થયાની આશંકા યુએને વ્યક્ત કરી હતી. ચોમાસાના કારણે બંગાળની ખાડીનું વાતાવરણ વારંવાર બદલાઈ જતું હોય છે એટલે આ સીઝનમાં દરિયાઈ પ્રવાસ ન કરવાની સલાહ આપવામાં આવે છે, છતાં દર વર્ષે જીવ જોખમમાં મૂકીને રોહિંગ્યા દરિયાઈ સફર ખેડે છે. ૨૦૨૫માં આ રીતે ૯૦૦ રોહિંગ્યાનાં મોત થયા હતા.

# ટેરર ફંડિંગ, ઘુસણખોરી અંગે ઇડીનાં પાંચ રાજ્યોમાં ૧૩ સ્થળોએ દરોડા

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ગુરૂવારે પશ્ચિમ બંગાળ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને મહારાષ્ટ્રમાં ૧૩ સ્થળોએ દરોડા પાડયા હતાં. આ કાર્યવાહી કથિત ટેરર ફંડિંગ અને ગેરકાયદે ઘુસણખોરીનાં નેટવર્કથી જોડાયેલા મની લોન્ડરિંગ કેસનાં સંદર્ભમાં કરવામાં આવી છે. આ દરોડા આજે સવારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ), ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ શંકાસ્પદોનાં પરિસરોમાં પાડવામાં આવ્યા હતાં. ઈડીની લખનઉ ઝોનલ ઓફિસની ટીમે રાજ્ય પોલીસની સાથે મળીને જે જગ્યાઓમાં તપાસ કરી હતી તેમાં નવી દિલ્હીમાં બાટલા હાઉસ અને મદનપુર ખાદર, ઉત્તર પ્રદેશમાં સહરાનપુર, મહારાષ્ટ્રમાં રાયગઢ, પશ્ચિમ બંગાળમાં સાઉથ ૨૪ પરગણા, નોર્થ ૨૪ પરગણા, કોલકાતા અને મુર્શિદાબાદ સામેલ છે.

ઈડીની ટીમે મદનપુર ખાદરમાં સન શાઈન હેલ્થ એન્ડ સોશિયલ વેલફેર સોસાયટી, નોર્થ ૨૪ પરગણામાં કબીરબાગ મિલ્લત એકેડમી અને હરોરા અલ જામિયાતુલ ઈસ્લામિયા દારુલ ઉલુમ જેવી સંસ્થાઓની સાથે કેટલીક શંકાસ્પદ વ્યકિતઓની પણ તપાસ કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કેસ ઉત્તર પ્રદેશ એન્ટી ટેરર સ્કવોડ (એટીએસ) દ્વારા દાખલ કરવામાં આવેલ એક એફઆઈઆર સાથે સંકળાયેલ છે.

આ એફઆઈઆર એક એવા જૂથ સામે છે જેના પર રોહિંગ્યા અને બાંગ્લાદેશી નાગરિકોની ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરી કરાવવા, તેમના માટે નકલી ઓળખપત્રોની વ્યવસ્થા કરવા અને દેશનાં અલગ અલગ ભાગોમાં તેમને વસવાટમાં મદદ કરવાનો છે. તપાસમાં એક ફાઈનાન્સિયલ નેટવર્ક પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ નેટવર્કમાં કેટલાક ચેરિટેબલ ટ્રસ્ટ અને સંસ્થાઓ સામેલ છે જેમના પર આરોપ છે કે તેમને મોટા પ્રમાણમાં વિદેશમાંથી દાન મળ્યું હતું. તેમણે આ નાણાંનો ઉપયોગ ગેરકાયદે પ્રવૃત્તિઓ માટે કર્યો હતો.

# વરસાદ ખેંચાતાં કચ્છના પશુધન પર સંકટના વાદળો ઘેરાયા : વનવિભાગ હસ્તકનું ઘાસનું કલેક્ટરશ્રી વેળાસર કરે વિતરણ

**જુલાઈ અડધો વીતવા છતાં મેઘરાજા રિસાયાઃ બન્ની, અબડાસા, વાગડ અને નખત્રાણા પંથકમાં ઘાસચારાની તીવ્ર ખેંચથી માલધારીઓ ચિંતિત**

## આંકડાકીય સ્થિતિ અને સંભવિત અછતનો ચિતાર

ગાંધીધામ : કચ્છ જિલ્લામાં પશુધન અને ઘાસચારાની જરૂરિયાતનો અંદાજિત ચિતાર નીચે મુજબના આંકડાઓ પરથી સમજી શકાય તેમ છે: વિગત અંદાજિત આંકડાસ્થિતિ. **૧. કચ્છનું કુલ પશુધન** : આશરે ૨૦ લાખથી વધુ (ગાય, ભેંસ, ઘેટા-બકરા) **૨. દૈનિક ઘાસચારાની જરૂરિયાત** : અંદાજે ૧૫ થી ૨૦ લાખ કિલો (સૂકો ચારો) **૩. સામાન્ય જુલાઈ સુધીનો વરસાદ** સીઝનનો સરેરાશ ૩૫% (જે આ વર્ષે નહિવત છે) **૪. મુખ્ય અસરગ્રસ્ત વિસ્તારનો પટ્ટો** : નખત્રાણા, અબડાસા, લખપત અને વાગડ વિસ્તાર **૫. વનવિભાગ પાસે અનામત જથ્થો** :વનવિભાગના ઘાસ ડેપો (ગોડાઉન) માં લાખો કિલો ઘાસનો અનામત જથ્થો ઉપલબ્ધ

## કલેક્ટર તંત્ર અને વનવિભાગ વેળાસર ઘડે આવો એક્શન પ્લાન

કચ્છ જિલ્લા વહીવટી તંત્ર અને કલેક્ટરશ્રી દ્વારા યુદ્ધના ધોરણે કેટલીક કામગીરી હાથ ધરવામાં આવે તે અત્યંત અનિવાર્ય બન્યું છે **વનવિભાગના ઘાસનું સત્વરે વિતરણ:** વનવિભાગના ગોડાઉનોમાં પડેલો ઘાસનો જથ્થો બન્ની, નખત્રાણા અને અબડાસા જેવા વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક મોકલવામાં આવે. **સબસિડી દરે ઘાસ ડેપો શરૂ કરવા:** પશુપાલકોને રાહત દરે ઘાસ મળી રહે તે માટે તાલુકા મથકોએ અને મોટા ગામોમાં સરકારી ઘાસ ડેપો કાર્યરત કરવામાં આવે.પાંજરાપોળો અને ગૌશાળાઓને સહાય: જિલ્લાની રજિસ્ટર્ડ ગૌશાળાઓ અને પાંજરાપોળોને આર્થિક સહાય અથવા મફત ઘાસચારો આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે. **નિયંત્રણ કક્ષની સ્થાપના:** તાલુકાવાર ઘાસચારાની અછત પર નજર રાખવા અને માલધારીઓની રજૂઆતોના નિકાલ માટે સ્પેશિયલ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવે.જો વહીવટી તંત્ર દ્વારા આ બાબતે વિલંબ કરવામાં આવશે તો કચ્છના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન પશુપાલન વ્યવસાયને મોટો ફટકો પડી શકે છે. તેથી કલેક્ટરશ્રી આ બાબતે અંગત રસ લઈ વનવિભાગ સાથે સંકલન સાધી ત્વરિત નિર્ણય લે તે સમયની માંગ છે.



## વનવિભાગનું ઘાસ બને 'સંજીવની': તંત્ર તાકીદે પગલાં લે

ગાંધીધામ : માલધારી સંગઠનો અને સ્થાનિક અગ્રણીઓ દ્વારા કચ્છ કલેક્ટરશ્રીને વેળાસર દરમિયાનગીરી કરવા રજૂઆત કરવામાં આવી રહી છે. વનવિભાગ હસ્તક અનામત રાખવામાં આવેલો ઘાસનો જથ્થો જો અત્યારથી જ વિતરીત કરવાનું આયોજન ઘડી કાઢવામાં આવે, તો મુશ્કેલીમાં મુકાયેલા પશુધનને આ કપરા સમયમાં મોટી સંજીવની (ઓક્સિજન) મળી શકે તેમ છે. જો તંત્ર વહેલી તકે વનવિભાગના ડેપોમાંથી ઘાસનું વિતરણ શરૂ નહીં કરે, તો પશુધનને બચાવવું મુશ્કેલ બનશે અને પશુપાલકોને હિજરત કરવાની ફરજ પડી શકે છે.

ભુજ : ચાલુ વર્ષે ચોમાસાની સીઝન અડધી વીતી જવા છતાં કચ્છ જિલ્લામાં નહિવત વરસાદને પગલે અછત જેવા કપરા મોભના મંડાણ થયા છે. સામાન્ય રીતે જુલાઈ માસના મધ્ય સુધીમાં કચ્છમાં સીઝનનો સરેરાશ ૩૫ ટકા જેટલો વરસાદ વરસી જતો હોય છે, પરંતુ ચાલુ વર્ષે સ્થિતિ બિલકુલ વિપરીત અને 'કોરૂધાક્કડ' જેવી જોવા મળી રહી છે. જ્યાં વરસાદ પડ્યો છે ત્યાં પણ માત્ર નામ પૂરતો જ પડ્યો હોવાથી સીમાડાઓમાં ક્યાંય લીલું ઘાસ ઊગ્યું નથી. આ વિકટ પરિસ્થિતિ વચ્ચે કચ્છના લાખો પશુઓ ધરાવતા માલધારી અને પશુપાલક વર્ગમાં ચિંતાના ઘેરા વાદળો છવાયા છે.બન્ની અને નખત્રાણા પંથકમાં સૌથી ગંભીર સ્થિતિકચ્છના પશુપાલનના હૃદય સમાન ગણાતા બન્ની વિસ્તાર તેમજ નખત્રાણા પંથકમાં પશુધનને બચાવવા માટે ઘાસચારાની અછત અત્યારથી જ વર્તાવા લાગી છે. આ ઉપરાંત અબડાસા અને વાગડ (રાપર-ભચાઉ) વિસ્તારમાં પણ અછતની સંભવિત પરિસ્થિતિ ઉભી થઈ છે. સીમાડાઓ સુકાભઠ્ઠ હોવાથી પશુઓને ચરવા માટે ક્યાંય જગ્યા બચી નથી, જેથી પશુધનના અસ્તિત્વ સામે મોટો ખતરો ઉભો થયો છે.

---

## સરક્રીકમાં પેટ્રોલીંગ દરમ્યાન BSFને બીનવારસુ પાકિસ્તાની બોટ મળી

**માછીમારી બોટ હોવાનું અનુમાન : આસપાસ સર્ચ દરમ્યાન કાંઈ વાંધાજનક ન મળ્યું : લાંબા સમય બાદ પાકિસ્તાની બોટ પકડાઈ**

ભુજ - કચ્છઉદય : કચ્છના દરિયાકાંઠે અને સરહદી વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ડ્રગ્સ મળી આવવાનો સીલસીલો અટકયો છે ત્યારે હવે સીરક્રીક વિસ્તારમાંથી પાકિસ્તાની માછીમારી બોટ મળી આવી છે. કોઈ માછીમારો મળ્યા નથી. આ બાબતે બીએસએફ દ્વારા વધુ સર્ચ હાથ ધરવામાં આવ્યું છે.

સરહદ પર સતત નજર રાખી રહેલા સીમા સુરક્ષા દળ દ્વારા સીરક્રીક વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવતું હતું ત્યારે શંકાસ્પદ બોટ જોવા મળતા જપ્ત કરવામાં આવી છે. ભારતીય જળસીમામાં કોઈ પણ પ્રકારની ઘૂસણખોરી કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા માટે બીએસએફના જવાનો દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવે છે. રૂટીન પેટ્રોલિંગ દરમિયાન સીરક્રીક જેવા દુર્ગમ વિસ્તારમાં જવાનોને એક પાકિસ્તાની બોટ બિનવારસી હાલતમાં મળી આવી હતી. સુરક્ષા દળોએ બોટનો કબ્જો લીધો હતો અને આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ પાકિસ્તાની બોટ ભારતીય જળસીમામાં કયા ઈરાદાથી પ્રવેશી હતી તેની તપાસ કરવામાં આવી રહી છે. શું આ માત્ર માછીમારોની બોટ છે કે પછી કોઈ ષડયંત્રનો ભાગ છે, તે દિશામાં તપાસ ચાલુ છે. બોટમાંથી કોઈ હથિયાર, ડ્રગ્સ કે અન્ય કોઈ પ્રતિબંધિત કે શંકાસ્પદ સામગ્રી લાવવામાં આવી છે કે કેમ તેની બારીકાઈથી ચકાસણી થઈ રહી છે. આ બોટ મારફતે કોઈ પાકિસ્તાની નાગરિકો કે આતંકી તત્વો ભારતીય સીમામાં પ્રવેશ્યા છે કે કેમ તે અંગે પણ એજન્સીઓ દ્વારા સઘન પૂછપરછ અને તપાસ ચાલી રહી છે. સીરક્રીક વિસ્તાર ભૂતકાળમાં પણ ઘૂસણખોરી અને ડ્રગ્સની હેરાફેરી માટે સંવેદનશીલ રહ્યો છે, હાલમાં સર્ચ ઓપરેશનને વેગવાન બનાવાયું છે.

## 'જૈશ મોડયુઅલ'ના આતંકીઓની કોઈ કચ્છ કડી તો નથી ને?

**પાટણ-બનાસકાંઠાથી ઝડપાયેલા આતંકીઓએ કચ્છના કોઈ છેવાડાના વિસ્તારોની લટાર તો નથી મારી લીધીને? કચ્છમાથી કોઈ યુવાનોના બ્રેઈન વોસ કરવામાં આ તત્વોની ભુમિકા નથી રહેલી ને? અગાઉ અને હાલમાં પકડાયેલા ૭ નાપાક આતંકીઓએ સીમાવર્તી વિસ્તારમાં તો નેટવર્ક ઉભુ કરવાના પેંતરો નથી અજમાવી લીધો ને? અગમચેતી પૂર્વકની છાનબીન કરાય તે જરૂરી : ઝડપાયેલા તત્વોના કચ્છમાં તો જિલ્લા વડામથક આસપાસ કે પછી છેવાડના સરહદી વિસ્તારોમાં તો કોઈથી ઘરોબો નથી રહ્યો ને?**

**રાજયના વિવિધ વિસ્તારોમાથી એટીએસએ વધુ પાંચ આતંકીઓ ઝડપ્યા : પાછલા એકાદ પખવાડીયામાં ૧૫થી વધુ આતંકીઓને એટીએસએ પકડતી વેળાએ સુચક આલબેલ**

ભુજઃ અષાઢી દૂજની રથયાત્રા પૂર્વે ઉત્તર ગુજરાતના પાટણ અને બનાસકાંઠા જિલ્લામાંથી એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ દ્વારા ઝડપી પાડવામાં આવેલા જૈશ-એ-મોહમ્મદના ૭ આતંકીઓના તાર હવે રણ સરહદ ધરાવતા કચ્છ જિલ્લા સાથે જોડાયેલા છે કે કેમ, તે દિશામાં પણ ગંભીરતાથી વિચારવું અનિવાર્ય બન્યું છે. ભૌગોલિક રીતે સંવેદનશીલ અને દેશની આંતરરાષ્ટ્રીય સરહદને સ્પર્શતા કચ્છ જિલ્લામાં આ આતંકી મોડ્યુલની કોઈ ગતિવિધિ હતી કે નહીં, તેને લઈને સ્થાનિક સ્તરે અનેક સવાલો ઉઠી રહ્યા છે.સરહદી ક્ષેત્રના જાણકારો કહી રહ્યા છે કે, શું આતંકીઓએ કચ્છના છેવાડાના વિસ્તારોની લટાર મારી હતી?બનાસકાંઠા અને પાટણ એ કચ્છના સરહદી વિસ્તારોની ભૌગોલિક રીતે ખૂબ નજીક આવેલા જિલ્લાઓ છે. સૂત્રોના મતે, આ ઝડપાયેલા તત્વોએ ભૂતકાળમાં કચ્છના અખાત કે વાગડ પ્રદેશ અથવા સરહદી રાપર અને ખાવડા જેવા કે લખપત-અબડાસા સહિતના છેવાડાના વિસ્તારોની કોઈ મુલાકાત લીધી હતી કે કેમ? અથવા અહીં કોઈ ગુપ્ત આશ્રયસ્થાન ઊભું કરવાનો પ્રયાસ કર્યો હતો કે કેમ? તે અંગે ઊંડાણપૂર્વકની તપાસ થવી ખૂબ જરૂરી છે. કચ્છના વિશાળ રણ અને લાંબા દરિયાકાંઠાને કારણે રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ આ આશંકાઓને નકારી શકાય તેમ નથી. આ આતંકી મોડ્યુલનો મુખ્ય હેતુ જે-તે વિસ્તારના સ્થાનિક યુવાનોને દેશવિરોધી પ્રવૃત્તિઓ તરફ વાળવાનો અને ડિજિટલ માધ્યમો કે ધાર્મિક પ્રચારના નામે તેમનું 'બ્રેઈનવોશ' કરવાનો હોય છે. ત્યારે સવાલ એ થાય છે કે, શું ઉત્તર ગુજરાતના આ નેટવર્કે કચ્છના કોઈ સંવેદનશીલ વિસ્તારના ભોળા યુવાનોને પોતાના સકંજામાં લેવાનો પ્રયાસ કર્યો છે? શું કચ્છમાંથી આ આતંકીઓને કોઈ આડકતરી સ્થાનિક મદદ કે લોજિસ્ટિક સપોર્ટ મળતો હતો? આવા અનેક વેધક સવાલો હાલ સુરક્ષા એજન્સીઓ માટે તપાસનો વિષય બની શકે છે. ભૂતકાળમાં પણ કચ્છ સરહદેથી ઘૂસણખોરી અને ડ્રગ્સ નેટવર્કના પર્દાફાશ થઈ ચૂક્યા છે, ત્યારે જૈશ-એ-મોહમ્મદ જેવા ખતરનાક સંગઠનના આતંકીઓ પાડોશી જિલ્લાઓમાંથી પકડાતા જ કચ્છ પોલીસ અને સ્પેશિયલ બ્રાન્ચ પણ એક્શન મોડમાં આવે તે જરૂરી છે. કોઈપણ મોટી દુર્ઘટના રોકવા માટે અત્યારથી જ એજન્સીઓ દ્વારા કચ્છમાં ટેકનિકલ સર્વેલન્સ અને શંકાસ્પદ હિલચાલ પર નજર રાખીને અગમચેતી પૂર્વકની છાનબીન કરવામાં આવે તે જિલ્લા અને દેશની સુરક્ષા માટે અત્યંત આવશ્યક છે.

## ભુજના કોલેજ રોડ પર મધરાતે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં યુવાનનું મોત



**હોન્ડા શો રૂમની સામે રાત્રે અઢી વાગ્યે બોલેરો અને એકસેસ વચ્ચે સર્જાયો અકસ્માત, બે યુવક ઘવાયા**

ભુજ - કચ્છઉદય : શહેરના કોલેજ રોડ પર ગઈકાલે મધરાત્રે સર્જાયેલા અકસ્માતમાં યુવાનનું મોત થયું હતું. આ મામલે જાણવા મળતી વિગતો મુજબ કોલેજ રોડ પર હોન્ડાના શો રૂમની સામે માંડવી ઓક્ટ્રોય નજીક આ બનાવ બન્યો હતો. રાત્રે અઢી કલાકે ઘટના બની હતી. મોપેડ પર યુવાન જતો હતો ત્યારે સામેથી બોલેરો ગાડીના ચાલકે ટક્કર મારતા યુવાનને ગંભીર ઈજાઓ થઈ હતી. આ બનાવમાં ગણેશનગરમાં રહેતા ૨૬ વર્ષિય અરૂણસિંહ રાજેન્દ્રસિંહ પરમારને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તાત્કાલિક જી.કે. જનરલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. જી.જે. ૧૨ બીવાય ૫૪૧૫ નંબરની બોલેરો ચાલકે આ અકસ્માત કર્યો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે, મોપેડ પર બોલેરો ચડી ગઈ હતી. આ બનાવમાં ગણેશનગરમાં રહેતા અન્ય બે યુવકો પણ ઘવાયા હતા. જેને સારવાર માટે લઈ જવાયા હતા. એ ડીવીઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

---


## ભચાઉમાં એલસીબીનો પ્રોહિબિશન પર પ્રહાર: ૧૪.૨૭ લાખનો વિદેશી દારૂ અને ક્રેટા કાર જપ્ત



ભચાઉ - કચ્છ ઉદય : પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)એ ભચાઉ પોલીસ મથક વિસ્તારમાં પ્રોહિબિશન વિરોધી કાર્યવાહી હાથ ધરી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી કુલ ₹૧૪.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે કારચાલક સ્થળ પરથી કાર મૂકી ફરાર થઈ જતાં તેને ઝડપી પાડવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં દારૂની હેરફેર અને વેચાણ સામે ચાલી રહેલી ઝુંબેશ દરમિયાન એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે જીજે-૦૮-એફએ-૩૪૮૮ નંબરની ક્રેટા કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ભચાઉથી ગાંધીધામ તરફ લઈ જવાઈ રહ્યો છે. બાતમીના આધારે વરસાણા બ્રિજ નજીક વોચ ગોઠવતા કારચાલકે વાહન રોડની સાઈડમાં મૂકી નાસી છૂટ્યો હતો. ત્યારબાદ પોલીસે કારની તપાસ કરતાં વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે કારમાંથી વિવિધ બ્રાન્ડની કુલ ૨,૨૨૦ બોટલ વિદેશી દારૂ, એક ક્રેટા કાર અને એક મોબાઈલ ફોન સહિત કુલ ₹૧૪,૨૭,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગે ભચાઉ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. વાળા, પીએસઆઈ ડી.જી. પટેલ તથા એલસીબી સ્ટાફે સફળતાપૂર્વક પાર પાડી હતી.


## હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા



શ્રી રણજિતસિંહ અગરસંગ જાડેજા (ચેરમેનશ્રી, આરોગ્ય સમિતિ, કચ્છ જિલ્લા પંચાયત) (સમાઘોઘા સીટ)

શ્રી સ્વરૂપસિંહ નવુભા જાડેજા (સામાજિક આગેવાન)

શ્રી સંતોકબા સ્વરૂપસિંહ જાડેજા (પ્રમુખશ્રી, મુંદરા તાલુકા પંચાયત) (રામાણિયા-સીટ)

આપશ્રીની ઉપરોક્ત ગૌરવવંતા પદ પર વરણી થતાં લાખ લાખ અભિનંદન... તથા સામાજિક, રાજકીય ક્ષેત્રે પ્રગતિના શિખર સર કરો તેવી મંગળમય શુભેચ્છા...

શુભેચ્છક માંજોઠી મજીદ હાજી હારૂન તથા સમસ્ત માંજોઠી પરિવાર ગામ : નાની તુંબડી, તા. મુંદરા.


## મોંઘવારીનો ડામ : તેલીબિયાંના મબલખ ઉત્પાદન છતાં ખાદ્યતેલોના ભાવ ભડકે બળ્યા

**સિંગતેલ અને કોપરેલના ડબ્બે પચાસ રૂપિયા સુધીનો તોતિંગ વધારો : અનિયમિત વરસાદ અને યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે સામાન્ય જનતાનું બજેટ ખોરવાયું**

ભુજ - કચ્છઉદય : ગુજરાતમાં ગત વર્ષે મગફળીના રેકોર્ડબ્રેક એકસઠ લાખ ટન સહિત તેલીબિયાંના વિપુલ ઉત્પાદન બાદ પણ સામાન્ય જનતાને મોંઘવારીમાંથી મુક્તિ મળી રહી નથી. રાજ્યમાં હાલના અનિયમિત ચોમાસાની સ્થિતિ, વાવણી ટાણે બિયારણની ખેંચ અને વૈશ્વિક સ્તરે યુદ્ધના તણાવ જેવા વિવિધ પરિબળોને કારણે બજારમાં કોઈ ખાસ નવી માંગ ન હોવા છતાં ખાદ્યતેલોના ભાવમાં અચાનક મોટો ઉછાળો આવ્યો છે.કચ્છ અને સૌરાષ્ટ્રની સ્થાનિક બજારમાં સિંગતેલ, કપાસિયા અને પામોલીન સહિતના તમામ મુખ્ય તેલોના ભાવ વધારી દેવામાં આવ્યા છે, જેના કારણે ગૃહિણીઓનું બજેટ સંપૂર્ણપણે વેરવિખેર થઈ ગયું છે.

તેલના ભાવમાં થયેલા આ આકરા વધારાની વિગતો જોઈએ તો, સિંગતેલના પંદર કિલોના ડબ્બામાં ૫૦ રૂપિયાનો વધારો થતાં હવે તેનો નવો ભાવ ૨૭૭૦ થી ૨૮૨૦ રૂપિયાની સપાટીએ પહોંચ્યો છે. આ જ રીતે કપાસિયા તેલમાં ત્રીસ રૂપિયાનો વધારો ઝીંકાતા નવો ભાવ ૨૬૨૦ થી ૨૬૭૦ રૂપિયા થયો છે. સસ્તા ગણાતા પામોલીન તેલમાં પણ ૧૫ રૂપિયા વધી જતાં ડબ્બો ૨૩૬૦ થી ૨૩૭૦ રૂપિયાએ પહોંચ્યો છે. સૂર્યમુખી તેલના તેર કિલોના ડબ્બામાં ૨૦ રૂપિયા વધતા હવે ગ્રાહકોએ ૨૪૮૦ થી ૨૫૦૦ રૂપિયા ચૂકવવા પડી રહ્યા છે. જ્યારે મકાઈના તેલના તેર કિલોના ડબ્બામાં ૧૦ રૂપિયાના વધારા સાથે નવો ભાવ ૨૨૫૦થી ૨૨૭૦ રૂપિયા થયો છે.

આ ઉપરાંત વનસ્પતિ ઘીના પંદર કિલોના ભાવમાં પણ ૩૦ રૂપિયાનો વધારો થતાં તેનો ભાવ ૨૨૯૦ થી ૨૩૩૦ પહોંચી ગયો છે. રાજ્યમાં એકતરફ નબળા ચોમાસાના લીધે શાકભાજી અને લીલોતરીના ભાવ અગાઉથી જ આસમાને પહોંચેલા છે, તો બીજીતરફ રાંધણ ગેસ તેમજ પેટ્રોલ અને ડીઝલના ઊંચા ભાવો પણ હજુ યથાવત છે. આવા પ્રતિકૂળ સમયે ખાદ્યતેલોના ભાવમાં એકાએક થયેલો આ મોટો વધારો મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો માટે પડતા પર પાટુ સમાન સાબિત થઈ રહ્યો છે.

## પશ્ચિમ કચ્છના રક્ષિત ફોરેસ્ટમાં કરોડોનું કૌભાંડ ઉજાગર થતાં વન વિભાગમાં ભારે હડકંપ

**ટ્રાન્ઝિટ પાસ કૌભાંડ ઉજાગર થયા બાદ ઉચ્ચ સ્તરીય તપાસના ચક્રો ગતિમાન : ભ્રષ્ટ તત્વો અને મોટા માથાઓમાં ફફડાટ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા રક્ષિત ફોરેસ્ટ વિભાગમાં લાકડાના ઓકશન (હરાજી) અને તેના પરિવહનમાં આચરવામાં આવેલા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર અંગેનો સનસનાટીભર્યો અહેવાલ કચ્છઉદયમાં પ્રસિદ્ધ થતાં જ સમગ્ર વન વિભાગ અને સરકારી તંત્રમાં ભારે હડકંપ મચી ગયો છે. સુત્રો દ્વારા મળતી વિગતો અનુસાર, આ ચોંકાવનારી વિગતો બહાર આવ્યા બાદ ઉચ્ચ કક્ષાએથી આ દિશામાં તપાસના ચક્રો અત્યંત ગતિમાન કરવામાં આવ્યા છે.

કથિત કૌભાંડની વિગત અનુસાર પર્યાવરણની જાળવણી અને જંગલોના સંરક્ષણના મોટા-મોટા દાવાઓ વચ્ચે પશ્ચિમ કચ્છના રક્ષિત ફોરેસ્ટ વિસ્તારમાં વન સંપદાની ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવી રહી હતી. ફોરેસ્ટ વિભાગના જ કેટલાક જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓની મિલીભગતથી કરોડોનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની પ્રબળ આશંકાઓ સેવાઈ રહી છે.

નિયમોને નેવે મૂકીને આ આખા ખેલ પાછળ કોઈ મોટા માથાઓનો હાથ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સૌથી મોટો અને સળગતો સવાલ ટ્રાન્ઝિટ પાસના ઈસ્યુ અંગે ઊભો થયો છે. નિયમ મુજબ જે તે સમયે માત્ર અંદાજિત ૨૫૦ ટન જેટલા જ લાકડાના ઓકશન માટે સક્ષમ સત્તાધારીઓ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ અને આઘાતજનક બહાર આવી છે. હકીકતમાં આ અંદાજિત ૨૫૦ ટનની કાર્યયોજનાની મંજૂરી સામે, અંદાજિત ૧૪૦૦ ટન જેટલા જંગી જથ્થા માટેના ટ્રાન્ઝિટ પાસ ઈસ્યુ કરી દેવામાં આવ્યા હતા.

માત્ર ૨૫૦ ટનની મંજૂરી સામે ૧૪૦૦ ટન સુધીની ટીપી કઈ રીતે ઈસ્યુ થઈ અને કોના આશીર્વાદથી જારી થઈ? તે વન વિભાગ માટે સૌથી મોટો સવાલ બની ગયો છે. આ વિસંગતતા ચોખ્ખેચોખ્ખું દર્શાવે છે કે મંજૂરી કરતાં અનેક ગણો વધારે જથ્થો રક્ષિત જંગલમાંથી ગેરકાયદેસર રીતે બહાર જતો રહ્યો છે. જંગલોની સુરક્ષા અને વન સંપત્તિનું સંરક્ષણ કરવાની જેની પ્રાથમિક જવાબદારી છે, તે જ ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ અને સ્થાનિક વહીવટી તંત્રની સાંઠગાંઠ વિના આટલું મોટું કૌભાંડ શક્ય જ નથી.

આ સનસનાટીભર્યા અહેવાલની શાહી હજુ સુકાઈ નથી ત્યાં સુધીમાં તો ઉચ્ચ અધિકારીઓ તરફથી આ બાબતને અત્યંત ગંભીરતાથી લેવામાં આવી છે. સુત્રોના જણાવ્યા અનુસાર ઉચ્ચ સ્તરેથી આ સમગ્ર કૌભાંડના પુરાવાઓ એકત્રિત કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. સ્થાનિક સ્તરે કયા અધિકારીની સહીથી અને કયા આધારે આ ખોટા ટ્રાન્ઝિટ પાસ ઈસ્યુ કરવામાં આવ્યા તેની ત્વરિત તપાસ માટે ખાસ આદેશો છૂટ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ ઘટનાને પગલે ભારે હોબાળો મચી ગયો છે. લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે આ કૌભાંડ પાછળ કોઈ મોટા વહીવટદારો અને આકાઓનો હાથ હોવો જોઈએ. વર્તમાન સંજોગોમાં, આ સમગ્ર મામલાની કોઈ તટસ્થ એજન્સી દ્વારા અથવા ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે. સ્થાનિક નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓમાં એવો સૂર ઉઠ્યો છે કે જો આ તમામ કૌભાંડના મૂળ સુધી તપાસ કરવામાં આવશે અને દસ્તાવેજોની બારીકાઈથી ચકાસણી થશે, તો જ આ વન સંપદાને ધોળા દિવસે લૂંટનારા ભ્રષ્ટ ગુનેગારો જેલના સળિયા પાછળ ધકેલાશે અને વન વિભાગના ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ સપાટી પર આવશે.